આવતી કાલનાં નાગરિકોનું માસિક • માહે ડિસેમ્બર • ઇ.સ. ૧૯૬૯ • વર્ષ ૪૬મું • અંક ૧૨મો

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી
બચુભાઈ રાવત



સહીના ગુર્જર પ્રતિહાર મંદિરની છતમાંનું એક ચતુર્દિશ-દર્શન શોભન-સંયોજન શિલ્પ (જુઓ આ અંકમાં 'સંયોજનાલેખનો' લેખ)

કુમાર

ડિસેમ્બર ૧૯૬૯ • અંક ૫૫૨

તંત્રી: બચુભાઈ રાવત ~ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો


ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૬-૨૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૫૦.



અંક ૫૪૯માં શ્રી જેરામ પટેલે મૉડર્ન આર્ટનો પક્ષ લઈ તમારાં વિધાનો માટે જે બળાપો કર્યો છે તે નિરર્થક છે. હજુ સુધી કોઇ બુદ્ધિશાળી કલાકાર કે વિદ્વાન મૉડર્ન આર્ટની પ્રતિષ્ઠા લોકમાનસ સુધી સ્થાપી શક્યો નથી. ભારતીય જ્ઞાનપીઠનું શ્રેષ્ઠ પારિતોષિક પામનાર, કવિ-સાહિત્યકાર શ્રી જી. શંકર કુરૂપે તેમના મૉસ્કો-પ્રવાસની ડાયરીમાં નીચે પ્રમાણે લખ્યું છે, તે મારા કથનને સમર્થન આપશે:

This is what I felt after a few days of stay in this country. It is not a natural phenomenon of the society that its artists will ever run away from the people, shut themselves up in their own ivory towerds and create a world of meaningless lines and maddening colours, thinking that they are giving expression to the imponderable feelings of the sub-conscious mind. Nor are there such writers who cause explosions of meaningless words and raise themselves high along with it.

(આ દેશમાં થોડા દિનના રોકાણમાં મારો એવો ખયાલ બંધાયો છે કે આ સમાજવાદી સમાજના કલાકારો લોકોથી દૂર ભાગતા નથી. તેમને તેમના એકલશૉખ (આઈવરી) મિનારામાં પુરાઈને અર્થહીન લીંટોડા અને ઉન્માદભર રગાટણી કરી, જાણે કોઈ મહાભારે અર્થઘટન કે ઊર્મિ અથવા અંતઃસ્તલ માનસ પ્રકટ કરતા હોય એવો વર્તાવ કરતા નથી. તેમજ એવા લેખકો પણ નથી કે જેઓ અર્થહીન શબ્દોના ગબારા ઉડાવી તેની સાથે તેમની જાતને પણ ઊંચે ખેંચી રહેતા હોય.) મૉડર્ન આર્ટ વિષે આપણે વધારે શું કહી શકીએ?

(અમદાવાદ) —એક કલાર્થી

પ્રવાસમાં હોવાથી 'કુમાર' મોડું વાંચવા મળ્યું. અંક ૫૪૯માં ભાઈશ્રી જેરામભાઈ પટેલની ફરિયાદનું સ્વરૂપ જોઈ દુઃખ થયું. વડોદરામાં મારા એક સંબંધીનું નામ જેરામભાઈ પટેલ છે. એ જ જો હશે તો તેમને મળવાનું બનશે ત્યારે ચર્ચા કરીશ. ચિત્રકલા અને કવિતામાં પ્રથમથી મને રસ નથી, એટલે એ વિષયની તુલના કરવાની મારામાં ક્ષમતા નથી. ભાઈ જેરામભાઈએ આકળા થઈ લખ્યું એનું દુઃખ થાય. કોઈ પણ વસ્તુ કે બાબતનાં બધાં પાસાં ગણત્રીમાં લેવાય તો જ સાચી મૂલવણી થાય. 'કુમાર' આખું સમગ્ર રીતે ગણવું. 'વાચકો લખે છે' કટાર ચાલુ કરી વાચકોનાં મંતવ્યો રજૂ કરવાની 'કુમાર'-ને જે સગવડ કરી આપી છે તેમાં અવારનવાર વિરોધી મંતવ્યો અને ક્યારેક સંચાલકોને સહેવા પડતા ચાબખા વાંચવા મળે છે ત્યારે પૂ. ભિક્ષુ અખંડાનંદજી યાદ આવે છે. એમને 'લુચ્ચા', 'લફંગા', 'પાપી', 'ચોર' આદિ વિશેષણોની નવાજેશ ઉપરાંત બીભત્સ શબ્દોમાં ગાળો આપતા પત્રો પણ મળેલા. સ્વભોગે સેવા કરવાનો માર્ગ પણ કઠિન હશે. હું માનું છું કે એવા મહાનુભાવોને પ્રતાપે અરધી સદીમાં સમાજમાં પરિવર્તન આવ્યું છે. આજે કોઈ બીભત્સ શબ્દોમાં આક્ષેપ કરતા નથી અને કદાચ એવા રડયાખડયા (જૂના સમાજના ભગ્નાવશેષો) હશે તો પણ ઓછી સંખ્યાને લઈ એમની હસ્તીની બીજાને ખબર નથી પડતી. અગાઉ વધારે હોવાથી સહેલાઈથી ખબર પડતી.

મતભેદ તો હમેશાં રહેવાના. એ જેટલા શાંતિ અને ઉદારતાથી રજૂ થશે એટલું પરિણામ સારું આવશે. આ મારા જાતઅનુભવનું લખું છું, 'વાચકો લખે છે' કટારનું પરિણામ સારું જ આવશે એમ હું માનુ છું. એ બદલ 'કુમાર'-ને ધન્યવાદ.

(મોરબી) —ભૂરૂભા જાડેજા

નૂતન વર્ષાભિનંદન તરીકે આવેલાં:

આ કોડિયે દીપક!
અનંતની જ્વાલ વિરાટ જે જલે,
અંગુષ્ટ શી આંગણુ તેજ રેલન
રહો સદા પાથરતી લીલામય.

(અમદાવાદ) —શશિશિવમ્


કોડિયાં તરડાયલાં, સૂકાં!
બળેલી વાટ!
આંસુ–આહની આંધીમહીં
ખોવાયલો દીવો
ફરી આપો પ્રભુ!

(અમદાવાદ) —કનુભાઇ જાની

આંખ તું એટલી ના હો અકોણી:
હુંકાર લહેમાં આંજતાં ભૂલે
સાચુકલા કોક સ્મિતની બાણી.

આંખ તું એટલી ના હોય પોચી:
પેડની આંખે ડૂસકાં ભરી
ખંડેરિયાં રહે ભીતડાં શોચી.

(અમદાવાદ) —વ્રજલાલ દવે




બલવંતરાય કલ્યાણરાય ઠાકોર

જેમનું આ જન્મશતાબ્દી વર્ષ છે

જન્મ • ૨૩ ઑક્ટોબર ૧૮૬૯ | અવસાન • ૨ જાન્યુઆરી ૧૯૫૨

સારસ્વત સ્વજનોની ચિત્રસમૃદ્ધ સ્મરણ-અંજલિઓ વગેરે આ અંકમાં



વિરહોત્કંઠિતા : (સત્તરમી સદીના અંતભાગનું કાંગડા કલમનું એક સુંદર ચિત્રરત્ન) નીલ ગગનમાં ચમકતા બીજચંદ્રના આછા પ્રકાશમાં ઘાટી વનરાઈ અને સાંજ ઢળી જતાં સ્વસ્થાને પાછાં ફરેલાં પશુપક્ષી વચ્ચે પર્ણબિછાત પર એકલી બેસી પ્રિયતમની રાહ જોતી નાયિકા. વનરાઈ વચ્ચેના સમી સાંજના એકાંતને વધુ ઘટ્ટ બનાવતા ઘેરા રંગોની વચ્ચે પાત્રના આલેખનની રંગભભક એના વિરહની વચ્ચે યે ચમકતી પ્રિયમિલનની રંગભરી આશાની દ્યોતક પણ નહિ હોય? (શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના સંગ્રહમાંથી એમના સૌજન્યથી)

[1]પ્રસૂતિગૃહ-જતાં, આવતાં / હેમન્ત દેસાઈ

· શિખરિણી-સૉનેટ ·

'હવે પાછી આવું, દિવસ ઊજળો લેઈ, ઊજળું
તમારા ન્હાનાનું મુખ મલકતું, મારું ય હસું
હસું...ત્યારે!' 'ત્યારે સહજીવનના પુદ્દગલ સમું
હશે સ્વપ્નું કોઈ ઘર ગજવતું આપણ સખી,
અને...' શબ્દો મારા જ્યમત્યમ દબાવી દરદના
ઉછાળામાં 'જાઉં' (કહી ધડકતી છાતી, દડતી
જરી, પાછી આછી ઊઠતી હસી આંખો) સમયના
અજાણ્યા ઓછાયા સહ ગઈ પ્રિયે, તું ઘર થકી!

અને પાછી આવી...(મન દૃઢ કરી) વત્સલ ઘણી
કુણેરી છાતીએ...શિશુ મલપતુ? ના—નહીં નહીં;—
સખી, તારા મારા જિવતર તણું દર્દ જીવતું
દબાવી બે હાથે! તનય તનથી, અંક થકી યે
ગુમાવીને! મારું સતત રડતું સ્વપ્નું થઈને
સ્વયં! વ્હાલી મારી, સમય છલનામાં સળગતી!

[3]હવે આંખોનું નામ નહિ આંખો

રમેશ પારેખ

· ગાન ·

સખીરી, હવે આંખોનું નામ નહિ આંખો.

આંખો તો મોગરાની ડાળીનું નામ
એને શમણું જોયા-નું ફૂલ ઝૂલે,
રુંવેરુંવામાં પડે ર્હેકતી સવાર
જયારે પાંપણની પાંદડીઓ ખૂલે;
હાથમાંથી સરકીને વહી જાતાં ભાનસાન
વીંઝે રે દૂર દૂર પાંખો...

દીધું ન જાય કોઈ પંખીનું નામ
એવી હોઠોમાં ઊપડતી ગ્હેક,
જાણે બધું નજરાઈ જાતું ન હોય
એમ જેને જોઉં તે ર્હેક-ર્હેક;
એટલું ય ઓછું ન હોય એમ ફળિયામાં
આંબાની લૂમઝૂમ આંખો...
સખીરી, હવે આંખોનું નામ નહિ આંખો.

[2]આપો / ભાનુપ્રસાદ પંડ્યા

· ગાન ·

તેડવા દોડું ને ચૂલે ઊભરાતાં દૂધ
ભલે, પાંગરાંનો કિચૂડાટ આપો!
કંઠે હાલરડાંનાં રુંધ્યાં કપોત
એને ઊડવા ગગન થોડું આપો!

લઈ હયો સુગંધ જેવું ફરવાનું આમતેમ,
દઈ દો સુવડાવે એવી શૂળ!
પોલાં પગલાંને હવે અડક્યા વિનાની
રોજ વળખે છે આંગણાંની ધૂળ!
એમાં કંમળ ઉગાડી એક આપો!

કોરા કડાક મારા પાલવની ભાત્યમાં
પડવા દો પચરંગી હાથ!
એનાથી ફળફૂલે ઝૂમશે આ બાંધણીના
વણુ ર્હોયાં બાવન સૌ બાગ!
ખાલીપો કાંખનો ઉથાપો!

[4]પાંચ મુક્તકો / જલન માતરી

સારવાર

મરીઝોને જરા આરામ કરવા પણ નથી દેતા,
ઘડીભર ચાર છૂટા શ્વાસ ભરવા પણ નથી દેતા;
કુબેરો ને અમારા શાસકો યમથી ય ભૂંડા છે,
ગળું દાબી રીબાવે છે, ને મરવા પણ નથી દેતા!

જીવતો ડૂબી ગયો

બુદબુદા રૂપે પ્રકટ થઈ ડૂબનારાની વ્યથા
ઠેસ દિલને, બુદ્ધિને પેગામ એવો દઈ ગઈ:
કેટલાં હલકાં છે આ સાગરનાં પાણી? શું કહું?
જીવતો ડૂબી ગયો, ને લાશ તરતી થઈ ગઈ!

માપસર આંસુ

આવી ન બર મુરાદ તો શ્રદ્ધા ઊઠી ગઈ,
પાયા ડગી ગયા તો ઈમારત પડી ગઈ;
માનવ રડ્યો તો માપસર આંસુ સરી પડયાં,
પથ્થર રડ્યો તો સિંધુ ને ગંગા વહી ગઈ!

ઇન્કિલાબ

પાપીઓ આ ધરા કેરી છોડી ફિકર,
તાગ અવકાશનો માપતા થઈ ગયા;
દોર જાગ્યો અહીં ઇન્કિલાબી 'જલન'
અંધજન આરસી રાખતા થઈ ગયા!

કરકસર

નિર્ધનનું ઠીબું ઝૂંટવી, ફોડીને આ જગત,
કટકાઓ રહેવા દેશે નહીં એની ઠીબના;
સબરસને બદલે મેળવે ખારાશ એ થકી
ધનવાનને મળે અગર આંસુ ગરીબનાં!

૧) ગુજરાતી સાહિત્યમાં અમર રહેવાને સરજાએલાં કાવ્યોની સાથે બેસે એવા, તીવ્ર વેદનાભર્યા આ કાવ્ય વિષે કાંઈ લખીને તેને છાવું નથી. ૨) વંધ્યાની વેદનાભરી આરઝૂ: તળપદી બાની જેવાં જ કલ્પનારંગી પ્રતીકો દ્વારા સચોટ અભિવ્યક્તિ. પાંગરાં = ઘોડિયાને ઝીલી રાખનારી દોરી સાથેના ઘોકા; સૂવડાવે એવી શૂળ = પ્રસૂતિની; ૩) સૌન્દર્યદર્શનથી અંગ-ઉપંગની સ્થૂલતા સરી જઈને જ્યારે તે ભાવનાવિભોર બની રહે છે. ૪) જે પોતે જ બોલી રહે છે.

યોજના

ફાધર વાલેસ



માણુસો પૂછે છે: આ જીવનનો અર્થ શો?

અનેક વાર પૂછે છે, અનેક અર્થમાં ને અનેક ઉદ્દેશથી પૂછે છે. કોઇ વાર મજાકમાં પૂછે છે ને કોઇ વાર ગંભીર ભાવે પૂછે છે; કોઇ વાર નિસાસો નાખતાં પૂછે છે ને કોઇ વાર પડકાર ફેંકતાં પૂછે છે; કોઇ વાર જવાબની આશા રાખ્યા વિના ને એની રાહ જોયા વિના પણ પૂછે છે, તો કોઇ વાર જવાબની જિજ્ઞાસાથી ને ખુલાસાની આતુરતાથી પૂછે છે.

પણ પૂછ્યા જ કરે છે.

જીવનની શરૂઆતમાં પૂછે છે, વચ્ચે પૂછે છે, ઠેઠ છેલ્લી પથારીમાં પૂછે છે: જિંદગીનો અર્થ શો, ઉદ્દેશ શો? ને પૂછતા પૂછતાં એ જિંદગી જીવી જાય છે—ને એનો જવાબ એમને કકડે કકડે મળતો જાય છે.

હા, એ પ્રશ્નની એક વિશિષ્ટતા છે, કે તેનો જવાબ એકસામટો મળતો નથી, ટુકડે ટુકડે મળે છે, હપતે હપતે મળે છે. એ કોઇ બાંધેલું સૂત્ર નથી, ગોખેલો મંત્ર નથી. મોતી લઇ લઇને માળા ગૂંથવાની છે. એકએક ડગલું ભરી ભરીને યાત્રા કરવાની છે.

એ પ્રશ્નની બીજી વિશિષ્ટતા એ છે કે તેનો જવાબ કોઇની પાસેથી પણ ન લેવાય. એ ગણિતનો દાખલો નથી કે શિક્ષકને પૂછીએ એટલે રીત બતાવે ને ઉકેલ લાવે. એ કંઇ માહિતી નથી કે પૂછીને મેળવાય; સમાચાર નથી કે વાંચવાથી જણાય. એ અંગત પ્રશ્ન છે; વ્યક્તિગત સાધના છે; જાતે ગણવાનો દાખલો છે.

ને એ ગણવા માટે સૌથી પ્રથમ તો દાખલાનો પક્ષ બરાબર તપાસવો જોઇએ અને એને લગતા બધા સિદ્ધાંતો યાદ કરવા જોઇએ. કોયડો એકલો નજર સામે રાખીએ તો ફક્ત કોયડો જ દેખાય. અને ફક્ત કોયડો જ દેખાય તો એનો ઉકેલ ન સૂઝે. પણ એની ભૂમિકા, એની આસપાસ ને આગળપાછળ રહેલા ખયાલો જો સાથે લઇએ તો કંઇક રસ્તો દેખાય.

જીવન પણ ગૂઢ છે, કોયડારૂપ છે; અને આપણે એની વચ્ચે ને એની અંદર જ રહીને એની તપાસ કરવા બેસીએ ત્યારે કેવળ એ કોયડો જ દેખાય છે ને જવાબ સમજાતો નથી. પણ જરા આગળપાછળની ભૂમિકા જોઇએ, સંદર્ભ ને સંજોગો જોઇએ, ગતિ ને દિશા જોઇએ એટલે થોડો ખયાલ આવવા માંડે છે. જીવન સમજવા માટે લાંબી નજર જોઇએ, ઊંચી નજર જોઇએ.

તાજમહાલ ઉપર એક નાની કીડી ફરે છે. વિશાળ ઘુમટ પર એના એ ઝીણા લાંબા પગ લયસર હલાવીને તે ધીમે ધીમે આગળ વધતી જાય છે; અને જેમ એ આગળ જાય છે તેમ એના મનમાં (?) વિચારમાળા ચાલે છે. 'એ મૂર્ખ માણુસોએ અહીં શું ઊભું કર્યું છે? આટલી મજૂરી કરી, આટલું ખર્ચ કર્યું ને તે બધું આને માટે? છે કોઇ અક્કલ? આ તો પથ્થર જ પથ્થર! એક પછી એક આવે, એક ઉપર બીજો મૂકે. અને આ ઉપર ચાલવાનું વેતરું કેવું? કંઇ સમજાતું નથી, દેખાતું નથી. એ બધા માણુસો ગાંડા ન હોય તો બીજું શું?'

કીડીબાઈ તાજમહાલ નજીકથી જુએ છે, વચ્ચેથી જુએ છે તેથી ફક્ત પથ્થર પર પથ્થર જ દેખાય છે ને એ બાંધનાર માણુસો અક્કલ વગરના લાગે છે. પણ એ કીડી જો જરા બહાર આવશે, દૂર આવશે, અને અંતર રાખીને તાજમહાલનું નિરીક્ષણ કરશે તો એને ખબર પડશે કે એ પથ્થરોમાં યોજના છે, કલા છે, બુદ્ધિ છે. દૂરથી આકાર દેખાશે, પ્રમાણ ને સૌંદર્ય દેખાશે, દુનિયાનો સ્થાપત્યનો શ્રેષ્ઠ નમૂનો દેખાશે. આ તો તાજમહાલ છે, તાજમહાલ!

માણુસ પણ પગ ચલાવીને જીવનના ફલક ઉપર ફરે છે ત્યારે એના મનમાં વિચાર—લગભગ તિરસ્કાર થાય છે કે આનો અર્થ શો? પથ્થર ઉપર પથ્થર! દિવસ પછી દિવસ. એક વટાવીએ ત્યાં બીજો આવે. કોઇ હેતુ નહિ, પ્રયોજન નહિ. અને આ ઉપર ચાલવું તો કાળી મજૂરી! ઉપરથી તાપ અને નીચેથી કંટાળો. ક્યાંય જવાતું નથી, કશું સમજાતું નથી. છે કોઇને કંઇ ભાન?

પણ એ માણુસ જો જરા ઊંચે આવે, સહેજ દૂર આવે ને ઉપરથી સમગ્ર જીવનનું દર્શન કરે તો એનો તિરસ્કાર ને નિરાશા તરત ઉત્સાહમાં પલટાઇ જશે. ત્યાંથી એ જોશે કે જીવનમાં યોજના છે, સપ્રમાણુતા છે, કલા છે ને અનુપમ સૌન્દર્ય છે; કે તેની પાછળ એક ચોક્કસ હેતુ, સ્પષ્ટ રેખા, ઊર્ધ્વ દિશા છે. ત્યારે એને ખબર પડશે કે માનવજીવન એ પૃથ્વી પરની સૌથી મૂલ્યવાન વસ્તુ છે, સૃષ્ટિનો તાજમહાલ છે.

નિરીક્ષણની ખૂબી છે. દૃષ્ટિકોણ ને અંતર્ચક્ષુની કલા છે. એ કલા હવે શી રીતે કેળવવી?

કીડી તો બીજી કીડીઓની પાસે એ કલા શીખી ન શકે. બધી ઘુમટ પર પગ ઘસીને ચાલે છે. બધી નીચું મોં ઘાલીને ફરે છે. એકનો પ્રશ્ન બીજીનો પણ છે. એકની ફરિયાદ સૌની છે. એક તો બીજીને આશ્વાસન આપી શકે, ઉકેલ નહિ; ધીરજ આપી શકે, ખુલાસો નહિ.

ને માનવી પણ બીજા માનવીની પાસે પોતાના એ જીવનપ્રશ્નના જવાબની આશા રાખી ન શકે. બધા સાથે ફરે છે. બધા પથ્થર પથ્થર કરીને ચાલે છે. બધા ટૂંકી નજર રાખે છે. કોઈની એક ડગલું આગળ ને કોઇની પાછળ, પણ બધાની ટૂંકી. બધાની એ સમસ્યા છે, એ નિરાશા છે. કોઇ પોતાનો પ્રશ્ન ન ઉકેલે ત્યાં બીજાનો ઉકેલવાનો દાવો કેમ કરે? પોતે રસ્તો ન જુએ ત્યાં બીજાઓને દોરવાની હિંમત કેમ કરે?

રસ્તો જોવા માટે, જીવનનું ઊંડાણ ને પ્રમાણ જોવા માટે જરા ઊંચે આવવું જોઇએ, અંતર રાખીને જોવું જોઇએ, લાંબી નજરે જોવું જોઇએ. એ દૃષ્ટિ એટલે સ્થપતિની દૃષ્ટિ, કલાકારની દૃષ્ટિ, સર્જકની દૃષ્ટિ. હા, સર્જકની દૃષ્ટિ. ઇશ્વરની દૃષ્ટિ. ધર્મની દૃષ્ટિ. તેની પાસે એ સૃષ્ટિનો નકશો, એ જીવનની દિશા, એ માનવીની યોજના છે. તેની પાસેથી એ અભ્યાસથી ને ભક્તિથી ને ઉપાસનાથી મળશે. એમાં જીવનની સાધના, દુઃખની કસોટી, ચારિત્ર્યનો યજ્ઞ, શ્રદ્ધાનો મહિમા, સમર્પણની સિદ્ધિ, ઇશ્વરેચ્છાનો સ્વીકાર, મૃત્યુની કૃતાર્થતા, સાક્ષાત્કારનું વરદાન—એ બધા શબ્દો શબ્દો મટીને અર્થગર્ભ જીવનપ્રયોગો બની જશે. એમાં તાજ મહાલની સરળ ને શાશ્વત રૂપરેખાઓ ઊપસી આવશે.

એક શંકા કનડે છે. આપણે એમ નહોતું કહ્યું કે આ માણુપ્રશ્નનો જવાબ માણુસ પોતે જ આપી શકે, બીજાની પાસે ન શીખી શકે, પારકાની પાસેથી ન લાવી શકે? કબૂલ. પણ ભગવાન ક્યાં પારકો છે! એની આંતરિક દોરવણીથી ને આત્મીય પ્રેરણાથી આપણે આપણું એ લક્ષ્ય સ્પષ્ટ રીતે જોઈ શકીશું, અને જોઇને એ તરફ ક્રમંગથી પ્રયાણ કરી શકીશું.

શતરંજ

આવતા વર્ષથી આ માળામાં શતરંજના કોયડાની હરીફાઈનો આરંભ થાય છે જેમાં વર્ષાન્તે ત્રણ ઈનામો અપાશે.

ગુજરાતના જીવનને પોતાની પ્રતિભા અને પ્રેમાળ હૃદયથી તથા પોતાની પ્રબળ તેજસ્વી મેધાથી ભર્યુંભર્યું કરી જનાર આંતરબાહ્ય વિપુલતાવાળી વિશાળ વિભૂતિ

બહારથી જરઠ અને રુક્ષ પણ અંદર મિષ્ટ રસ અને માવો ધરાવતા નાળિયેરની જાણીતી ઉપમા એમના વિચિત્ર બાહ્યાંગ અને તડફડિયા તાતા સ્વભાવ નીચે રહેલી ઊંચી રસવૃત્તિ અને વત્સલ હૃદયથી સાર્થ કરનાર, વિદ્વદ્વર્ય બલવંતરાય કલ્યાણરાય ઠાકોર આપણા વિદ્વાનોમાં કદાચ સૌથી વધુ દીર્ઘજીવી, અને અવસાનની દૃષ્ટિએ આપણા સાક્ષરયુગના છેલ્લા સ્ટૉલવર્ટ–પ્રચંડમૂર્તિ હતા. આજથી બરાબર ૧૦૦ વર્ષ પૂર્વે. ઈ. ૧૮૬૯ની ૨૩મી ઑક્ટોબરે એમનો જન્મ, અને બ્યાશી વર્ષની પીઢ-પાકટ વયે ઈ. ૧૯૫૨ની બીજી જાન્યુઆરીએ એમનું અવસાન. ❚ બ. ક. ઠા. ના નામાક્ષરોથી ગુજરાતી સાહિત્યમાં સુપરિચિત, ગદ્ય તેમ જ પદ્યમાં પોતાના નામ જેવું બલવંત-ઓજવંત સાહિત્ય સર્જનાર, વિચારભારવાળી કવિતા અને સૉનેટ પ્રકારના પ્રવર્તક, સૂક્ષ્મ બુદ્ધિ અને ઊંચી રસદૃષ્ટિવાળા વિદ્વાન, વ્યવસાયે એકનિષ્ઠ બ્રાહ્મણ, સ્વભાવે તાતા ક્ષત્રિય, લેખન-પ્રકાશનના વ્યવહારમાં ઝીણા વૈશ્ય અને સરસ્વતી-ઉપાસનામાં નમ્ર શૂદ્ર—આ એમના જીવનનું સર્વવર્ણીય ચિત્ર. 'પંચોતેરમે' નામે પુસ્તકમાં, પોતાની એ આયુમર્યાદા સુધીનાં પોતાના જીવનસ્મરણો એમણે આત્મકથા રૂપે નોંધ્યાં છે, તે પરથી તારવેલી એમની જીવનરેખા અમે 'કુમાર'ના ૨૭૨મા (ઑગસ્ટ ૧૯૪૨ના) અંકમાં આપી ગયા છીએ. ❚ એક રીતે પોતાના આદર્શ તરીકે માનેલા ગોવર્ધનરામની પેઠે લાંબા નિવૃત્તિકાળમાં વાચન-લેખન-મનન-ચિંતનનું કદાચ સૌથી લાંબું સારસ્વતજીવન એમણે ગાળ્યું. એક આચાર્ય આનંદશંકરની જ તોલે આવે એવો વિપુલવિવિધ એમનો ગ્રંથસંગ્રહ અને એમની જ પેઠે એમાંના એકેએક પુસ્તકમાં પોતાની હાંસિયા નોંધો. ઊંડા સરોવરનાં હેલારા લેતાં પાણીની જેમ આરોહઅવરોહ લેતી ઘોઘરી વાણીમાં વહેતા એ વાચન-વિચાર-અનુભવથી પ્લાવિત વાર્તાલાપોનો વિરલ લાભ અને એમના વત્સલ હૃદયની એટલી જ વિરલ હૂંફ જેમણે માણી છે એવા એમના ચાર સારસ્વત-સ્વજનોની સ્મરણ-અંજલિ (અને વિવિધ વિપુલ ચિત્રસમૂહ)થી 'કુમાર' એમની જન્મશતાબ્દીનો આ અવસર અંકિત કરે છે.



બલવંતરાય કલ્યાણરાય ઠાકોર

જેમની જન્મશતાબ્દી આ વર્ષે આવી

ઈ. ૧૮૬૯માં થએલા આ જન્મને આજે ૧૯૬૯માં એક શતાબ્દ પૂરું થાય છે, ને લગભગ એક આખી સદી વ્યાપીને બેઠેલા આ પુરુષની જીવનગતિના મહા ઝંકાર ફરીફરીને મનમાં ઊઠે છે. ગુજરાતના જીવનમાંથી બ. ક. ઠા.ને ઘડીભર હઠાવી લો અને સમજાશે કે, ગુજરાતના જીવનને એ કેટકેટલું ભરી ગયા છે. સાક્ષર યુગની પ્રચંડ વિભૂતિઓમાં એમનું સ્થાન આગવું રહેલું છે. એમનું વ્યક્તિત્વ પણ નિરાળું રહેલું છે. આનંદશંકરની પેઠે તે પ્રાચીન પ્રણાલિમાં અશેષ લીન રહ્યા ન હતા, અને એક રીતે પોતાનો આગવો, પૂર્વ અને પશ્ચિમના બુદ્ધિઉજ્જ્વલ સંગમ જેવો જીવનપથ એમણે આંક્યો હતો. પણ છતાં પ્રાચીનતાની એ મધુર ફોરમ તો એમનામાં મઘમઘતી રહી જ હતી. છેવટનાં વર્ષોમાં તો એમનાં લખાણોને અંતે હમેશાં 'શુભં ભૂયાત્' આવતું. એમના સર્વ સુહૃદવર્ગ પ્રતિ એમના તરફથી 'આશીર્વાદ'પૂર્વક વસ્તુઓ જતી.

એમના સર્વ ઉચ્ચ આશયો સિદ્ધ થયા. કાવ્યના જગતમાં એ જે ઉચ્ચ વિચારપૂત ઉજ્જ્વલ તત્ત્વની સ્થાપના કરવા માગતા હતા તે સ્થાપિત થયું અને સર્જકતાની દિશામાં ગુજરાતની સર્જનશીલ ચેતના આગળ વધતી થઈ. સત્ય માટેનો એમનો આગ્રહ એમણે જે જે વાંછેલું તે સર્વમાં એમને લઈ ગયો. એ પણ, 'સત્યાગ્રહીઓ' સાથે વંકાતા રહેવા છતાં પૂરેપૂરા સત્યાગ્રહી, કહો કે સત્યનિષ્ઠ હતા. એમની બુદ્ધિપ્રતિભા, વેધક દૃષ્ટિ, એમની તેજસ્વી વિચારશક્તિ, વસ્તુ ગ્રહણ કરતી ઊંડી પારગામી પ્રતિભા, એમનાં વ્યાખ્યાનો પ્રવેશકો ને વિવરણોમાં છલકાય છે.

અને પછી એ પણ અનુભવ્યું કે પ્રકૃતિના અનેક પલટાઓમાંથી પસાર થએલું, જીવનની અનેક તડકીશીળી જોએલું, પ્રભુએ આપેલી વેદનાઓને ઝીલીઝીલીને તવાતું ગએલું, તપ્ત બનેલું એમનું અંતસ્તલ પ્રભુ પ્રત્યેના સર્વ માનવભાવોની ગતિમાં પસાર થતું થતું છેવટે પ્રભુ પ્રત્યેના એક વિમલ મૃદુ અભિસારમાં સ્થિર થઈ, તેના પ્રતિ પૂર્ણ સમર્પક ભાવે ઢળી પડયું. શ્રદ્ધાનાં પરંપરાગત બાહ્ય રૂપોને એમણે બાજુએ મૂકી દીધેલાં, પણ એક શુદ્ધ આંતરશ્રદ્ધામાં તે સ્થિર હતા જ. એમને નાસ્તિક ગણાવે એવું 'શાપું તને' કાવ્ય લખવા છતાં, એ કાવ્ય તો એક શુદ્ધ નાસ્તિક માનસની ડ્રામૅટિક છબી છે, પણ 'પોતાનાં ધાર્મિક વિચાર-વલણોથી વેગળી' જ છે, એમ ભારપૂર્વક કહી પોતાના શુદ્ધ આંતરભાવને એ છેક આરંભથી કાવ્યમાં ગૂંથતા રહ્યા છે. ઈ. ૧૯૧૭માં ૪૮ વર્ષની વયે પ્રકટ કરેલા એમના 'ભણકાર'ના મુખપૃષ્ઠ ઉપર તે 'આતમજ્યોત જો રે જન્તુ પામર' એ પ્રેરક પંક્તિ મૂકે છે. પણ એ આત્મા અને તેનો પરમાત્મા દેખાયા નથી એવી આર્ત વેદના પણ 'ના લહ્યો તને'માં મૂકે છે અને પછી 'સમીપ તુજની' નામની અત્યંત આર્દ્ર કૃતિમાં કેવી તો અનન્ય વાણી મૂકે છે:

એ સમયના ગુજરાતી સાહિત્યાકાશમાં બલવંતરાયની પ્રતિભાનો ગોરંભો હતો. નવી રચાતી ગુજરાતી કવિતાના નિયંતાપદે તેઓ હતા. પૃથ્વી છંદ, યતિભંગ, પ્રવાહી પદ્યરચના, કવિતામાં વિચારપ્રાધાન્ય,—એ બધું ભરપૂર પ્રચારમાં હતું. ૧૯૩૦ના સત્યાગ્રહની લડત વખતે જે અનેક નવા કવિઓ નીકળ્યા તેઓએ બલવંતરાયે ખીલવેલી, અને ૧૯૨૦-'૩૦ વચ્ચેના નવકવિઓએ અપનાવેલી, આ બધી વસ્તુઓને આધારે જ આરંભ કર્યો. બલવંતરાયની કાવ્યરીતિ અને કાવ્યવિભાવના ૧૯૩૦ના અરસામાં સર્વમાન્ય થઈ રહ્યાં. એના ઉપર મહોર મારતા ન હોય તેમ જાણે, બલવંતરાયે એ વખતના અગ્રગણ્ય શિષ્ટ માસિક 'પ્રસ્થાન'માં ગત સાઠ વરસની કવિતાના નમૂના એક પછી એક, પોતાના વિશિષ્ટ વિવરણ સાથે, આપવા માંડ્યા ને એમાં તદ્દન છેલ્લામાં છેલ્લા નવકવિની ગણનાપાત્ર કૃતિને પણ આગળ ધરી, અને એ રીતે એ નવકવિતાના પુરોહિત બની રહ્યા.

ઉમાશંકર જોશી

સમીપ તુજની સમીપતર રે સમીપતમ હે પ્રભો
ક્ષણે ક્ષણ હવે સરું, અકળ તે અનન્ય ક્ષણ
અતીવ ઝટ આવશે, શરણમાં મને તાહરાં
ધકેલિ ધરિ દે જ જે વહી જશે અગાધો દરે!

આધ્યાત્મિક અનુભૂતિઓનાં દ્વાર પણ એમને માટે ખુલ્લાં બન્યાં હતાં, પણ એ આણખેડાએલો, જોખમભરેલો પ્રદેશ તેમની સાધનાનો વિષય ન બની શક્યો એ પણ જીવનલીલાની સ્વાભાવિક ગતિ લાગે છે. એમને માટેની જીવનસાધના, જીવનસિદ્ધિ કોઈ જુદી નિર્માઈ હતી: કવિતા. એને પોતાનું સમસ્ત ચૈતન્ય સમર્પિત કરી ગુર્જર કવિતામા તે એક નવો જ આવિષ્કાર મૂકી ગયા. કુદરત જાણે બતાવવા માગતી હોય કે કવિતા એ માત્ર એક લલિતમધુર, શિષ્ટમિષ્ટ પદાવલિની જ વસ્તુ નથી. માનવવાણીના હરેક આવિર્ભાવને કાવ્યનું ઉપાદાન બનાવી શકાય છે એમ કહી, નાનાલાલની જાણે પૂર્તિ કરતા હોય તેમ એમણે સામી દિશામાંથી આવીને કાવ્યનાં ઉચ્ચોચ્ચ શિખરો સાધી આપ્યાં. ઘડીભર તો એમ કહેવાનું મન થાય છે કે આ કવિની કલમમાંથી ગમે તેવી ટપકેલી લીટીઓ પણ કવિતાહીણી નથી. આખા જીવનના અનેક સ્તરોને, ઊર્મિના, વિચારોના, સંવેદનોના, અનેકાનેક ભાવોને સ્પર્શતી, સર્જકતાના અનેક નવા આવિર્ભાવો, રચનાશક્તિનાં ભાષાસામર્થ્યનાં વાણીની ગહનતાનાં અનેક તત્ત્વો, અનેકવિધ પ્રફુલ્લિત સૌન્દર્ય ધરાવતી કવિતા એ મૂકી ગયા. અને ગુજરાતના જીવનને પોતાની પ્રતિભા અને પોતાના ઉદાર પ્રેમાળ હૃદયથી, પોતાની તેજસ્વી પ્રબળ મેધાથી ભર્યુંભર્યું કરી ગયા.

કુદરતે ભલે એમને એક 'મતવૈચિત્ર્ય' ગણાય એવી કાયા આપી હતી. પણ એવી કાયા પણ આહ્લાદ અને ઉષ્મા આપતી હતી. પોતાના શરીરની, દેખાવની પણ તે પૂરી ખબરબરદાસ્ત કરતા. પોતાનો દાઢીમૂછોનો કટ તે બરાબર વિચારપૂર્વક ગોઠવતા. કપડાંની સજાવટ પણ સંભાળપૂર્વક કરતા. 'પંચોતેરમે'ના પૂઠા ઉપર મુકાએલી છબીમાં તે બેઠા છે તે આખી છબી તેમણે ઘણાને ભેટ આપેલી તેમ મને પણ આપેલી. એ વખતે બલ્લુકાકાએ નવો પીળાચટા રંગનો લાંબો કોટ બનાવેલો. મને એમાં તે ખૂબ સોહામણા લાગતા હતા. એ કોટ, હાથમાંની એ લાકડી, એ ચહેરો, એક વખતની ભરાવદાર મૂછોની પાતળી કરેલી રેખાઓ, એ ચહેરા પરનાં ચશ્માં—બધું એક હૃદયંગમ દૃશ્ય છે અને આપણા સૌના હૃદયમાં વસી રહે તેવું શાશ્વત ચિત્ર છે.

આવી વિશાળ કાય, આંતરિક તેમજ બાહ્ય વિપુલતાવાળી આ વિભૂતિ આ શતાબ્દીના એક મહાતીર્થ જેવી છે. ને જમાને જમાને આખી પ્રજા એ તીર્થનાં પુણ્યોદકનું પાન કરતી રહેશે.


સુન્દરમ્

ઈ. ૧૯૪૯ના ઉનાળાની રજામાં ૭મી માર્ચે મુંબાઇમાં સ્વ. ભાઈ ચૂનીલાલ મડિયાએ અચાનક મારાં કાવ્યોની નોટ માગી. કહે કે બલ્લુકાકાને તમારાં કાવ્યો વાંચવાની ઇચ્છા છે. મને સભય આશ્ચર્ય થયું. સ્હેજ ધ્રુજી જવાયું! એમના મિજાજ વિષે, એમના વિરલ વ્યક્તિત્વ વિષે વાતો કાને આવી હતી. મારા મનમાં ત્યારે બલ્લુકાકાની વાત્સલ્યમૂર્તિ નહીં પણ બ. ક. ઠા.ની ભય ને ક્ષોભપ્રેરક કઠોર મૂર્તિ હતી. વળી ક્યાં એ ને ક્યાં હું! એ એંશીના ને હું ત્રેવીશનો. ભય અને ક્ષોભને કારણે આ અનુભવ અસહ્ય થશે.

મેં મડિયાને ના કહી. પણ માને તો મડિયા નહિ. એમણે મને બલ્લુકાકાના વત્સલ સ્વભાવ વિષે, બલ્લુકાકા ને એમની વચ્ચેની મૈત્રી વિષે અને અન્ય એવું એવું ઉષ્મા અને ઉત્સાહપ્રેરક જે કંઈ સૂઝ્યું તે વિષે કહી કહીને મારી નાને હામાં પલટી નાખી. અને બીજે દિવસે, અમે બલ્લુકાકાને ઘેર ગયા. બલ્લુકાકા બહાર ગયા હતા. મડિયાએ ટેબલ પર નોટબુક અને ચિઠ્ઠી મૂકી અને અમે ચાલ્યા આવ્યા. મને થયું બચી ગયો. માંડ એક મહિનો ગયો હશે ત્યાં 'હવે નોટબુક વાંચી રહ્યા હશે. ફરીથી મળવા જવું જોઇએ.' હું બચી ન શક્યો, અને બીજે દિવસે એપ્રિલની ૬ઠ્ઠીએ અમારે બલ્લુકાકાને મળવું એમ ઠર્યું.

પુલીલૅમ્પ, મેગ્નીફાઇંગ ગ્લાસ, ચશ્માં, ચોપડી અને માથું બધું એકાકાર થઈ ગયું હતું. બલ્લુકાકા ટેબલ પાસે ખુરશી પર બેઠાબેઠા વાંચી રહ્યા હતા. કોઈ આવ્યું છે એમ સમજાતાં એમણે મૅગ્નીફાઇંગ ગ્લાસ અને ચોપડી ટેબલ પર એક બાજુ મૂકી દીધાં. આ તો મડિયા છે, અને સાથે કોઈ અજાણ્યું છોકરડું છે એમ સમજાતાં એમણે મારી સામે જોઇને કહ્યું: 'Madia will sit there. You will sit here.' અને મડિયા માટે એમની સામેની સ્હેજ જમણી બાજુ પરની એક ખુરશી હાથથી સૂચવી, ને મારે માટે એમની બરોબર સામેની ખુરશી સૂચવી. એમની અને મારી વચ્ચે લેખન-વાચન-મનન-ચિંતનની વિપુલ સાધનસામગ્રીવાળું એક વિશાળકાય ટેબલ હતું. પછી મારી સામે જોઇને એમણે મડિયાને પૂછ્યું: 'Who is be ?' મડિયા ઉત્તરમાં માત્ર મારું નામ બોલ્યા. તરત જ પુલીલૅમ્પ નમાવીને, એનો પ્રકાશ મારા મોં પર ફેંકી, હતી એટલી ડોક લંબાવીને, તીક્ષ્ણ વેધક આંખો મારા મોં પર સ્થિર કરીને તીવ્ર કઠોર અવાજે એમણે મને પૂછ્યું: 'How many girls are you after ?' તરત જ મારાથી એમને સામું પુછાઈ ગયું: 'How many do you wish me to be after ?' એમણે મને સામું પૂછ્યું: 'How many have you married ?' મેં કહ્યું: 'None.' નોટબુકમાં જે કાવ્યો હતાં એમાં પ્રણયકાવ્યોનું સારું એવું પ્રમાણ હતું. એને પરિણામે આ સંવાદ. આમ, મળ્યા એની પ્રથમ ક્ષણોમાં જ રેશમની દોરીથી બાંધ્યા જેવું થઈ ગયું.

પછી એમણે એટલા જ કોમળ અવાજે કહ્યું; 'Don't be so serious. I'm just joking. But my advice to every young aspiring artist is not to marry. Madia, attention!' મડિયા ત્યારે પત્નીથી અલગ થયા હતા. (એકાદ મિનિટ પછી એમણે કહ્યું)' 'Mine is the voice of a *brahmachari*. Of course, mine was a restrained *brahmacharya*. I had my days of excess. અમારી વચ્ચે પંદરેક મિનિટ વાત ચાલી હશે. ત્યાં એમણે



વાચન-લેખન-મનન-ચિંતનસમૃદ્ધ ઉત્તરાવસ્થાએ

હળવેથી કહ્યું : 'Now go away. I'm sleepy.'

ઈ. ૧૯૫૧ના ઉનાળાની લાંબી રજામાં મુંબાઇ ગયો તે જ દિવસે સવારે દસ વાગ્યે મડિયાની ઑફિસે મળવા ગયો. મડિયા પાસેથી જાણ્યું કે બલ્લુકાકા નીચે લાયબ્રેરીમાં વાંચતા હતા ને અગિયાર-બાર વાગ્યે કાળાઘોડા પર 'વે સાઇડ ઇન'માં જમવા જવાનું હતું. મડિયા એમને બોલાવી લાવ્યા. રસ્તામાં એમણે મને પૂછ્યું: 'So Umashankar doesn't agree with you ?' મેં કહ્યું : 'No.' તરત જ એમના લાક્ષણિક લહેકાથી એમણે કહ્યું : 'હં!' (૧૯૫૦માં 'કિન્નરી' ગીતસંગ્રહ પ્રકટ થયો એનું મિતાક્ષરી અવલોકન ઉમાશંકરે 'સંસ્કૃતિ'માં કર્યું હતું. એમાં 'કિન્નરી'ની મિતાક્ષરી પ્રસ્તાવના 'ગીત–એક કાવ્યસ્વરૂપ'માં ગીત વિષેનાં મારાં કેટલાંક વિધાનોનો વિરોધ હતો. એ વિરોધના વિરોધમાં આ 'હં'કાર હતો.) પછી અમે 'વે સાઇડ ઇન'માં ગયા ને ત્યાં જમ્યા.

બીજે દિવસે અગિયાર વાગ્યે મડિયા અને હું બલ્લુકાકાને મળવા એમને ઘેર ગયા. અલકમલકની વાતોને અંતે એમણે મને પૂછ્યું : 'What are you doing in Bombay ?' મેં કહ્યું : 'Loafing.' એમણે કહ્યું : 'You can as well loaf in my library. Madia or no Madia, you'll come here everyday at four from to-morrow. I'll be waiting for you. W'ell have our afternoon tea together. We'll talk. For some time you'll work on my library and set my books in order. Thereafter if we feel like we'll go out. You'll walk me at Chowpati, bring me back and then go home.' મેં એમને કહ્યું : 'I say yes.' અને બીજે દિવસે ચાર વાગ્યે અમે મળ્યા. ત્યાર પછી ૧૯૫૧ના ઉનાળાની અને શિયાળાની બન્ને લાંબી રજાઓમાં હું સતત મુંબાઇ રહ્યો તે સૌ દિવસ બલ્લુકાકા અને હું રોજ સાંજના ચારથી સાત લગી મળ્યા. પહેલાં ચા અને પછી વાતો. વચમાં એમની લાયબ્રેરીમાં પુસ્તકો વ્યવસ્થિત કરવાનું કામ અને ક્યારેક કોઈ વિરલ દિવસે ઇચ્છા હોય તો ચોપાટી પર ફરવાનું કામ.

વાતોમાં મુખ્યત્વે ગુજરાતી અને અંગ્રેજી કવિતા અને વિવેચન, ક્યારેક યુરોપ-એશિયા-અમેરિકાની આધુનિક કવિતા અને વિવેચન તથા સંસ્કૃત-ગ્રીક-લૅટિન પ્રાચીન કવિતા અને વિવેચન. ઉપરાંત સમાજ, રાજ્ય, ઇતિહાસ, ધર્મ, એમાંથી કેટલીક વાતો....

ખંડમાં પ્રવેશ્યો ને હજુ માંડ ખુરશી પર બેઠો ત્યાં તો બલ્લુકાકાએ રોષમાં કહ્યું : 'Silly fool!' હું સહેજ સ્તબ્ધ થયો. બોલ્યાચાલ્યા વિના શાંત બેસી રહ્યો. બલ્લુકાકા ક્યારના રોષથી સમસમી રહ્યા હશે તે એમના ઉદ્‌ગાર અને અવાજ પરથી સમજ્યો, પણ રોષનું ભાજન કોણ હશે તે ન સમજ્યો. એકબે મિનિટ પછી એમણે જ ટેબલ પરથી એક પુસ્તક હાથમાં લઇને કહ્યું : 'This is a collection of essays by Belvelkar. He was my pupil at Poona. He gave me this book as a token of his love few years ago. But I shelved it there. (એમ કહીને એક કબાટ બતાવ્યું.) This morning I took it down and I've been reading it since then; and now I realize what I've missed. મેં ત્યારે આ પુસ્તક વાંચ્યું હોત તો મને કેટલો લાભ થયો હોત. એમાં કેવા સરસ વિચારો છે. એ વિચારોથી આટલાં વર્ષોમાં મારો કેટલો વિકાસ થયો હોત. But I shelved it and slept over it all these years like a silly fool. I was a silly fool!'

ધર્મની વાત ચાલતી હતી. મેં કહ્યું : 'All religions are partly mystical.' બલ્લુકાકાએ રોષમાં ટેબલ પર મુક્કો મારીને કહ્યું : 'But that doesn't mean that mysticism is a religion!' મુક્કાથી ટેબલ પરનાં પુસ્તકો, ફાઉન્ટન પેનો, પાઈપ્સ, ચશ્માં, ખડિયો, મૅગ્નીફાઇંગ ગ્લાસ, ગુંદરની શીશી, કાતર વગેરે વિપુલ સાધનસામગ્રી ધ્રૂજી ઊઠી અને સહેજ અધ્ધર ઊછળી.

બલ્લુકાકાના શરીર પર માત્ર એક અરધી ચડ્ડી હતી. એમણે કહ્યું : "સામેના ઘરમાં એક છોકરી રહે છે. એમ.એ.માં સંસ્કૃતનો અભ્યાસ કરે છે. હમણાં આવી હતી. કહેતી હતી: 'મારે ગીતા ભણવાની છે; તમે ન ભણાવો?' મેં કહ્યું : 'ભણાવું તો ખરો; પણ હું રહ્યો અજ્ઞેયવાદી. હું ભણાવું તો તું નાપાસ થાય.' આ તો મેં એને કહ્યું. બાકી હું ભણાવું ને તે નાપાસ થાય? પણ જો હા કહું તો પછી એ રોજ અહીં આવે, ને તો પછી મારાથી આમ માત્ર એક અરધી ચડ્ડી પહેરીને બેસાય? I don't want any check on my freedom in my own house."



ઈ. ૧૮૯૯માં

કવિ, સાહિત્યકાર, નવલિકા-નાટ્યલેખક, વિવેચક, ઇતિહાસકાર, કેળવણીકાર, વિચારક (ને રાજનીતિજ્ઞ પણ)—એવા બહુવિધ બુદ્ધિવિકાસવાળા એમના જીવનમાં કોઈ સનસનાટીભર્યા આરોહ–અવરોહ નથી. સમધારણ ને શાન્ત વહેતું રહેલું એ જીવન એકધારા અધ્યયન–અધ્યાપનમાં જ વીત્યું છે.

ઈ. ૧૮૬૯ની ૨૩મી ઑક્ટોબરે ભરૂચમાં જન્મ. પિતાની નોકરી રાજકોટમાં હોઈ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ ત્યાં લઈ, ભાવનગરની સામળદાસ કૉલેજમાં અભ્યાસ કરીને પૂનાની ડૅક્કન કૉલેજમાંથી ૧૮૮૯માં સેકંડ ક્લાસમાં બી. એ. થઈ એલિસ સ્કૉલરશિપ મેળવી, અને ત્યાં જ ૧૮૯૨-૯૩માં દક્ષિણા ફેલો નિમાયા. ૧૮૯૩માં 'થોરલે માધવરાવ પેશ્વા' વિશે અપ્રકટ સાધનો દ્વારા નવા પ્રકાશ સાથે ઐતિહાસિક થીસિસ (મહાનિબંધ) લખવા માટે માણેકજી સુવર્ણચંદ્રક મળ્યો. ૧૮૯૪–૯૫માં બહેરામજી મલબારીના અંગ્રેજી પત્ર 'ઇન્ડિયન સ્પેક્ટેટર'માં ઉપતંત્રી થયા. તે પછી થોડો સમય ઍક્ટિંગ પ્રોફેસર રહ્યા બાદ સરકારી કેળવણીખાતામાં નિમાયા, ને ત્યાં પ્રથમ પ્રૉવિન્શ્યલ (પ્રાંતિક) અને પછી ઇંડિયન (અખિલ હિંદ) એડ્યુકેશનલ સર્વિસ (આઈ. ઈ. એસ.)-માં કાયમી પ્રોફેસર તરીકે તા. ૧૩-૧૦-૧૮૯૬ થી તા. ૨૩-૧૦-૧૯૨૪ સુધી–લાગટ અઠ્ઠાવીસ વર્ષ રહ્યા, જે દરમ્યાન અજમેરની ગવર્નમેંન્ટ કૉલેજ, રાજકોટની રાજકુમાર કૉલેજ તથા પૂનાની ડેક્કન કૉલેજમાં પ્રોફેસર તરીકે, તેમજ કાઠિયાવાડ એજન્સીના એડ્યુકેશનલ ઈન્સ્પેક્ટર તરીકે કામ કર્યું. ઉપરાંત એ દરમ્યાન પંદર વર્ષ સુધી મુંબાઇ યુનિવર્સિટીની સેનેટના સભ્ય, નવ વર્ષ સુધી ઇન્ડિયન હિસ્ટૉરિકલ રેકર્ડ્ઝ કમિશનના સભ્ય, તેમજ મુંબાઇ યુનિવર્સિટી કૉલેજ ઇન્સ્પેક્શન કમિટીના સભ્ય અને મુંબાઇ, બનારસ, નાગપુર તથા કર્વે યુનિવર્સિટીઓની બી. એ.ની પરીક્ષાઓમાં ત્રીસ વરસ સુધી પરીક્ષક રહ્યા હતા. ઈ. ૧૯૨૪માં પેન્શન લીધા પછી વડોદરા કૉલેજમાં કામચલાઉ પ્રોફેસર તરીકે તથા વડોદરા-યુવરાજ પ્રતાપસિંહરાવના શિક્ષકમંડળમાં કામ કર્યું. ૧૯૩૭થી મુંબાઇમાં કાયમી નિવાસ કરી લેખન-વાચનના વ્યવસાયમાં જ રત રહેતા. રાજકોટમાં હતા ત્યારથી ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યમાં રસ લેતા થઇ, ત્યાં ભરાએલી ત્રીજી સાહિત્ય પરિષદના અને પછી પરિષદની ભંડોળ કમિટીના મંત્રી તરીકે લાંબો કાળ રહ્યા બાદ પરિષદના બંધારણના ઝગડાને કારણે તેનાથી અલગ થએલા.

પોતાની એક વર્ષગાંઠે લખેલા, 'મધ્યમતાષ્ટક' નામના કાવ્યમાં પોતાના જીવન અને માન્યતાઓનો જાણે કે સાર, સાદા ભુજંગી છંદમાં એમણે કહી દીધો છે. ધમપછાડા કરતી કોઇ ગગનગામી મહત્ત્વાકાંક્ષાઓના નહિ પણ સ્વસ્થ 'મધ્યમતા'ના જ એ ચાહક હતા. અને કાવ્યમાં અંતે કહે છે તેમ જીવનભર મધ્યમનાં જ મીઠાં ફળ વાંછ્યાં અને શુદ્ધ બુદ્ધિથી સરસ્વતીના ઉપાસક બની રહ્યા.



પત્ની ચન્દ્રમણિ: જન્મ ૧૮૫૭, ભરૂચમાં. લગ્ન ઈ. ૧૮૮૭. મૃત્યુ ૧૯૧૫માં ભરૂચમાં. થોડું અંગ્રેજી સાસરે આવ્યા પછી ભણી. સદાય સ્મિતમુખી, સહનશીલ, મિતભાષી, જેમને જેમ ફાવે તેમ વર્તવા દેવામાં માનનારી, મારા ઉગ્ર સુધારાગ્રહ અને સત્યાગ્રહ સામે કોઈક વાર બેઠો બળવો કરનારી, ઉપહાસે ભસ્મ કરનારી, ઠંડો કળશિયો રેડી ઠારી દેનારી, પણ ઘણુંખરું તો સહી જ લેનારી એ વ્હેલી ગત થઇ તેથી મોટો પરિવર્ત થઇ ગયો અમારા પુત્રોના વિકાસ અને જીવનમાં. એ બીજાં દશ વર્ષ જીવી હોત તો એમનો વિકાસ અને ભાવિ ઘણાં સુધરી જાત. ('પંચોતેરમે'માંની આપકથા 'મિતાક્ષરી'માં)

વડોદરા લેખકમિલનમાંથી મડિયા અને હું સાથે સીધા મુંબાઈ ગયા. બલ્લુકાકાને મળ્યા. ત્યારે 'સંસ્કૃતિ'માં ઉમાશંકરની વડોદરા લેખકમિલન પરની નોંધ અને ઉમાશંકરનું ડભોઈનું વ્યાખ્યાન બલ્લુકાકાએ વાંચ્યાં હતાં. અમે વડોદરા લેખકમિલનમાંથી આવી રહ્યા છીએ એની એમને જાણ હતી. અમે ખંડમાં પ્રવેશ્યા અને માંડ ખુરશી પર બેઠા ત્યાં તો બલ્લુકાકાએ રોષમાં કહ્યું : 'So you talked and you laughed and you sang and you danced, you fools!' મડિયા અને હું બન્ને સ્તબ્ધ! થોડીક વાર પછી ઉમાશંકરના ડભોઇના વ્યાખ્યાનનો ઉલ્લેખ કરીને બલ્લુકાકાએ કહ્યું : 'ડભોઇની શેરીઓમાંથી ગીતની ચાવી શોધવા ગયા હતા! શેરીઓમાંથી તે ગીતની ચાવી જડે કે ધૂળ?'

સૂરતથી કોઇએ સાહિત્યનું એક નવું ચોપાનિયું બલ્લુકાકા પર અભિપ્રાયાર્થે મોકલ્યું હતું. એમાં સાહિત્યની ચોવટ સિવાય કંઈ ન હતું. બલ્લુકાકાએ અભિપ્રાય લખ્યો તે મને વંચાવ્યો. એનો સાર કંઇક આવો હતો : બાપને પૈસે ચોપાનિયું ચલાવવાનું હોય તો બાપાના પૈસા આમ બગાડવાનો અધિકાર નથી. પોતાને પૈસે ચલાવવાનું હોય તો પોતાના પૈસા આમ બગાડવાની જરૂર નથી. એ પૈસાનો સદુપયોગ કરી શકાય. અન્ય કોઈ પ્રવૃત્તિને અભાવે ચોપાનિયું ચલાવવાનું હોય તો અન્ય કોઈ પ્રવૃત્તિ ન સૂઝે ત્યાં લગી ગાંધી બાપુએ સૈકાઓ સુધી ચાલે એવી એક પ્રવૃત્તિ શોધી આપી છે તે કરી શકાય, એટલે કે રેંટિયો કાંતી શકાય.

નાનાલાલની વાત ચાલતી હતી. બલ્લુકાકાએ કહ્યું : 'કવીશ્વર દલપતરામમાં નાનાલાલની શૈલી જાણે કે વાંસવરખ લાવ્યા હોઈએ, રાતોની રાતો ધેઈફૂટ ધેઈફૂટ કરીને તાબૂત તૈયાર કર્યું હોય, યા હુસેન યા હુસેન કરીને તાબૂત કાઢ્યું હોય અને છેવટે નદીમાં ડુબાડ્યું હોય એવી છે.'

રાજેન્દ્રનું કાવ્ય 'આયુષ્યના અવશેષે' બલ્લુકાકાને વાંચવા આપ્યું. વાંચતા જાય ને ડોલતા જાય, ને હળવો હીંચકો ખાતા જાય. બલ્લુકાકાને



ઉપર: પરમ સખા મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત) સાથે;
જમણી બાજુ: બ. ક. ઠાકોર ભર જુવાનીમાં



આમ ડોલતા જોવા એ જીવનનો એક લ્હાવો હતો. વાંચી રહ્યા પછી બલ્લુકાકાએ કહ્યું: 'રેશમના પટ પર કિનખાબથી લખીને સામી ભીંત પર લટકાવવા જેવું છે. ઘરડા માણસનું મન જે લયમાં વિચારે તે લયનો છંદ રાજેન્દ્રએ આબાદ પકડયો છે.'

યુસિસ લાયબ્રેરીમાંથી 'પોએટ્રી-શિકાગો'ના કેટલાક પાછલા અંકો વાંચવા લીધા હતા તે સાથે લઇને રોજની જેમ બલ્લુકાકા પાસે ગયો. બલ્લુકાકાએ પૂછ્યું 'શું લાવ્યા છો?' મેં કહ્યું: 'પોએટ્રી-શિકાગો'ના પાછલા અંકો. એમણે કહ્યું, 'લાવો, જોઉં!'। અંકોનાં પાનાંઓમાં સ્હેજ નજર નાખીને પછી પૂછ્યું: 'Is there any poetry in America?'


અર્વાચીન ગુજરાતી કવિતાની વાત ચાલતી હતી. બલ્લુકાકાએ પૂછ્યું: 'What do you think of Narsinhrao and Nanalal? મેં કહ્યું, 'I don't think of Narsinharao at all. But Thakore or no Thakore, Nanalal will live.' તરત પૂછ્યું: 'Why?' મેં કહ્યું: 'Because of the sheer beauty of his words.' જાણે કંઈક ચિંતનમાં હોય એમણે કેટલીક ક્ષણ મૌન ધર્યું.

મડિયાને કોણ જાણે શું યે સૂઝ્યું તે ઓચિંતા એમણે બલ્લુકાકાને કહ્યું: 'નિરંજનનો ગીતસંગ્રહ છપાય છે. એમાંનાં થોડાંક ગીતો એ તમને સંભળાવશે.' તરત જ બલ્લુકાકાએ મોટેથી બૂમ પાડી: 'કલ્પુ...કલ્પુ... કલ્પુ!' થોડીક વારમાં એમની નાનકડી પૌત્રી કલ્પના આવીને બલ્લુકાકા પાસે ઊભી રહી. એની ભણી જોઇને બલ્લુકાકાએ મડિયાને કહ્યું: 'That is Niranjan's audience!'

આશા-નિરાશા, જય-પરાજય, સુખ-દુ:ખ એવા અનેક અનુભવોથી ભર્યુંભર્યું બ્યાશી વર્ષનું એમનું આયુષ્ય હતું. સ્મૃતિમાં કેટકેટલું સંઘર્યું હતું! રોજ રોજ શૈશવ, યૌવન, વાર્ધક્યમાંથી કોઇ ને કોઇ કાળનું સ્મરણ થતું. રોજ રોજ ભરૂચ, રાજકોટ, ભાવનગર, મુંબાઈ, પૂના, વડોદરા, કરાચી, અજમેરમાંથી કોઈ ને કોઈ સ્થળનું સ્મરણ થતું. રોજ દલપત, નર્મદ, ગોવર્ધનરામ, નરસિંહરાવ, મણિલાલ, બાલાશંકર, કાન્ત, રમણભાઇ, આનંદશંકર, ગાંધીજી, કલાપી, નાનાલાલમાંથી કોઇ ને કોઇ પુરોગામી કે સમકાલીન કે અનુગામી સદ્ગતનું સ્મરણ થતું. ક્યાંય આત્મદયા નહિ, સર્વત્ર બૌદ્ધિક પ્રામાણિકતા. બોદલૅરે વિવેચનનો જે આદર્શ પ્રકટ કર્યો છે—Criticism should be passionate, prejudiced and personal'—તે બલ્લુકાકામાં જેટલો ને જેવો મૂર્ત થયો જોયો છે એટલો અને એવો આજ લગી ક્યાંય જોયો નથી. કલાને નામે વિલાસિતા, ધર્મને નામે અંધશ્રદ્ધા, ઇતિહાસને નામે અસત્ય, રાષ્ટ્રને નામે આત્મશ્લાઘા, રાજકારણને નામે સત્તાલાલસા, સમાજમાં સ્ત્રીત્વનો હ્રાસ—વિશેષ તો સ્ત્રીને સ્વહસ્તે સ્ત્રીત્વનો હ્રાસ. આ સૌ સામે એમનો પુણ્યપ્રકોપ. ક્યારેક બાળકના જેવી નિર્દોષતા, ક્યારેક સૈનિકના જેવી નિર્ભયતા, ક્યારેક સંતના જેવી સહાનુભૂતિ અને સદા ય કવિની સચ્ચાઈ.

ઇ. ૧૯૫૧ના ઉનાળાની લાંબી રજાઓ પૂરી થતી હતી. અમદાવાદ આવવાના દિવસને આગલે દિવસે બલ્લુકાકાની વિદાય લીધી. મેં કહ્યું: "પરમ દિવસે સવારે કૉલેજ ખૂલે છે. કાલે રાતે અમદાવાદ જાઉં છું. કાલે મુંબાઈ છોડવાની તૈયારીમાં હોઉં અને તમને ન મળી શકું તો મનમાં એનું દુ:ખ રહી જાય. એટલે આજે જ 'આવજો' કરું છું." પળમાં આનો અર્થ એ પામી ગયા. લાંબા ઊંડા મૌનમાં ચાલ્યા ગયા. એમાંથી પાછા આવીને ઋજુકોમળ અવાજે પૂછ્યું: 'તમને અહીં ક્યાંય કામ ન મળે?' ગદ્ગદ અવાજમાં સ્હેજ કંપ હતો. પળમાં આનો અર્થ હું પામી ગયો. મેં કહ્યું, બલ્લુકાકા, મને અહીં કામ તો મળે પણ હું તમને આમ રોજ ન મળું, ન મળી શકું.' એમણે કહ્યું: 'Yes, that also is true. Alright! Then go. You're a young man. You must be having many things to do. But if you remember an old man like me, then once in a while do drop a line.'

બલ્લુકાકા આયુષ્યભર એકલયાત્રી હતા; એકલા અટૂલા મનુષ્ય હતા. એમની એકલતા અભેદ્ય હતી. એમાં કોઇને પ્રવેશ ન હતો. માત્ર એક જ મનુષ્યનો ત્યાં પ્રવેશ શક્ય હતો: ચંદ્રમણિનો. વર્ષો પૂર્વે ૧૯૧૪ અને ૧૯૧૬ની વચમાં ચન્દ્રમણિનું મૃત્યુ પાસે હતું ત્યારે, અને ત્યાર પછી ચન્દ્રમણિના મૃત્યુ બાદ, જેમાં સ્હેજ પણ કલ્પનાતત્ત્વ ભળ્યું નથી એવી 'વાસ્તવ ભૂમિકાને વળગી રહેતી' એવી કૃતિ 'વિરહ'ના ત્રીજા ખંડ 'અર્ઘોક્તિ'માં બલ્લુકાકાએ એમની એકલતાનું રહસ્ય પ્રકટ કર્યું છે:



ફોટોગ્રાફ ઉપર સ્વહસ્તે લખ્યા પ્રમાણે અમદાવાદના સારસ્વત મિત્રો સાથે ડાબી બાજુથી: પં. સુખલાલજી, મુનિજિનવિજયજી, બ. ક. ઠા., રામનારાયણ વિશ્વનાથ પાઠક, રસિકલાલ છો. પરીખ; જમીન પર: પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

મ્હને ફ્રેન્ડો કે કટમખટલાની ન ફિકરો,
તહમે મ્હારે માથે કદિ ય પડવા એ નથી દીધી.
તહમારી રે હું યે શિશુસમ જ આખો ભવ હતી,
ઘટે છેલ્લે શ્વાસે શિશુસુકન્ન એકે ન ગુરુને.

પરંતુ ઓ મ્હારા કઠણકુમળા પ્રીતમ, તહમે
ધરો છો જે છાતી બહિર જગતે ધીર નરની,
તહમારી જે ખ્યાતિ જડ અનુભવી શાણપણની,
અરે એ તો છે કેવળ કમઠની ઢાલ ઉપલી.

તહમે કો'ને કો'દી ઉરભીતર ખુલ્લું નથી કર્યું,
દીઠું જાણ્યું એ એકલડી તમ દાસી સુરખીએ;
અરે એ તો માવો મૃદુલ રસભીનો અનુપમ,
નહીં એ એકાકી જીવન જીરવે પ્રેમવિહીન.

અહા આશા મોટી, હક પણ અનેરો મુજ વડો,
સુખપ્રેમોદ્રેકે ભીંજવી ભીંજવી ઢાલ ઉપલી,
અને એ લાજાળું ભીતર કૂણું ખોલી ખીલવીને,
સખા, ત્હારું હૈયું દ્વિદલ કરવા એક સરખું!
અરેરે, હું મૂર્ખી, સમજી નહિ વેળાસર બધું,
અને જાણ્યું ત્યાં તો અવધ થઈ પૂરી જ સઘળી.

સ્વમુખે નહિ પણ ચન્દ્રમણિને મુખે બલ્લુકાકાની એકલતાની આ અભિવ્યક્તિ કેવી તો નાજુક, સરલ, ઔચિત્યપૂર્ણ છે!

એમનો અવાજ ઘેરો, કંઈક ઘોઘરો હતો. ક્યારેક કઠોર તો ક્યારેક કોમળ, ક્યારેક એમાં પ્રચંડ પ્રકોપ તો ક્યારેક નર્યું લાડ. એકએક શબ્દ, બલકે કહો કે એકેએક અક્ષર પર ભાર. એમાં ઘનતા હતી. એ ધાતુઘન હતો. પ્હેલવ્હેલો મળ્યો તે જ દિવસે એમણે કહ્યું: 'મારો અવાજ કોઈથી સહન થતો નથી. It is metallic.' અને એમ પણ કહ્યું: 'એક વિવેકાનંદનો અવાજ આવો હતો.' કોઈ વ્યક્તિ કે વિચાર પ્રત્યે આત્યંતિક વિરોધ હોય ત્યારે તે શબ્દોમાં નહિ પણ રોષના લાવારસથી ભર્યા ભર્યા જ્વાલામુખીના ક્ષણિક આકસ્મિક સ્ફોટ જેવા એમના અત્યંત લાક્ષણિક 'હં' એવા અવાજમાત્રથી વ્યક્ત થતો. એ કોઈ માનવજંતુડાનો માંદલો અવાજ ન હતો. મૌલિક મિજાજ ને માનસના એક ધીરવીર નરનો વીર્યવંત અવાજ હતો. એમાં એમની આત્મપ્રતીતિ અને આત્મશ્રદ્ધાનું બળ હતું. એમનાં સમગ્ર સર્જનોમાં એ જ જીવંત અવાજ સંભળાય છે.

પછી સ્મરણમાં આવે છે એમની આકૃતિ: બેવડો બાંધો. બેઠી દડી. મોટું માથું. ભારે મોં. ભવ્ય તેજસ્વી લલાટ. માથે આગલી બાજુ તાલ. પાછલી બાજુ લાંબા તાર જેવા ગાઢા ધોળા વાળ. લાંબી લટકતી ગાઢી પણ છેડે અણીદાર ધોળી મૂછો. ઊપસેલાં લમણાં. વિકસેલાં જડબાં. લચેલા ગાલ. હડપચી નીચે ત્રણેક માંસલ વળ. ધડ પર સીધું માથું મેલ્યું હોય એમ, શોધવી પડે ને ન જડે એવી ડોક. પ્રમાણમાં નાની પાતળી મોંફાડ. સંવેદનશીલ નાક. જાડા કાચનાં ગોળ ચશ્માં પછવાડે વૃદ્ધત્વને કારણે ઝાંખ છતાં તીક્ષ્ણ આંખો. લખતી-વાંચતી વેળા સહેજ બહાર આવીને બે હોઠ વચ્ચે દબાતી ને વાંકી વળતી જીભ. નાનકડા હાથ ને વરસોના ત્રિવિધ ધૂમ્રપાનને કારણે નખે ભૂખરી ટચૂકડી આંગળીઓ.

માર્મિક, મસ્કરુ, લુચ્ચું સ્મિત ને નિર્દોષ નિખાલસ, ખડખડાટ હાસ્ય. ક્યારે શું કહી કરી બેસશે એ કલ્પી ન શકાય એવી અકળતા. ક્યારેક વજ્ર, ક્યારેક કુસુમ. ક્યારેક ગહનગંભીર મૌન, ક્યારેક બાલસહજ મુગ્ધતા અને આશ્ચર્ય. ક્યારેક વક્રોક્તિ કર્યા પછી જાણે કશું બન્યું જ નથી એમ સાવ અજાણપણું વ્યક્ત કરતું ઊંચાં (અનુસંધાન પૃ. ૫૨૩)

અરમાન અભિમાન અને શયતાનના જય-પરાજયની વાર્તા

ભગિની-ભવન

Stefan Zweigની Stories and Legendsમાંની The Dissimilar Doubles નામક વાર્તા ઉપરથી

શિવપ્રસાદ જોશી

શહેરનું નામ આપતો નથી, પણ તેની એક ગલીમાંથી બહાર નીકળતાં જ, સામે એક ભવ્ય ઇમારત જોઈ પ્રભાવિત થયો. તેની બાંધણી પ્રાચીન હતી ને બંને બાજુ સરખા આકારના બે ગુંબજો ઉન્નત મસ્તકે આકાશ આંબી રહ્યા હતા. આ કોઈ દેવળ ન હતું; તેમ કોઈ રજવાડી મહેલનો અવશેષ હોય એમ પણ દેખાતું ન હતું. કોઈ સાધુચરિત વ્યક્તિનો આવાસ હોય તેમ ઇમારતના એકાકીપણા ઉપરથી લાગતું હતું. તેની નજીકના એક નાનકડા કાફેમાં, ખુલ્લી અગાશીમાં, મારી બાજુમાં જ પીણું આસ્વાદી રહેલા એક સદ્‌ગૃહસ્થને ચોપાસના વાતાવરણમાં ભવ્યતા અર્પી રહેલી આ ઇમારત વિષે પૂછ્યું. પ્રથમ તો તેને આશ્ચર્ય થયું, પણ પછી આછેરા હાસ્ય સાથે તેણે કહ્યું:

'તમારા પ્રશ્નનો જવાબ બહુ ચોકસાઈપૂર્વક તો નહિ આપી શકું. આ શહેરના દફતરમાં તેનું શું નામ છે તે મારી જાણમાં નથી; પણ સૌ કોઈ તેને "ભગિનીભવન" કહે છે...' આટલું બોલી તે અટકી ગયા, બનવાજોગ છે કે મેં બતાવેલો રસ ખરેખર હૃદયના ઊંડાણમાંથી આવે છે કે કેમ તે જાણવાનો તેમનો આશય હોય. પરંતુ અધૂરો જવાબ સાંભળવાથી પ્રશ્નકારની કુતૂહલવૃત્તિ વધુ છંછેડાઈ પડે છે, અને આખી વાત જાણવાની તાલાવેલી થાય છે. વાર્તાલાપમાં વધારે ઊંડા ખૂંચી જઇએ તે પહેલાં, પીણાનો આસ્વાદ માણવાનું તેમનું સૂચન મેં સહર્ષ સ્વીકાર્યું. ચંદ્રોદયના આછા પ્રકાશની પાર્શ્વભૂમાં બન્ને ગુંબજની રેખાઓ સુંદર છાયાચિત્રની જેમ દીપી રહી. ને પછી પીણાના કેફી ઘેનની અસરમાં બે બહેનોની જે કથા સાંભળવા મળી તે કહેનારના શબ્દોમાં આ પ્રમાણે છે:

'હું આ શહેરની વાત કરું છું તે ઍક્વિટાનિયા પ્રાન્તની રાજધાની છે. એક વાર અહીં રાજા થિયોડોરિયસના લશ્કરે શિયાળુ મુકામ કર્યો. પાયદળનો સેનાપતિ હેરિલન્ટ જુવાન આદમી હતો અને ભારે તરવરિયો હતો. અહીં તે એક સ્થાનિક નાનકડી દુકાન ધરાવતી સૌન્દર્યવતી પણ સાધારણ કુળની યુવતીના પ્રેમમાં પડ્યો અને તેમાં એટલો ઉત્કટ બન્યો કે પોતાના મોભાનો ખયાલ જતો કરી, નીચા કુળની તે યુવતી જોડે લગ્ન કર્યું. પ્રેમની પાગલ અવસ્થામાં તે બન્ને થોડો વખત તો દુનિયાને ભૂલી ગયાં. રાજા અને રાજ્ય, લડાઈ અને લશ્કર—આ બધું જાણે ભુલાઈ ગયું! દિવસો જવા લાગ્યા અને મહિનાઓ પણ. શિયાળો પૂરો થવા આવ્યો અને ગ્રીષ્મનું આગમન થયું; બરફ ઓગળવા લાગ્યો; વૃક્ષની ડાળ ઉપર નવાં અંકુરો અને પાંદડાં ઊગી નીકળ્યાં. બહારના વાતાવરણની સાથોસાથ લડાઇના વાતાવરણમાં પણ ગરમી આવી; રણશિંગાના અવાજથી બન્ને યુવાન પ્રેમીઓની તંદ્રા ઊડી ગઈ. રાજાએ લશ્કર સાથે આગળ વધવા સેનાપતિને ફરમાન કર્યું. અને પ્રિયતમાને છોડી તે લશ્કર સાથે ચાલી નીકળ્યો. બહુ જ ઓછા સમયમાં તેણે લડાઈમાં વિજય હાંસલ કર્યો અને દુશ્મનોનો પ્રદેશ આંખના પલકારામાં જીતી લીધો. રાજાએ ખુશ થઇને જિતાએલો પ્રદેશ તેને ઇનામમાં આપ્યો.'

'મહત્ત્વાકાંક્ષાને ઘણી વાર મર્યાદા હોતી નથી; તેમાં યે લડાઇના રણમેદાનમાં વિજયપતાકા લહેરાવનાર સેનાપતિને જો વિજયનો કેફ ન ચડે તો થઈ રહ્યું. હેરિલન્ટનું પણ આમ બન્યું. એક અસાધારણ યુદ્ધકૌશલ ધરાવતા સેનાપતિને રાજાના તાબેદાર રહેવું પસંદ પડ્યું નહિ, તેથી રાજા સામે બળવો પોકારવા તેણે ચુનંદા સૈનિકો એકઠા કરવા માંડ્યા. કાવત્રાની ગંધ આવતાં પ્રથમ પ્રહાર રાજાએ કર્યો અને તેમાં હેરિલન્ટ ખપી ગયો. તે જ વખતે તેની પ્રિયતમાએ જોડકી બાળકીઓને જન્મ આપ્યો. તેમનાં નામ હેલિના અને સોફિયા રાખવામાં આવ્યાં. રાજાના હુકમથી હેરિલન્ટની પ્રિયતમાની તમામ મિલકત જપ્ત કરવામાં આવી અને તે આલીશાં મહેલમાંથી નીકળી રસ્તે રઝળતી સામાન્ય નારી બની ગઈ. બે બાળકીઓના ઉછેરની જવાબદારી તેના પર આવી પડી.

પોતાની નાનકડી દુકાન તેણે ફરીથી ચાલુ કરી. એમાં સવારથી સાંજ સુધીમાં થોડાઘણા પૈસા માંડ રળી શકતી. પેટિયું કમાવાની ચિંતામાં તેના વાળ પણ ધોળા થવા લાગ્યા. ચોતરફના ખારા જળના સાગરમાં મીઠી વીરડી જેવી એક વાત હતી: બન્ને નાની બાળકીઓના કિલકિલાટે તેનું જીવન આનંદથી ભરી દીધું હતું. માતાની આબાદ પ્રતિકૃતિ જેવી આ બન્ને બહેનોમાં એટલું સામ્ય હતું કે બહારથી જોનારાં તો ઠીક, માતા સુધ્ધાંને બેમાંથી કઇ સોફિયા, કઇ હેલિના તે કળવું મુશ્કેલ પડતું.

માતાના સૌન્દર્ય ઉપરાંત, એ બન્નેમાં પિતાની અતૃપ્ત મહત્ત્વાકાંક્ષા લાલસા સ્વભાવમાં મળી હતી, અને બચપણથી જ આ ગુણ તેમના વર્તનમાં દેખાઈ આવતો; કેમકે જે અવસ્થાએ સામાન્યરીતે ભૂલકાં નિર્દોષ રમતમાં આનંદ માણતાં હોય ત્યારે આ બન્ને બાળકીઓની રમતમાં અદેખાઇ, હરીફાઇ અને ચડસાચડસીનાં તત્ત્વો મોખરે રહેતાં. આવા વર્તનનો વિકાસ થતો અટકાવવા માતાએ આકાશપાતાળ એક કર્યાં પણ સઘળું વ્યર્થ. પણ દરેક વાતને ઊજળી બાજુ પણ હોય છે તેમ, આનું સુખદ પરિણામ એ આવ્યું કે બહુ જ નાની ઉંમરે બન્ને બાળકીઓ ભારે ચાલાક અને હોશિયાર બની ગઈ. એક કાંઇ નવું શીખે તો બીજી તેનાથી આગળ જવા અચૂક પ્રયત્ન કરે. સુદૃઢ બાંધો, મોહક દેખાવ અને માનસિક ચાપલ્ય ધરાવતી આ બન્ને બહેનોએ સંગીત, નૃત્ય, કાવ્ય, લૅટિન ભાષા, ગણિત-ભૂમિતિ-ફિલસૂફી જેવા વિષયો તેમજ સ્ત્રીસુલભ લાયકાતો જેવી કે ભરતગૂંથણ, અલંકાર-પરિધાન ઇત્યાદિમાં જોતજોતાંમાં નિપુણતા મેળવી લીધી. ઍક્વિટાનિયાના સમસ્ત પ્રદેશમાં આ બે બહેનોની સ્પર્ધા કરી શકે યા બુદ્ધિ, સૌંદર્ય કે આકર્ષણમાં તેમની હરીફાઈ કરી શકે તેવી કોઈ કુમારિકા મળવી મુશ્કેલ હતી.

સમય જવા સાથે, અને જેમજેમ બંને બહેનો મોટી થતી ગઈ તેમ એક વિટંબણા ઊભી થઈ. લલિતકલાઓમાં નિષ્ણાત અને ઉચ્ચ સમાજની રીતભાત, નીતિરીતિ અને રહેણીકરણીથી જાણકાર એવી આ બન્ને બહેનોને પોતાની માતાની નિર્ધન સ્થિતિ ખટકવા લાગી. ઘણી વાર વિદ્યાલયની વક્તૃત્વકળામાં સફળતાપૂર્વક ભાગ લઈ પાછા ફરતાં, અથવા સંગીતની કોઈ સુરીલી તાન કે નૃત્યભંગિની અદા વિષે ચર્ચા કરતાં ઘેર પાછા ફરતી વેળા દુકાનના પાટિયા પાછળ વિખરાએલા વાળ અને દરિદ્ર વેષવાળી પોતાની માતાને, રોજીપેટે મળેલા થોડાક સિક્કા ગણતી જોઈ, અસંતોષની જ્વાળાથી બંને ભભૂકી ઊઠતી, અને જે ફાટીતૂટી ચટાઇ તેમને સૂવા માટે મળતી તે તેમના કુદરતદીધા યૌવનમંડિત સૌંદર્યને લાંછનરૂપ તેમને લાગતી. લગભગ આખી રાત બંને બહેનો જાગતી સૂતી અને કિસ્મતને શાપ દેતી; અને ત્યારે વારસામાં મળેલી અગોચર ચેતના માનસિક બળવો પોકારવા પ્રેરતી: શું આવી કૃપણ અવસ્થામાં દિવસો ગાળવા તેમણે જન્મ લીધો હતો? જાજ્વલ્યમાન કો વીર યોદ્ધાનું લોહી તેમની નસેનસમાં જાણે વાચા શોધી રહ્યું હતું. તેમની દેહલતા અમૂલ્ય આભૂષણો

અને જર-જવાહર તથા રત્નોથી ઢંકાવી જોઇએ; મઘમઘતા અત્તરનો છંટકાવ હમેશાં તેમની આસપાસ થવો જોઇએ; ચાલે ત્યારે નોકરોની હાર બન્ને બાજુ ઊભી રહેવી જોઇએ-જીવન વિષેની આવી કાંઇક કલ્પનાઓ તેઓ ઘડતી, અને પ્રાપ્ત પરિસ્થિતિમાંથી નાસી છૂટવા માટે તરકીબો ઘડવા દિવસરાત વ્યસ્ત રહેતું.

એક દિવસની સવારની વાત છે. સોફિયાએ પરોઢમાં ઊઠીને જોયું તો બાજુની બહેનની પથારી ખાલી. હેલિના રાતમાં 'છૂ' થઈ ગઈ હતી. માતાને ધ્રાસ્કો પેઠો કે કોઇ ઉમરાવનો નબીરો હરણ તો નહિ કરી ગયો હોય! કેમકે બંને બહેનોના સૌંદર્યની ખ્યાતિએ કંઈકને પાગલ કરી મૂક્યા હતા. બીજા દિવસથી તો તરેહતરેહની અફવાઓ હવામાં ગુંજવા લાગી. અઠવાડિયા પછી બાજુના ગામથી આવતા મુસાફરોએ ખબર આપ્યા કે ત્યાંના એક શ્રીમંત નબીરા સાથે તે એશઆરામથી રહે છે, નોકરો ચોવીસ કલાક કુર્નિશ બજાવે છે અને રાની પશુઓ તેની ચોતરફ પાળેલા શ્વાન પેઠે ફરતાં રહે છે.

થોડા દિવસ પછી વધુ ખરાબ સમાચાર આવ્યા. કે તે ગામના ધનવાન શ્રેષ્ઠીને ત્યાં રખાત તરીકે રહે છે અને પોતાના દેહનો સોદો કરી ધનદોલત એકઠાં કરી રહી છે. માતાએ અનેક સંદેશાઓ મોકલી જોયા પણ સઘળું વ્યર્થ! આશ્ચર્યની અવધિ તો ત્યારે થઈ જ્યારે એક દિવસ, ભવ્ય સરઘસ-સવારીની મધ્યમાં ભારે ઠઠારા સાથે બેસીને તે પોતાને ગામ પાછી ફરી–સૌપ્રથમ પ્રાર્શ્વદો, પછી રંગબેરંગી પોશાકમાં ઘોડેસવારો, વચ્ચે એક સુશોભિત રથ, અને તેમાં બિરાજમાન હેલિના! જે મહેલમાં તેના સ્વર્ગસ્થ પિતાએ તેની અકિંચન માતાને હૃદયાસને બેસાડી હતી તે જ આવાસમાં તેણે પ્રવેશ કર્યો. ગામ આખું ફાટી આંખે જોઈ રહ્યું: તેની સાથે આવેલી અઢળક સમૃદ્ધિની છોળ ચોતરફ રેલાઈ રહી. તેના મહાલયનું સુશોભન એક રાજરાણીને અનુરૂપ થઈ રહ્યું. મુલાયમ રેશમી પડદા, કીમતી ગાલીચાઓ, સોનેરી ફ્રેઇમમાં મઢેલાં ચિત્રો, ભવ્ય બિછાનાં, બારીક નકશીવાળાં કાષ્ઠનાં સુખાસનો, અને રંગબેરંગી કાચનાં ઝુમ્મરથી હેલિનાનો આવાસ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો. અહીં પણ દૂર-સુદૂરથી શ્રીમંતો, શ્રેષ્ઠીઓ ને રાજકુમારો તેની પાસે આવવા લાગ્યા, અને તેના પર દ્રવ્ય ને ઝવેરાત ઠાલવવા લાગ્યા.

શહેરના એક ભદ્ર અને ભરચક વિસ્તારમાં એક ઉચ્છૃંખલ નારીના આવા વર્તનથી, શિષ્ટ મહિલાસમાજમાં હલચલ મચી ગઇ. દેવળમાં પાદરીએ તેના વર્તનની ટીકા કરી; કેટલાંક નારાજ તત્ત્વો રાત્રે હેલિનાના આવાસ ઉપર પથ્થરો ફેંકવા લાગ્યા. આ બધાંમાં કરુણ અને વિચિત્ર સ્થિતિ તેની સગી બહેન સોફિયાની હતી. એક વાર આવી જ તક તેની સામે હતી અને કૃપણ અવસ્થામાંથી અઢળક સમૃદ્ધિમાં આળોટવા અનેક અમીર ઉમરાવોએ તેને લાલચ આપી હતી. આજે પોતાની બહેને એ સ્વપ્નસૃષ્ટિને સિદ્ધ કરી હતી એટલું જ નહિ, પોતાની તથા માતાની નિર્ધન અવસ્થા પ્રત્યે દયાથી પ્રેરાઈ કિંમતી પોશાકો તથા ધન તે મોકલતી હતી, જોકે સ્વમાન રક્ષાર્થે તેનો સ્વીકાર નહોતો થયો. દેહની આવી હાટડી માંડી, પોતાની બહેન સામે હરીફાઈ માંડવાની વૃત્તિને તો તેણે દાબી જ દીધી. અત્યાર સુધીની જિંદગીમાં આ બે બહેનોએ દરેક ક્ષેત્રે જીવસટોસટની હરીફાઇ માંડી હતી.

પણ હેલિનાના આ ઉદ્દંડ પડકારથી સોફિયા મનમાં સળગી રહી હતી. દિવસ અને રાત તે એક જ વિચારમાં વ્યસ્ત રહેવા લાગી—કઇ રીતે અધોગતિને પંથે દોડતી હેલિનાની ખ્યાતિ અને સમૃદ્ધિને પોતે ઝાંખાં પાડી શકે? જેમ તે વિચારમાં ઊંડી ઊતરતી ગઈ તેમ તેને ખયાલ આવતો ગયો કે પોતાની પાસે જે છે—અખંડ કૌમાર્ય, અબોટ યૌવન—તે પોતાની બહેન પાસે નથી. આજ સુધી કોઈ પણ પુરુષથી અસ્પર્શિત દેહ એ તો તેની વિરલ મૂડી હતી, અને તેનો સદુપયોગ કરી, બહેનના પતિત અને ભ્રષ્ટ જીવનને પડછે પોતાની વિનમ્ર સિદ્ધિ વડે ઉત્તુંગ શિખર સર કરી શકે છે. આ વિચારે સોફિયાને આકર્ષી અને થોડા જ દિવસોમાં શહેરમાં વાત થવા લાગી કે પોતાની બહેન હેલિનાના પતિત જીવનની ગંદકી ઉલેચવા તેની જોડકી બહેન સોફિયાએ દુન્યવી જીવનને ત્યાગી સાધુવ્રત સ્વીકાર્યું છે અને નિરાશ્રિતોની વચ્ચે અનાથ તથા માંદાની શુશ્રૂષામાં લાગી પડી છે. હેલિનાને રસ્તે એક દિવસ સોફિયા પણ જશે અને તેના અનુપમ લાવણ્યનો ઉપભોગ થશે એવો ખયાલ રાખીને જે જુવાનિયા જીભના લબરકા લેતા હતા તેમની નિરાશાનો આરો રહ્યો નહિ. સૌને લાગ્યું કે એક રત્ન હાથમાંથી ચાલ્યું ગયું. ભદ્ર અને ધર્મપરાયણ સમાજ આ ફેરફારને પ્રશંસાની નજરે વધાવી રહ્યો અને આખા ઍક્વિટાનિયા પ્રાંતમાં સૌની જીભે સોફિયાના ત્યાગની વાત ચર્ચાઇ રહી. અવિરતપણે તે માંદા, કુષ્ટ, અપંગ, રગતપિતિયા લોકોની સારવારમાં સમય ગાળવા લાગી. નીચી નજરે જ્યારે તે ગામની શેરીમાંથી નીકળતી ત્યારે સ્ત્રીઓ તેને નમન કરતી; ધર્મગુરુ પણ રોજના આખ્યાનમાં તેના આદર્શમય જીવનનો ઉલ્લેખ કરી, તેને પગલે ચાલવા સૌને ઉપદેશ આપતા. આ બધાંનું પરિણામ એ આવ્યું કે પ્રશસ્તિનું ત્રાજવું હેલિનાને બદલે સૉફિયાની તરફેણમાં વધુ નમવા લાગ્યું. જોતજોતામાં ક્ષિતિજ ઉપર બે તારકો ઝળહળી રહ્યા, અને તેના દર્શનથી જેટલો આનંદ પાપીને થતો તેટલો જ ધાર્મિકને પણ થતો. એક એવો વર્ગ હતો જેને હેલિનાના ભોગવિલાસમાં તપ્તિ મળતી; બીજો વર્ગ સોફિયાના આધ્યાત્મિક જીવનમાંથી બળ મેળવી પ્રેરણા અને આનંદ પામતો. એમ લાગતું હતું કે એક જ શહેરમાં ઇશ્વરના દરબારની લગોલગ શેતાનનો મંડપ પણ રચાઇ ગયો છે. બે બહેનોમાંથી એકની પાસેથી જીવનની પવિત્રતા સાંપડતી; બીજી પાસેથી દેહભોગની વિકૃત લાલસા.

અંદરખાનેથી તો બંને બહેનો વચ્ચે હરીફાઇ ને ઇર્ષાનો દાવાનળ સળગી રહ્યો હતો. સોફિયાને જ્યારે જાણવા મળતું કે પોતાના ભક્તિપ્રદર્શનની કરુણ હાંસી હેલિના ઉડાવે છે ત્યારે તે ક્રોધે ભરાતી. તેવી જ રીતે નોકરો આવીને હેલિનાને કહેતા કે દૂર દૂરના ભાવિક જનો આવીને સોફિયાના પગ પાસે દંડવત્ પ્રણામ કરે છે ત્યારે બિચારા નોકરોનો ઊધડો લેવાતો. આ પ્રમાણે જ્યારે બંને વચ્ચે, ધિક્કાર ને ઘૃણાની વધતી જતી માત્રાથી કોઇ અર્થ સર્યો નહિ અને પોતે અપનાવેલા માર્ગમાંથી એકબીજાને ચલિત કરી શકી નહિ, ત્યારે બંને બહેનોના માનસમાં પરિવર્તન થયું. તેમણે એકબીજાની નજીક આવવા પ્રયાસ કર્યો અને અવારનવાર તેમની વચ્ચે મુલાકાતો થવા લાગી. જોકે મનમાં તો પ્રતિસ્પર્ધીને મહાત કરવાની જ ઝંખના હતી.

આવી જ એક મુલાકાત વખતે સોફિયાએ પોતાની બહેનને આ પતનનો માર્ગ છોડી, ઇશ્વરે બક્ષેલ મનુષ્યદેહનો સદુપયોગ કરવા ખૂબ સમજાવી. આ સાંભળીને પ્રથમ તો હેલિના ક્રોધથી સમસમી રહી અને કુતૂહલ દર્શાવવાનો અભિનય કર્યો. મનમાં વિચાર આવ્યો કે બેચાર ગાળો દઇ તેને રવાના કરવી કે કોઇ રંગીન જુવાનિયાને તેની હાજરીમાં બોલાવી તેને શરમથી લાચાર કરી મૂકવી. ત્યાં તો વીજળીનો ચમકારો થાય તેમ અચાનક તેને વિચાર સૂઝી આવ્યો અને તેથી તેના પાપી દિલમાં આનંદની લહર ફરી વળી. તેણે નોકરચાકરોને ત્યાંથી વિદાય કરી દીધા અને સભ્યતાનો અંચળો ઓઢી ચાલાકીભર્યું બોલવા લાગી:

'શું કરું બેન? જે રસ્તો મેં લીધો છે તેની શરમ મને નહિ થતી હોય એવું કેમ ધારો છો? મને પોતાને ઘણી વાર થાય છે કે આ બધું છોડી દઈ સાદું, પવિત્ર અને પ્રામાણિક જીવન જીવું. પણ એક વાતની તને ખબર નથી, બેન! કારણ પુરુષની ઇચ્છાને તું કદી તાબે થઈ નથી. કોઇ અનુભવી સ્ત્રી પુરુષને તાબે થયા વિના રહી શકતી નથી કેમ કે

પુરુષ લલચાવે છે, અરે અત્યાચાર કરે છે તેમાં મીઠું આકર્ષણ હોય છે!'

પોતાની બહેનને મુખેથી પ્રથમ વાર આવો એકરાર સાંભળી સોફિયા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. પોતાની સમગ્ર દલીલશક્તિ એકઠી કરી, તે બહેનને શિખામણ આપવા લાગી: 'દૃઢ મનોબળ પાસે ગમે તેવી લાલચ નકામી છે. શુભ માટેનો આગ્રહ કદી પણ નિર્બળ બનવા દેવો ન જોઇએ.' હેલિના ખિન્નતાપૂર્વક નીચે જોઈ રહી અને થોડી વારે બોલી: 'પુસ્તકોમાં આવી વાતો મેં ઘણી વાંચી છે, અને ત્યાં જ તે શોભે છે. વાસ્તવમાં જુદું છે. ઈશ્વરે પુરુષને શારીરિક બળ વધુ આપ્યું છે; તેનું સંકલ્પબળ પણ મજબૂત છે. પુરુષની લાલચ સામે ટકી રહેવું અબલા માટે શક્ય નથી. ઇતિહાસમાં એવો કોઇ દાખલો નથી જેમાં પુરુષના પ્રેમના આકર્ષણ સામે કોઈ સ્ત્રી ટકી શકી હોય!'

સોફિયાએ વિવેકભાન ગુમાવી દીધું: 'કેવી વાત કરે છે તું? માણસોની પશુતાના પ્રતિકારનો જીવતોજાગતો દાખલો હું જ નથી? સવારથી સાંજ સુધી પુરુષોની નજર મારી પાછળ ભમતી હોય છે. રાત્રે ઘેર જાઉં છું ત્યારે ઢગલોએક પત્રો મારી રાહ જોતા પડયા હોય છે, જેમાં તરેહતરેહના શરમજનક પ્રસ્તાવ હોય છે. છતાં કોઇના તરફ આંખ ઊંચી કરીને પણ મેં જોયું નથી. મારું મનોબળ કેટલું મજબૂત હશે? સ્ત્રી જ પ્રતિકાર કરવા માગતી હોય તો તેને બળ તો મળી જ રહે છે!'

હેલિનાએ કહ્યું: 'એ તો હું જાણું છું; પણ મારી અને તારી વચ્ચે ફેર છે. તારી આસપાસ સાધ્વીઓની સંરક્ષણ-હરોળ છે; મારે કોઈનું રક્ષણ નથી. હું ચોક્કસ માનું છું કે કોઈ યુવાન પુરુષનો સામનો કરવાનું તારે આવે તો મારી પેઠે તું પણ તેને શરણે જ થઇ જવાની!'

'કદી નહિ! હું ઇશ્વર સાક્ષીએ કહું છું કે મારી પોતાની ઇચ્છાશક્તિના બળથી આવી કોઈ પણ કસોટીનો સફળ સામનો હું કરી શકું!'

આ જ શબ્દો તેના મુખમાંથી નીકળે તેની હેલિના રાહ જોતી હતી. પોતે જે જાળ પાથરી હતી તેમાં શિકાર ધીરેધીરે ફસાઈ રહ્યો હતો. સોફિયાના સ્વમુખે જ પ્રસ્તાવ આવી પડયો કે પોતે અગ્નિપરીક્ષા માટે તૈયાર છે. તક ઝડપીને હેલિનાએ કહ્યું:

'જો બહેન, આવતી કાલે આ સમસ્ત પ્રદેશનો સૌથી સોહામણો યુવાન સિલ્વૅન્ડર મારે ત્યાં આવવાનો છે. ભલભલી સ્ત્રીઓ તેની પાસે ઓગળી ગઈ છે. અઠ્ઠાવીસ માઈલની મુસાફરી ખેડીને કેવળ એક રાત મારે ત્યાં ગાળવા એ આવે છે. તેની સાથે સોનારૂપાની પાટો અને અનેક ભેટસોગાદો છે. જાણે આપણી વચ્ચે એટલું સામ્ય છે કે મારે બદલે તું ગોઠવાઇ જા તો કોઇને ખબર પડશે નહિ. મારા આવાસમાં સિલ્વૅન્ડરનો સત્કાર તું જ કરજે, અને તેની સાથે ભોજન પણ તું જ લેજે. હું બાજુના ઓરડામાં હોઇશ અને પુરુષનો પ્રતિકાર કરી, કઈ રીતે તું તારા શીલનું રક્ષણ કરે છે તે હું જોઈશ. પણ બહેન! ફરીથી ચેતવું છું: આ ભારે ખતરનાક પ્રયોગ છે. પુરુષોના કામણની હજુ તને ખબર નથી. આ રમત રમવા જેવી નથી! મધરાત સુધી ટકી રહે તો ય ઘણું!' આ શબ્દોએ તો અગ્નિમાં ઘી હોમવાની ગરજ સારી. આવડી અમસ્તી કસોટી એ તો સોફિયાને મન રમત વાત હતી. રાત્રિ તો શું, સવારોસવાર સુધી પોતે ગમે તેવા પ્રતિકારનો સામનો કરવા સમર્થ છે. હા, એક શરત તેણે મૂકી કે અણીને વખતે ઉપયોગમાં આવે, અને ઉદ્ધત પુરુષ કાંઇ અઘટિત કરી બેસે તે સામે એક કટારી તે પોતાના પહેરવેશમાં છુપાવી રાખશે.

હેલિનાએ હવે આખું કાવતરું કુશળતાથી ઘડી કાઢ્યું. ભોજન બનાવનારને સૂચના અપાઈ ગઈ હતી કે ભોજન માટે વાનગીઓ એવી બનાવવી કે ખાનારને ઉદ્દીપ્ત કામવાસના જાગી ઊઠે. તેમજ દારૂમાં એવા રસાયણોનો ઉપયોગ કરવો કે પીનાર મગજ પરનું સમતોલપણું ગુમાવી બેસે, સારાનરસાનું ભાન ન રહે. તદુપરાંત માદક સંગીતના સૂર ગૂંજી ઊઠે એવી રચના થઇ ગઇ હતી. બીજે દિવસે ઠરાવેલે સમયે સોફિયા આવી ત્યારે યુવાન દાસીઓએ તેને ઘેરી લીધી, અને એ સાધુચરિત ભદ્ર મહિલાને સ્નાનાગાર તરફ દોરી ગઇ. ત્યાં અત્તર ને સુવાસિત દ્રવ્યોથી તેના હાથ, પગ, છાતી, સાથળ ઈત્યાદિ અંગઉપાંગોને અભ્યંગ કરવા લાગી. પછી અવનવા સ્નાનપ્રયોગોથી અને દાસીઓના હસ્તના મૃદુ સ્પર્શથી તેના શરીરમાં કદી ન અનુભવેલી ઝણઝણાટી વ્યાપી ગઇ. ઉત્તમ પ્રકારનાં ફૂલના અર્કના તેલથી છેવટે માલિશ કરવામાં આવી અને આ રીતે પ્રેમની ચેષ્ટાઓ માટે નાયિકાને તૈયાર કરવામાં આવી. ઓરડામાં સુખડ તથા મીણના તેલની સુવાસની મહેક વ્યાપી રહી. આભૂષણો પહેરીને સોફિયા જ્યારે પોતાના પલંગ પર આડી પડી ત્યારે પોતાના જ સૌન્દર્યથી તે ચકિત થઇ ગઇ. આ જ ક્ષણે, ચિત્તાની ચપળતાથી હેલિના આવી ચડી અને પોતાની બહેનના સૌન્દર્યના ભારોભાર વખાણ કરવા લાગી. પછી ઓરડાના બધા જ દીવા સંપૂર્ણપણે પ્રકાશિત કરવાની સૂચના આપી બાજુના ઓરડામાં ચાલી ગઈ.

હેલિનાએ આગંતુક સિલ્વૅન્ડરને પઢાવી રાખ્યો હતો. પોતાની બહેન જે અખંડ કુમારિકા છે તે આજની રાતનો શિકાર છે અને બોલવામાં તેમજ રીતભાતમાં ભારે સંયમ અને સાવધાની રાખવાનાં છે તે અગાઉથી કહી રાખ્યું હતું. એટલે સિલ્વૅન્ડરે જ્યારે ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે સહજરીતે સોફિયાનો હાથ કટારી તરફ વળ્યો. પણ આશ્ચર્ય! યુવાન રાજકુમાર તો નતમસ્તકે અભિવાદન કરી રહ્યો છે. કોઈ અનધિકૃત ચેષ્ટા કે બિનજરૂરી શબ્દ તેના મુખમાંથી નીકળતો નથી! થોડી ક્ષણો વીત્યા બાદ, પાછળ ઊભેલી દાસીના હાથમાંથી એક સુવર્ણમાળા લઈ સૉફિયાને પહેરાવવા માટે તેણે અનુમતિ માગી. આવી વાજબી માગ નકારાય પણ કેમ? માળા પહેરાવતી વખતે યુવાન પુરુષની અંગુલિના મધુર સ્પર્શે તેની ગ્રીવામાં વીજળીના પ્રવાહ જેવો સંચાર થયો. ભોજનનો સમય થયો એટલે પોતે ઘણે દૂરથી આવે છે, ધૂળથી ખરડાએલો છે, માટે સ્નાનાદિ પતાવવા ફરીથી અનુમતિ માગી. દાસદાસીઓએ તેના શરીર પરથી વસ્ત્રો દૂર કરી, સુગંધી દ્રવ્યો અને તેલથી માલિશ કરી, સ્નાનાદિ પતાવી, સ્વચ્છ વસ્ત્રોમાં તેને સોફિયા સમક્ષ હાજર કર્યો.

સોફિયા પોતાના વિષે જાગૃત તો હતી જ. આ યુવાન પુરુષની હાજરીની છૂપી અસરથી તે મુક્ત નહોતી. આ અજાણ્યા પુરુષે કોઈ છૂટછાટ લીધી ન હતી અગર ઉત્તેજનાનું કોઇ કારણ આપ્યુ ન હતું. પુરુષની આક્રમક લોલુપતા સામે કવચ ધરવાની કોઈ તક હજુ સુધી સોફિયા માટે ઊભી થઈ ન હતી. બાજુના ઓરડામાં આ તમાશો જોવા ઊભેલી હેલિનાને પણ કાંઈ અવનવું જોવા મળ્યું નહિ. આગંતુક સિલ્વૅન્ડર જાણે કોઇ પુરુષમિત્ર સાથે વાતો કરતો હોય તેવા જ નિર્દોષ વર્તાવથી અલકમલકની વાતોમાં સોફિયા સાથે મશગૂલ હતો. સંગીતના માદક સૂરો વાતાવરણમાં લહેરાતા હતા અને સોફિયા બેધ્યાનપણે ભોજનની થાળીમાંથી વાનગીઓ આરોગી રહી હતી, અને કેફી પીણાં ગટગટાવતી હતી. સાથે સાથે તેની સ્વસ્થતા ઓસરતી જતી હતી. અંતે આ બધી માદક અસર નીચે તેના પોતાના જ હાથે મર્યાદાનો લોપ થવા લાગ્યો. બાજુના ઓરડામાં હેલિનાએ સોફિયાના મુખમાંથી નીકળતું વિચિત્ર ખિલખિલાટ હાસ્ય સાંભળ્યું અને તે આત્મસંતોષથી પુલકિત બની ગઈ: છેવટે, શિકાર જાળમાં બરોબર સપડાઈ ગયો હતો! અને મધ્યરાત્રિને થોડી વાર હતી ત્યારે બાજુના એકાંતમાં, સ્ત્રી અને પુરુષ-પ્રકૃતિની જે લીલા સામે કદી ટકયાં નથી, તેમાં સિલ્વૅન્ડર અને સોફિયા રમમાણ બની ચૂકયાં હતાં; કેમ કે ઉન્માદના અતિરેકવાળા આ વાતાવરણમાં સરકતી સરકતી સોફિયા—કૈંક જાગૃત અવસ્થામાં, કૈંક તંદ્રામાં, કૈંક અર્ધશુદ્ધિમાં, કૈંક દારૂના ઘેનમાં, પોતાની ઇચ્છાથી કે ઇચ્છાવિરુદ્ધ—પણ કાબૂ ગુમાવીને પુરુષને કેમ વશ થઇ બેઠી તે કોઇ

કહી શકે તેમ નથી. તેણે પાસે રાખેલી કટારી જમીન પર પડી ગઈ હતી અને સેનું પતન નિશ્ચિત થઈ ચૂક્યું હતું.

અને તે જાગી ત્યારે આજ દિવસ સુધી સેવેલા ભ્રમમાંથી જાગી અને પોતાની જ ભૂલ પર તે હસી રહી. તેનાથી પુરુષ ઉપર આક્ષેપ મુકાય તેવું રહ્યું ન હતું. હેલિના જ્યારે તેને ભેટી પડી ત્યારે તેણે એકરાર પણ કર્યો કે પોતાની જાતને સોંપવાની જવાબદારી તેની જ હતી. હવે આ બે સ્ત્રીઓમાં કોણ હેલિના અને કોણ સોફિયા તે કહેવું મુશ્કેલ હતું, કેમ કે હવે દરેક બાબતમાં તેમની વચ્ચે સામ્ય સ્થપાઈ ચૂક્યું હતું. બીજે દિવસે શહેર આખામાં વાયુવેગે વાત ફેલાઈ ગઈ કે સોફિયા હેલિનાની જમાતમાં ભળી ગઇ—હેલિનાએ સોફિયાને કરુણ પરાજય અપાવ્યો. આ બનાવ પછી બંને બેનો સાથે જ રહેવા લાગી અને એકને બદલે બે બહેનોનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું. તેમને ત્યાં આવતા પુરુષો પોતે હેલિના સાથે છે કે સોફિયા સાથે તેની મીઠી મૂંઝવણ અનુભવતા. અને આ રીતે સેતાનનો વિજયડંકો પૃથ્વીના આ પ્રદેશમાં પડઘા પાડી રહ્યો. સૌન્દર્યનો બુદ્ધિ ઉપર ને દુર્ગુણનો સદ્‌ગુણ ઉપર આ વિજય હતો. બંને બહેનોને ત્યાં હવે પૈસાની તો ટંકશાળ પડી. સોનું-રૂપું, મોતી-માણેક, વસ્ત્ર-અલંકાર–કોઈ વાતની મણા રહી નહિ. બંને બહેનોમાં તેમની માતાના ગુણ તો હતા જ. એટલે જ્યારે આટલી અઢળક સમૃદ્ધિ તેમને ત્યાં છલકાવા લાગી ત્યારે તેને ગમે ત્યાં વેડફી ન દેતાં, તેનું રોકાણ એવી ખૂબીથી કર્યું કે આવક હતી તેથી બમણી થતી ગઈ.

કહેવત છે કે સેતાન ગમે તેટલું દોડે પણ મંજિલે પહોંચતાં પહેલાં અવશ્ય ઠોકર ખાય છે. બંને બહેનોનાં જીવન ઉપર વર્ષોનાં વહાણાં વીતી ગયાં અને એક સવારે બંનેએ અરીસામાં જોયું ત્યારે—

આંખ નીચે ઝીણી કરચલી દેખા દેતી હતી. ચામડી ઉપરનો ચળકાટ ઓછો થયો હતો અને ત્વચા શિથિલ બની હતી. કુદરતે જે છીનવી લીધું તે પાછું મેળવવા બંને બહેનો કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરવા માંડી. પણ જે ગયું તે હવે પાછું મળે તેમ ન હતું. યુવાન પુરુષોનો રસ પણ તેમનામાંથી ઓસરી ગયો હતો કેમ કે તેમનું યૌવન કરમાઇ ચૂક્યું હતું અને તેમની જ પડોશમાં બીજી કળીઓ પ્રગટી રહી હતી. સોફિયાને હવે પોતાનો ભૂતકાળ યાદ આવતો જ્યારે પોતે ભદ્ર અને સાધુચરિત મહિલાનું જીવન ગાળતી હતી. સૌન્દર્ય ક્ષીણ થાય છે ત્યારે સ્ત્રીઓ આધ્યાત્મિકતા તરફ વળે છે. આ બંને બહેનોની બાબતમાં પણ તેમજ થયું. હવે સોફિયાનો બોધ સાંભળવા હેલિના તૈયાર હતી. સોફિયા હવે બોધ અને ધર્મની કથાઓ વાંચતી ને હેલિના સાંભળતી. હવે તેઓ વહેલી સવારે ઊઠીને બાજુના રુગ્ણાલયમાં જવા લાગી અને માંદાં અશક્ત જનોની સારસંભાળ લેવા લાગી. અચાનક જ એક દિવસે બંને બહેનોએ જાહેર કર્યું કે પોતાની તમામ ધનદોલત અને મિલ્કત રુગ્ણાલયને અર્પણ કરવા માગે છે ત્યારે ઘડીભર તો એ માનવા કોઈ તૈયાર પણ ન થયું! અને આજ પ્રમાણે એક દિવસ—વહેલી સવારે આખું યે શહેર મીઠી નિદ્રામાં ડૂબેલું હતું ત્યારે બંને બહેનો સાદાં શ્વેત વસ્ત્રોમાં આવાસની બહાર આવી. તેમણે મહાલય તરફ એક દૃષ્ટિપાત કર્યો, જેની દીવાલો વચ્ચે લખલૂટ સમૃદ્ધિમાં તેમણે જીવન વ્યતીત કર્યું હતું, અને આસપાસની આખી દુનિયાના કેન્દ્રમાં પોતાની જાતને રાખી હતી. તેઓ આગળ ચાલી અને સાવચેતીપૂર્વક દરવાજો ખોલ્યો. પોતાના મુખ પર બંને બહેનોએ બુરખો ઓઢી લીધો જેથી હવે પોતાને કોઈ ઓળખી ન શકે. શાંત અને વિનમ્ર ચાલે તેઓ આગળ વધી. આજથી બરાબર પચાસ વર્ષ પૂર્વે તેમની માતા, સમૃદ્ધિથી છલકતા મહેલમાંથી નીકળી, તેમના પિતાના અવસાન પછી, ગરીબ ઝૂંપડીમાં રહેવા ચાલી નીકળી હતી એ જ ચાલ; એ જ વિચારો; એ જ સંઘર્ષ!

બંને બહેનો ત્યાંથી ઘણે દૂર ચાલી ગઈ. ક્યાં ગઈ તે કોઈ જાણતું નથી. કહે છે કે કોઈ દૂરદૂરના મઠમાં તેમણે સાધ્વી તરીકે શેષ જીવન ગાળ્યું. પણ તેમને ઓળખનાર ત્યાં કોઈ ન હતું.

જે સમૃદ્ધિ તેઓ છોડી ગઈ હતી તે એટલી અઢળક અને અમર્યાદ હતી—સોનું, રૂપું, લગડીઓ, સિક્કા, ઝવેરાત, રત્નો અને અન્ય વસ્ત્ર-આભૂષણો કે શહેરીજનોએ તેમની યાદમાં જૂના રુગ્ણાલયને સ્થાને નવી ભવ્ય ઇસ્પિતાલ રચવાનું નક્કી કર્યું. તે એવી બેનમૂન અને વિશાળ બનવી જોઈએ કે સમસ્ત ઍક્વિટાનિયા પ્રાંતમાં તેનો જોટો ન હોવો જોઇએ. દેશદેશાવરથી સ્થપતિની શોધ થઈ; વીસ વીસ વર્ષો સુધી કુશળ કડિયા અને કારીગરોએ દિવસ અને રાત તેની પાછળ કામ કર્યું. જ્યારે ઇમારત સંપૂર્ણ બની રહી ત્યારે જોનારાં છક્ક થઈ ગયાં, કેમ કે ઇમારતની મધ્યમાં એક ઊંચો સ્તંભ રાખવાને બદલે, તેના જમણા અને ડાબા છેડે, બે નાના, નાજુક, નકશીદાર એક સરખા મિનારા રાખવામાં આવ્યા. આકાર, દેખાવ અને સૌન્દર્યના સામ્યને લીધે બધા જ લોકોને પેલી બે જોડકી બહેનો યાદ અપાવી અને તેમની યાદમાં આ ઇમારતનું નામ રાખ્યું ભગિની-ભુવન!

આ છે આ ઇમારતની પાછળનો ઇતિહાસ!'

'ભગિની ભુવન'ની આવી રોમાંચક કથા સાંભળી મારું મન વિચારે ચડ્યું. સંભવ છે કે આ બે બહેનોની યાદગાર જીવનકથા પેઢી દર પેઢી પ્રચલિત રહે માટે આવું નામાભિધાન કર્યું હોય; અથવા તો એકબીજીથી તદ્દન ભિન્ન એવી બે જોડકી બહેનોને ભવિષ્યની પેઢી રખે ભૂલી જાય માટે ચિરંજીવ યાદગીરી રાખી હોય. હું તો માનું છું આવી શીતલ ચાંદનીના મધુર પ્રકાશમાં, દારૂના માદક ઘેનમાં, એક ભદ્ર શહેરીજનના મુખેથી મારા શ્રવણ માટે જ જાણે આ વાર્તા જીવંત રહી છે!

પ્રેમજગમાં વંદનાને પાત્ર મારું નામ છે,
રાતદિન પૂજન સુરાનું એ જ મારું કામ છે;
હું સુરાલયની રગેરગમાં ધબકતો પ્રાણ છું,
છે સકળ સૃષ્ટિ સુરાહી, મારું અંતર જામ છે.

કાલ્પનિક ગમમાં પ્રિયે! સો આપદાનાં મૂળ પેખ,
કાલની ચિંતામાં તારી આજને તું ના ઉવેખ;
ચાર દિનની જિંદગી છે કર વ્યતીત આનંદથી,
ભાગ્ય કેરા લેખમાં ના થઈ શકે છે મીન મેખ.

આ તો છે શાપિત મુસાફરખાનું ઓ નાદાન નર!
એની માયામાં ન લપટાજે થઇને બેખબર;
થાકથી લાચાર થઈ બેસી જવા ચાહીશ, ત્યાં
હાથ ઝાલી ક્રૂર થઇને મોત કહેશે; 'ચાલ, મર!'

એ પ્રથમ કે તું ઢળી જાયે મરણના કેફથી,
થાય તારી અવગતિ જગના બુરા સંજોગથી;
કૈંક તો ભાથું ભરી જા મૂર્ખ, કે પરલોકમાં
હાથ ખાલી લઈ જનારાને કશું મળતું નથી.

ઉમર ખય્યામની મૂળ ફારસી રૂબાઈઆતના શ્રી 'શૂન્ય' પાલનપુરીએ કરેલા વિશદમધુર રૂપાંતરમાંથી.

અમારી નાટકશાળામાં

ચંદ્રવદન ચી. મહેતાની

અંતરગઠરી-૨૪

હું જ્યારે ૧૯૩૮માં મુંબાઈમાં ઑલ ઇન્ડીઆ રેડિયો સ્ટેશન ઉપર કામ કરતો હતો ત્યારે જર્મનીથી હિટલરના ત્રાસે નિરાશ્રિત થઈને આવેલા એક સંગીતજ્ઞ વૉલ્ટેર કૉફ્મૅન પણ ત્યાં કામ કરતા હતા. એ વેસ્ટર્ન મ્યૂઝિક—પશ્ચિમી સંગીતનો વિભાગ સંભાળતા અને એ જમાનામાં એક મિ. મહેલી મહેતા અવારનવાર ત્યાં યુરોપીય સંગીત રજૂ કરવા આવતા. મહેરવાનજી—એટલે કે મહેલી—મહેતા વાયોલિન વગાડતા, અને ઑાર્કેસ્ટ્રાનું પણ સંચાલન કરતા. ત્યારે એમની સાથે એમનો નાનો બૂચો પણ કોઈ કોઈવાર સ્ટૂડિયોમાં ફરકતો. એ પછી મહેરવાનજીએ પુત્રને યુરોપ બતાવેલું અને એનો સિતારો ત્યાં ચડતો, એટલે મુંબાઇમાં પારસી કુટુંબમાં જન્મેલા એ ઝુબિન મહેતાને પિતાએ વિયેનામાં સંગીતનો અભ્યાસ શરૂ કરાવ્યો. વિયેના વિષે-એના વૉલ્ટ્ઝ, એનાં થીએટરો, એની સંગીત-પ્રણાલિકાઓ અને એની ભૂખરી—બ્લૂ ડાન્યુબ ઉપર આપણે આ હારમાળામાં ઘણું ઘણું વાંચી ગયા છીએ. એવા એ વિયેનામાં ભણીગણી ઝુબિન મહેતાએ જે નામ કાઢ્યું તેનો ટૂંકો અંદાઝ હવે અહીં મેળવીએ. (મને યાદ છે, ઝાગ્રેબમાં અને બર્લિનમાં એમ બે શહેરોમાં હું જરા મોડો પહોચું—યા ઝુબિન જરા મોડા પહોંચે, તો અમારા હૉટેલમાંના રૂમમાં ગોસ્મોટાળો થઈ જતો: બંનેની સરખી અટકને લીધે. એક વાર ફ્લૉરેન્સમાં પ્રોફેશનલ થીએટર-ની એક કૉન્ફરન્સમાં એક અપંગ ઇટૅલિયન બાઈ, પૈડાંવાળી ખુરશી સરકાવતી મારી નજીક આવી પૂછે છે: 'પ્રખ્યાત ઝુબિન મહેતાના તમે કંઈ સગા થાઓ કે?') વિયેનામાં ભણી, નાની ઉમરમાં જ યુરોપભરમાં ગંભીરગૌરવન્તા યુરોપીય સંગીત ઓરકૅસ્ટ્રાના સંચાલક તરીકે એણે ભારે નામના મેળવી લીધી, અને ત્યાંથી અમેરિકામાં લૉસ ઍન્જેલિસમાં નાનામાં નાની ઉમરના પહેલા હિન્દી કન્ડકટર—સંગીત સંચાલક—તરીકે નીમાયા. પછી તો હજી ત્રીસની ઉમરે નહિ પહોંચ્યા તે પહેલાં ઝુબિને યુરોપનાં સગીત કેન્દ્રો—મોનાકો, પારી(સ), ઝૂરિક, લુઝર્ન, કોલોન, પ્રાગ, મૉન્ટ્રો, મિલાનો, રોમ અને ત્યાંના વારાણસી ગણાતા સાલ્ઝબર્ગ ગામમાં વિક્રમો સરજી બતાવ્યા. એને આખી સિમ્ફોનીઓ મોઢે! ભાગ્યે જ ચોપડામાં જુએ. આખી ઑર્કેસ્ટ્રાના વગાડનારાઓ પાસે



દ્રવદન મહેતા



લૉસ ઍન્જેલસ ફિલ હાર્મોનિક ઑર્કેસ્ટ્રાના કંડક્ટર ઝુબિન મહેતા અને પત્ની નાન્સી કૉબિક. હમણાં થોડા સમય પહેલાં જ એમણે પારસી વિધિ પ્રમાણે લગ્ન કર્યાં.

પોતે સફળતાથી ધાર્યું કામ લે. ઓપેરા કન્ડકટ કરવી હોય ત્યારે પણ એ જ અદાથી, એ જ સ્વસ્થતાથી, એ જ શાંતિથી સંચાલન કરે. આજે તો ઝુબિને દુનિયાભરમાં દરેક દિશામાં સૌથી મહત્ત્વનું, અને અગ્રગણ્ય સ્થાન મેળવી લીધું છે.

૧૯૬૭માં કૅનેડામાં એકસ્પો-વર્લ્ડ ફેર—જગતમેળો ભરાએલો. એમાં પહેલે દિવસે મૉન્ટ્રીઅલમાં એક્સ્પો-પ્રદર્શનનું ઉદ્ઘાટન. ત્યાં લૉસ ઍન્જેલિસની વિશ્વવિખ્યાત ઑાર્કેસ્ટ્રા થકી, અને ઝુબિન મહેતાના સંચાલન થકી એ મંગલકાર્ય થવાનું હતું. એનો લાભ અમારી મિશિગન સ્ટેટ યુનિવર્સિટી ન લે, એ કેમ બને વારુ?

ફાર્લી ને હું એને તેડવા ગયા. એણે મને તરત તો ન ઓળખ્યો. પણ કોણી દાબી, જરા બાજુએ લઈ જઈ, આપણી સુફિયાની જબાનમાં કહ્યું: 'જો બાવા! આય એમ બપાવાના જુન્ના દોસ્તને ભૂલી જાઓ તે કંઈ પરવરે નહિ. વાત એમ છે કે તમારો પ્રોગ્રામ પૂરો થયા પછી ભોણું–

'અરે! કોન? નહિ, નહિ, બને જ નહિ! સી.સી. સેઠ? અહીં સું કરોચ? ફરી કંઈ મારી સાથે હૉટેલના રૂમમાં ગોટાલો કરિયો કે? માફ કરજો, ભૂલી ગિયો તે. પન હું કેમ માનું કે, તમે મિશિગનમાં ટચાકરા ફોરતા હોસો. બોલો સો હોકમ?'

'રાતે સાથે જમવાનું.'

'કબૂલ. એક સરતે—કંઈ ધાનસાક કે મોરી દાર, કે—'

'બધું મલસે-રાંધવાવાળી પારસી બાઈ છે.'

'ઓહ! એમ? સું તકદીર!'

'અરે ફાર્લી, યાસ્મિન, આમ આવોતો. જો ઝુબેન! આ ફાર્લી રિચમંડ; આ એની પોટ્ટી યાસ્મિન મોદી, મુંબાઇની; નાટકોમાં ભાગ લેતી'તી તે એને કોઈ તમારી કોમમાં સોજ્જો પોરિયો નહિ મલિયો, તે અહીંવેર પનવા આવીચ;—આ ફાર્લીની ફિયાંસે. ક્યારે પનસે એ તો એ બે જાને.'

અમારી યુનિવર્સિટીમાં અમારા ખાતાના ઑડિટોરિયમમાં આખા વર્ષભરના પ્રોગ્રામ—અરે બીજા વર્ષના પ્રોગ્રામ પણ—નક્કી થઈ જાય. અહીંની માફક નહિ, કે તે જ દિવસે યા બે જ દિવસ પહેલાં બધું નક્કી કરવા નીકળે. એની જે દર સાલ, ટર્મ પ્રમાણે. યુનિવર્સિટીની ડાયરી બહાર પડે તે અમને સ્ટાફના સભ્યોને મફત મળે. એમાં જે જે નાટકો ભજવવાનાં હોય, કૉન્સર્ટો થવાના હોય એનાં નામઠામસમય સાથે છપાએલાં હોય, અને વિદ્યાર્થીઓના યુનિયનના આલીશાન મકાનમાં

(જ્યાં સેલ્ફ સર્વિસ ખાવાનું મળે, નાની લાયબ્રેરી, ને છાપાં-ચોપાનિયાંની દુકાન હોય, નાની રમતો ચાલે ત્યાં) એક ખૂણામાં ચાલુ સ્ટૉલમાં આખા વર્ષની, યા ટર્મની ટિકિટો સસ્તે ભાવે મળી શકે. ક્યૂ કે કાળો બજાર નહિ. આ વર્ષમાં બ્રેખ્ટનો 'એ મૅન'સ એ મૅન'નો નાટક ચાર દિવસ; ન્યૂ યૉર્ક સિટી ઑપેરા તરફથી લા ટોસ્કા, બર્નાર્ડ શૉનું સેન્ટ જોન, ડિઝાયર અન્ડર ધ એલ્મ્સ, અલીઅકબરખાન, મૉડર્ન ડાન્સ કૉન્સર્ટ, જાપાનીઝ નૃત્યો, જાપાનીઝ નોહ નાટક, ફાઉસ્ટ, બાલે ફોક લૉરિકો ઑવ મેક્સિકો, અને ઝુબિન મહેતાનો સિમ્ફની કૉન્સર્ટ—એટલા કાર્યક્રમ મહત્ત્વના; એ ઉપરાંત નાના ઍરિના થીએટરમાં બીજા કાર્યક્રમો ચાલે તે જુદા. શેક્સપિયર, મૉલિયેર, કાલિદાસ પણ ખરા.

ઝુબિન મહેતાએ શુબર્ટની સિમ્ફની, સ્ટ્રૉસનો હળવો ડૉન જુઆનનો રોમાન્ટિક ટુકડો, ડવૉરકની સિમ્ફની, અને પોતે પચ્ચીસમે વર્ષે અમેરિકામાં પહેલી સિમ્ફનીનું જે સંચાલન કરેલું, એમાંથી પણ થોડો ભાગ રજૂ કરી સંભળાવ્યો. દુનિયાભરમાં જેની આટલી બધી ખ્યાતિ, એના કામથી અહીં 'ઓહો' થઈ જાય, હિન્દ માટે સૌકોઈને મગરૂરી થાય એમાં શી નવાઈ! પરદો પડયા બાદ અમે એને અંદર લેવા ગયા, પણ એની આસપાસ તો જબરદસ્ત ટોળું. એમાંથી અરધા કલાકે અમે એને બહાર ખેંચી જઈ, ફાર્લીના ફ્લૅટમાં પારસીશાઈ ભોજન માટે ઉપાડી ગયા. ઍન આર્બર યુનિવર્સિટીમાંથી એને સાંભળવા આવેલા બીજા પણ બે જરથોસ્તી ભાઈઓ હતા, એટલે પાંચસાત જણાની ટોળી મળતાં રાતના એક વાગ્યા સુધી (છાંટા પાણી સાથે) ખાવાની ઘણી મજા આવી.

'નો' નાટકની વાત આપણે તોકિયો જઇશું ત્યારે કરીશું, પણ 'મૉસ્કો આર્ટ થીએટર'ની મંડળી અહીં નાટકો કરવા આવી હતી, એનો લાભ કોણ ન લે? પાંચેક વર્ષો પહેલાં મૉસ્કોમાં મેં એનાં નાટકો જોયાં હતાં. સ્ટાનિસ્લાસ્કીએ જ્યાં કામ કર્યું એ મૉસ્કો આર્ટ થીએટરમાં પણ હાજર રહ્યો હતો, એ સોવિયેટ દેશનાં થીએટરો વિષે પણ બીજી કોઈ વાર સવિસ્તર લખીશું. પરંતુ અહીં '૬૫-'૬૬ની મોસમમાં ૧૮૯૯માં સ્થપાએલી એ નાટકશાળાનાં એ કામકાજ ફરી જોવાનો લ્હાવો મળ્યો એથી અંતર પુલકિત થયું.

મૉસ્કો આર્ટ થીએટરનો ઇતિહાસ રોમાંચક છે. ચેકૉવ જેવી અનેક વિભૂતિઓએ એને અલંકૃત કર્યો છે. ગોગોલનું 'ડેડ સોલ્સ' ૧૯૩૨માં ત્યાં રજૂ થએલું. તે સ્ટાનિસ્લાસ્કીની ઢબ પ્રમાણે જ અહીં ભજવાયું. મૂળ નવલકથા પરથી બુલગાકોવે નાટ્યકૃતિ બનાવેલી. પણ આ બધાંમાં મૉસ્કો આર્ટ થીએટરનું 'થ્રી સિસ્ટર્સ' જોતાં તો કદી થાક જ ન લાગે. હૅમ્લેટ, મીડિયા છેલ્લાં દશ વર્ષમાં અનેક વાર જોયાં, જુદીજુદી રીતે, જુદીજુદી વ્યક્તિઓ દ્વારા ભજવાતાં જોયાં. એવું જ જોવા જેવું આ નાટક છે. સોવિયેટ રશિયામાં એ ભજવાતું જોયું; એની ઉપર ચર્ચા પણ ઘણી સાંભળી; યુરોપ-અમેરિકામાં પણ જોયું; શિકાગોના જાણીતા 'ગ્રેઇમ થીએટર'માં પણ ભજવાતું જોયું; છતાં, ફરીફરીને એ કૃતિ જોતાં થાક જ ન લાગ્યો: એકલા એ નાટકની ભજવણી અને રજૂઆત ઉપર તો એક પુસ્તક લખવાની હોંશ છે. ક્યારે બર આવશે, ભગવાન જાણે.

મૉસ્કો આર્ટ થીએટરની આ 'થ્રી સિસ્ટર્સ'ની રજૂઆત ઉપર હજી ચેકૉવના વ્યક્તિત્વની ભારોભાર અસર છે: 'આપણે રશિયનો મનમાં બહુ મોટા મોટા આદર્શો સેવીએ છીએ, પણ જિંદગી પ્રત્યે નજર કરતાં એ આદર્શોથી આપણે ઘણા આઘા, ઊણા છીએ, એમ કેમ બનતું હશે!' એમાંથી રશિયનો શબ્દ કાઢી નાખો તો પછી એ જ પ્રશ્ન જે કોઇને લાગુ પાડવો હોય તેને લાગુ પાડી શકાય, નહિ? ચેકૉવે આ પ્રશ્નનો જવાબ નથી આપ્યો, પણ જે રીતે એણે આ સવાલ પૂછ્યો છે એ જ આ નાટકનું હાર્દ છે. જિંદગીને જે રીતે આપણે વળગી રહીએ છીએ, જે ચીવટાઇથી વળગીએ છીએ, એટલી જ એક ક્રિયામાં નાટકનું ગૌરવ વધી જાય છે.

મૉસ્કો આર્ટ થીએટરની આ નાટકની રજૂઆત ઠંડી છે—એટલે કે શાંત રસ જમાવનારી છે; એટલે કે એમ કરતાં દુઃખની ઝીણી સિતારી ઝણક્યા કરે એવી છે. નાટકશાળાની ભાષામાં કહીએ તો એ ઓછામાં ઓછી નાટકી છે. કશું જ મહત્ત્વનું બનતું નથી, અને જે બને છે તે સર્વસામાન્ય સાધારણ જીવનમાં જેમ બને છે, બનતું આવે છે, બનવું જોઇએ એમ જ બને છે. એક શહેરની બહારનું, જરા આઘેનું ઘર. એમાં વસનારાં રોજિંદું જીવન જીવે છે—કંટાળો આવે એવું; છતાં હૃદયના તારને એ જે ઝણઝણાવે છે, આત્માને સજાગ કરી મૂકે છે, બુદ્ધિને જાગ્રત કરે છે ને વાતાવરણમાં જે ચમક તરવરાવે છે તે તો ઓ હો હો! રજૂઆતકલામાં નિષ્ણાત એવા કંઇક ધુરંધરોએ એના પર બુદ્ધિ કસી છે, એક કરતાં અનેક શૈલી-રીત-ઢબ અજમાવી છે, અને એમાં સાચી રીત કઈ એ માટે સળગેલા વાદવિવાદના અંગારાની રાખ હજી ટાઢી પડી નથી. સ્ટાનિસ્લાવ્સ્કી ને ચેકૉવ બંને આ બાબતમાં ક્યાં આથડયા નથી? આ નાટકે જેટલો ઇતિહાસ સર્જ્યો છે એટલો એ પરની ચર્ચા થકી પણ સર્જાયો છે.

આ ભજવણીમાં રોતલપણું નથી. અને એ જ તો એની ખૂબી છે. રોદણાં રડાવીને પ્રેક્ષકોના દિલને સ્પર્શ કરવો એ કદાચ સહેલું યે પડે. પરંતુ આ તો આખું નાટક, શરૂ થાય ત્યાંથી તે છેડા સુધી એકધારું જ વહ્યું જાય છે. હા; તો પછી નાટકનો જાણકાર કહેશે કે ક્લાઇમૅક્સ—પેટા ક્લાઇમૅક્સ વિના નાટક કેમ ચાલે? પણ આ તો ચાલે જ છે: બેઠાંબેઠાં, આરામથી. અને છતાં નાટક બેઠેલું નથી રહેતું, આગળ વધે છે. નાની પણ જાજરમાન નદી શાંત વહી જાય છે, ક્યાંક આમતેમ વમળો પડે, નડે, એ બધાં આપણી નજરે પણ ચડે, છતાં આખું વહેણ પોતાનું ગૌરવ ન ચૂકે. જૂના જમાનામાં આપણાં નાટકોમાં દિલ ધડકાવનારા દેખાવો યા પ્રસંગો આવતા એવું આમાં કંઈ જ નહિ. વર્શિનિન, ઑલ્ગા, ઇરિના, માશા, બધાં જ ઘરેલુ, સાદાં, સમજદારીથી વર્તનારાં છે. નાટકની વિવેચનામાં પેઇસ—એટલે કે વેગ, આવેશ, આવેગ—બીજા અર્થમાં વિકાસ,—એવું અહીં કંઈ નહિ. ગાડી ધીમે ચલે, પણ ચાલે એવી રીતે કે એની ધીમાશની યે ખબર ન પડે. આને વાસ્તવવાદ કહીશું? જી ના. વાસ્તવિક ખરું; પણ પાત્રો પ્રતીકરૂપ બની જઈ કંઈકનું કંઈક સૂચવતાં પણ રહે. છતાં પાત્રો તખ્તા ઉપર બીબાં નથી રહેતાં, જીવતાં જાગતાં માણસો બની રહે છે. ચેકૉવની કૃતિમાં કલા ક્યાં છુપાઈ છે, એ શોધ્યું શોધાય એમ નથી. છતાં આ એક અનોખી કલાકૃતિ છે. નબળાપોચા માણસના હાથમાં ભજવણીની માવજત સોંપો તો નાટક મુર્દું જ બની રહે. 'થ્રી સિસ્ટર્સ' નાટક બહુ વાર જોયું, કોઈ બે સરખાં તો નહિ જ. મૉસ્કો આર્ટ થીએટરનું આ નાટક નક્કર અને સ્વસ્થ રજૂઆતનું નાટક હતું, એટલે એ તંદુરસ્ત પણ હતું.


કંટાળો આવ્યો? તો હવે આપણે મેક્સિકોની મંડળીનું 'બાલે ફોકલોરિકો' જોઇએ: લોકગીત, લોકકથા, લોકનૃત્ય, લોકનાટકનો શંભુમેળો; બધી જ બાબતોની નાચમાં ગૂંથણી. તડ તડા તડ, ધિન ધના ધિન થકી જે છટપટાટવાળાં વાજિંત્રો થનગની ઊઠયાં, એથી પહેલી જ વાનગીથી નાટકશાળા જીવંત બની ગઈ. જોકે શરૂઆતમાં ગામડાની નારીઓ પોતાના ધણીઓ સાગરમાં મચ્છી પકડવા જાય છે ત્યારે દુઃખથી નીતરતાં ગીતો ગાતી સંભળાય છે: ત્યાં જોખમ પણ છે, અને માછલી ઉપર એમના ભરણપોષણનો આધાર પણ છે. પણ ઘરડાવરડા પોતે હજી જુવાનીને આંગણે છે, તે બતાવવા એ નાચે છે. બાળકો નાનાં છે, પણ મારા બેટાઓને લડાઇ-લડાઇની રમતો જ રમવી છે, તે નાચે છે, અને એમાં નારીઓ ઘરડેરાઓની મજાક કરી હસે; ઘરડા 'હવે બેસ બેસ, તમે તે વળી લડાઇઓ શી રમતા હતા' એમ કહી બાળકોને હસે; અને જોખમ વહોરીને ગએલા ધણીઓ, જે ટોપલા ભરીને માછલીઓ લાવે, એ આ ત્રણેને હસે; અને

પછી સંતોષથી ખાણીપાણી કરે. બસ એટલી વાત, સુંદર રંગવિધાનમાં, તાજગી અને તરવરાટભર્યાં નૃત્યોમાં નાચી બતાવે.

એક વાર એક આંતરરાષ્ટ્રીય નાટ્યસંમેલનમાં મેક્સિકો, પેરૂ ને બ્રાઝિલના પ્રતિનિધિઓને મળવાનો પ્રસંગ આવ્યો. જાતજાતની વાતો થતી હતી. એમાંના એક વિદ્વાને મને પૂછ્યું : 'ગુઆટામાલા પ્રદેશનું મૂળ નામ તમે જાણો છો?' મેં ના કહી, તો કહે : 'ગૌતમમાળા.' હું તો ઠંડો જ થઈ ગયો. બને. પરંતુ આપણા વિદ્વાનો તો એ પર વિચાર સરખો પણ નહિ કરે. આ 'ગુઆડાલા રાજા' એ નામનું નૃત્ય પણ એવું પ્રાચીન હિન્દી જ લાગ્યું—આનંદી, મસ્તીભર્યું, તાજગીદાર. જોસેફ લૉરેસ, રામી રેઝ, મ્યુગલ દિયાઝ, રોજાસ, મેડેલીન અને સંચેઝ નાચી ગયાં. એમનું જૂનામાં જૂનું નૃત્ય 'હરણ'. આજે પણ ત્યાંના ઇન્ડિયનો(યજ્ઞ કરનારા ઇંડિયનો હશે?) એ જ એક જૂનામાં જૂની જીવતી જમાત હયાત છે, અને એ એમનું પોતીકું નાનકડું સામ્રાજ્ય પણ ચલાવે છે તે 'હરણ'નૃત્ય કરે છે. મનુષ્ય આબાદ હરણની માફક ચાલે, હરેફરે, કૂદે. રાણીરોઝા જીમિનેઝ, અને રિવેરાએ આ નૃત્ય કર્યું. શું કરું? લખાણમાં નાચની મુદ્રાઓ કે અભિનયની છટાઓ શી રીતે બતાવી શકું? થનગનાટ, તોફાન, મસ્તી, સજીવતા, પૌરુષ, વીરતા, શૂરાતન, બધું જ અહીં. રંગની ભભકઝમક ને તાલની ઊચડત્રેવડમાં જામી જતો કર્ણપ્રિય સંવાદ! ભારતના નૃત્ય સાથે આ તાલાવેલીઓ સરખાવવા જેવી લાગી. પણ એવાં સંશોધનો કોણ કરે, એની પાછળ પૈસા કોણ ખરચે?

ઑડિટોરિયમમાં એક દિવસ મિસ સિલ્વિયા પોર્ટરનું ભાષણ હતું. ભાષણો સાંભળવામાં તો કોને રસ હોય? પણ બાઇએ શરૂઆતમાં જ યુનાઇટેડ નેશન્સમાં ખોરાક અને ખેતીવાડીના ખાતામાં કામ કરતા ડૉ. વિનય સેનની ગણતરીના આંકડા જે ટાંકી બતાવ્યા, એ સાંભળી સૌ શ્રોતાના કાન સરવા થઈ ગયા! જાણીતી વાત છે, અને તે જ એણે કહી; પણ ઘણી વાર જાણીતી વાતને જ આપણે જાણવા માગતા નથી. એવું આમાં પણ બનતું ચાલ્યું છે. પૃથ્વી ઉપરની વસ્તી આજે ૩·૫૦ બિલિયન છે; એટલે કે ૧૯૦૦ની સાલમાં જેટલી વસ્તી હતી એની બેવડી! અને આજના વસ્તીવધારાને હિસાબે (ઇનસ્પાઇટ ઑવ–આપણે ત્યાંની 'બે જ બાળકો બસ'ની ભીંત ઉપર ચારેકોર જાહેરાત ચોડયા છતાં) આદિવાસી, પછાત કોમો, અભણ વર્ગ, જે ભણેલા કરતાં મોટો છે, ત્યાં તો આઠદશ બાળકોના જ હિસાબ આજે પ્રવર્તે છે તેને પરિણામે વસ્તી તો વધશે જ. પણ ભારતમાં ભણેલા કરતાં અભણોની વસ્તીનું પ્રમાણ ઓછામાં ઓછા અંદાજે એકે પાંચ અભણનું થઇ રહેશે. પણ આ આડકથા છોડી મિસ સિલ્વિયાના આંકડા ઉપર જઇએ તો ૨૦૦૦ની સાલમાં પૃથ્વીની વસ્તી ૭ બિલિયનની થશે! બીજા વિશ્વયુદ્ધ બાદ પૃથ્વી ઉપર હતી એથી અરધી બીજી વસ્તી વધી છે. એમાં ૮૫ ટકા વસ્તી એશિયા, આફ્રિકા, અને લેટિન અમેરિકાના પછાત ગણાતા દેશોમાં વધી છે. ત્યાં દર ૩૫ વર્ષે વસ્તી ત્રણ ગણી થાય છે!

બીજી બાજુ પૃથ્વી ઉપર અન્નનું ઉત્પાદન દર સાલ એક જ ટકો વધતું રહે છે, અને વસ્તી બે ટકા વધતી રહે છે. અમેરિકનો કૅલરીના પ્રમાણમાં વાત કરે, એટલે કહે છે કે પૃથ્વી ઉપર વસ્તીના પ્રમાણમાં દરેકને ૨૧૦૦ કૅલરી મળે છે તે ૨૦૦૦ની સાલમાં દરેકની કૅલરી ઘટીને ૧·૩૫૦ની થશે! પૃથ્વી ઉપર છ વર્ષની નીચેનાં બાળકોમાંથી ૭૦ ટકા બાળકોને જરૂર કરતાં ઓછું પોષણ મળે છે, અને ભૂખમરાના કારણે પૃથ્વીપટે દરરોજ ૧૨,૦૦૦ માણસો મરી જાય છે, એટલે કે દર સાલ ચાર મિલિયન માણસ મરે છે. પૃથ્વીપટ પરની વસ્તીમાં ગરીબ પ્રજાઓની વસ્તીમાંની જે ૪૫ ટકા વસ્તી પંદર વર્ષની નીચેની એટલે કે બાળક–કિશોર-કિશોરીની છે, એમને હવે પછીનાં ૩૦ વર્ષમાં ભારે ભૂખમરો વેઠવો પડશે!



મિશિગન સ્ટેટ યુનિવર્સિટીમાં ભજવાએલા 'ભગવદજ્જુકીયમ્'માં અજ્જુકા તરીકે માર્થા અને (જમણી બાજુ) યમ તરીકે પેગી લાર્કિન.

આવા ચોંકાવનારા આંકડા સાંભળી શ્રોતાઓનું રાતનું ખાવાનું બગડયું અને બધા થીજી ગયા. પણ માનવજાત જેવી આળસુ, નફફટ અને બેદરકાર જાતિ બીજી કોઈ નહિ હોય. કોઈ જ ચોંકતું નથી, અને કોઇનું યે ખાવાનું બગડતું નથી. આવું બધું સાંભળવાને તો આપણે ટેવાઈ જઇએ છીએ. દાખલા તરીકે પાણીની તાણ દર સાલ, અન્નની તાણ દર સાલ, વસ્તીવધારાની વાત દર સાલ, નદીઓમાં રેલ આવવાની વાત દર સાલ : તરત સભા, ચર્ચા, તકેદારીની સાવચેતી–યોજનાઓ...ને બે ત્રણ અઠવાડિયાં બાદ બધું અભરાઇએ! પછી પાછી નવી રેલ આવે ત્યારે, ફરી પાણીની તાણ પડે ત્યારે ફેર વિચારણા. એમાં પ્રમુખસ્થાને બિરાજમાન હોય તે એટલી જ ગંભીરતાથી દશવીશ મિનિટ મામલો સમજાવે અને કર્મચારીઓ એટલી જ તટસ્થતાથી અને નિર્લેપ વૃત્તિથી નવી સાધન-સામગ્રીઓ, તેમજ નવાં સંશોધનોને લઈ આપણી સમક્ષ 'જૂની યોજનાઓને નવેસરથી જાણવા-પ્રમાણવા હવે આપણે રીતસરનો ફરીથી વિચાર કરવો જોઇએ' એમ કહે!

એક દિવસ એ જ ઑડિટોરિયમમાં એક કોટ-પાટલૂન હૅટમાં સજ્જ યોગી માર્ટિન ઝોલર જાદુના ખેલ કરવા પધાર્યા. માણસ હસમુખો. નવી જાતના જન્માક્ષર બનાવી આપનાર : પાંચ વર્ષ માટેના તમારા ખોરાક અને તંદુરસ્તીના જન્માક્ષર બનાવી આપે! એટલે આપણે પહેલા મેદાને પડયા! જન્મતારીખ માગી તે આપી. દશેક ક્ષણ મારી સામે જોયું, અને મોટા કાગળ ઉપર જન્માક્ષર બનાવી આપ્યા. પશ્ચિમી પદ્ધતિના જન્માક્ષર, પણ ખાનાં બાર; અને એ જ બાર રાશિઓ; એ જ વીનસ, જ્યુપિટર, માર્સ—શુક્ર ગુરુ મંગળના ગ્રહો; ઉપરાંત નેપ્ચ્યુન યુરેનસ; રાહુ કેતુ નહિ; ચન્દ્ર સૂરજ ખરા; શનિ મહારાજ પણ હાજર. ટૂંકમાં બધાના અંશો મૂકી મારે શું ખાવું અને શું ન ખાવું, એનું કોષ્ટક તારવી કાઢયું. શું પીવું શું ન પીવું; કયા મહિનામાં શું ખાવું; કોની સાથે એટલે કે કેવા માણસ સાથે ખાવું; ઉપરાંત કઈ ચીજો બાફેલી, મસાલાવાળી, વણરાંધેલી યા કાચી ખાવી; કેટલા ગ્રામ ખાવી, કેટલી કૅલરી પ્રમાણે ખાવી; અને જો એમ એ પંચવર્ષીય યોજના પ્રમાણે હું મારો રોજબરોજનો આહાર નિયોજી શકું તો એ પાંચ વર્ષમાં હું કદી માંદો ન પડું એની ગૅરંટી! આપણે જો એની સાથે એમ ચર્ચા કરીએ કે મારા આઠમા ઘરમાં ક્રૂર ગ્રહો પડયા છે, આટલો માંદગીનો યોગ છે, તો કહે કે એ બધા ગ્રહો તમારા આ શરીરના ખોરાક પ્રમાણે સીધા વર્તતા થઈ જાય. ટૂંકમાં, આપણે ત્યાં જેમ જપ કર્યાથી ગ્રહોની ખરાબ અસર સુધરે, એમ અહીં ભોજનવ્યવહારથી સુધરે! આ બધું બહુ વિસ્તારીને એણે સમજાવ્યું.

પછી એણે ડાયાનેટિક્સનું શાસ્ત્ર સમજાવ્યું. ડાયાનેટિક્સ એટલે વિચાર અને મનની ક્રિયા, માનવીના મગજનું પૃથક્કરણ. આ શાસ્ત્ર જો હાથ ધરે તો મનુષ્ય તદ્દન સ્વતંત્ર થઈ જાય. ન ભૂખમરો, ન ધનની ટાંચ, ન દુ:ખ શોક સંતાપ; એની સાથે સાયન્ટૉલૉજી: એ જો પાર કરી લ્યો તો તમે તમારી આસપાસના સંજોગો ઉપર કાબૂ ભોગવનાર રાજા; ધાર્યું કરી શકો. એણે તો, અલબત્ત, દરેક પાસેથી ડૉલરની ફી લઈ ચારસો પાંચસો ડૉલર એકઠા કરી લીધા. પણ આ યોગી મહારાજ પાકા ગઠ! મારા જેવા જે બેચાર ભારતીય હતા એમને છેવટે પકડી પોતે પોતાની સાથે જમવા લઈ ગયો. યાસ્મિન અને ફાર્લીને પણ મેં સાથે આવવા કહ્યું. ફાર્લી તો લગ્ન થકી ભારતીય, એવી એવી દલીલ કરી, અને બહુ બહુ તો સેલ્ફ સર્વિસમાં જમીશું, એટલે એનો ખરચ એ આપશે, પણ ચર્ચા કરવાની મજા આવશે, કહી ખેંચી ગયો. પેલો ગઠ તો એવો, કે એ ઉસ્તાદ કહે છે કે યોગફોગ હું કંઈ સમજતો નથી. હિન્દુસ્તાનનું નાક્નું ટેરવું પણ જોયું નથી. બે પાંચ આડાંઅવળાં ચોપડાં વાંચ્યાં છે. અને જાદુના ખેલ તો કોઈ પણ કરી શકે. એમ કહી એણે દશ ડૉલરની એકેકી નોટ વાળીને અમને આપી: 'લ્યો રાખો'! અમે તો ખુશ થઈ ગયા અને વિવેક કરવામાં પડ્યા. ત્યાં એ કહે છે 'હું તમને યાદ શી રીતે રહું? મૂકી દો ગજવામાં. યાદ કરશો કે મેં તમને જમાડી દશ દશ ડૉલર આપ્યા. પ્લીઝ; આની ચર્ચા ન કરશો. પાકીટમાં રાખી મૂકજો.' જમીને જવા નીકળ્યા અને એ એનો ઓવરકોટ લેવા ગયો ત્યારે મારો જીવ ન રહ્યો; એટલે પેલી વાળેલી નોટ કાઢી મેં જોઇ તો એક બાજુ દશ ડૉલરની બરાબર અમેરિકન છાપ, પણ બીજી બાજુ માત્ર સાહેબનું સરનામું, બાકી બધું કોરું! એક પ્રકારની જાહેરાત યા વિઝિટિંગ કાર્ડ જેવી નોટ; જે ગણો તે. એટલામાં એ આવ્યો, અને અમે છૂટા પડ્યા. પણ હવે ફાર્લીનો જીવ ન રહ્યો. તે કહે કે 'ભવિષ્યમાં અમારે તમારી સાથે સંપર્ક સાધવો હોય તો શું કરવું? આપનું સરનામું?' એટલે યોગી મહારાજે સૂચવ્યું કે આપ આપોઆપ જાણશો જ. એટલું કહી ટાન્ટા, બાઇ-બાઇ કરી ચાલતી પકડી. મિશિગનમાં ઇસ્ટ લાન્સિગના નાના ગામમાં જો આવા જોષી યોગીઓ મળે તો ન્યૂ યૉર્ક–સાનફ્રાન્સિસ્કો જેવાંમાં તો કેટલા? એકલા હિંદુસ્તાનમાં જ આવા દાગીના પાકે છે એમ માનવાની ભૂલ ન કરવી. મહેશ યોગીની વાત તો આપણે સાનફ્રાન્સિસ્કો જઇશું ત્યારે કરીશું. અને દશ જ મિનિટમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરીશું. આપણા મહાશયો એમનાથી જરા યે ઓછા ઊતરે એવા નથી હોતા.

બહારની બીજી યુનિવર્સિટીમાંની વિદ્યાર્થીઓની એક નાની ટુકડી, આપણા એક પંજાબી ભાઇએ તૈયાર કરેલી હિન્દની નાટિકા તથા બીજી થોડી આઇટેમો એમ કરીને બે કલાકનો કાર્યક્રમ કરવા એક દિવસ પધારેલી. તેની પણ રજૂઆત અમારી નાની નાટકશાળામાં જોઈ. અજ્ઞાનને લઈ વેશભૂષામાં, અને સાધનોના અભાવને લઈ મેક-અપમાં કેવા છબરડા જોવા મળે છે, તે હવે જુઓ. આ છે 'ભગવદ્ અજ્જુકીયમ્' એ પણ આખું નાટક નહિ—પણ ટુકડો. એમાં આ વારાંગના અને એનો કાગળનાં ફૂલનો ગજરો જોયો? કેટલી સફાઇથી બાંધ્યો છે તે જુઓ. આંખમાં કાજલ–એટલે કે કાળી સ્ટિક: બહારથી જ લગાડેલી. કાજળ કોના બાપનું લાવે? નાકે નથની જુઓ: લટકણિયું છે કે વાળી? એ ઉપર એક પરિસંવાદ યોજી શકાય, નહિ? કાનમાં કુંડળ, ઇયર-રિંગ તે રિંગ વીંટીના આકારમાં નથી પણ ઝૂલણિયું કહી શકાય એવું: નરસિંહ મહેતાની એક લીટી છે 'અવળાં તે અંબર પહેરિયાં ને નૂપુરિયાં પહેર્યાં કાન'–જોકે આ નૂપુર નથી. શું છે તે હું નારી-અલંકારમાં નિષ્ણાત ન હોઈ જાણતો નથી. મને લાગે છે કે ગળાનો હાર માથે ચોંટાડી દીધો છે, અને અર્ધ ચન્દ્ર અવળો લટકે છે, એટલે નરસિંહની લીટી આમ રચાય:

'કંઠીની માળ તે કપાળિયે, ને કોરી રાખી છે ડોક, રણછોડ રંગીલા!
હાથનાં કંકણ કેડે બાંધ્યાં તેને જોવા મળ્યું છે લોક, રણછોડ રંગીલા!'

સ્લીવલેસ તો હશે જ આઠ ટુકડાની કાંચળી (એટલી મને ખબર છે); કમખાચોળી તો ક્યાંથી લાવે? એટલે આ વારાંગના બરાબર છે. પેલા આમ્સ્ટર્ડામમાં આપણી એમ્બૅસીના વડા સાહેબે એમના વાર્ષિક ફેસ્ટીવલમાં 'શાકુન્તલ' ભજવ્યું ત્યારે આપણા દેશમાંથી પોશાક કરાવી મંગાવ્યો હતો, જેમાં શકુન્તલાને નૂરજહાં અને દુષ્યંત મહારાજને દુષ્યંતહુસેન જહાંગીર બનાવેલો તે યાદ છે ને? (અંક ૪૭૨)? એ નૂરજહાં કરતાં આ વારાંગના અજ્જુકા ખોટી નહિ.

અને હવે, મોતની બીક ન હોય તો યમદૂતનાં દર્શન કરો. અમેરિકામાં યમદૂત નારી જાતિ છે. ચન્દ્રની પણ પૂર્વ-પશ્ચિમમાં નર અને નારી જાતિ જાણીતી છે. જાતિ બે હોય તો એમાં ખોટું પણ શું? આ બેન છે પેગી લાસ્કિન. માથે કપડું બાંધી દીધું, અને તમારા મરેલા યા જીવતા—ખોળીઆને મોતના ન્હોર ભેરવવા આંગળીએ લાંબા નખ પહેરી લીધા, અને મોઢા ઉપર રંગીન સ્ટિકો થકી સાથીઆ પૂરી દીધા કે દુક્તી યમદૂત થઈ ગઈ! મને એની આંખ ગમે છે. તમારો જીવ લેવા માગે છે એમ જ લાગે; સરસ.

આ બે પાત્રો ઉપરથી, આપણા હિન્દી બિરાદરે જે નાટક રજૂ કર્યું હશે, તે કેટલું સુંદર,–બડા સુંદર, બાલો સુંદર, ચોમોત્કારિક સુંદર–થયું હશે એનો ખયાલ કરો! ચન્દ્રવદન મહેતાએ આ જિંદગીમાં ઓછું નથી જોયું, ઓછું નથી સહ્યું, પણ આ જોવાનો યે એનો જોગ હશે, તે જોયું! બધો કાર્યક્રમ પૂરો થયા બાદ કોઈ આવીને કંઈ સવાલ-જવાબ કહે, કે પૂછે, તે પહેલાં બંદા નાટકશાળાની બહાર! ત્યાં જોગાનુજોગ પડોશણ મડોરી મારતી ગાડીએ આવતી હતી. એણે મને જોતાં જ ગાડી ઠારી, પાછી-બૅક-કરી, બારણું ઉઘાડી અંદર બેસવા સૂચના કરી, ચેરી લેઇનમાં અમારા ઍપાર્ટમેન્ટમાં હંકારી લઈ ગઈ.

'અપસેટ?' 'હા.'

'કાશીટાકા નાકામારૂ.' 'હું નથી સમજતો.'

'મારા રૂમમાં આવો, આપણે કંઈક રસોઇ બનાવી ખાઇએ, અને પછી તમને મારાં હાઇકુ વાંચી સંભળાવું.

'અરે મડોરી! તું હાઇકુ લખે છે?'

'આ પ્રગટ થએલું મારું પુસ્તક. હવે તમને આવી પડોશણ માટે માન થશે, ખરું?—શેઇમ'.

મેં કહ્યું: 'શેઇમ! તું અમારા સંસ્કૃત નાટકોમાંની એક કૃતિ જોવા નહિ આવી. તે માટે...'

અમે તૈયાર ખાવાનાના સૂપ, સ્ટ્ વગેરેના દાબડા ખોલી, ગરમ કરી, ગરમ કરેલા સાકે સાથે ખાવા બેઠાં. ત્યારે મેં મડોરીને પેલા યોગી મહારાજે ખાવા સંબંધી કરી આપેલા જન્માક્ષરની વાતો કરી, અને જમ્યા બાદ હાઇકુની કેટલી જાત છે તેની અને એમાં એનાં લખેલાં હાઇકુ સંબંધી ચર્ચા કરી. (ચાલુ)

વાર્ષિક વાઙ્મય સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા તરફથી થતી વાર્ષિક વાઙ્મય સમીક્ષા ચાલુ વર્ષ ૧૯૬૯ માટે નીચેના ત્રણ વિભાગમાં વહેંચી, નીચેના સમીક્ષકોને સોંપવામાં આવી છે: (૧) કવિતા, નવલિકા, નાટક: પ્રો. મધુસૂદન હી. પારેખ (અમદાવાદ); (૨) નવલકથા: પ્રો. બહાદુરશાહ પંડિત (ખેડા); (૩) લલિતેતર સાહિત્ય, પ્રવાસ, નિબંધ, ચરિત્ર ઉપરાંત બાળસાહિત્ય વગેરે: પ્રો. રમેશચંદ્ર ભટ્ટ (અમદાવાદ). પ્રકટ થતાં બધાં જ પ્રકારનાં, પ્રકટ થાય તુરત પ્રો. મધુસૂદન હીરાલાલ પારેખ, (૪૨ રણછોડનિવાસ, પંચવટી, મણિનગર, અમદાવાદ-૮)ને અથવા ગુજરાત સાહિત્ય સભા (બૅલેન્ટાઈનની હવેલી; ત્રણ દરવાજા પાસે, અમદાવાદ-૧)ને મોકલી આપવાની પ્રકાશકોને આગ્રહપૂર્વક વિનંતી છે.

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૨૫ • રોમના સંપર્કો

બીજે દિવસે ફરી દૂરમાં ગયો. જિનૅાટ પણ ત્યાં હતો. નૅન્સી નહોતી. તેને જાણે જોયો જ ન હોય તેવું કરી હું એક જગ્યાએ બેસી ગયો. તરત જ તે મારી પાસે આવ્યો, ને મારી બાજુમાં બેસી ગયો. ભોંઠામણભર્યું હસી પડચો. હાથ મિલાવીને બોલ્યો : 'મને માફ નહિ કરો ?'
'શાને માટે ?'

'મેં તમને આજે લંચ લેવા માટે આમંત્રણ આપ્યું હતું ને ?'

'અરે ભલા માણસ, એ તો મેં જ્યારે તમને જોયા ને (વ્હેન આઈ સૉસ્ટ યુ ટુ અ લેડી) ત્યારે જ હું સમજી ગયો હતો કે હવે જો ભૂખ્યા ન રહેવું હોય તો આપણા રામે આપણી સગવડ જાતે જ કરી લેવી જોઇએ.' હવે તે ખડખડાટ હસી પડચો : 'એવું જ છે, નહિ ?'...

આમ રોમની યાત્રા પૂરી કરી. રાત્રિ આરામમાં પસાર થઈ ગઈ. સવારના પહોરમાં બારણે ટકોરા પડચા. ઊઘાડચું. રામ ઑાર્સિની ઊભો હતો. સાથે એક નાની એવી ભારતીય છોકરી હતી. માંડ સોળ-સત્તર વર્ષની હશે. શરમાળ તો એવી ! રૂપે ય મળે નહિ. દેખાવે સાવ સામાન્ય.

પણ એ તો મારી નજરે. રામ તેની સામે જે દષ્ટિથી જોતો હતો તે તો કોઇક સૌન્દર્યમયી રમણીને પણ ભાગ્યે જ મળે એવી હતી. એટલો પ્રેમ અને એટલી કૃપા મેળવ્યાનો ભાવ એમાં વરતાતો હતો ! મારી સામે તેણે જોયું. પછી ફરી પાછું અભિમાનપૂર્વક પેલી છોકરી સામે. પછી મારી તરફ ફર્યો. ઉલ્લાસપૂર્વક બોલ્યો : 'મિ. બ્રોકર, આ શાંતા !'

'આ ?'—બોલી જવાની અણી ઉપર હું આવ્યો, પણ જીભને માંડ કાબૂમાં રાખી : 'ઓ-હો ! ઓ-હો !' એટલું જ બોલ્યો.

'નમસ્કાર કરો, શાંતા.' એ હિંદીમાં બોલ્યો. જુવાન દીકરી પિતાના આશીર્વાદ માગે એ રીતે મારી આગળ એ ઝૂકી પડી. હું ગદ્‌ગદ થઇ ગયો. ઑાર્સિની અમારી એ નિતાન્ત ભારતીય મુદ્રાને સહર્ષ જોઇ રહ્યો. મને કહે : 'એ મહારાષ્ટ્રીય છે. તમે એની સાથે મરાઠીમાં બોલો.'

'મારું મરાઠી તો હું જ પૂરું નથી સમજતો, ત્યાં બાપડી એ ક્યાંથી સમજશે ?' મેં કહ્યું. 'પણ તેને ગમશે. બેએક વર્ષથી અહીં આવી છે ને માતૃભાષા સાંભળવા તેને મળતી નથી તેથી આનંદ થશે.'

થોડી વાર પછી તેણે પૂછચું : 'તૈયાર છો ?'
'શાને માટે ?'

'તમે રોમ તો જોયું; હું તમને અહીંની નજીકનું ગામડું બતાવું. શાંતાને પણ સાથે રાખી છે એટલે તેને મઝા આવશે. ને સાંજે પાછા વળતાં મારે ઘેર જઇશું.'

ત્રણે જણાં નીકળી પડચાં. રામ મોટર હાંકવા બેઠો. શાંતાને પોતાની બાજુમાં બેસાડી. તેની બાજુમાં મને. નાની મોટર. માંડ અડોઅડ બેસાય. પેલી બિચારી પગ સંકોડે. કેટલાક સંકોડાય ? મેં કહ્યું કે હું પાછળ બેસું. રામ કહે : ના, આપણે આને યુરોપિયન પણ બનાવવી જોઇશે ને !' શાંતા હસી પડી. મારી સામે જોઈ કહે : 'મી યુરોપિયન ?' ને પછી પોતાની આ ધૃષ્ટતાથી પોતે જ શરમાઈ ગઈ. હથેલીમાં મોં ઢાંકી દીધું. આ વખતે એનો સામાન્ય ચહેરો પણ રૂપાળો બની ગયો લાગ્યો.

રામની વાગ્ધારા ચાલવા લાગી : 'હું મુંબાઈમાં હતો. નાનો હતો ત્યારે. હિંદને સ્વતંત્રતા હજી મળવામાં હતી. મારા પિતા આજે તમે જેને ઍમ્બૅસૅડર કહો તે પદે હતા, નેહરુ, ગાંધી સૌને હું ઓળખતો.

મોટો બંગલો હતો અમારો ત્યાં. પાછળ ચોગાન હતું. મોટું ચોગાન ને એની પાછળ ખાલી જમીન. આનો બાપ ત્યાં રહેતો. કંઇક મિકૅનિકનું કે એવું કામ કરતો. ઝૂંપડી એની હતી ત્યાં ક્યાંક.

બાળક તરીકે હું ત્યાં રમવા જતો. એને પણ હું ગમતો. એ અમને મઝા કરાવતો. ભણવા ન્યૂ ઈરા સ્કૂલમાં જતો. ત્યાંના છોકરાઓ જોડે મૈત્રી સારી. તેમણે મારું નામ 'રામ' પાડચું. રૂપાળો હતો એટલે !– નયનાભિરામ ને એવું કંઇક કહે છે ને તમારે ત્યાં ? ખબર નથી, પણ મને એ ગમતું એટલે નવનીત પારેખે તમને 'રામ' ઑાર્સિની પર પત્ર આપ્યો.

પણ પછી તો પિતાજી અહીં આવતા રહ્યા. હું પણ આવી ગયો. ભણવા લાગ્યો. (હમણાં પણ આર્કિટેક્ટ થવા માટે ભણી રહ્યો છું.) ભારત પર મને અત્યંત પ્રેમ. મારું ચાલે તો ત્યાં જ જાઉં અને જીવું. પણ એકનો એક પુત્ર છું. બુઢ્ઢાં માબાપ છે. કેમ છોડાય ? એ તો અ-ભારતીય કાર્ય થાય ને ?

મોટો થયો—પરણવા જેવડો—ત્યારે દિલમાં એક મહેચ્છા જાગી. પરણું તો ભારતની કન્યાને જ. શી રીતે થાય ? ભારતમાંના મિત્રોને લખ્યું. ત્યાંનાં છાપાંમાં જાહેરખબરો પણ આપી.

'અચ્છા ? સિંધી-પંજાબી છોકરીઓ તો તૈયાર પણ થઇ જાય, કદાચ, એવું વાંચીને તો.' મેં કહ્યું.

'માનશો ?' તે બોલ્યો : 'મહારાષ્ટ્રીય બ્રાહ્મણ કન્યાઓના પણ પત્રો આવેલા. એમ. એ. થએલીઓના. મને પણ આશ્ચર્ય થએલું. પણ હું અહીં, એ લોકો ત્યાં; શી રીતે નક્કી થાય ?'

'પછી ?' મારું કુતૂહલ વધવા માંડચું.

'પહોંચી ગયો હિન્દુસ્તાન. માએ રજા આપેલી. અહીં અત્યંત સુંદર એવી એક હિંદી સ્ત્રી રહે છે. અંજની મજમુદાર. તમે તો ઓળખો છો. સુભાષની પત્ની. મારી મા એને ઓળખે. એણે માન્યું કે એ અંજની જેવી હશે હિંદની સ્ત્રીઓ. હું તો મુંબાઈ આવી પહોંચ્યો. પેલી બ્રાહ્મણ કન્યાઓને મળ્યો. મન ન માન્યું. ભણેલી હતી. અર્ધી પાશ્ચાત્ય બની ગએલી હતી. એમને પરણું તો પછી મારી આખી જ પાશ્ચાત્ય એવી ઇટૅલીની છોકરીઓ શી ખોટી હતી ? મૂંઝાયો. મિત્રોને કહ્યું. એ લોકો દોડાદોડી કરે, પણ ફાવે નહિ. પારકા પરદેશમાં, અજાણ્યાં માણસોમાં પોતાની છોકરીને આપતાં કોનું મન માને ? ને મારે પાશ્ચાત્ય તો નારી નહોતી જ જોઇતી. પૂર્વની જ જોઇતી હતી—પૂરેપૂરી પૌરસ્ત્ય.'

મેં શાંતા સામે જોયું. રામે પણ તે જોયું. હસી પડચો. કહે : 'હા, બરાબર આના જેવી. પણ મળે ક્યાંથી ? નિરાશા થઇ.'

એક વખત બસમાં જતો હતો ત્યાં એક માણસે મને બોલાવ્યો. હાથ જોડચા : 'ઓળખો છો ?' એમ પૂછચું. સ્મૃતિ ખેંચી. યાદ આવી ગયું. આ તો પેલો મિકૅનિક ! મેં ઓળખ્યો એટલે એ રાજી થઇ ગયો. કહે : 'ઘણે વર્ષે આવ્યા છો. ઘેર ચાલો. આજે નહિ છોડું.'

મારે કશું કરવાનું નહોતું. તેની સાથે જ ઊતરી ગયો.

તેણે ઘર બદલ્યું હતું. ગરીબાઈ સ્પષ્ટ હતી. ખાવાનું એવું જ હોય. પણ અમને યુરોપિયનોને બધું ય ચાલે. ત્યાં ખાવાના વખતે એક કૌતુક થયું.

'શું ?' મેં પૂછચું.

'ખાવાનું લઈ આવનાર ચૌદેક વર્ષની છોકરી હતી. નાનકડી એવી હતી ત્યારે એને જોઇ હતી. હવે તો મોટી થઇ હતી. એવી શરમાય ! છતાં ઓળખાઇ ગઇ. મેં પૂછચું : 'આ કોણ ? શાંતા તો નહિ ?'

'મોટી થઇ ગઈ.' તેના પિતાએ કહ્યું. શાંતા નીચું જોઇ ગઇ.

મારા મનમાં વિચાર ઝબકી ગયો. આ છોકરી પૂરેપૂરી ભારતીય છે. ને તદ્દન અનપઢ છે. આણઘડ પણ છે. એને પઢાવી પણ શકાય ને ઘડી

પણ શકાય. આમાંથી મને પૌરસ્ત્ય નારી મળી રહે, — મારે જોઇએ એવી.

ત્યાંથી ચાલ્યો આવ્યો. પણ ઊંઘ ન આવે. મિત્રોને વાત કરી, હસી કાઢે બધા. આવી અભણ છોકરી ! ને પાછી... ! બોલે કોઈ નહિ, પણ સમજે બધા...' 'કે ?' મેં પૂછ્યું.

'કે આ મહાર જાતિની છે...પણ એમાં શું થઈ ગયું ? એટલે કંઈ એ હિંદી મટી જતી હતી ? મેં તો પેલાને વાત કરી. મારી માગણી મૂકી. હેબતાઈ જ ગયો એ તો. 'હોય કાંઈ ?'

'રાજી થઈ ગયો હશે !'

'ગભરાતો હતો. ત્યાં પારકા પરદેશમાં...ભરોસો કેમ પડે ? પણ અંતે માની ગયો. કારણ...' અને રામ મીઠુંમીઠું હસી રહ્યો.

'કારણ ?'

'કારણ હું એને વિશ્વાસપાત્ર માણુસ લાગ્યો, — ને આને પણ; નહિ શાંતા ?' ને શાંતા સાથે તે ઇટૅલિયનમાં થોડુંક બોલી ગયો.

મેં શાંતાને પૂછયું : 'તને મન નહોતું થતું આવા સરસ રાજકુમાર જેવા માણુસને પરણી જવાનું ?' શાંતાએ હસતાંહસતાં નકારમાં ડોકું ધુણાવ્યું. 'કાં ?' મેં સાશ્ચર્ય પૂછ્યું.

'ભાતિ વાટત હોતી.' તેણે કહ્યું.

'પરણ્યો ને રોમ આવ્યો.' રામે ચાલુ રાખ્યું. 'માતાપિતા લેવા આવ્યાં હતાં. માતા સામે તેની આ પુત્રવધૂ ધરી ત્યાં એ તો બેભાન જેવી જ થઇ ગઈ. આ ! ? આ ? તે તો જોઈ જ રહી ! ઘડીકમાં આની સામે જુએ અને ઘડીકમાં અંજની મજમુદાર સામે જુએ. એ પણ તેના પતિ સુભાષની સાથે મને ઉતારવા આવી હતી. હું માનો પ્રત્યાઘાત સમજી ગયો. કહ્યું : 'આ અંજની જેવી હિંદી છે ને, એવી જ આ શાંતા પણ હિંદી જ છે. માત્ર આ એના જેવી ઊજળી ચામડીવાળી નથી.'

માનું મન ન માન્યું. થોડા દિવસ મારી સાથે ઝગડી પણ ખરી. પણ શાંતાને સુખ હતું. મા શું બોલતી તે આ સમજતી નહિ. એટલે એ તો હસતી જાય ને કામ કરતી જાય. કામ કરવા એ ટેવાએલી હતી. મા થોડા દિવસમાં ખુશ થઈ ગઈ. માને ખુશ થતાં કેટલી વાર, મિ. બ્રોકર ? પણ મને થયું, સારું થયું હું આ અભણ સ્ત્રી લાવ્યો એ. પેલી ભણેલી બધું ય સમજત ને ઝગડાનો પાર ન રહેત.' 'પણ ભાષા ?'

'શાંતા ભાષા થોડા સમયમાં શીખી ગઈ. નવરી પડે એટલે રેડિયો સાંભળ્યા કરે. આજુબાજુ પણ બધાં એ જ બોલતાં હોય. ને શાંતા ભલે ભણી નહોતી, પણ કંઇ ડોઠ થોડી હતી ?' ફરી પાછી, શાંતા સામે જોતાં, પેલી અભિમાનભરી ગૌરવની રેખાઓ તેની આંખોમાં તરી આવી.

આ રસિક વાતનો રસ માણતાં માણતાં અમે પેલા ગામડામાં ક્યારે ઘૂસી ગયાં તેની ખબર ન પડી. ત્યાં જઇને તાજો પાઉં અને માખણ ખાધાં. તાજું દૂધ પીધું. બધું જ આપણા નાના ગામમાં હોય એવું લાગે. ચોખ્ખું ઘણું વિશેષ, પણ ઇન્ગ્લૅન્ડ કે ફ્રાંસ કે અમેરિકાનાં ગામડાં ગામડાં જ ન લાગે. એવું અહીં નહિ. આ ખરેખર ગામડું લાગે.

ત્યાંના દેવળમાં ગયા. તેનાં નીચેના ભોંયરા જેવા ભાગમાં રામ અમને લઈ ગયો. ચાર થાંભલા બતાવ્યા. પછી કહે : 'બારીકીથી જુઓ જોઉં, મિ. બ્રોકર. કંઈ પરિચિત ચીજ દેખાય છે ?' તેણે ખાસ કહ્યું એટલે સાવધાનીપૂર્વક જોયું. એ થાંભલા પૂર્ણવિકસિત કમળના આકારમાં પથ્થરમાં બેસાડયા હતા. 'કમળ છે,' મેં કહ્યું.

'એ જ તો કહું છું.' તેણે કહ્યું : જુઓ આ તમારો કમળનો મોટિફ ફરતોફરતો ક્યાંનો ક્યાં છેક અહીં સુધી આવી પહોંચ્યો છે !'

બહાર નીકળ્યાં. આંટા મારતાં હતાં ત્યારે ગામડાની સ્ત્રીઓ શાંતા સામે જોઇ રહેતી હતી. નાની છોકરી જેવી એ લાગતી હતી એટલે એ લોકો 'સિન્યોરિના' (એટલે કે 'કુમારી') કહીને બોલાવતી. ઑર્સિની તરત જ સુધારી લેતો. કહેતો : 'એ સિન્યોરિના નથી; સિન્યોરા (શ્રીમતી) છે.' એ નાટક જોવાની મને મઝા આવતી.

રોમની નજીકના ભાગમાં આ નવીનતાભર્યાં દર્શન આનંદપ્રદ નીવડયાં. ત્યાંથી પાછાં ફરી એને ઘેર પહોંચ્યાં ત્યારે પેલા ગામડામાંથી રોમના સ્વર્ગમાં આવી પહોંચ્યાં હોઇએ એવું લાગ્યું. સારામાં સારા સ્થળે એ બંગલો આવેલો હતો : ટેકરીની ટોચ ઉપર. ત્યાંથી અર્ધું રોમ દેખાય. ઘેર જતાંવેંત મેં શાંતાને કહ્યું : 'હવે હું તારો મહેમાન થયો.'

ખુશ થઇ. સરસ ખવડાવ્યું—પીવડાવ્યું. નીકળતી વખતે મેં એને પૂછયું : 'તું કેમ છો ? દેશમાં વડીલને કંઇ કહેવડાવવું છે ?'

'સુખી છું.' તે એટલું જ બોલી. ને રામ સામે જોયું. એ નજરમાં જેટલો પ્રેમ તેટલી જ કૃતજ્ઞતા ભરી હતી. શાં પુણ્ય કર્યાં હશે એ છોકરીએ, કે આવો ભરથાર પામી !

બીજે દિવસે ઑબ્રે મેનનને ત્યાં જમવા જવાનું હતું. ત્યાં લઈ જવા પણ રામ જ આવ્યો. રસ્તે મોટર ચલાવતાં ચલાવતાં મોટરવાળાઓએ પગે ચાલનારા માણુસોની બાબતમાં જે ધ્યાન રાખવું પડે તે મને સમજાવતો ગયો. ચાલનારાના હક્કને ઊની આંચ ન આવવી જોઇએ. પિડેસ્ટ્રીઅન ક્રોસિંગ આગળ મોટરોએ ઊભા રહી જવું જોઇએ. એ બધી વસ્તુઓ આપણે ધડો લેવા લાયક હતી.

ઑબ્રે મેનનનું ઘર સરસ લત્તામાં હતું. વિયા ફોન્ટેનેલા. રોમનો એ શ્રીમંત ભાગ ગણાય. એવા કોઇક ભાગ પાસેથી પસાર થતા હતા ત્યારે જ્યૉર્ટે અમેરિકા અને ઇટલીની સરખામણી કરતાં એક વાત કરેલી એ યાદ આવી ગઈ. 'આ જોયું મિ. બ્રોકર ? આ અહીંનો સમૃદ્ધ લત્તો ગણાય છે.' જ્યૉર્ટે ત્યારે કહેલું.

'દેખાય છે જ.' મેં કહ્યું હતું.

'અહીં શ્રીમંત માણુસો રહે. ' શ્રીમંત નથી. હું તો માત્ર એક ડૉકટર છું. તે પણ માનસશાસ્ત્રનો; ને છતાં...'

'તમે આવાં મકાનોમાં રહો છો ?' મેં વાક્ય પૂરું કરવા પૂછયું હતું.

'ના, હું નહિ; મારી સેક્રેટરી.' અને ક્ષણમાત્રમાં અમેરિકાની સમૃદ્ધિનો એથી મને ખયાલ આવી ગયો હતો.

ઑબ્રે મેનનના ઘરની ઘંટડી મારતાં આ વિચારો મનમાં રમી રહ્યા હતા. એમના વિષેનું કુતૂહલ પણ : ફૉર્મલ હશે કે ઉષ્માભર્યા ?

ઉષ્માભર્યા નીકળ્યા. પ્રેમપૂર્વક આવકાર આપ્યો. હાથ મિલાવ્યા. હિલ્લા વકીલના ખબર પૂછયા. તેમના મંત્રી જેવા લાગતા અંગ્રેજ લેખક મિ. ડૉલ્ટનની ઓળખાણ કરાવી. હિંદુસ્તાનના લેખન વિશે પ્રશ્નો પૂછયા. મેં રામની ઓળખાણ કરાવતાં કહ્યું : 'તમે "રામ"ના શોખીન છો ને ?' 'રામ રી-ટોલ્ડ' નામનું તેમનું પુસ્તક જે અવળચંડી પ્રસિદ્ધિ પામ્યું હતું તેના ઉપર એ શ્લેષ હતો. 'તો હું તમારી પાસે આ "રામ"ને લાવ્યો છું.' આમ કહીને તેની બધી હકીકત સંભળાવી. મેનન ખુશ થઇ ગયા. કહ્યું : 'મારા પુસ્તકને જે તિરસ્કાર મળ્યો તેથી "રામ"થી ગભરાઈ ગયો છું, પણ આ "રામ"ને જોઇને મારી શ્રદ્ધા મને પાછી મળતી લાગે છે.'

સાહિત્ય વિષે તો વાત થાય જ. ખૂબ થઇ. પછી કૃષ્ણ મેનન વિષે પણ વાત નીકળી. તેમની જોડે ઑબ્રેએ વર્ષો સુધી કામ કરેલું. 'કૃષ્ણ મેનન માણુસ બહુ સારા. પણ મિજાજે તંગ. શા માટે એમ હશે ?'

મને સૂઝયું એવું હું બોલી ગયો : 'લગ્ન નથી કર્યાંને એમણે ? એટલે હશે. પરિણીત જીવનમાં માણુસને ઘણી તડજોડ કરવી પડે, એટલે એ ઠેકાણે રહે. પણ આ નિતકુંવારાઓને તો...'

ઑબ્રે હસી પડયા : 'એમ પણ હોય.' એમ કહીને ફરીથી હસ્યા. મુંબાઈ આવી હિલ્લાને મેં જ્યારે આ વાત કરી ત્યારે મેં કરેલો બફાટ સમજાયો : ઑબ્રે મેનન પોતે પણ 'નિતકુંવારા' જ હતા !

વાતવાતમાં તેમણે એક અમેરિકન મૅગૅઝીને તેમને અમેરિકા બા-

લાવ્યા હતા તે વિષે કહ્યું: આવવું-જવું, સારામાં સારી હોટેલોમાં રહેવું, એ બધું એ મૅગૅઝીન ઉપર. બદલામાં મેનને તે મૅગૅઝીનને એક લેખ લખી આપવો. એની પણ પાછી રૉયલ્ટી મળે: ફક્ત ત્રણ હજાર ડૉલર, એટલેકે પંદર હજાર રૂપિયા! તેમણે જમાડી એ રસોઈથી તો મોંમાં પાણી આવ્યાં જ હતાં; આ વાતથી કોગળો કરવો પડે એટલાં બધાં આવ્યાં!

રાત્રે પ્રો. આસુન્ટો અને તેમનાં પત્ની જમવા લઈ ગયાં. મકાઈના રોટલા જેવું કશુંક ખવડાવ્યું. ખૂબ સ્વાદિષ્ટ હતું. રેસ્ટોરાં સુંદર હતી. જમતી વખતે બૅન્ડ તો વાગે જ, પણ સાથેસાથે એ વગાડનારાં નાચે પણ ખરાં. શિષ્ટ લાગે. ગ્રામ્ય કે અભદ્ર જરા યે નહિ. નાઈટ ક્લબનું વાતાવરણ નહિ. પણ સુંદર, અતિસુંદર; આ રોમ નગરી હતી તેવું જ.

પ્રો. આસુન્ટો ત્યાંની પી. ઈ. એન.ના સેક્રેટરી હતા. ત્યાંના લેખકો વિષે અને લેખન વિષે ખૂબ વાતો કરી. આ ઋતુમાં મુખ્ય મુખ્ય બધા જ લેખકો બહારગામ ચાલ્યા ગયા હોય છે એ વાતનો એમને અફસોસ થતો હતો. મેં કહ્યું: 'મને પણ એનો અફસોસ છે, પણ છતાં એ લોકો એક સરસ કામ કરતા ગયા છે, સૌથી વિશેષ મૂકવા જેવી ચીજ તેઓ અહીં મૂકી જ ગયા છે.'

'શી છે એ?' પતિપત્ની બન્ને એકીસાથે પૂછી રહ્યાં.

'તમારી આ સુંદર નગરી.'

એ વાતાવરણ મગજમાં ભર્યું હતું ને બીજે દિવસે ગ્રેવાઈના પાસે હિસાબ ચૂકવવા ગયો. એ કહેતી કે પોતે પાકી ઇટૅલિયન ધંધાદારણ હતી. પણ હિસાબ કરતી વખતે મને તો એ તદ્દન ભોળી લાગી. મારા બિલમાં જોઇએ એથી પચાસેક લીરા જેટલી રકમ ઓછી ચડાવેલી હતી. આ લોકો પણ ભૂલ કરે છે ખરાં ત્યારે, મને થયું; ને હું હસી પડયો. એને મેં કહ્યું: 'તમે ભલાં છો, પણ હોશિયાર નથી.'

'કેમ?' એ પણ હસી.

'ઇટૅલીનાં માણસોની આબરૂ તો એ છે કે તેઓ પાંચ લીરા વધારે લઈ લે, પણ પચ્ચીસ ઓછા તો ન જ લે.'

'તે એ વાતનું શું છે અહીં?' તેણે ભ્રૂકુટિ સંકોચી.

'તપાસી લો તમારો હિસાબ,' મેં કહ્યું. તેણે હિસાબ ઉપર નજર ફેરવી. પછી કહ્યું: 'બરોબર છે બધું. લાવો મારા પૈસા.' મેં હવે સીધું જ કહ્યું: 'તમે પચ્ચીસ ઓછા લખ્યા છે.' હવે એ મોટેથી હસી પડી: 'અરે ભલા માણસ, તમે મને સાવ ભોટ સમજ્યા?'

હું મૂંઝાયો: 'કેમ?'

'એક પૈસો યે ઓછો ચડાવું એવી નથી. પણ આ તો મારે નથી લેવા.'

'શા માટે?'

'તમે સરસ ઉતારુ રહ્યા છો. તમારા મારે ત્યાં આવવાથી મને ખૂબ આનંદ થયો છે. ને તમે...તમે...' 'શું?'

'તમે સારા માણસ લાગો છો. કેટલાં બધાં તમને મળવા આવે છે ને પોતાને ઘેર બોલાવે છે!'

'થૅંક યુ. પણ તમે પૈસા પૂરા લઈ લો.'

'ન લેવાય મારાથી.' 'એ વળી શાને?'

'તમને ખબર નથી, પણ મને ખબર છે, તમે કેટલા ઓછા ટંક મારે ત્યાં ખાધું છે? વદાડ તો રહેવા અને ખાવા બન્નેયનો હતો ને?'

'પણ તેથી શું થયું? તમારો હક્ક...'

'હક્ક મારો તમારા પ્રેમમાં રાખજો. રોમને યાદ કરો ત્યારે આ બુઢ્ઢી ગ્રેવાઇનાને પણ યાદ કરતા રહેજો.' કહી તેણે પ્રેમથી મારો હાથ પાછો ધકેલી દીધો. તેની એ વાત મેં માની છે. હજી આજે પણ એ વત્સલ વૃદ્ધ સ્ત્રીને હું ભૂલ્યો નથી.

તેની રજા લઈ, ફેરીનાને અલવિદા કરી, રામની સાથે હું સામાન લઇને બહાર નીકળી પડયો. મને ઍર ટર્મિનલ પર પહોંચાડવાની છેલ્લી વિધિ પણ એ જ પતાવવાનો હતો. એક સરસ જગ્યાએ જઇને આઇસ્ક્રીમ ખાધું, થોડી ખરીદી એની સાથે રહીને કરી, ને પછી ટર્મિનલ પર પહોંચી ગયા. સમય કરતાં ઘણા વહેલા પહોંચ્યા હતા. પણ હવે રામને છૂટો કરવો જોઇએ. ભલા આદમીએ મારી પાછળ ઘણો સમય ખર્ચ્યો હતો, ઘણો શ્રમ લીધો હતો. 'શાંતા ન આવી શકી, પણ તમને ખૂબ પ્રેમપૂર્વક "આવજો" કહ્યું હતું.' તેણે કહ્યું.

'મારા તરફથી તેને "આવજો" કહેજો.' મેં કહ્યું: 'એની ને તમારી વાત અને વર્તણૂંક હું કદી યે નહિ ભૂલુ.'

'માનો છો, અમે તમને ભૂલી શકીશું?'

'નહિ જ. પણ હવે જાઓ, નહિતર હું અકળાયા કરીશ.'

'આવજો.' 'આવજો.'

ઊર્મિસભર હસ્તધૂનન થયું ને એ તરવરતો જુવાન અદૃશ્ય થઈ ગયો. તેના જ વિચારોમાં આમતેમ આંટા મારતાં કલાકેક કાઢી નાખ્યો.

અંતે ઍરપોર્ટ પર પહોંચ્યો. ત્યાં પણ રાહ જોવાની હતી. એક સોફા ઉપર હું બેઠો હતો—એકલો અને એકાકી—ત્યાં એક જુવાન સ્ત્રી આવી પહોંચી. સામું જોઇ, હસીને, બેસવાની રજા માગવા જેવું કર્યું. મેં ખસીને જગ્યા કરી આપી. બોલવા ગયો તો એ હસી પણ બોલી નહિ. એક જગ્યાએ આંગળી બતાવતી રહી. ત્યાં જોયું. પાંચ હાથ પૂરો તંદુરસ્ત જુવાન માણસ હતો. એની બીક બતાવતી હશે? મનમાં ગભરાયો. 'કોણ છે?' એમ પૂછયું. એણે ફરી આંગળી ચીંધી. એ માણસે એ જોયું અને નજીક આવ્યો. એની સાથે એ કંઇક બોલી—મને બતાવતી બતાવતી. હવે હું ખરેખર મૂંઝાયો. કંઈ અવિનય થયો હશે? ત્યાં તો પેલો માણસ મારી તરફ ફર્યો. હસીને હાથ લંબાવ્યો. કહે; 'આ મારી પત્ની છે. અંગ્રેજી નથી આવડતું એટલે મૂંઝાય છે. તમે પૂછયું એ કશું સમજી નથી, એટલે માફી માગે છે.'

'ઓહ, ઓહ,' હું એટલું જ બોલી શકયો. પેલી સ્ત્રી સામે જોયું. એ મરક મરક હસી રહી હતી. 'તમે કયા દેશના છો?' મેં પૂછયું

'અમેરિકાનો.' તેણે કહ્યું.

'ને છતાં...' મારું આશ્ચર્ય વધી ગયું

'પણ મારી પત્ની ગ્રીસની છે. હું યે મૂળ ગ્રીસનો. હમણાં રજાઓ ગાળવા ગ્રીસ ગયો હતો. ત્યાંથી આ "રત્ન" ઉપાડી લાવ્યો. અ ડાયમન્ડ, ઍન અનકટ ડાયમન્ડ.' તે હસ્યો.

'રત્ન નથી, મૂર્તિ છે—વીનસની મૂર્તિ. સવસ્ત્ર વીનસ.' હું યે હસ્યો.

'લાગે છે તમને એવી એ?' તેણે પૂછયું.

'નહિ તો' અહીંની ઇટૅલિયન સુંદરીઓ આની પાસે ઝાંખી પડે.'

'ખરેખર?' કહી તેણે પત્ની સામે જોયું, ને સંતોષનો શ્વાસ લીધો. પછી કહે: 'એને કશું આવડતું નથી. પણ ત્યાં અમેરિકા આવશે કે છ મહિનામાં કડકડાટ અંગ્રેજી બોલતી થઇ જશે,—ને મોટર ચલાવતી પણ.'

'તમે મોટર ચલાવતાં શીખવી દેશો એને?'

'એના પોતા માટે એક મોટર અપાવી દઇશ.'

'એમ?' મેં કહ્યું. પછી પૂછયું: 'તમે શું કરો છો ત્યાં?'

'મજૂરી—એક મોટા કારખાનામાં.'

હું તેની સામે જોઇ રહ્યો. આવો આત્મવિશ્વાસ અને આવી સમૃદ્ધિ આપણે ત્યાં પણ આવશે ખરી? ન જાને.

પણ ખરી મજા તો એ પછી થઇ. એ બન્ને એમનું વિમાન આવતાં ચાલી ગયાં. ફરી પાછો હું એકલો બેઠો હતો ત્યાં હાથમાં ફૂલબૂલ લઇને એક યુવતી આવી. બેચાર પળ આમતેમ જોયું. પછી લાગલું જ પૂછયું.

'હિંદુસ્તાન જાઓ છો?' 'કાઇરો.' મેં કહ્યું.

'ઓહ, આઈ ઍમ સોરી.' એ બોલી. 'કેમ?' મને આશ્ચર્ય થયું.

'હું તમને ભારતીય સમજી હતી.'

'તે છું જ હું ભારતીય.' મેં કહ્યું. 'કાઇરા તો માત્ર બે દિવસ માટે જોવા જ જાઉં છું.'

'હવે બરાબર.' તેણે સંતોષપૂર્વક કહ્યું.

'ને તમે? તમે ઇટૅલિયન તો નથી લાગતાં ?' 'નથી.'

'તો ફ્રેન્ચ છો ?' — 'ના, ભારતીય છું.'

'ભારતીય ?' આશ્ચર્યથી હું તેની સામે જોઇ રહ્યો. નખશિખ યુરોપિયન લાગતી હતી. સુંદર હતી. પણ નાજુક, પેતિ પૅરિસિયૅં જેવી. પછી સમજણનું કિરણ મારામાં પ્રવેશ્યું લાગ્યું. મેં ઉત્સાહપૂર્વક કહ્યું : 'સમજ્યો, સમજ્યો; ભારતના સજ્જનને પરણ્યાં છો. પણ તમે પોતે મૂળ ક્યા દેશનાં ?' 'ભારતની.'

'તે તમારાં માતાપિતા પણ ભારત રહેતાં ?'

'માતાપિતા, દાદાદાદી, તેમનાં પણ માતાપિતા...' તે ખડખડાટ હસતી હતી. 'એટલે ?'

'તમે જેટલા હિંદુસ્તાની છો ને, એટલી હું પણ હિન્દુસ્તાની છું. જન્મથી જ,—લગ્નથી માત્ર નહિ.'

હવે સમજણનું સાચું કિરણ પ્રવેશ પામ્યું. મેં હસીને ગુજરાતીમાં જ કહ્યું : 'તો એમ કહોને કે પારસી મૂઆં છો !'

'એ તો ક્યારની કહી રહીચ; પન તમે માનો તો ને ?' એ પણ ગુજરાતીમાં જ બોલી. 'ઓહ—' કહીને બફાટ માટે માફી માગવા જાઉં ત્યાં એ જ બોલી ઊઠી : 'પ્લીઝ ડોન્ટ, આઇ ટેઇક ઇટ ઍઝ અ કૉમ્પ્લીમેન્ટ.'

'થૅંક્યુ.'

પછી એણે કહ્યું : 'મારા હસબન્ડ બહુ મૂંઝાયા છે.' 'કેમ ?'

'ઘણી ચીજ લીધી છે. હવે સામાનનું વજન બહુ વધી ગયું છે.'

'કેટલાક પૈસા થશે ?' 'બસો–ત્રણસો રૂપિયા.'

'બસ ? દસબાર હજાર રૂપિયા આ મુસાફરીમાં ખર્ચ્યા હશે, તો બસો–ત્રણસોમાં જીવ શા માટે બગાડો છો ?'

'એ વાત સાચી છે, હોં.' તેના ચહેરા ઉપર મુક્તિની છાયા ફરી વળી. થોડી વાર પછી તેનો પતિ આવ્યો. મૂંઝાએલો અને ગભરાએલો લાગતો હતો. પત્નીએ પૂછ્યું : 'શું થયું ?'

'સમજતો જ નથી, નાલાયક. ચારસોની ઊઠી જશે.'

'તે ભલે ને, એમાં શું ?'

'એટલે ? મૅડ છે કે ?'

'બરજોર, આય જેન્ટલમૅન સાચું કહેચ. આટલા રૂપિયા ખચ્ચા એમાં ચારસો વધારે. જીવ કાંય બાલવો ?' બરજોરે આણગમાથી મારી સામે જોયું. પછી મુખ ફેરવી લીધું. પત્ની સામે જોઇને કહે : 'તે એવાણના ગજવામાંથી એ રકમ જવાની હોતે ને, તો એવણ એમ નહિ કહેતે. પન હું દોડું.' કહી તે મારી સામે પણ જોયા વિના દોડી ગયો......

તેમનો સામાન ઘણો હતો. હાથમાં લઇ જવાનો પણ. થોડું મેં હાથમાં લઇ લેવા નક્કી કર્યું. ઉપાડી જોયું. એ લોકો રાજી થયાં.

એમના આભારશબ્દો વિમાનનાં ઘરઘરાટમાં ડૂબી ગયા. ઘર તરફ લઇ જવાનો હતો એટલે એ ઘરઘરાટ પણ મીઠો લાગવા માંડયો.

પ્રાથમિક સારવાર

ડૉકટર આવી પહોંચે ત્યાં સુધી કેટલાંક દરદોમાં કરવાની જરૂરી

હેડકી

અપચો, અત્યાહાર કે મદ્યપાનથી હેડકી ઊપડે છે. ક્યારેક પુષ્કળ હસવાથી યા ચિત્તક્ષોભના કારણે પણ હેડકી આવે છે. શ્વાસોચ્છ્વાસમાં ઉપયોગી એવો ઉદરપટલ નામનો છાતી અને પેટની વચ્ચે આવેલો પરદો અનૈચ્છિક રીતે સંકોચાવાથી હેડકી આવે છે. એમાં સ્વાભાવિકરીતે લેવાતા શ્વાસને બદલે હવા ઝડપી આંચકાથી જવાથી હેડકીનો લાક્ષણિક અવાજ ઉત્પન્ન થાય છે.

ઉદરપટલ ઝડપથી સંકોચાતો બંધ થાય એટલે હેડકી મટી જાય. આના માટે જેમ બને તેમ શ્વાસને રોકવો જેથી ઉદરપટલ નીચે દબાતાં સંકોચાશે નહિ. શ્વાસ રોકી રાખી ધીમેધીમે પાણી પીવાથી પણ હેડકી આવતી બંધ થાય છે. એકબે મિનિટ સુધી ઠંડા કે ગરમ પાણીના કોગળા કરવાથી, અથવા મોં અને નાક ઉપર કાગળની કોથળી ધરી રાખી ઉચ્છ્વાસમાં આવેલો કાર્બન ડાયૉક્સાઇડ પાછો શ્વાસમાં લેવાથી પણ હેડકી બંધ થાય છે.

રોગીએ ખાવાનું બંધ કરી લીંબુનું પાણી કે છાસ પીવાં. જો બે કલાકથી વધુ સમય હેડકી ચાલુ રહે તો દાક્તરની સલાહ લેવી.

નાના બાળકને હેડકી આવે તો તેને ખભે તેડી બરડા ઉપર થાબડવું. એથી ઓડકાર આવી હેડકી બંધ થશે. જો આમ કરતાં યે બંધ ન થાય તો ભીનો ચમચો ખાંડમાં બોળી બાળકને ચાટવા આપવો.

ઉબકા અને ઊલટી

ક્યારેક ઉબકા અને ઊલટી એકસાથે આવે છે, ક્યારેક એકલાં. કદીક તેની સાથે પેટમાં પણ દુખે છે. અપચાથી માંડી ફ્લુ જેવો તાવ, અન્નવિષ, સ્ત્રીઓને જનનેન્દ્રિયની પીડા, હોજરીનું ચાંદું, પિત્તાશયનો વ્યાધિ ને ઍપેન્ડિસાઇટિસ વગેરેમાં આવો અનુભવ થાય છે. ઍપેન્ડિસાઇટિસમાં જમણી કૂખમાં પીડા હોય છે, તો પિત્તની પથરી કે પિત્તાશયની નલિકાના સખત સંકોચથી પેટની જમણી બાજુએ પાંસળીઓની ધાર ઉપર સખત પીડા હોય છે, જે જમણા ખભા કે ગરદન સુધી અનુભવાય છે.

ઊલટી અને પેટની પીડા થવાનાં કારણો જાણવાનું કામ દાક્તરનું છે. ઉબકા અને ઊલટી ચાલુ રહે તો દાક્તરને બોલાવવા જોઈએ. પેટની પીડા સાથે ઉબકા કે ઊલટી હોય તો (૧) મળ સાફ થવા માટે સારક કે જુલાબની દવા ન આપવી, (૨) રોગીને કંઈ ખાવા કે પીવા આપવું નહિ, (૩) રોગીનો તાવ માપવો, (૪) રોગીને પેટમાં પીડા થતી હોય તો પેટ પર શેક માટે ગરમ પાણી ભરેલી રબરની થેલી આપવી.

હોજરીના ચાંદામાં રોગીને પહેલાં ગરમાઈ બળે છે કે પેટની મધ્યમાં લાહ્ય બળે છે અને આવી સ્થિતિ પછી લોહીની ઊલટી થાય છે. આ ઊલટીનું લોહી લાલ નહિ પણ હોજરીના ઍસિડના લીધે ભુખરા કે કૉફી રંગનું હોય છે. આ વખતે તાત્કાલિક દાક્તર બોલાવવા કે રોગીને ઍાસ્પિટલમાં ખસેડવો. દરમિયાન એને પથારીમાં સુવાડી શાંતિ રાખવા કહેવું, પણ એને કંઈ ખાવાપીવા આપવું નહિ. બહુ તરસ લાગે તો બરફનો ટુકડો ચૂસવા આપવો. પેટ પર (હોજરીના ભાગ પાસે) બરફની થેલી કે ઠંડા પાણીનાં પોતાં મૂકવાં.

ક્ષયરોગમાં ગળફામાં કે ઉધરસ સાથે લોહી પડવા ઉપરાંત કદીક લોહીની ઊલટી પણ થાય છે. આ લોહી લાલચોળ અને ફીણવાળું હોય છે. રોગીનું આ ચિહ્ન તાત્કાલિક દાક્તરને જણાવવું. રોગીને પાછળ તકિયા ગોઠવી તેનું માથું ને ખભા ઊંચાં રહે એમ સુવાડવો. તેને વાતો કરવા દેવી નહિ તેમજ એને જરા પણ હાલવા ન દેવો. બરફ ચૂસવા આપવો, અગર ઠંડા પાણીના ઘૂંટ લેવા દેવા. બરફના ટુકડા નાખેલી ઠંડી ચા પીવા આપવી. તેની છાતી ઉપર બરફની થેલી કે ઠંડા પાણીનાં પોતાં મૂકવાં. પણ ગરમ પીણું કે ઉત્તેજક દવા આપવી નહિ. પગ પર કંઈ ઓઢાડીને તેને હૂંફમાં રાખવો.



ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી
પહેલી બેઠક : અમદાવાદ ઈ. ૧૯૦૫



કેશવલાલ હર્ષદરાય ધ્રુવ
બીજી બેઠક : મુંબાઈ ઈ. ૧૯૦૭



અંબાલાલ સાકરલાલ દેસાઈ
ત્રીજી બેઠક : રાજકોટ ઈ. ૧૯૦૯

પરિષદની પચ્ચીસીએ

આ (ડિસેમ્બર) માસની તા. ૨૬-૨૭-૨૮-ના રોજ જૂનાગઢમાં મળતા પચ્ચીસમા અધિવેશન સાથે ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની રજતજયંતી ઊજવશે. એ પ્રસંગના ઉપલક્ષ્યમાં એનાં પચ્ચીસે અધિવેશનોનાં પ્રમુખસ્થાનને શોભાવી ગએલા ગુર્જરગિરાનાં વિદ્વદ્રત્નો ને ગરવાં પુત્રોની તસવીરો, તે તે અધિવેશનોનાં સ્થળ તથા વર્ષના ઉલ્લેખ સાથે અહીં આપીએ છીએ. એમાં, બની શક્યું ત્યાં સુધી, તેમનું તત્કાલીન યથાર્થ દર્શન મળી રહે એ હેતુથી અધિવેશનના સમયની નજીકના ગાળાની જ છબી આપવાનો યત્ન કર્યો છે. સાથે સાથે, પરિષદના બીજા, ત્રીજા તથા ચોથા અધિવેશનની સમૂહછબીઓ પણ અન્યત્ર એ ઉદ્દેશથી આપી છે કે આ સદીના આરંભકાળે ગુજરાતી સાહિત્યને ખેડનારા અને એ પરિષદ્વૃક્ષને હોંશ તથા નિષ્ઠાથી ઉછેરનારા આપણા કવિઓ, લેખકો, સાહિત્યરસિકો—જેમનાં આજે તો માત્ર નામ જ વાંચવા સાંભળવા મળે છે તેમનું આજની પેઢીને દર્શન થાય. આશા છે કે ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં રસ લેનારા જિજ્ઞાસુઓને તે ઉપયોગી થશે. ભવિષ્યમાં એ સર્વ તથા અન્ય ગરવા ગુજરાતીઓની પૃષ્ઠકદની મોટી સંગ્રહવા યોગ્ય છબીઓ તેમની ટૂંકી જીવનરેખા સાથે આપવાની મનીષા છે.



રણછોડભાઈ ઉદયરામ
ચોથી બેઠક : વડોદરા ઈ. ૧૯૧૨




નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા
પાંચમી બેઠક : સુરત ઈ. ૧૯૧૫



હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા
છઠ્ઠી બેઠક : અમદાવાદ ઈ. ૧૯૨૦



કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી
સાતમી બેઠક : ભાવનગર ઈ. ૧૯૨૪



રમણભાઈ મહીપતરામ નીલકંઠ
આઠમી બેઠક: મુંબાઈ ઈ. ૧૯૨૬




આનંદશંકર બાપુભાઈ ધ્રુવ
નવમી બેઠક : નડિયાદ ઈ. ૧૯૨૮



ભૂલાભાઈ જીવણજી દેસાઇ
દસમી બેઠક : નડિયાદ ઈ. ૧૯૩૧




કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
અગિયારમી બેઠક : લાઠી ઈ. ૧૯૩૩



મહાત્મા (મોહનદાસ કરમચંદ) ગાંધીજી
બારમી બેઠક : અમદાવાદ ઈ. ૧૯૩૬




કનૈયાલાલ માણેકલાલ મુનશી
તેરમી બેઠક : કરાચી ઈ. ૧૯૩૭



અરદેશર ફરામજી ખબરદાર
ચૌદમી બેઠક : અંધેરી ઈ. ૧૯૪૧



લેડી વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠ
પંદરમી બેઠક : વડોદરા ઈ. ૧૯૪૩



રામનારાયણ વિશ્વનાથ પાઠક
સોળમી બેઠક : રાજકોટ ઈ. ૧૯૪૬




કનૈયાલાલ માણેકલાલ મુનશી
સત્તરમી બેઠક : જૂનાગઢ ઈ. ૧૯૪૯



હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટિયા
અઢારમી બેઠક : નવસારી ઈ. ૧૯૫૨



કનૈયાલાલ માણેકલાલ મુનશી
ઓગણીસમી બેઠક : નડિયાદ ઈ. ૧૯૫૫



કાકાસાહેબ (દત્તાત્રેય બાલકૃષ્ણ) કાલેલકર
વીસમી બેઠક : અમદાવાદ ઈ. ૧૯૫૯



વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી
એકવીસમી બેઠક : કલકત્તા ઈ. ૧૯૬૧



રસિકલાલ છોટાલાલ પરીખ
બાવીસમી બેઠક : વિલેપારલે ઈ. ૧૯૬૩




જ્યોતીન્દ્ર હરિહરશંકર દવે
ત્રેવીસમી બેઠક : સુરત ઈ. ૧૯૬૫



ઉમાશંકર જેઠાલાલ જોશી
ચોવીસમી બેઠક : દિલ્હી ઈ. ૧૯૬૭



ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર 'સુન્દરમ્'
પચ્ચીસમી બેઠક : જૂનાગઢ ઈ. ૧૯૬૯



ગુજરાતી સાહિત્ય પરિષદનું બીજું અધિવેશન (મુંબાઇ, ઇ. ૧૯૦૭) વખતે: ખુરશીમાં ડાબી બાજુથી મણિશંકર રતનજી ભટ્ટ (કાન્ત), આનંદશંકર બાપુભાઇ ધ્રુવ, નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા, રમણભાઇ મહીપતરામ નીલકંઠ, પુરુષોત્તમ વિશ્રામ માવજી, કેશવલાલ હર્ષદરાય ધ્રુવ (પ્રમુખ), ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર, વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય, કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, અરદેશર ફરામજી ખબરદાર; ખુરશી પાછળ ઊભેલા: ડાબી બાજુથી ..., કૃષ્ણરાવ ભોળાનાથ દિવેટિયા, ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરી, નગીનદાસ માસ્તર, ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી, .../ રણજિતરામ વાવાભાઇ મહેતા, બલવંતરાય કલ્યાણરાય ઠાકોર, રા. બા. પારનીસ/...; છેક પાછળ ઊભેલા ડાબી બાજુથી: હિંમતલાલ ગણેશજી અંજારિયા, જન્મશંકર મહાશંકર બૂચ (લલિત), ..., મનસુખલાલ આત્મારામ માસ્તર, બલવંતરાય, હરિલાલ માધવજી ભટ્ટ, ભીમરાવ, વામનરાવ માસ્તર.

સંયોજનાલેખનો



રાણકપુરના જૈન મંદિરમાંનું એક શોભનસંયોજન
એક મુખ-પાંચ અંગની સુંદર ગૂંથણી
(ફોટો: અમૃતલાલ ત્રિવેદી)

વૈવિધ્યની ચાહક માનવ-વૃત્તિ કલાની અભિવ્યક્તિમાં હમેશાં અવનવાં રૂપાન્તરો ખોળતી જ રહે છે; અને એના એ પ્રયત્નોમાંથી આપણને અસંખ્ય સુંદર નવસર્જનો મળતાં રહે છે. બિંદુ, રેખા કે વર્તુળની અવનવી અટપટી રચનાઓમાંથી એણે ભૌમિતિક આકૃતિઓનું વૈવિધ્ય સર્જાવ્યું. તેમાંથી આગળ વધીને રંગબેરંગી પુષ્પો, વળાંકાવાળી વેલપત્તી ને ઘાટીલાં ફળો જેવી કુદરતી સમૃદ્ધિમાંથી પ્રેરણા લઈ અનેકાનેક અવનવી ભાતો કલ્પીને એણે તેને પથ્થર, ધાતુ, કાષ્ઠ કે આલેખનમાં ઉતારી છે. માળા ને ગજરાની ફૂલગૂંથણી યા ઘરઆંગણની રંગોળી જેવાં અલ્પજીવી સર્જનો પણ એ પ્રેરણાની જ નીપજ છે.

પણ ભૌમિતિક આકારો કે ફૂલછોડની વેલબુટ્ટીઓ જ શા માટે? એથી યે આગળ જઇ પશુપક્ષી અને છેક માનવપાત્રોની હૂબહૂ નકલ ઉતારવા એ પ્રેરાયો છે, એટલું જ નહિ પણ એ બધાંને પ્રકૃતિમાં ક્યાં યે જોવા ન મળે એવી અદ્ભુત રીતે ગોઠવીને કોઈ અનન્ય અભિનવ આકૃતિ કે રચના પણ એ ઉપજાવે છે. આમ કરવામાં એણે પોતાના કલ્પનાવિહાર અને કલાકૌશલનો જે પરચો બતાવ્યો છે તે દાયકાઓ ને સદીઓ પછી યે એટલો જ રોચક રહ્યો છે. કાલાનુક્રમે એની શૈલી કે વિષય બદલાતાં હશે, પણ કંઈક વધુ સુંદર, કંઈક ઓર નવું કરી બતાવવાની મૂળભૂત ઝંખનાનો પ્રવાહ તો એક જ સરખો વહેતો રહ્યો છે.


એ સ્રોતમાં વહેવા સાથે એણે કરેલા કલ્પનાવિહારનું એક પાસું છે શોભન-સંયોજનનાં શિલ્પો અને ચિત્રો. એ ક્ષેત્રમાં માનવીની કલ્પના ખરેખર રમણે ચઢી છે. અરે, સ્વાભાવિક દર્શને ભયપ્રેરક લાગતા નાગના અંગ-વળાંકની એણે કેવી તો અનેક સુંદર ગૂંથણી કરી બતાવી છે. અશ્વ, હાથી, સિંહ, નંદી, અરે અઢારે વાંકા અંગવાળા ઊંટને પણ એણે મનોહર આકારમાં ગૂંથી બતાવ્યો છે. એક જ સરખાં પ્રાણીના સમૂહની આવી કલામય સંયોજના ઉપરાંત વિવિધ પ્રાણીઓની અવનવી ગૂંથણી કરીને પણ સુંદર રચનાઓ એણે પ્રકટાવી છે. (જુઓ પૃષ્ઠ ૪૯૨-૯૩-૯૪)

વળી, એક જ મસ્તકની આસપાસ સ્વાભાવિક અને છતાં સુંદર લાગે એવી અનેક શરીરની અપ્તરંગી રચના પણ એણે કલ્પી છે. તેમજ અમુક એક આકારમાં અનેક આકૃતિઓનો ચાતુરીયુક્ત સમાવેશ કરવાનું કૌશલ પણ ઘણા પ્રમાણમાં મળી આવે છે. (અનુસંધાન પૃષ્ઠ પ૨૭)





એકબીજાના આસ્લેષમાં ગોઠવાએલી ચાર
મોર અને ચાર હંસની બે ચાતુરીભરી
કલામય સંયોજનાકૃતિઓ






ડાબી બાજુ : આશ્લેષયુક્ત હંસદ્વય અને ઉપર નાગયુગલ



ઉપર : લિપિસંયોજનાનું એ સુંદર દૃષ્ટાંત. ઇસ્લામના આશ્રયે વિકસેલી આ સંયોજનામાં બાર ઇમામનાં નામાક્ષરો વડે અશ્વાકૃતિ રચી છે.

←મૃગચતુષ્કય : જેમાં ચારે મૃગ એક જ આંખે જુએ એવી ચતુરાઇ વાપરી છે.






ઉપર : નંદી-કુંજર. એકબીજાના આકારથી પૂર્ણતા પામતું સાદું પણ ચાતુરીયુક્ત સંયોજન.

નીચે : એક મુખ અને ત્રણ અંગવાળી તાંજોરની આ સિંહસંયોજનાની વિશિષ્ટતા એ છે કે ઉપરના બંને સિંહ ત્રીજા પર ત્રાટકી પડેલા લાગે છે.





પશ્ચિમની કેલ્ટ (સેલ્ટ) કળામાં પ્રાણી-ગૂંથણીનું શોભન-આલેખન






નવનારીની આ (જમણી બાજુ) સુંદર અશ્વરચનામાં ઘોડાના મુખનો આભાસ આપનારી ગોપીના હાથની ગોઠવણુ જેમ ચાતુરીભરી છે તેમજ અશ્વના પગનો ખયાલ આપવા માટે પણ સુંદર કલ્પના કરી છે. અશ્વમુખને સ્થાને ગોઠવાએલી ગોપીની વેણી વડે જ અશ્વની કેશવાળી સૂચવવામાં કે એના પેટની લંબાઇ સાધવા માટે વચ્ચે બેઠેલી ગોપીના ખોળામાં મૃદંગ મૂકવામાં પણ કલાકારે એવી જ ચતુરાઇ દાખવી છે. અને એ જ રીતે એક ગોપીના હાથમાં મોરપિચ્છની ચામર મૂકીને અશ્વારૂઢ કૃષ્ણના બેસણાને ગૌરવ આપ્યું છે. (ઉપર) બંસીધારી કૃષ્ણને વિવિધ વાદ્યોથી સાથ આપતી નવ ગોપીની કુંજર-આકાર સંયોજના.









ઊંટનાં અઢારે વાંકાં અંગના બાહ્યાકારોને સાધીને તેમાં સમાવેલી સ-માનવ પ્રાણીસૃષ્ટિની ઉપર જમણી બાજુ દર્શાવેલી સંયોજનામાં વિવિધ પ્રાણીઓના આકારનો જે ચાતુરીયુક્ત ઉપયોગ કર્યો છે તે એના આલેખકની વિશાળ નિરીક્ષણશક્તિનો દ્યોતક પણ છે. આવી જ ચતુરાઇ અશ્વ અને કુંજરના આકારમાં પણ પ્રયોજાયાનાં અનેક ઉદાહરણો પ્રાપ્ય છે. જમણી બાજુ નીચે: એક મુખ બે અંગની વાનરાકૃતિ અને એકબીજાને કરડવા મથતા ઊંટતી અટવાએલી ડોકની સુંદર સંયોજના. પહેલી આકૃતિ ઘુમલી (સૌરાષ્ટ્ર)ના પ્રાચીન મંદિરના સ્તંભની કુમ્ભી પર કોરેલી છે. બીજી આકૃતિ મુઘલ શૈલીની પ્રાણીચિત્રણાનું ઉદાહરણ છે. ડાબી બાજુનું 'પરી'નું સંયોજન ઈસ્લામી સંયોજનાનો નમૂનો છે. ઈસ્લામમાં મૂર્તિપૂજાની મના હોવાથી તેની કલાપ્રતિભા ભૂમિતિની આકૃતિઓ, સુંદર અક્ષરાલેખનો તથા તેનાં આવાં ચાતુરીભર્યાં સંયોજનોમાં પ્રકટી ઊઠી. આવું એક ઉદાહરણ પૃ. ૪૯૨ પર છે. અહીં પરીના આકારની સમગ્ર રચનામાં માત્ર સૂત્ર-શબ્દો અને નામાક્ષરોના વળાંકાનો જે ઉપયોગ થયો છે તેની પરાકાષ્ઠા પરીની પીઠ પરના છત્ર, માથા પરના તાજ અને ચહેરામાંનાં આંખ નાક હોઠ સુધી પહોંચેલી જણાશે.

દશાવતાર ગાંધીજી

લેખક · સાને ગુરુજી

ગાંધીજી 'અવતારી' પુરુષ હતા કારણ, કે જીવનનાં તમામ ક્ષેત્રે એમણે 'અવતરણ' કર્યું. અવતારી એટલે જે ન્યાય માટે, સત્ય માટે (દૂર ન રહેતાં) સમાજ વચ્ચે આવી સંઘર્ષ ખેલે. આ દૃષ્ટિએ આપણે મહાપુરુષોને અવતારી ગણીએ છીએ. મહાત્માજી એ તો અનંતાવતારી કહી શકાય એટલા વિરાટ જીવનમાં એ વ્યાપ્ત હતા, અનેક રીતે પ્રકાશ ફેલાવનાર માર્ગદર્શક હતા, પણ સુલભતા ખાતર આપણે એમના મુખ્ય દશ અવતાર જોઇએ:



૧ સત્ય-અહિંસાનો અવતાર


પ્રથમ અવતાર સત્ય-અહિંસાનો. એમાં એમના મહાન જીવન અને તત્ત્વજ્ઞાનનો આવિષ્કાર થયો છે. એક વાર એમણે કહેલું: 'કોઇનું ખૂન કરી લોહિયાળ હાથે આવી ખૂની મને કહે કે મેં ખૂન કર્યું છે તો હું એને માફ કરું, કારણ કે એ સત્યવચની છે; પરંતુ અસત્ય મારાથી ક્ષણભર પણ સહન નહિ થઈ શકે.' ઇશ્વર એટલે સત્ય, એ એમની વ્યાખ્યા હતી. વેદમાં ઋત શબ્દ વારંવાર વપરાયો છે. ઋત એટલે વિશ્વવ્યાપક સત્ય; વિશ્વનું નિયમન કરનાર, સુસંવાદ નિર્માણ કરનાર સત્ય. સત્યમાંથી અહિંસા જન્મે છે. મને કોઇનો નાશ કરવાનો શો અધિકાર? હું મારા સત્ય પ્રમાણે વર્તું; બીજાને એના સત્ય પ્રમાણે વર્તવા દઉં. મહાત્માજીએ સત્ય-અહિંસાને સાધન ગણ્યાં. એમાંથી બ્રહ્મચર્ય, અપરિગ્રહ ઇત્યાદિ વ્રતો ઉદ્‌ભવ્યાં. તમામ શક્તિ સત્ય પાછળના પુરુષાર્થ માટે વાપરવી જોઇએ માટે બ્રહ્મચર્ય આવશ્યક છે. બ્રહ્મચર્ય એટલે સર્વ ઇન્દ્રિયોનો શારીરિક, માનસિક અને બૌદ્ધિક સંયમ. શક્તિનો સંયમ કરી એ શક્તિથી પોતાના અને આસપાસના લોકોના જીવનને પ્રકાશિત કરવું જોઇએ.



૨ રાજકીય અવતાર


જનતાને સુખી કરવી હોય તો શાસનસંસ્થા (સરકાર) જનતાને અનુકૂળ હોવી જોઈએ. સરકાર જ ન હોય, ને આખો માનવસમાજ સહકારથી જીવે એ એમનો આદર્શ હતો, પણ એ શાસનવિહીન સહકારી સમાજ આવે ત્યાં સુધી લોકશાહી સરકાર હોવી જોઈએ, સરમુખત્યારી કે તાનાશાહી નહિ. એ માટે મહાત્માજી રાજકારણી બન્યા. રાજકારણમાં પણ એમનાં સાધન તો કડક આગ્રહપૂર્વક નિર્મળ જ રાખ્યાં. સહુને નિર્ભય બનવા અને અસત્ય ને અન્યાયનો સામનો કરવાનો ઉપદેશ આપી એમણે નિઃશસ્ત્ર જનતાને નવો માર્ગ બતાવ્યો : કાયદાભંગ, નાકર, રાષ્ટ્રવ્યાપી સંપ ઇત્યાદિ.
જગતભરની નિઃશસ્ત્ર જનતાને એમણે જીવનભરના પ્રયોગ દ્વારા સત્યાગ્રહની ભેટ આપી.

૪૯૬ ('કુમાર' અંક ૫૫૨)



૩ સર્વધર્મ-સમભાવ

આજે વિશ્વ નાનું બનતું જાય છે. એવા સમયે સૌને પરસ્પર પ્રેમ હોય, સૌમાં બંધુતા હોય એ આવશ્યક છે. અનેક ધર્મો અને સંસ્કૃતિમાં વિભાજિત માનવવંશોએ એકત્રિત થવું જરૂરી છે. મૂળમાં તો બધા ધર્મો બંધુતા ને વિશ્વકુટુંબ-ભાવના જ શીખવે છે. મહંમદ પયગંબર સાહેબે કહ્યું: 'હે આરબો, તમને હું ધર્મ આપું છું. બીજાઓને બીજાઓ દ્વારા પ્રભુએ આપ્યો છે. એ સર્વ ધર્મોને માન આપો.' સર્વધર્મ 'સમ'ભાવ એટલે સર્વધર્મ 'મમ'ભાવ. એથી જ રામકૃષ્ણ પરમહંસ ચર્ચ, મંદિર, મસ્જિદ બધે જઈ ઈશ્વરસાક્ષાત્કાર કરતા. આ જ પરંપરા ગાંધીજીએ આગળ વધારી. એ પોતાની પ્રાર્થનામાં બધા ધર્મોની પ્રાર્થનાનો સમાવેશ કરતા.




૪ અસ્પૃશ્યતા-નિવારણ

માનવમાત્રમાં પોતાનો આત્મા જોનાર ગાંધીજીને અસ્પૃશ્યતામાં હિન્દુ ધર્મનું મોટું કલંક દેખાયું જેમાં કરોડો અસ્પૃશ્યો માણસ તરીકે જીવવા અધિકારી નહોતા. એટલે આશ્રમ સ્થાપતાંવેંત એમણે અંત્યજ કુટુંબનો એમાં સમાવેશ કર્યો, અને ઇ. ૧૯૩૨માં હિન્દુ સમાજથી અલગ કરોડો અસ્પૃશ્યોને વધુ અલગ થતા જોયા ત્યારે તે સામે એમણે યરવડા જેલમાં પણ ૨૧ દિવસના ઉપવાસ કર્યા. દેશભરમાં એમણે અસ્પૃશ્યતા-નિવારણની ચળવળ શરૂ કરી. અસ્પૃશ્યને 'હરિજન' જેવું પવિત્ર નામ આપ્યું. હજારો વર્ષથી મેલું ઉપાડી સમાજની સેવા કરનાર અસ્પૃશ્યો તો દેવના માણસો છે, એમની પાસે જવાથી પવિત્ર થવાય, એમની પાસેથી માનવતા શીખાય એવી સમજ એમણે આપી. સર્વમાં પ્રભુનાં દર્શન કરનાર હિન્દુ ધર્મનો અદ્વૈતવાદ સમાજના એક ભાગને અસ્પૃશ્ય કેવી રીતે ગણી શકે? આ દલીલોથી એમણે હિન્દુ ધર્મને ઉજ્જવળ બનાવ્યો.



૫ નવશિક્ષણ-પદ્ધતિ

મહાત્માજીએ રાષ્ટ્રની આંતર્બાહ્ય કાયાપલટ થઈ તેને નવીન વળાંક મળે એવી જે ઉદ્યોગપ્રધાન શિક્ષણપદ્ધતિ આપી એમાં માનસશાસ્ત્ર અને સામાજિક જરૂરિયાતનો સમન્વય કરવામાં આવ્યો છે. બાળકના હાથ, પગ, આંખ ને બુદ્ધિ નવનિર્માણ માટે ઉત્સુક હોય છે. એમને કામ આપો અને કામ કરાવતાં કરાવતાં એ સંબંધી ગીતો અને વાર્તાઓ શીખવો. આ રીતે ઉદ્યોગ સાથે જ્ઞાન-માહિતીનો સુમેળ સાધવો જોઈએ. બાળકને શ્રમનું મહત્ત્વ સમજાવવા સાથે તે સંશોધક ને કલ્પનાશીલ બને એ રીતે એને શિક્ષણ મળવું જોઈએ. વળી, આ ગરીબ દેશમાં તો અર્થોત્પાદક શિક્ષણ હોવું જોઈએ. બાળકોએ તૈયાર કરેલી ચીજોના વેચાણમાંથી એમને આર્થિક મદદ મળવી જોઈએ. મહાત્માજીની આ નવી તાલીમમાં અપાર સામર્થ્ય છે.




૬ ગ્રામોદ્યોગ

હિંદમાં લાખો ગામડાં છે. એ નાબૂદ કરીને માત્ર પાંચસો–હજાર નગરો જ બનાવાય? સંપત્તિ એકહથ્થુ ન હોવી જોઇએ અને સત્તા એકહથ્થુ ન થવી જોઇએ, તેમ લોકો પણ એકાદ શહેરમાં એકઠા ન થઈ શકે. સત્તા, સંપત્તિ ને પ્રજાનું વિકેન્દ્રીકરણ થવું જોઈએ. ભારતમાં તો પ્રજા પ્રથમથી જ વિકેન્દ્રિત છે. લાખો ગામડાંઓમાં વસેલા લોકોને ત્યાં જ રહેવા દઈ એમના ઉદ્યોગધંધા વિકસિત કરવા જોઇએ. એ માટે એમણે સુધારેલી ઘાણી, સુધારેલો ચરખો આદિ રાષ્ટ્રને ભેટ આપ્યાં, કે જેથી પાયાના જીવનધારક સર્વ ઉદ્યોગો ગામડામાં જ રહે. તો આપોઆપ સંપત્તિનું વિકેન્દ્રીકરણ થાય,




૭ આહારસુધારણા

આહારની પણ મહાત્માજીએ ચિકિત્સા કરી. આહાર-
માં મરીમસાલાની જરૂર ન હોવાની, શાકભાજી તળવાને
બદલે બાફવાની, અનાજ હાથે દળીને અને ડાંગરને હાથે છડીને એનાં પ્રોટીન ટકાવી રાખવાની
અને એવી બીજી ઘણી અનુભૂત તથા પ્રયોગસિદ્ધ શિખામણો આપી સત્ત્વયુક્ત અને સાદા ખોરાક-
ની હિમાયત કરી. આહારમાં સાદાઇ અને શાસ્ત્રીય દૃષ્ટિ આણીને સસ્તા અને પોષક ખોરાક તરીકે
શું ખાવું, શું પીવું ને કેટલા પ્રમાણમાં ખાવુંપીવું એ પણ એ રાષ્ટ્રપિતાએ આ ગરીબ દેશને શીખવ્યું.




૮ આરોગ્ય

આહાર અંતે તો આરોગ્ય માટે છે. આરોગ્ય માટે ગાંધીજીએ કુદરતી ઉપચારોની ભલામણ કરી જણાવ્યું કે પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ એ પાંચ તત્ત્વોનો બનેલો મનુષ્યદેહ એ તત્ત્વોના ઉપયોગથી જ સારો, સાજો થઈ શકે. મોટા ભાગના રોગ માટીથી મટાડી શકાય, કેટલાક પાણીના પ્રયોગથી; કોઈ રોગ પ્રકાશનાં કિરણોથી તો કેટલાક હવાથી દૂર થઈ શકે; અને કેટલાક રોગ આકાશની જેમ મન અલિપ્ત ને શાંત રાખવાથી પણ મટાડી શકાય. આ બધું એમણે પોતાના પર તેમ જ કુટુંબીજનો પર પ્રયોગો કરીને સિદ્ધ કરી બતાવ્યું. પોતે ખૂબ ઓછાં કપડાં વાપરતા ને દેહને પૂરતો પ્રકાશ ને હવા મળવા દેતા; શરીરે રોજ માલિશ કરતા ને નિયમિત ફરવા જતા. આ રીતે એમણે પોતાનું આરોગ્ય બરાબર સાચવ્યું હતું.



૯ રાષ્ટ્રભાષા હિંદુસ્તાની

રાષ્ટ્રહૃદયની એકતા માટે આખા દેશની ભાષા એક જ હોવી જોઈએ. તેથી માતૃભાષાની સાથે દેશવ્યાપી હિન્દુસ્તાની ભાષા શીખવાનો તેમણે પ્રચાર કર્યો. આ એમનું કેટલું મહાન કાર્ય હતું! ન તો સંસ્કૃતનિષ્ઠ કે ન તો કેવળ ફારસી એવી એમની 'હિન્દુસ્તાની' સૌથી સમન્વય એવી સરળ ભાષા છે. પોતે તો ભારતની ઘણી ભાષાઓ શીખ્યા. નોઆખલી ગયા એ સમયે બંગાળી શીખવાનાં પુસ્તકો સાથે રાખતા, તમિળ એ થોડું શીખ્યા હતા, યરવડામાં મરાઠી શીખ્યા. આમ એ મૂર્તિમંત ભારત હતા. ગાંધીજી આપણા માટે ભગવાનની ભવ્ય ભેટ હતા.



૧૦ હિન્દુ-મુસ્લિમ ઐક્ય

જીવનના અંત સુધી એમણે હિન્દુ-મુસ્લિમ ઐક્ય માટે પ્રયત્નો કર્યા. પાકિસ્તાન થયા પછી પણ ભારતમાં ત્રણચાર કરોડ મુસ્લિમો રહ્યા. એથી તો એકતા સાધવાનો પ્રયાસ કરવો ખાસ જરૂરી હતો. એ સિવાય જીવવાનો એમને મન કોઈ અર્થ નહોતો. એ ઐક્ય માટે મહાત્માજીએ ૨૧ દિવસના ઉપવાસ કર્યા. જીવનના અંત સમયે એમણે ફરી બે દિવસના ઉપવાસ કર્યા. એ માટે જ એમનું મહાન બલિદાન અપાયું ને એ તેજોવિલીન થયા.

ચંદ્ર પર ઍપોલો-૧૨ની ચંદ્રયાત્રા

ચંદ્ર પર ઊતરવાના 'ઍપોલો-૧૧'ના વિજય પછી ચાર માસ બાદ ગયા નવેમ્બરની ૧૪મીએ થએલી 'ઍપોલો-૧૨'ની અવકાશયાત્રા એટલું બધું કુતૂહલ કે આતુરતા પેદા ન કરી શકે એ સ્વાભાવિક છે. પણ એક રીતે કહીએ તો ઍપોલો-૧૧ દ્વારા અંકાએલા માર્ગે જવાની ખરી સફર ઍપોલો-૧૨ વડે જ આરંભાય છે. ઈ. ૧૯૬૭ની ૧૯ એપ્રિલે અમેરિકન યાન 'સર્વેયર-૩' ચંદ્રની દેખાતી બાજુ પર પશ્ચિમમાં ઊતર્યું હતું અને આપમેળે કામ કરતી તેની ગોઠવણો દ્વારા તેણે એ સ્થાનની આસપાસનાં ફોટોચિત્રો પૃથ્વી પર મોકલ્યાં હતાં. નિષ્ણાતોને ખાતરી હતી કે સર્વેયર હજી પણ ત્યાં જ પડયું હતું. ઍપોલો-૧૧ને ચંદ્રની દેખાતી બાજુના પૂર્વ ભાગમાં 'સી ઑવ ટ્રાંકવિલિટી'માં ઉતાર્યા પછી હવે ઍપોલો-૧૨ 'સી ઑવ સ્ટૉર્મ્સ' નામે ઓળખાતા વિસ્તારમાં અને તે પણ બને તો સર્વેયર-૩ની વધુમાં વધુ નજીક ઉતારવા મહિનાઓથી વિચારી રાખેલું. એટલે આ બીજી ચંદ્રયાત્રાની એ પણ એક સિદ્ધિ હતી કે ઍપોલો-૧૨ બરાબર નિર્ધારિત વિસ્તારમાં જ ઊતર્યું. આ વિસ્તારમાંના પાંચ જ્વાળામુખોની રચનાને કારણે એ ભાગ 'સ્નોમૅન'ને નામે પણ ઓળખાય છે.


આ અવકાશયાત્રાના આરંભ સમયે કેપ કેનેડીમાં વરસાદનું તોફાન હોઈ કદાચ કંઈ વિઘ્ન આવી પડવાનો ડર હતો, પણ શરૂઆતમાં યાનની વિદ્યુતવાહી રચનામાં રુકાવટ આવવા સિવાય યાત્રીઓને કંઈ જ મુશ્કેલી નડી નહિ. પછીની યાત્રા તો પહેલી યાત્રા જેવી જ હતી; ફેર માત્ર એટલો હતો કે અર્ધે પહોંચ્યા પછી 'ઍપોલો-૧૨' એ જે માર્ગ લીધો તે માર્ગેથી, યાનનાં વાહક યંત્રો અટકી પડે તો, એમનાથી સલામત પાછા ફરી શકાય તેમ નહોતું. ઍપોલો-૧૧નો માર્ગ એવો હતો કે તેનાં વાહકયંત્રો અટકી જાત તો યે તે સલામત પાછું વળી શકે તેમ હતું. પણ પ્રથમ સાહસની સફળતાએ આ અવકાશયાત્રાના યોજકોમાં ઘણી શ્રદ્ધા પ્રેરી હતી.

સર્વેયર-૩ જે ક્રેટર (જ્વાળામુખ)માં પડયું હતું એ ક્રેટરની ધારથી માત્ર વીસેક ફૂટ દૂર જ આ વખતનું ચંદ્રયાન 'ઇન્ટ્રેપિડ' ઊતર્યું. અસલ યોજના તો ક્રેટરમાં જ્યાં સર્વેયર પડેલું તે તરફ ૮૦૦ ફૂટ ઊતરવાની નેમ હતી. એટલે, પૃથ્વીથી ૨,૩૦,૦૦૦ માઈલ દૂર, બરાબર ધારેલા વિસ્તારમાં જ સલામત ઊતરવાની આ સિદ્ધિ જેવીતેવી નથી. ઍપોલો-૧૧ તો નિર્ધારિત સ્થાન કરતાં ચાર માઇલ જેટલે દૂર ઊતરેલું.

ઊતર્યા પછી 'ઇન્ટ્રેપિડ'માં જ રોકાઈ એની યંત્રરચના ચકાસી, ખાઈ તથા ચંદ્રની સપાટી પર ઊતરવાની પૂર્વતૈયારીઓ કરી, સાડાચાર કલાક પછી પ્રથમ કૉન્રૅડે બહાર આવીને જોતાં ક્રેટરને સામે છેડે સર્વેયર-૩ને જોયું! અરધાએક કલાક પછી બીન પણ એની સાથે જોડાયો. એણે ગોઠવેલો રંગીન ટી.વી. કૅમેરા તો કોઈ અકસ્માતને કારણે ૪૪ મિનિટ પછી કામ આપતો અટકી પડયો. પછી ત્યાં એણે અમેરિકન રાષ્ટ્રધ્વજ રોપ્યો અને એ ભાગના માટીપથ્થરના નમૂના એકઠા કર્યા. તે બાદ 'ઍપોલો લ્યૂનર સરફેઈસ એક્સ્પેરીમેન્ટ્સ પૅકેજ' (ઍલ્સેપ) નામે પાંચ વિવિધ ઉપકરણોવાળું એક ખાસ નિરીક્ષણ એકમ કાઢીને એને ઈન્ટ્રેપિડની ઉત્તર પશ્ચિમે ૬૦૦ ફૂટ દૂર લઈ જઇને ગોઠવ્યું. પાછા ફરતી વેળા ઈન્ટ્રેપિડના રૉકેટની ઝાળ કે ધક્કો ન લાગે એ સારુ એ આટલું દૂર લઈ જવું જરૂરી હતું.


આપમેળે કામ કરતાં એ પાંચે વૈજ્ઞાનિક સાધનો પૃથ્વીથી દૂર અન્ય ગ્રહ પર ગોઠવાએલી માનવસર્જિત પ્રથમ પ્રયોગશાળા કહી શકાય. એની સાથે ટ્રાન્સમીટર, રિસિવર અને ડેટા પ્રૉસેસિંગ ઈક્વિપમેન્ટવાળું એક કેન્દ્રવર્તી સાધન છે, જે આ નિરીક્ષણોનું પૃથ્વી પરથી મળતી સૂચના મુજબ સંચાલન કરે છે. આ પાંચે સાધનોને સતત એક વર્ષ સુધી ૬૩ વૉટ જેટલી અણુ ઉત્પાદિત વીજળી પૂરી પાડે તેવું એક જેનરેટર પણ સાથે છે, જેમાં રેડિયો એક્ટિવ પ્લૅટિનમ-૨૩૮ વડે ઉષ્ણતા પેદા થઈ તેમાંથી સીધું જ વીજળીમાં રૂપાંતર થાય છે. ઍલ્સેપનાં પાંચ સાધનો નીચે મુજબ છે:

સીસ્મોમીટર: ચંદ્રની ધરતી પરના આ વિસ્તારનાં કંપનો નોંધી ચંદ્રના હજી સુધી અજ્ઞાત એવા અંતસ્તલની રચનાનો ખયાલ આપશે. જો ચંદ્ર પર ખરેખર ધરતીકંપો થતા હશે તો એનો અર્થ એ જ થશે કે હજી યે એની અંદરનો ભાગ પૃથ્વીના અંતરાળ પેઠે ગરમ અને સક્રિય છે.




ઍપોલો-૧૨નું ચંદ્રયાન 'ઈન્ટ્રેપિડ'


'ઇન્ટ્રેપિડ' એ મૂળ તો અમેરિકાના સ્વાતંત્ર્ય-યુદ્ધ સમયનું નૌકાદળનું એક વિખ્યાત જહાજ હતું. એના નામ પરથી 'ઍપોલો-૧૨'ના ચંદ્રયાત્રીઓએ પોતાના લ્યૂનર મૉડયુલનું નામ 'ઈન્ટ્રેપિડ' રાખ્યું હતું. ઍપોલો-૧૧ના ચંદ્રયાન-'ઇગલ'માં યાત્રીઓને સૂવાની પણ જગ્યા નહોતી જ્યારે આમાં એમને માટે ઝૂલતી પથારીઓ ઉમેરવામાં આવેલી. ઍપોલો-૧૧નું ચંદ્રયાન વળતી સફરમાં અવકાશમાં છોડી દેવાએલું, પણ 'ઈન્ટ્રેપિડ'ને, યાત્રીઓ તેમને ચંદ્ર સુધી પહોંચાડનાર કમાન્ડ મૉડયુલ 'યાંકી ક્લિપર' (૧૮મી સદીના એક વ્યાપારી જહાજના નામ પરથી)માં પાછા આવી ગયા બાદ ચંદ્રની સપાટી પર જોરથી અથડાઇને પડે એ રીતે પાછું ફેંકવામાં આવેલું, કારણ એથી ચંદ્રની સપાટી પર પેદા થતા થડકારાની નોંધ મેળવી તે દ્વારા ચંદ્રના અંતરાળ વિષે વધુ જાણવાની નેમ હતી.



'ઍપોલો-૧૨'ના યાત્રીઓ. (અનુક્રમે) **ચાર્લ્સ કૉન્રૅડ**, વય ૩૯, 'ઇન્ટ્રેપિડ'ના સંચાલક, અવકાશયાત્રીઓમાં સૌથી નીચા—૫ ફૂ. ૬॥ ઇં., જેમિની-૧૧'માં ૮૫૦ માઈલની ત્યારની વિક્રમ ઊંચાઈએ ઊડવાના અનુભવી, ચંદ્ર પર ઊતરનાર ત્રીજા. **રિચાર્ડ એફ. ગૉર્ડન**, ૪૦, 'યાંકી ક્લિપર'ના સંચાલક, 'જેમિની૧૧'માં કૉન્રેડના સહયાત્રી. બધા અમેરિકન અવકાશયાત્રીઓ કરતાં વધુ (છ) બાળકોના પિતા. **એલન એલ. બીન**, ૩૭, 'જેમિની-૧૦' અને 'ઍપોલો-૮'માં ઊડેલા, ચિત્રકામ, હૅન્ડબૉલ, સર્ફિંગ ને વ્યાયામના શોખિન, ચંદ્ર પર કદમ મૂકનાર ચોથા માનવી.



'ઍપોલો-૧૧' ચંદ્રની દેખાતી બાજુના પૂર્વ ભાગમાં 'સી ઑવ ટ્રાંક્વિલિટી' (શાંત-સાગર) નામના વિસ્તારમાં ઊતરેલું જ્યારે 'ઍપોલો-૧૨'ને પશ્ચિમમાં 'સી-ઑવ સ્ટૉર્મ્સ' (તુફાન-સાગર) વિસ્તારમાં અને અગાઉ જ્યાં 'સર્વેયર-૩' ઊતરેલું એ 'સ્નૉ-મૅન' નામના ક્રેટર-સમૂહની નજીક ઉતારવાની નેમ હતી ને તે સફળ રહી. બાજુની આકૃતિમાં એ બંને સ્થાન દર્શાવ્યાં છે. એ ઉપરાંત દેખાતાં બીજાં ત્રણ કાળાં ટપકાં હવે પછીના ઉતરાણ-સ્થાનોનાં છે. ચંદ્રના વિષુવવૃત્તથી એ થોડાં દક્ષિણે છે. 'ડિસ્કાર્ટીસ', 'હૅલૅન્ડ' અને 'ફ્રા મૅરો' નામે ઓળખાતા આ ત્રણે વિસ્તાર પર્વતીય છે. જ્યાં ચંદ્રયાનનું અવગાહન અતિ ઘણી ચોકસાઈ માગી લેશે. આવતા વર્ષના માર્ચ માસમાં નિર્ધારેલી 'ઍપોલો-૧૩'ની યાત્રા માટે ખાસ એક દિવસ વધુ રોકાઇને ચંદ્રની પ્રદક્ષિણા કરતાં રહી 'ઍપોલો-૧૨'ના યાત્રીઓએ આ વિસ્તારોના ત્રિપરિમાણ ફોટોચિત્રો લીધાં છે.



બાજુમાં નીચેનું રેખાંકન ચંદ્રના શાંત સાગરમાં ઈ. ૧૯૬૭ની ૧૯ એપ્રિલે ઊતરેલા 'સર્વેયર-૩'નું છે. ઊતર્યા પછી તેણે નવ માસ સુધી આસપાસના વિસ્તારોના ૬૩૧૫ જેટલા ફોટોગ્રાફ્સ મોકલેલા અને પોતાના યાંત્રિક હાથ વડે ચંદ્રની જમીન ખોતરીને તેની અંદરના ભાગનું ટી. વી. દ્વારા દર્શન કરાવેલું. એના આધારે જ નિષ્ણાતો નક્કી કરી શકેલા કે ચંદ્રની સપાટી સમાનવ ઉતરાણને માટે લાયક છે. અત્યાર સુધી ચંદ્રના શૂન્યાવકાશમાં પ્રખર સૂર્યતાપ અને ઉષ્ણતામાનના મોટા ફેરફારની તેના પર શી અસર પડી છે તે જાણવા 'ઍપોલો૧૨'ના યાત્રીઓ એના કેટલાક ભાગ તથા તેની સાથેનો ટી. વી. કૅમેરા પૃથ્વી પર પાછો લેતા આવ્યા છે. આ સાથે જોડેલા તાર પર પૃથ્વી પરના અતિસૂક્ષ્મ જીવાણુઓ પણ ચોંટેલા હશે એમની ત્યાં શી ગતિ થઈ એ જાણવાની પણ વિજ્ઞાનીઓની નેમ છે. સર્વેયર બરાબર કયા સ્થળે પડેલું છે એ ૨,૩૦,૦૦૦ માઇલ જેટલે દૂર પૃથ્વી પરથી નક્કી કરવું એ પણ આજના વિજ્ઞાનીઓની એક સિદ્ધિ જ ગણી શકાય.

સોલર વિન્ડ સ્પેક્ટ્રોમીટર : સૂર્ય દ્વારા પ્રકાશ ઉપરાંત સૌર પવનો કહેવાતા અતિ ઝડપી વિદ્યુતકણો પણ ફેંકાય છે. એની શક્તિ, વેગ અને દિશાની નોંધ આ સાધન દ્વારા થશે, જેનાથી સૂર્યની રચના વિષે વધુ ઉપયોગી માહિતી મળશે. ચુંબકત્વને કારણે નજીક પહોંચતાં એમની દિશા બદલાઈ જતી હોઈ પૃથ્વી પરથી એમનું આવું નિરીક્ષણ શક્ય નથી.

મૅગ્નેટોમીટર : ચંદ્રનું પોતાનું ચુંબકત્વ તો નહિવત્ જ મનાય છે, પણ સૌર પવનો સાથેની પ્રક્રિયાથી એ ત્યાં પેદા થતું હોવાનો સંભવ છે. આ ચુંબકક્ષેત્ર ચંદ્રના ફરવા સાથે ફેરવાતું પણ હશે. એનો અભ્યાસ આ સાધન વડે કરીને નિષ્ણાતો ચંદ્રની વીજગ્રાહકતા જ નહિ પણ ચંદ્રની અંદર ચુંબકત્વ ધરાવે તેવાં લોહતત્ત્વો છે કે નહિ તે પણ જાણી શકશે.

લ્યૂનર-ઍટમૉસ્ફીઅર ડિટેક્ટર : ચંદ્રની સપાટી તળે ઊંડે ઊંડે યે ક્યાંય પાણી હોય તો એની વરાળનું માપ અને તેને લીધે થતા ચંદ્રના આછાપાતળા વાતાવરણના દબાણનું માપ આ સાધન વડે નીકળશે.


લ્યૂનર-આયોનોસ્ફીઅર ડિટેક્ટર : ચંદ્રની સપાટી નજીકના આયોન કણોની ખોજ કરનાર આ સાધન ચંદ્ર પરનાં વાયુમય તત્ત્વોની જાંચ કરશે અને એના વડે ચંદ્રના અંતરાળ વિષે પણ જાણી શકાશે.

આ પાંચે સાધનો ગોઠવવામાં અને પછી સંખ્યાબંધ ફોટો લેવામાં તથા ચંદ્રની સપાટી પરના નમૂના એકઠા કરવામાં તેઓ ઇન્ટ્રેપિડથી ૮૦૦ ફૂટ જેટલા દૂર નીકળી ગયા. વચ્ચે નાનાનાના ક્રેટરોની અંદર દેખાતા ટચૂકડા જ્વાળામુખી શિખર જેવા ઢગનાં વર્ણનો પણ એમણે આપ્યાં. ચારેક કલાકની આ કામગીરી પછી તેઓ 'ઇન્ટ્રેપિડ'માં પાછા ફર્યા.

બારેક કલાક બાદ ફરી તેઓ બહાર આવ્યા ને ઇન્ટ્રેપિડથી ૧૩૦૦ ફૂટ જેટલે દૂર સુધી ફરીને તે વિસ્તારનું વિગતવાર વર્ણન આપ્યું. પાછા ફરતાં તેઓ સર્વેયર જેમાં હતું એ ૬૫૬ ફૂટ પહોળા ક્રેટરની દક્ષિણે પહોંચ્યા, ને ધીરેધીરે એનો ઢાળ ઊતરી સર્વેયર પાસે પહોંચ્યા. ચંદ્રની ધૂળના આછા આવરણ અને આકરા સૂર્યતાપથી દાઝેલા એના સફેદ રંગ સિવાય આટલા લાંબા સમય પછી યે સર્વેયરમાં ખાસ ફેરપડયો નહોતો. કૉનૅર્ડે એમાં જોડેલા ઇન્સ્યુલેટેડ તાર કાઢી લીધા. પૃથ્વી પરથી ઊપડતી વેળા એના પર લાગેલા અતિ સૂક્ષ્મ જીવાણુઓ ત્યાં ટકયા છે યા વૃદ્ધિ પામ્યા છે કે નહિ તે જોવાનો આની પાછળ ઉદ્દેશ છે. આ જ રીતે તેમાંનો ટી.વી. કૅમેરા પણ તપાસવા માટે પૃથ્વી પર પાછો લાવવા માટે કાઢી લીધો. બીજા પણ કેટલાક ભાગ ઉતારી લીધા. પૃથ્વી પર તેનું નિરીક્ષણ કરીને વિજ્ઞાનીઓ આવાં કાર્યો માટે વધુ સારાં સાધનો વિકસાવી શકશે.


આમ, ચંદ્રની સપાટી પર કુલ ૩૧ કલાક ૩૧ મિનિટ, અને ચંદ્રયાનની બહાર બે તબક્કે કુલ ૮ ક. ૪૪ મિ. ગાળીને તેઓ ચંદ્રની કક્ષામાં ઘૂમી રહેલા કમાન્ડ મૉડયુલ 'યાંકી ક્લિપર' સાથે જોડાવા માટે પાછા ઊપડયા. ચંદ્ર પર લીધેલા ફોટોની ફિલ્મ, (એક રંગીન ફિલ્મ તો ચંદ્ર પર જ રહી ગઈ) સર્વેયરના ભાગ અને લગભગ ૬૦ રતલ નમૂનાઓ સાથે તેઓ યાંકી ક્લિપરમાં પાછા આવ્યા બાદ 'ઇન્ટ્રેપિડ'ને ચંદ્રની સપાટી પર જોરથી પાછું ફેંકવાની યોજના હતી. ઉતરાણના સ્થાનથી પાંચેક માઇલમાં તેને પાડવાનું હતું, પણ એ ૪૫ માઇલ દૂર પડયું. એક ટન ટી. એન. ટી. જેટલા જોરદાર એના ધડાકાની 'ઍલ્સેપ'ના સીસ્મોમીટરે ૫ૢ મિનિટ બાદ નોંધ લઇ બતાવી. પણ એક અણધારી બાબત બની. એ ધડકારાનાં કંપનો ધાર્યા કરતાં ઘણા વધુ સમય – ૫૫ મિનિટ સુધી ચાલેલાં નોંધાયાં. પૃથ્વી પર આવું નથી બનતું. આનો અર્થ નિશ્ચિત ન કહી શકાય પણ મનાય છે કે ચંદ્રનું અંદરનું બંધારણ બહુ અસ્થિર હશે એટલે એમાં સંખ્યાબંધ ધક્કા પેદા થયા હશે.

ચંદ્ર પરની કામગીરી પતી ગયા છતાં યાત્રીઓએ વધુ એક દિવસ એની પ્રદક્ષિણા કરીને ભાવિ ઉતરાણ માટેનાં સ્થળોના ફોટોગ્રાફ લીધા. વળતી સફરમાં પૃથ્વી પરના અખબારના પ્રતિનિધિઓ સાથે પણ ટી.વી. દ્વારા વાતચીત કરી. અવકાશમાં યોજાએલી એ પ્રથમ પ્રેસ કૉન્ફરંસ કહેવાય. આ યાત્રીઓને પણ હવે ક્વૉરન્ટાઇન તો ભોગવવાની છે જ. આમ, હવે પછીની ચંદ્રયાત્રાના કાર્યક્રમોને નિશ્ચિત સ્વરૂપ મળી ચૂક્યું.



'કુમાર'ના ગ્રાહકોએ મોકલેલાં નવા વર્ષનાં અભિનંદનપત્રો (વિગત માટે જુઓ પૃ. ૫૦૯)





ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ • રાજકોટ • ઈ. ૧૯૦૯
(વ્યક્તિ-પરિચય ડાબી બાજુના આલેખમાં દર્શાવેલા નંબર અનુસાર સામેના પાને)

ઈ. ૧૯૦૯માં રાજકોટમાં ભરાએલી ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ સમયના સામા પૃષ્ઠ પરના ફોટોગ્રાફમાંની ઓળખી શકાઈ તેટલી વ્યક્તિઓનો, તેની સાથે આપેલા નિર્દેશક રેખાંકનમાંના ક્રમાંક અનુસાર પરિચય: ૭ ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટિયા, ૯ મહોબતસિંહ મોતીભાઈ રાણા, ૧૦ ગંગાધર બી. આચરેકર (સંગીતશાસ્ત્રી), ૧૧ હરિરાય બૂચ (વડોદરા), ૧૨ જયસુખરામ પુ. જોષીપુરા? ૧૩ અંબાલાલ બુલાખીરામ જાની, ૧૪ શંકરરાય અમૃતરાય સહીઅડ, ૧૫ અમૃતલાલ બક્ષી (વકીલ), ૧૮ ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, ૨૩ ડાહ્યાભાઇ લક્ષ્મણભાઇ પટેલ, ૨૫ કાન્તિલાલ છગનલાલ પંડયા, ૨૬ ગટુલાલ ગોપીલાલ ધ્રુ, ૨૭ ચંદ્રશંકર ન. પંડયા, ૩૧ કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, ૩૩ ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા, ૩૫ પ્રો. સાંકળચંદ જે. શાહ, ૩૬ હિંમતલાલ ગણેશજી અંજારિયા, ૩૮ જન્મશંકર મહાશંકર બૂચ (લલિત), ૩૯ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, ૪૦ ગોંડળ સ્ટેટના વકીલ શ્રી શુક્લ, ૪૧ બિજનજી વકીલ (ગોંડળ દીવાન), ૪૨ હરજીવન ભ. કોટક (રાજકોટ દીવાન), ૪૩, રા. બ. કેશવલાલ ગિરધરલાલ ત્રિવેદી, ૪૪ હરજીવન ભગવાનજી શુક્લ, ૪૫ પ્રાણશંકર ભવાનીશંકર જોષી-હજૂર સેક્રેટરી-ગોંડળ, ૪૭ ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી, ૪૯ નગીનદાસ આત્મારામ મારતર? ૫૫ ગુલાબરાય છાયા? ૫૭ શારદાબહેન સુમન્ત મહેતા, ૫૮ વિદ્યાબહેન રમણભાઇ નીલકંઠ, ૫૯ યુવરાજ શ્રી દિગ્વિજયસિંહજી-લીંબડી, ૬૦ ઠાકોર શ્રી દોલતસિંહજી (લીંબડી), ૬૧ મહારાજા ભગવતસિંહજી (ગોંડળ), ૬૨ અંબાલાલ સાકરલાલ દેસાઇ (પ્રમુખ), ૬૩ મહારાણી નંદકુંવરબા ગોંડળ (સ્વાગત પ્રમુખ), ૬૪ કુ. બાકુંવરબા (ગોંડળ), ૬૫ કુ. લીલાબા (ગોંડળ), ૬૬ લાલશંકર ઉમિયાશંકર ત્રિવેદી, ૬૮ કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, ૬૯ ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી, ૭૦ સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી, ૭૧ શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી, ૭૨ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, ૭૪ દલપતરામ ભગવાનજી શુક્લ (બૅરિસ્ટર), ૭૬ વિજયાલક્ષ્મી શુક્લ, ૮૦ રમણભાઇ મહીપતરામ નીલકંઠ, ૮૧ રણછોડલાલ પટવારી? ૮૨ દેવચંદ પારેખ.




સાહિત્ય પરિષદના ૧૫મા વડોદરા અધિવેશન વેળા (૧૯૪૩) તરુણ સાહિત્યકારોએ 'લેખક-મિલન' સ્થાપ્યું એ સમયે બલવંતરાય ઠાકોર તથા અન્ય મિત્રોના યજમાન શ્રી કિશનસિંહ ચાવડાને ત્યાં લેવાએલી છબિ-પાછળ: સુન્દરમ્ અને ઉમાશંકર; નીચે-ડાબી બાજુથી: યશવંત પંડયા, ગુલાબદાસ બ્રોકર, બલવંતરાય ઠાકોર, કિશનસિંહ ચાવડા અને બચુભાઈ રાવત



બલવંતરાય ઠાકોર પૂના ડેક્કન કૉલેજમાં પ્રોફેસર હતા ત્યારે: ખુરશીમાં ડાબી બાજુથી બીજા પ્રિ. સેલ્બી, ત્રીજા પ્રો. ફ્રેઝર. ચોથા પ્રો. ઠાકોર, એમના અમૃતમહોત્સવ વખતે બહાર પડેલા 'પંચોતેરમે' નામક પુસ્તકમાં 'મિતાક્ષરી'ના મથાળા નીચે લખેલી, જીવનસ્મરણોનાં છાંટણાંવાળી, આપકથામાં આ અંગ્રેજોનાં રસમય વ્યક્તિચિત્રો એમણે આલેખ્યાં છે.

કુમારપ્રેમીઓએ મોકલેલાં નૂતનવર્ષાભિનંદન પત્રો

દર વર્ષની માફક આ વર્ષે પણ 'કુમાર'ના ચાહકોએ નૂતન વર્ષાભિનંદનની જે અવનવી કલામય પત્રિકાઓ મોકલી છે એ બદલ સાનંદાભાર વ્યક્ત કરવા સાથે એમાંની કેટલીક ચૂંટીને પૃ. ૫૦૭ ઉપર રજૂ કરી છે. એમાં મથાળે કલાકાર શ્રી વાસુદેવ સ્માર્ત (વારાણસી) પ્રાગૈતિહાસિક ગુફા-ચિત્રો પરથી કરેલાં આલેખન છે. તેની નીચેનું દશ્યાલેખન કલાકાર શ્રી ઈન્દ્ર દુગડ (કલકત્તા)નું છે. તેની બાજુમાં મુંબાઈના શ્રી રમેશ સોની રંગીન દોરા અને આભલાં ચોડીને બનાવેલી પત્રિકામાં આગવી કલાચાતુરી છે. પછી નીચેના ઊભા કાર્ડમાં કલાકાર શ્રી હકુ શાહનું સોનેરી આલેખન અને તેની બાજુમાં વચ્ચે ઉપરની પત્રિકામાં સુંદર રંગરચનાવાળાં ફૂલો અને આભલાં છે. તેની નીચે કલાકાર શ્રી બિહારીલાલ બારભૈયાનું માંગલિક આલેખન ને તેની બાજુમાં કચ્છ માંડવીના શ્રી એચ. એન. સોદાગરે પાતળા કાગળ પર કાળી શાહીથી આલેખન કરીને ફોટોગ્રાફિક પેપર પર ઉતારેલી છાપ છે. નીચેની છેલ્લી બે કૃતિઓમાં પણ ફોટોગ્રાફીનો જ પ્રયોગ છે. ડાબી તરફ શ્રી અશ્વિન મહેતા (મુંબાઇ)ની છાયાપ્રકાશ અને ઊંડાણભરી સુંદર ફોટોછબિ છે, તો બાજુમાં શ્રી આઈ. તલાટના પોતાના જ એક ચિત્રની ફોટોછાપ છે.



ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોથું અધિવેશન (વડોદરા, ઇ. ૧૯૧૨) ખુરશીમાં ડાબી બાજુથી…/…, બાળગૌરી, નાનીબેન ગજ્જર, વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠ, હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા, નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા, …, રણછોડભાઇ ઉદયરામ (પ્રમુખ), મહારાજા સયાજીરાવ ગાયકવાડ, વડોદરા યુવરાજ ફતેહસિંહરાવ, શારદાબહેન સુમંત મહેતા, …/…/…/…, મનુભાઇ નંદાશંકર મહેતા, …; ખુરશી પાછળ ઊભેલા ડાબી બાજુથી: …/…, ડૉ. સુમંત મહેતા, (ફેંટામાં) જન્મશંકર મહાશંકર બૂચ(લલિત), મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત), …, છગનલાલ ઠાકોરદાસ મોદી, …/…, કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, …/…, બલવંતરાય કલ્યાણરાય ઠાકોર (યુવરાજની પાછળ), કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, આનંદશંકર બાપુભાઇ ધ્રુવ, માર્કંડરાવ, દામુભાઈ ડાહ્યાભાઇ મહેતા, …, હરિલાલ માધવજી ભટ્ટ, રુસ્તમજી પી. મસાણી, …/…/…/…/…/…; જમીન પર ડાબી બાજુ આડા પડેલા: મગન (મટુભાઇ) હરગોવિંદદાસ કાંટાવાળા, બેઠેલા: કેશવલાલ હર્ષદરાવ ધ્રુવ, રમણભાઈ મહીપતરામ નીલકંઠ, …; પાછળ ઊભેલા (છગનલાલ મોદીની પાછળ) સાંકળચંદ જેઠાલાલ શાહ.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર — ડિસેમ્બર ૧૯૪૪ — અંક ૨૫૨

'ઍટલાન્ટિક મંથલી'માંથી પચ્ચીસ વર્ષ પર અવતારેલી 'ક્રૅશ ઈન ધ ડેઝર્ટ' નામક કથાનો આસ્વાદ ફરીથી

પહેલે દિવસે અમે ધખધખતા વેરાનમાં ૩૬ માઈલ પગે ફરી વળ્યા. રાત પડતાં તો અમારી સાથેના પાણીનું છેલ્લું બુંદ પણ ખલાસ થઈ ગયું. વિમાનની ભાંગેલી પાંખના કાટમાળનો ઢગલો કરીને અમે નિશાન માટે અગ્નિ ચેતાવ્યો. મને તો પાકી ખાતરી હતી કે કોઈ એ જોવાનું નથી.

સવારે અમે વિમાનની પાંખ પર જામેલી ઝાકળને અમારા કચરાવાળા રૂમાં ચૂસી એકઠી કરી તેમાંથી થોડી ચમચી તેલથી ગંધાતું પાણી નીચોવ્યું. સ્વાદે તો ભારે વિચિત્ર હતું, પણ તો યે અમારા હોઠ પલળ્યા.

પ્રીવોટ કહે: 'આપણી સાથે બંદૂક હોત તો કેવું સારું!' હું એકદમ એના તરફ ગુસ્સામાં ફર્યો, પણ તેની સામે જોતાં લાગ્યું કે તે જાણે એવી લાગણીમાં બોલ્યો ન હોય કે 'ચાલો આપણે મોં ધોઈ લઈએ!' ખરેખર, અમારા બંનેનાં મગજ એક જ થઈ ગયાં હતાં. તે દહાડે મને પણ બંદૂકનું પાકીટ જોઈને એવા જ વિચાર આવી ગયા હતા.

છતાં યે સવાર પડતાં અમે પાછા જુદી જુદી દિશામાં શોધ અર્થે નીકળી પડ્યા.

હું જેવો ચાલવા લાગ્યો કે તરત મને જેટલું લીબિયાના રણ વિષે યાદ હતું તે સંભારવા લાગ્યો. સહરામાં હવામાંની ભિનાશ ૪૦ ટકા હોય છે; અહીં એ ૧૮ ટકા જેટલી થઈ જાય છે અને જિંદગી વરાળની પેઠે ઊડી જાય છે! અરબો ને આ બાજુના અમલદારો કહે છે કે માણસ અહીં ૧૯ કલાક પાણી વિના રહી શકે, ને વીસમે કલાકે જેવું આંખોમાં તેજ નાચવા માંડે કે અંત આવે. અહીંનો પ્રદેશમાં માઠા એવા ભીના ઈશાની પવનથી અમારા પ્રાણ ટકી રહ્યા હતા એ સ્પષ્ટ હતું. અમારી આંખો તેજથી છલકાય તે પહેલાં કોણ જાણે ક્યાં સુધી આવો પ્રાણનો વિસામો રહેશે!

અચાનક હું જંગલી રીતે બરાડી ઊઠ્યો: હમણાં જ મેં કોઈને હાથ હલાવતો જોયો! ના ના, એ તો બીજું મૃગજળ હતું. વળી પાછું આખું રણ જાણે જીવતું થતું હતું. આંખની સાક્ષીને યે ખોટી માનવી એ પણ મુશ્કેલ હતું;—પેલી વણઝાર ધીમેધીમે સરી જતી હતી તે બાજુ જતાં કેમ ઝાલ્યો રહે? 'ખરેખર ત્યાં જ...' એમ હું ગણગણતો ને મારી કલ્પનાનાં મૃગજળો મને આગળ ને આગળ ધકેલતાં.

ઊતરતી સાંજે મને ચિંતાતુર કરી મૂક્યો. થોભીને મનમાં ખયાલ કર્યો તો અમારા વિમાનથી તો કેટલો યે દૂર હું નીકળી ગયો હતો! મને વિચાર આવ્યો: 'જરૂર, પ્રીવોટને કોઈ ને કોઈ વણઝાર મળી ગઈ હશે.'

બે કલાકની રખડપટ્ટી બાદ મેં ક્ષિતિજ પર ઉજાસ જોયો. હું રસ્તો ભૂલ્યો છું એમ માનીને ગભરાટમાં પ્રીવોટે અગ્નિ પેટાવ્યો હતો. વળી એક કલાક ચાલ્યો. હવે પાંચસો વાર જવાનું હતું; ને હવે તો બસ પચાસ જ.

અકસ્માત હું જડભરત જેવો થંભી ગયો. મારા હૈયામાં આનંદ છલકી ઊઠ્યો. ત્યાં—પણે, અગ્નિના તેજમાં, પ્રીવોટ બે અરબો જોડે વાત કરતો હતો! હું આનંદથી બરાડી ઊઠ્યો: 'હો...હો!' અરબોએ મારા તરફ જોયું ને મને બોલાવ્યો. પ્રીવોટ મારી તરફ આવવા ઊપડ્યો. મેં મારા હાથ પસાર્યા. પ્રીવોટે મને પકડી લીધો ને ખડો કર્યો,—અરે હું પડી જતો હતો!

'ત્યારે આવ્યા ખરા!'

'કોણ?'

'કેમ, પેલા અરબો જોડે ત્યાં તું હમણાં વાત કરતો હતો ને?' પ્રીવોટ મોં વકાસીને મારી સામે જોઈ રહ્યો: 'ત્યાં તો કોઈ નથી!'

હવે મારાં આંસુ ખાળ્યાં રહ્યાં નહિ.

છેલ્લા ચોવીસ કલાકમાં અમારી પાસે કેવળ થોડી ચમચીઓ જ ઝાકળ હતી; એટલે હવે અમે થોડી વધારે ઝાકળ ઝીલવા માટે પૅરેશ્યૂટ (વિમાન-છત્રી) પાથરી. પરોઢિયે પૅરેશ્યૂટને ડબલામાં નિચોવી તો બે પ્યાલા જેટલું પાણી નીકળ્યું. અમે સંતોષ લીધો કે હવે અમારી તરસ છીપશે.

પણ પાણી તો લીલુંપીળું હતું. પહેલે ઘૂંટડે જ એવું તીવ્ર સ્વાદવાળું લાગ્યું કે ખૂબ તરસ્યો હતો છતાં એ હું પી જ ન શક્યો.

પ્રીવોટ જમીન તરફ મીટ માંડીને ચક્કર ચક્કર ફર્યા કરતો હતો. અચાનક એ નમ્યો ને ઊલટી કરી. અર્ધી મિનિટ પછી મારું પણ એવું જ થયું. અમારી છેલ્લી આશા હવે ચાલી ગઈ. કોણ જાણે પૅરેશ્યૂટ પરના લેપથી કે ડબલાના અંદરના કોઈ પદાર્થને લઈને પાણી એવું બેસ્વાદ થઈ ગયું હતું.

ચાલવા ઊપડવા માટે બહુ મોડું થઈ ગયું હતું. હવે તો અમારે આ શાપિત જગ્યા છોડીને ચાલી જ નીકળવાનું હતું. અમે નિશ્ચય કર્યો હતો કે હવે રણમાં જ્યાં સુધી ઢગલો થઈને પડીએ નહિ ત્યાં સુધી બસ ચાલ્યા....જ—ચાલ્યા....જ કરવું.

પ્રીવોટ કહે: 'એકલો હોત તો હું તો બસ લાંબો થઈને સૂઈ જ રહેત.'

પણ અમે સાથે નીકળ્યા ને ઈશાન દિશા બાજુ ઊપડ્યા. ખબર નહોતી કે દરેક ડગલે અમે કોઈ વણઝારને રસ્તે જઈએ છીએ કે પછી આ અતાગ રણમાં ઊંડા ને ઊંડા મરણના મોંમાં ઘૂસીએ છીએ.

તે દિવસનું મને માત્ર એટલું યાદ આવે છે કે અમે જીવ પર આવીને ધસ્યે જતા હતા—માત્ર ભાંગી પડવા માટે. હું જમીન તરફ જ જોયા કરતો હતો, કેમ કે ચોમેર મૃગજળો ખૂબ હેરાન કરતાં હતાં. વારેવારે હોકાયંત્રથી અમે રસ્તો મેળવતા, ને અવારનવાર રેતીમાં વિસામો લેવા બેસી જતા.

રાત પડવા આવી, ત્યાં પ્રીવોટ એકાએક બોલી ઊઠ્યો: 'અરે, પણે તળાવ દેખાય! મારા જીવના સમ; અત્યારે રાતે કાંઈ ઝાંઝવાં ન હોય.'

મેં કંઈ જવાબ ન આપ્યો. મેં તો ક્યારની મારી આંખને માનવી છોડી દીધી હતી.

'હું જરા જોઈ આવું. માંડ વીસ મિનિટનો રસ્તો હશે.' એણે કહ્યું. મને ખબર હતી કે પ્રીવોટ કદી પાછો નહિ ફરે. ત્યાં રસ્તામાં જ ભાંગી પડશે,—જેવી રીતે હું પણ અહીં

રસ્તામાં લથડી પડીશ.

કેટલું ચાલ્યા એ વિચારતાં જ હું તો કધાઈ ગયો. જીભ પર થોડું થૂંક લાવવા મેં પ્રયત્ન કર્યો, પણ કૈં ન વળ્યું. જેવું મેં મોં બંધ કર્યું કે ગુંદર જેવા કોઈ પદાર્થે મારા હોઠ સીવી દીધા. છતાં યે હજુ હું ગળું હલાવી શકતો હતો અને મારી આંખમાં તેજ નાચતું નહોતું.

અંધારું થયું ને મારું ધ્યાન મારા વિખૂટા સાથી પ્રીવોટ પર ગયું. કેવો મઝાનો આદમી! કોઇ દિવસ બડબડાટ નહિ.

પણ પેલું શું છે? અરે, માત્ર પાંચસો જ ફૂટ દૂર એ દીવો હલાવે. એ રસ્તો ભૂલ્યો લાગે છે. મેં ઊભા થઈ બૂમ મારી. પણ એ સાંભળતો નહોતો. બીજો દીવો દેખાયો: બસો જ વાર દૂર. વળી ત્રીજો દેખાયો. હં, અંતે શોધકરનાર ટુકડી આવી પહોંચી ખરી.

ત્રણે દીવા સિગ્નલો આપતા હતા. હું ગણગણ્યો: 'હું ગાંડો તો નથી થઈ ગયો? મારી આંખો તો સાજી છે ને? પણ જેવા એ બીજી બાજુ ફરતા દેખાયા કે ગભરાટે મને થથરાવી મૂકયો: 'થોભો, થોભો; હું આવું છું.'–હતું તેટલું બળ કરી હું બરાડી ઊઠ્યો.

સામો જવાબ આવ્યો. હાશ! મને શ્વાસ ચડી આવ્યો, છતાં યે મેં એ અવાજ તરફ દોડવા માંડયું. એ તો પ્રીવોટ હતો. હું લથડી પડ્યો: 'મેં પેલા દીવા જોયા કે હું રહી ન શક્યો.'

'ક્યા દીવા?'

ત્યારે જ મને ભાન થયું કે તે તો એકલો જ હતો. હવે મારી નિરાશા જતી રહી ને ચીડની લાગણી મગજમાં તમતમી રહી.

અંતે પ્રીવોટે કહ્યું: 'આપણે ગજબના ભરાઈ પડ્યા છીએ.'

રાત્રિની ઠંડી કાતિલ બનતી જતી હતી. મારા દાંતે કડકડાટી બોલાવવી શરૂ કરી દીધી અને મારા અવયવો ગૂંચળાની જેમ તરફડી રહ્યા. હિમ જેવી ઠંડીએ મારું અંગ ખોટું કરી દીધું ને મારા અવયવોએ પણ પોતાનું કામ છોડી દીધું. હું ખાઈ ખોદી એમાં પડી રહ્યો અને મારા ચહેરા સિવાય બધું ધાબળાની જેમ રેતીથી ઢાંકી દીધું. પ્રીવોટે એમ દટાવાની ના પાડી. એને એમ કે આગળ ને આગળ ચાલવામાં માલ છે. પણ એ ખોટે રસ્તે હતો. ઠંડી હવે મને હેરાન કરતી ન હતી; મારું અંગ ઊંઘી ગયું...

અને હવે સવાર પડતું હતું ને મને હવે કૈંક ઠીક લાગતું હતું: 'પ્રીવોટ, ચાલો ઊપડીએ. હજુ આપણાં ગળાં લીલાં છે ત્યાં સુધી ચાલવામાં વાંધો નહિ આવે.'

એ રાતે જરાયે ઝાકળ પડી નહિ; પણ માણસને ૧૯ કલાકમાં સૂકવી નાખે એવો પશ્ચિમી પવન ફૂંકાતો રહ્યો. મારી જીભ તો પ્લાસ્ટર ઑવ પારીસ જેવી થઈ ગઈ હતી. અને એવો તો ગંદો સ્વાદ છૂટતો હતો! આંખોમાં પ્રકાશના કણ નાચતા હતા. અમારી સાથે થોડું ઈથર હતું તે પીવાનો મેં પ્રયત્ન કરી જોયો! પણ એ તો જાણે ચપ્પુ પીધું! પછી ૯૦ ડિગ્રીવાળું આલ્કૉહૉલ પીધું. પણ એણે તો મારું ગળું જ બંધ કરી દીધું.

બ્હાવરા બનીને અમે સવારના પહોરમાં જેટલું ચલાય એટલું ચાલી નાખવા ઝડપથી ઊપડ્યા. અમને લાગ્યું કે સૂરજ માથે આવ્યા પછી ચાલવું સારું નથી. પાંચસો વારથી દૂર જતા કે અમે લથડી પડતા. થાક ખાધા વિના અમે આગળ જઈ શકતા જ નહોતા. પણ કૈંક અમને આગળ ને આગળ ધકેલતું હતું. થોડી વાર પછી દૃશ્ય જરા બદલાયું. માઈલ કે એથી આગળ રેતીના ઢગલા અને થોડા છોડ જેવું કૈંક હતું. હવે અમે બસો જ વારે બેસી પડતા.

મેં કહ્યું: 'ચાલો, આમ ને આમ આગળ અમે પેલાં ઝાડવાં સુધી.'

હવે અમારી સહનશક્તિને છેલ્લે છુટે અમે પહોંચ્યા હતા. મને લાગતું હતું કે ચોક્કસ મારા પગ હવે મને આગળ નહિ લઈ જઈ શકે.

અરે! આ શું દેખાયું? મેં પ્રીવોટ તરફ ફરીને જોયું. એ પણ મારી જેમ બાઘા જેવો ઊભો હતો. શું હતું એની સમજણ ન પડી.

અમે રેતીમાં પગલાં દીઠાં!

તે પછી તરત મને કુકડાનો અવાજ સંભળાયો. મેં વિચાર્યું. હવે કાને પણ મૃગજળની મશ્કરી માંડી કે શું?'

પ્રીવોટ મારો હાથ પકડી કહે: 'સાંભળ.'

'શું?'

'કૂકડો.'

હં. હવે કોઈ શંકા રહી નહિ. નક્કી અમે બચી ગયા!

અચાનક રેતીના એક નાના ઢગલા પાછળથી એક અરબ દેખાયો. અમે બંને જણે અમારા કંઠ તાણીતાણીને બૂમો પાડી.

પણ અમારા અવાજ ૫૦ વારથી દૂર જતા જ ન હતા. અરબ ધીમેધીમે દેખાતો બંધ થતો હતો અને અમારામાં તેની પાસે દોડીને પહોંચવાની તાકાત રહી નહોતી!

વળી બીજો અરબ ઢગલા પાછળથી દેખાયો. ફરી અમે બૂમો મારી, પણ કૈં વળ્યું નહિ. પછી હાથ હલાવ્યા. પણ અરબ તો બીજે જ જોઈ રહ્યો હતો. અંતે કોણ કેટલી યે વારે એ ફર્યો. અદ્‌ભુત અદ્‌ભુત! એ અમારી તરફ જ આવતો હતો!

પહેલાં તો એ માત્ર અમારી તરફ જોઈ જ રહ્યો. પછી અમારા ખભા પર હાથ દાબીને અમને રેતીમાં બેસાડી દીધા. એ વખતે જાતિભેદ કે ભાષાની મુસીબત કશું ન હતું. જે હતું તે એ કે એક ગરીબ બીચારો અરબ અમારા ખભા પર એના દેવ જેવા હાથ મૂકતો હતો!

થોડી વાર તો અમે એમ ને એમ પડી રહ્યા. છેવટે તે એક તાંસળીમાં અમારે માટે પાણી ભરી લાવ્યો. ઢોરની જેમ ઊંધા પડીને અમે તે પર તૂટી પડ્યા. અમે ગજબ ચાલ્યા હતા. (જ્યારે એક અઠવાડિયા પછી અમે અમારો રસ્તો શોધવા પાછા નીકળ્યા ત્યારે ખબર પડી કે જે મેં આ કહ્યું એ બધું મળીને ૧૨૦ માઈલ અમે ચાલ્યા હતા!)

અરબે અમને સમજાવ્યું કે અહીં પડોશમાં અમારા જેવા યુરોપિયન વસે છે. ઊંટની પીઠ પર ચડીને અમે ઊપડ્યા. ત્રણ કલાક સુધી આમતેમ હડદોલાયા પછી અમે અમારા તારણહારને કહ્યું કે અમને અહીં રાવટીમાં પડી રહેવા દો. અને એ મદદ શોધવા આગળ ગયો. સાંજે સાત વાગ્યે હથિયારબંધ અરબોથી ભરેલી એક મોટર આવીને અમને લઇ ગઈ. મધરાતે અમે કેરોમાં પથારીમાં પડ્યા હતા...(વિનોદ કોઠારી)

કપરી ગરીબીમાંથી સ્વાશ્રયે બહાર આવીને સાત્ત્વિક વાચન, સંસ્કાર-સમાગમ અને કુદરતના પાનમાંથી પ્રેરણા મેળવી જીવનને કેવું ઉન્નત બનાવી શકાય છે તેના ઉજ્જ્વલ દૃષ્ટાંત રૂપ ડૉ. હરિપ્રસાદ દેસાઇએ, પોતાના એ પ્રયત્નોનું નિરૂપણ કરતી લખેલી લેખમાળા 'રસદર્શન'માંથી

સાહિત્યમાં આવતા પશ્ચાત્તાપના પ્રસંગો મને બહુ અસર કરતા. પાઠમાળાના ચોથા ભાગમાં 'હવે બધું સૂઝે છે' નામનો પાઠ છે. તે વાંચ્યા બાદ એવી દુઃખી દશા મારી કદી ન થાય એ માટે હું સાવધ રહેતો. આપણને દુનિયામાં જણાતી અસમાનતા અને દુઃખમાં માણસનાં પોતાનાં કર્મો પણ ઘણી રીતે જવાબદાર છે એવી મારી પ્રતીતિ થઇ હતી, અને પાપને માર્ગે જવાથી મેં પણ તીવ્ર પશ્ચાત્તાપમાંથી પસાર થવાનું અગ્નિસ્નાન કરેલું હતું. તેથી રોજરોજનાં મનસા વાચા કર્મણા થતાં કાર્યો અને વિચારસુધ્ધાંને રોજ રાત્રે ત્રણ વખત તપાસી જઇને એની નિત્યનોંધ કરવાનું કામ મેં લાગટ પંદર વર્ષ સુધી કર્યું છે. 'ઉચ્ચ જીવનનું અઠવાડિયું' નામે 'થીઑસૉફી ઇન એવરીડે લાઇફ' નામની એક અંગ્રેજી પોથીનું મારા મિત્ર સ્વ. મણિલાલ નથુભાઇ દોશીએ ભાષાંતર કરેલું. તેનું દરરોજ હું પારાયણ કરતો.

મેરી કૉરેલીનું 'સૉરોઝ ઑવ સેટન', ટૉલ્સ્ટૉયનું 'રીસરેક્શન', ઑસ્કાર વાઇલ્ડનું 'પિક્ચર ઑવ ડોરિયન ગ્રે' તથા 'તોબે નસૂહ' નામની એક ધાર્મિક ચોપડી—એ બધાંમાંનાં કરુણાંત સાહિત્ય દશ્યોમાં વર્ણવેલી વેદનાના સાક્ષાત્કારથી, શુદ્ધ નીતિમય ચારિત્ર્ય જ સાચું સુખ આપે છે એની દિનપ્રતિદિન મને ખાત્રી થતી ગઇ. ત્યારથી આત્મશુદ્ધિનાં સાચાં સુખ મેળવવાની જે ક્રિયા શરૂ થઇ છે તે આજ સુધી ચાલુ છે. સાહિત્યે, ધર્મે, જીવનચરિત્રોએ, 'હાં રે મને ઝેરી નાગોએ ડંખ દીધા'જેવાં કવિ નાનાલાલનાં કાવ્યોની ચીમકીએ, મને સદા જાગૃત રાખ્યો છે. સાહિત્યનાં મારા જીવન પરનાં અનેક ઋણોમાંનું આ ઋણ હું કદાપિ વીસરીશ નહિ.

કુદરતનાં એકાન્ત શાંત અને સુંદર સ્થળોએ બેસીને પ્રાર્થનાઓ કરવાની જે ટેવ મેં પાડી તેણે મને ખૂબ ફાયદો કર્યો છે. પછી તો ધીમે ધીમે એવાં એકાન્ત મને મધ્યરાત્રીઓ અને વહેલી પરોઢોમાંથી પણ મળવા લાગ્યાં. કળા અને કવિતાનો ઉદ્દેશ સાત્ત્વિક આનંદ આપવાનો ગણાય છે. એ આનંદ ઇન્દ્રિયોનો નહિ પણ આત્માનું જે સત્ય, જ્ઞાન અને આનંદમય અમૃત સ્વરૂપ છે તે આનંદનો સાક્ષાત્કાર કરાવવાનો છે. સાહિત્ય. કળા અને કુદરતમાંથી હજારો વાર મને એ આનંદ મળ્યો છે ને હજી યે એની ભૂખ મટતી જ નથી.

પર્યટનો અને યાત્રાઓ, શિલ્પ અને સ્થાપત્ય, કાવ્યો અને નાટકો, સિનેમા અને સંગીત, નૃત્ય અને ભજનકીર્તન, સત્સંગ અને મિત્રમેળાપો, મેળા અને નિર્જન એકાન્ત એ બધું હું ભટકી-રખડી માણું છું. અરે, દેશસેવાને નામે ખેંચાતો આત્મસંતોષ પણ પેલા આનંદને પોતાનો કરવા માટેનું જ એક રૂપ છે. દેશસેવા કે પરમાર્થ એ તો માત્ર મનમનામણાં છે; મૂળે તો એ બધી પ્રવૃત્તિઓમાં પેલા સાત્ત્વિક આનંદનો સ્વાર્થ જ છે.

વાઘેલો ગુજરાતી

સિકંદરને પંજાબથી વતન પાછા જવું હતું. પરંતુ તેનું લશ્કર થાકી ગયું હોઈ દરિયા રસ્તે જવું પડ્યું. પણ એટલાં વહાણો ક્યાંથી લાવવાં? ને એ ચલાવે કોણ? તપાસ કરતાં જણાયું કે ગુજરાત વગર આટલાં બધાં વહાણો અને ખલાસી બીજું કોઈ પૂરાં પાડી શકે નહિ.

એટલે ભરૂચમાંથી એક હોશિયાર ખલાસીને બોલાવવામાં આવ્યો. એનું નામ હતું વાઘેલા. તેણે સાતે સાગરની સફરોને ખેડી હતી. ભૂગોળના જાણકારોએ પણ નહિ સાંભળ્યા હોય એવા મુલકો જોયા હતા. એ વાઘેલાએ સિકંદરના સૈન્યને દરિયાપાર કરાવ્યું. સિકંદર પછી ઍથેન્સ અને ગ્રીસ જે સરદારના હાથમાં આવ્યું તેણે વાઘેલાની પાસે બે ગ્રીક ભૂગોળશાસ્ત્રીઓ મોકલ્યા અને ઇરાન, હિન્દ તથા ચીન વિષેની માહિતી મેળવી દુનિયાનો સૌથી પહેલો ભૂગોળનો ગ્રંથ લખાવ્યો.

પચ્ચીસ વર્ષ પહેલાંનો શ્રી મકરન્દ દવેનો પ્રેરક-પ્રબોધક સુખલેખ

હુકમનું પાનું

જર્મનીના વીટેમ્બર્ગ ગામનો એક સામાન્ય સાધુ પોપની અમાપ સત્તાને તોડી પાડે, ફ્રાન્સના કોઇ ગામડાની એક ખેડૂત છોકરી ઇંગ્લંડના સુસજ્જ સૈન્યોનો પરાભવ કરે, અને કાઠિયાવાડના નાનકડા દરિયાકાંઠાનો દૂબળા શરીરવાળો આદમી ભલભલી સલ્તનતનાં યે હાજાં ગગડાવી દે, ત્યારે જગતને આશ્ચર્ય થયા વિના ન રહે. પણ એમાં આશ્ચર્ય જેવું કશું નથી. ઇશ્વરની એ સનાતન કાર્યરીતિ છે, અને તેની પાછળ તેનો એક સરળ અને એટલો જ સબળ નિયમ વર્તે છે.

આપણે જોઇએ છીએ કે પત્તાની રમતમાં એક મામૂલી—દુડી કે તીડીનું હલકું—પાનું પણ બાદશાહ ને એક્કાને પરાસ્ત કરી શકે છે—જો એ હુકમનું પાનું હોય તો. એમ આપણી આ જીવન-મરણની રમતમાં પણ બધાં હુકમનાં પાનાં જ વિજયી હોય છે. તેમનાં હૃદયમાં એક રાજેશ્વરી મૂર્તિ વિરાજમાન હોય છે. લ્યૂથરનો ઇસુ, જોનનો દેવદૂત કે મહાત્માજીનો અંતરાત્મા—ગમે તે નામથી તેને ઓળખો, તેની ઇચ્છામાંથી તેમનાં કાર્ય ઉદ્‌ભવે છે. તેમનું હૃદય એક મહાશક્તિ સાથે એકરૂપ થયું હોય છે; અને એ વિશ્વ-ચૈતન્ય સાથેના સંયોગથી તેમનામાં એવું અભૂતપૂર્વ બળ આવે છે કે જેની સામે દુનિયાની ગમે તેવી જુલ્મગાર સત્તા પણ ટકી નથી શકતી.

પણ આવી અમોઘ શક્તિ માત્ર પોતાના માનીતા અમુકને જ ઇશ્વર આપે છે તે સાચું નથી. ઊલટું, વધારે સાચું એ છે કે આપણે સૌ એ શક્તિના વારસદાર છીએ. ખુલ્લું દિલ, શ્રદ્ધા, સચ્ચાઇ અને નિયત માર્ગે પગલું ભરવાની દઢતા, એટલી મૂડી હોય તો ઘણું. આપણે જાતના લોભ માટે રાતદિવસ કામ કરીએ છીએ; પરિણામે આવે છે નિરાશા, થાક, અસંતોષ. એક વાર લાભ કે હાનિની ગણતરી છોડી, તમારામાં ઊંડે ઊંડેથી આવતા અવાજને સાંભળવાની તસ્દી લઇ, તેના કહ્યા પ્રમાણે આચરી તો જુઓ! એક વાર તેના હુકમનું પાનું બની તો જુઓ! કદાચ તેના વચન પ્રમાણે કરવાથી પરાજય પણ આવશે, તો યે તેનો સ્વાદ તમે કુનેહથી મેળવેલા વિજય કરતાં જુદો જ હશે. કદાચ એ પરાજય જ ખરો વિજય હશે.

ત્યારે વાત આ છે: આપણી સાચીખોટી ધારણા નહિ, પણ એક પરમ સત્ય, એક પરમ શક્તિની ઇચ્છા આપણા દરેક કાર્યની પ્રેરક હો! એ ઇચ્છાને ઓળખવી તે પણ મુશ્કેલ નથી. કહ્યું કે ખુલ્લું દિલ, પેલી શ્રદ્ધા અને સચ્ચાઇ રાખો: અજવાળું આપમેળે ઊતરશે. પણ આપણે સરળ માર્ગને અટપટો બનાવી દેવાનું જ શીખ્યા છીએ. ટૂંકી દૃષ્ટિ, બાંધેલા પૂર્વગ્રહો ને જાત પર વધુપડતો વિશ્વાસ, આ સીધાં કિરણોના પ્રકાશને બાધક છે. આજના ડોલાયમાન વાતાવરણમાં શ્રદ્ધાની હોડી સ્થિર રહેવી મુશ્કેલ છે. સચ્ચાઇની સહનશીલતાના દોર કાચા છે.

પણ જો એક નિશ્ચય કરો, પૂરા દિલની પ્રતિજ્ઞા કરો તો પડતા-આખડતા પણ તમે એને પહોંચ્યા સિવાય નહિ રહો. ચિંતાતુર ચહેરે જગન્માતા એવા—ભલેને ખૂણે જન્મેલા—પણ વીર બાળકની ખોજ કરી રહી છે. અને તેના હુકમનું એક પાનું ગમે તેવાની જોહુકમી પણ તોડી શકે છે એ તો તમે જાણો છો.

—મકરન્દ દવે



માનવી કુદરતનાં બળો કેમ વાપરે છે

કુદરતે ભરેલા ભંડારોનો ઉપયોગ માનવી વિવિધ રીતે કરતો આવ્યો છે. કોલસા ને તેલ (પેટ્રોલ) જેવા એના કેટલાક ભંડાર કરોડો વરસ ચાલે એટલા અખૂટ છે; જ્યારે પવન જેવી અમુક કુદરતી શક્તિઓ માત્ર તે હોય તેટલા કાળ પૂરતી જ કામ લાગે છે. એ બધાં વિવિધ કુદરતી બળોને માનવીએ કેમ જોતર્યાં છે તે આ ચિત્રમાં દર્શાવ્યું છે. એમાંથી માનવીએ સૌપહેલો ઉપયોગ પવન ને પાણીનો કર્યો. પવનનો ઉપયોગ પવનચક્કી દ્વારા ઘંટી કે યંત્ર ચલાવવામાં અને સઢ દ્વારા વહાણ ચલાવવામાં માનવી કરે છે. પડતા પાણીના ધોધની શક્તિનો પણ માણસ ઘણા વખતથી ઉપયોગ કરે છે. પુરાણા જળચક્ર-રહેંટથી માંડીને આજની 'ટર્બાઇન' એના નમૂના છે. જળધોધની શક્તિને ટર્બાઇન દ્વારા જોતરીને જે અમાપ વીજળિક શક્તિ ઉત્પન્ન કરવામાં આવે છે તેનો અજોડ નમૂનો તાતાનું હાઇડ્રોલિક વર્કસ છે. જળ અને પવનનો ઉપયોગ માનવી આમ સીધી રીતે જ કરે છે, જ્યારે બીજી શક્તિના ભંડાર તે રૂપાંતર કરીને વાપરે છે. સૂર્યના પ્રકાશની શક્તિ કામે લગાડવા તેણે સૂર્યયંત્ર યોજ્યું છે. તેમાં અરીસા જેવી ચકચકિત સપાટીવાળા કાચ કે ધાતુનાં પતરાં દ્વારા સૂર્યનાં કિરણોની ગરમીને કેન્દ્રિત કરી-તે વડે યંત્રમાં ભરેલું પાણી ગરમ કરી તેની વરાળ તે ખપમાં લે છે. પણ માનવીએ વધુમાં વધુ ઉપયોગ તો કર્યો છે કોલસા અને તેલનો. કોલસા દ્વારા ગરમ પાણીની વરાળ કરી વરાળયંત્રનો આખો યુગ તેણે ઊભો કર્યો છે. અને તેલને પણ કાચા (ક્રૂડ) અને શુદ્ધ (પેટ્રોલ) બંને સ્વરૂપમાં વાપરી યંત્રો ચલાવવામાં જોતર્યું છે. ક્રૂડ ઑઇલથી ચાલતાં ઑઇલ એન્જિન અને પેટ્રોલથી ચાલતી મોટરો તો સર્વવિદિત છે.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક · હપતો ૯૨

૪૫૪ સાહિત્ય પરિષદની પૂર્વકથા

ઈ. ૧૯૦૪ના અરસામાં રણજિતરામ વાવાભાઈને ગુજરાતી સાહિત્ય પરિષદ ભરવાની સ્ફુરણા થઇ હતી. તે વખતે તેઓ સુમનસ ધ્રુવને 'સાહિત્ય' માસિક ચલાવવામાં મદદ કરતા હતા. સાહિત્ય ને સંસ્કારનું સેવામય જીવન ગાળવું એ તેમની મહત્ત્વાકાંક્ષા હતી.

જાપાનના રશિયા પરના વિજયે પૂર્વની પ્રજાઓને નવીન સંદેશો આપ્યો. હિંદી પ્રજાજીવન નવા વિચાર અને ભાવનાથી ધમધમી ઊઠ્યું હતું અને બંગાળ મદ્રાસ વગેરે પ્રદેશોમાં નવજાગૃતિની હવા સંસ્કારક્ષેત્રોમાં વ્યાપી ગઇ હતી. આ બધાંની અસર રણજિતરામ પર ખૂબ જ થઈ હતી. તેમનું મન ગુજરાતની અસ્મિતા સાથે દેશભાવનાથી એટલું પ્રચુર હતું કે 'ગુજરાત લિટરરી ઍન્ડ એડ્યુકેશન સોસાએટી'ને વિકસાવીને 'ગુજરાત સાહિત્ય સભા' અને 'ગુજરાત કેળવણીમંડળ'ની યોજના કરી હતી, અને ગુજરાતી વિદ્વાનોનાં સંમેલન માટે પણ 'કૉંગ્રેસ' કે 'કૉન્ફરન્સ' જેવા અંગ્રેજી શબ્દો પસંદ ન કરતાં 'પરિષદ' એ નવો શબ્દ પ્રાચીન સંસ્કૃત-સાહિત્યમાંથી શોધી કાઢ્યો હતો. એ 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ની પાંચ બેઠકો થઈ ગઇ હતી અને પરિણામે અભ્યાસી વર્ગમાં પરસ્પર પરિચય, સહવાસ અને ભ્રાતૃભાવ વધ્યાં હતાં. કેટલા યે વિદ્વાનો નિકટના સ્નેહથી ગંઠાયા હતા.

ઈ. ૧૯૧૨માં સૂરતમાં પાંચમી સાહિત્ય પરિષદ ભરાઇ તેમાં છઠ્ઠી બેઠક માટે અમદાવાદનું આમંત્રણ સ્વીકારાયું હતું. તેને અંગે અમદાવાદની સાહિત્યસભાએ નીમેલી કારોબારીની એક બેઠક ૧૯૧૮ના ઑગસ્ટમાં ભરાઈ ચૂકી હતી. તે સભા ફરી ૧૯૧૯ના જુલાઈની ૧૭મીએ બોલાવવામાં આવી અને તેમાં પરિષદની બેઠકની સાથે સાહિત્ય કલા ને ઈતિહાસનું પ્રદર્શન ભરવાનું તથા સત્કાર મંડળના પ્રમુખ તરીકે આનંદશંકર ધ્રુવને નીમવાનું ઠરાવવામાં આવ્યું. પણ એ ડિસેમ્બર માસમાં શિક્ષકવર્ગને રજાઓ નહોતી એટલે પરિષદની બેઠક ઈ. ૧૯૨૦ના ઈસ્ટરના તહેવારોમાં ભરવાનો છેવટનો નિર્ણય થયો.

૪૫૫ અમદાવાદમાં છઠ્ઠી સાહિત્ય પરિષદ

એ પરિષદના કાર્યક્રમમાં બે મહત્ત્વનાં તત્ત્વો ઉમેરવાનું અમદાવાદની સમિતિએ ઠરાવ્યું હતું: (૧) દેશના જાણીતા પ્રતિભાવાન વિદ્વાનોને પરિષદમાં નિમંત્રણ આપવું અને તેમની વિદ્વત્તા-જ્ઞાન-અનુભવનો લાભ મેળવવો; (૨) જુદાજુદા પ્રાંતનાં ભાષા-સાહિત્યથી પરિચિત રહેવું અને પ્રાંતપ્રાંત વચ્ચે વિચારોની આપ લે કરવી. તેમાં તાજેતરમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે વિશ્વનું નોબેલ પ્રાઈઝ મેળવી હિન્દની કીર્તિ ઉજ્જ્વલ કરી હતી તેમનું દર્શન કરવાની અને તેમની કાવ્યમય વાણીનું શ્રવણ કરવાની ઉત્સુક્તાથી તેમને આમંત્રણ આપી પરિષદનું ગૌરવ વધારવાનું વિચારાયું; પણ સવાલ એ થયો કે ટાગોરને આગ્રહપૂર્વક આમંત્રણ કોણ કરી શકે? તરત જ ડૉ. હરિપ્રસાદે સૂચવ્યું કે એ માટે ગાંધીજી યોગ્ય પુરુષ ગણાય, એટલે તે બાબત ડૉક્ટરને જ સોંપવામાં આવી.

જ્યારે તેમણે ગાંધીજી આગળ આ વાત મૂકી ત્યારે ગાંધીજીએ તરત કહ્યું કે તેઓ તો ખુશીથી આવશે, પણ એ તો રાજવંશી પુરુષ છે; પરોણાગત ઊંચા દરજ્જાની હોવી જોઇશે. આ પરથી ડૉક્ટરના મિત્રમંડળમાંના હિતેચ્છુ પ્રેસના માલિક હરિપ્રસાદ ઈ મહેતા (જેમને અમે હરિપ્રસાદ હિતેચ્છુ કહેતા તે) બોલી ઊઠ્યા કે 'એમાં શું? અંબાલાલ સારાભાઇને ત્યાં કરુણાશંકર માસ્તરનું શ્રીમતી સરલાદેવી સારું માન રાખે છે, ને આવા સુપ્રસિદ્ધ સંસ્કારી મહેમાન તેમને ત્યાં આવે તેથી તેઓ તો ખૂબ ખુશ થશે.' એ યોજના પાર પડી. કરુણાશંકર માસ્તર એ યુગના એક આદર્શ શિક્ષક હતા અને વડોદરા રાજ્યની–લાયબ્રેરી યોજનાના સર્જક મોતીભાઈ અમીનની ખાસ ભલામણથી તેઓ પોતાના વતન કોસિંદ્રાની શાળા મૂકી શેઠ અંબાલાલનાં બાળકોને શિક્ષણ આપવા અમદાવાદ આવી રહ્યા હતા. તેઓએ ઘણા ઉત્તમ ગ્રંથો દ્વારા ભારતીય સંસ્કૃતિના આદર્શવાળો શિક્ષણક્રમ ઉપજાવ્યો હતો. તેમના કહેવાથી અંબાલાલ શેઠે ટાગોરને પોતાના સન્માનનીય અતિથિ તરીકે રાખવાનું સ્વીકારી લીધું, ને આમ ગાંધીજીના પત્રથી ટાગોરનું સાહિત્ય પરિષદમાં પધારવાનું નક્કી થઈ ગયું.

હવે સાહિત્ય પરિષદની જુદીજુદી કમિટીઓ પોતપોતાની યોજના પ્રસારવા લાગી. હીરાલાલ પારેખે મને બહુ ગૌરવથી પ્રદર્શન વિભાગનો મંત્રી બનાવ્યો, પણ હું જાહેર કાર્યોથી ઘણો અજાણ્યો હોવાથી મેં મારા મુરબ્બી ડૉ. હરિપ્રસાદનું નામ સાથે મુકાવ્યું, અને પ્રદર્શનના વિભાગો વિચારી તેની પહેલી પત્રિકા પ્રચાર માટે આપી દીધી.

રવીન્દ્રનાથનું નામ તેમને 'ગીતાંજલિ'ના પુસ્તક માટે વિશ્વ-પારિતોષિક મળવાને કારણે જ ગુજરાતને રોશન થયું હતું, પણ કોઈએ તેમના સાહિત્યનું કે કાવ્યોનું અધ્યયન કરેલું જાણ્યું નહોતું. શ્રી મહાદેવભાઈ દેસાઈએ નરહરિભાઈ પરીખ સાથે 'ચિત્રાંગદા'નો ગુજરાતી અનુવાદ કરેલો અને ઝંડુ ફાર્મસીવાળા ભગવાનલાલ ગિરિજાશંકર ભટ્ટ જે વારંવાર તેમના ધંધા માટે કલકત્તા જતા તેમણે બંગાળી પરથી થોડી વાર્તાઓ 'વીસમી સદી'માં અનુવાદિત કરેલી. છતાં ટાગોર વિષે સાક્ષરોમાં ખાસ કૌતુક નહોતું. પણ હવે ડૉ. હરિપ્રસાદે સૌને કહ્યું કે ગીતાંજલિની અંગ્રેજી આવૃત્તિ તો વાંચી લેવી જ જોઈએ, અને એમ ટાગોર-સાહિત્ય તરફ ગુજરાત ખેંચાયું.

૪૫૬ મિત્રોનો નિત્યસમાગમ અને હું

સાહિત્ય પરિષદની તારીખો ઠરી એટલે હીરાલાલ પારેખ દર અઠવાડિયે પ્રેમાભાઈ હૉલમાં સભાની કચેરીમાં અવિધિસર કમિટીઓ બોલાવવા લાગ્યા તેમાં મને અન્ય સભ્યોનો ઠીક પરિચય થયો. હું ક્યારેક ઢીલ કરું તો ડૉ. હરિપ્રસાદ મારા ઘર આગળથી મને સાદ કરી સાથે ઉપાડતા. તેમણે મને આગ્રહ કર્યો કે અમદાવાદ બરાબર જોવું હોય તો એક સાઈકલ લઈ લો. આ ઉપરથી મારા મિત્ર મોહનલાલ વ્યાસે એક સેકંડ-હૅન્ડ સાઇકલ રૂ. ૫૦માં અપાવી જે જૂજ ખર્ચ કરતાં સારુ કામ આપવા લાગી.

એ દિવસોમાં રોજ ઘેર આવી બેસનારા મિત્રોમાં એ મોહનલાલ ઉપરાંત બીજા જીવરામભાઈ આચાર્ય એક મિલમાં સ્પિનિંગ માસ્તર હતા. તે નવરા પડતા ત્યારે આવતા અને શહેરમાં વસતા સંબંધીજનોની વાતો કરતા. તે અંતરથી જૂની રીતોને ચાહતા નહોતા એટલે વરા, કાણો, જાનો વગેરેની મશ્કરીભરી હકીકતો કહેતા તેમાં મને મજા પડતી. ત્રિભુવન પટેલ હું ન મળ્યો હોઉં તે દિવસે અવશ્ય આવતા. તેમને વિદ્વાનો અને સાહિત્યકારોની વાતોમાં રસ નહોતો, પણ પ્રસિદ્ધિ અને પૈસાનો શોખ હતો. સ્થાનિક ચિત્રકારો કે ચિત્રશિક્ષકો પ્રતિ થોડો તુચ્છકાર પણ હતો. પણ 'વીસમી સદી'માં તેમને

સ્થાન ને પ્રસિદ્ધિ મળેલાં તેથી મારા પર ખૂબ પ્રસન્ન રહેતા. મારે યાદ કરવું જોઈએ કે હાજીને વિષે મેં જે ભાવ રાખ્યો હતો કે આવું ઉન્નત કાર્ય કરનાર સાથે પૈસાનો સંબંધ ન ઘટે તે વાત ભાઈ ત્રિભુવને સ્વીકારી હતી. કોઈ કોઈવાર વકીલ જીવણરામભાઈ પણ આવી જતા. કેશવપ્રસાદ વનિતાવિશ્રામની શાળામાં મંત્રી હતા, તે એક વાર મને ત્યાં લઈ ગયા અને ચિત્ર-અભ્યાસક્રમ માટે પાઠો ગોઠવી આપવા કહ્યું.

વનિતાવિશ્રામની એ શાળા મારા ઘરની સાવ નજીક હતી તેથી હું ત્યાં વખતોવખત જતો. ચિત્રકામમાં સંસ્કાર પ્રકટે એવા પાઠો મેં એમને માટે ગોઠવી આપ્યા. તે વખતે વનિતાવિશ્રામમાં હેડમાસ્તર તરીકે ચંદુલાલ કાશીરામ દવે હતા, ને ભોગીલાલ ઠાકર તથા સવિતાબહેન ત્રિવેદી સ્વેચ્છાએ ત્યાં વર્ગો લેતાં. એ સમાજસેવકોનો સંબંધ અદ્યાપિ પર્યંત મને સુખદ બન્યો છે.

એક વાર દૂર શાહપુરમાં વસેલા મારા જૂના મિત્ર નર્મદાશંકર ઠાકર પોતાની બગીમાં ભાઈ કેશવલાલ ચંદારાણાને લઈને મને મળવા આવ્યા. તે શાહપુર મિલના સેક્રેટરી બન્યા હતા, અને કેશુભાઈને કામમાં યોજવા હાથવણાટનું એક કારખાન કર્યું હતું. આ બધાથી અમદાવાદ હવે મારું છે એમ મને લાગવા માંડયું.

૪૫૭ બચુભાઈ રાવતનો ભેટો

મારો સૌથી વધુ આનંદપ્રદ અનુભવ તો જ્યારે ગોંડલવાળા શ્રી બચુભાઈ રાવત એક દિવસે મારે દાદર આવી ભેટી પડચા ત્યારે થયો. ગોંડલમાં અમે મળ્યા ત્યારથી મારી વાતો સાંભળી ગોંડલનું વાતાવરણ. વડીલશાહી અને દેશી રાજ્યની રસમોની ગૂંગળામણથી તેમનું મન ભાગી છૂટવા અધીર બન્યું હતું. દેશની વિવિધ સેવા કરવાના સ્વપ્નસેવી આ યુવાનને જૂનવાણીની મર્યાદાઓથી અકળામણ વધી ગઈ અને બહાર નીકળી આવવાની પ્રેરણા પ્રકટી. આમ તો અમદાવાદ તેમનું વતન હતું, પણ વડીલો પાંચ પેઢીથી ગોંડલ રાજ્યની સેવામાં હોવાથી તેમનો ઉછેર ત્યાં થએલો. ત્યાં 'કવિ વિહારી' જેવા સાહિત્યશિક્ષકો અને રવિશંકર પંડિત, રાઘવ પટેલ, દેશળજી પરમાર, ગૌરીશંકર જોશી—ધૂમકેતુ અને બીજા થોડા ભાવનાશીલ યુવકોના સાથમાં તેમણે ઊંડી સાહિત્યિક અને સંસ્કારી ભૂમિકા જમાવેલી, અને તેમની કલમ-બુદ્ધિનો સંયોગ સાધી પ્રકટાવેલા હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ'થી મને લાગેલું કે એમનામાં ચારે કોરથી સારી વસ્તુઓ શોધીને મૂલવવાની અને કળાથી તેને ઓપાવવાના શક્તિ છે. પણ એ શી રીતે મારા આવવાની સાથે જ અમદાવાદ પહોંચી ગયા તેનું મને આશ્ચર્ય હતું.

તેમણે કવિ 'વિહારી'ના પુત્ર અને મારા કૉલેજકાળના મિત્ર શ્રી ચંદુલાલ બહેચરલાલ પટેલ જે એ વખતે ગોંડલ રાજ્યમાં મદદનીશ વિદ્યાધિકારીના પદે હતા તેમને પોતાનો ઇરાદો જણાવેલો. એક વખત સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના અધિષ્ઠાતા સ્વામી અખંડાનંદ ગિરનાર જતાં વચ્ચે પોતાના પરિચિત ચંદુલાલને ત્યાં ઊતરેલા, તે વખતે તે યોગ્ય સહાયકને અભાવે સંસ્થા બંધ કરવાના વિચારમાં છે એવો નિરાશાભાવ વ્યક્ત કરેલો. ગિરનારથી વળતાં ચંદુલાલે બચુભાઈનો પરિચય સ્વામીને કરાવ્યો અને બચુભાઈએ, બંધ થવાની અણી પર આવી ઊભેલા સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં ગ્રાહકોનાં રજિસ્ટર, હિસાબોના ચોપડા, છાપખાનામાં પ્રુફ અને નવાં પુસ્તકોની હસ્તપ્રતોની તપાસણી સુધીનું કામ આવીને ઉપાડી લીધેલું. એમનો પગાર એ વખતના પ્રમાણમાં માત્ર રૂ. ૪૦ હતો, પણ તેમને ફોઈબા તરફથી વારસામાં મળેલું ઘર પાનકોર નાકે ખાલી થવાનું હતું ત્યાં સુધી દૂરના કાકાની પડોશમાં રાયપુરની બહવાપોળને નાકે ત્રણ રૂપિયાના ભાડાની એક દાદર-ઓરડીમાં પત્ની સાથે નિવાસ વેઠી લેવાનું સ્વીકાર્યું હતું.

મારો પત્તો મેળવી તે આવ્યા અને પછી રોજ તેમનું નોકરીનું કામ પતાવી નિયમિતપણે મારે ત્યાં આવવાનું રાખ્યું. પોતાના પ્રેરણાસ્થાન 'વીસમી સદી' અને તેના સર્જક હાજીમહમ્મદની વાતો તે રસપૂર્વક સાંભળતા અને તેને નજરે જોવા મુંબાઇ સુધી જવાની ઇચ્છા કરતા, તેમજ વખત પર તેમના આવતા કાગળો પણ વાંચતા. મારું કેટલુંક લેખનનું કામ ઉકેલવામાં પણ મદદ કરતા. સાહિત્યની કમિટીઓની વાતો પણ હું તેમને કરતો, અને વિશેષ સમયના અભાવે એ વખતે એમનાથી પોતાનું મિત્રમંડળ વિસ્તારી શકાયું નહિ, પણ જે મિત્રો મારે ત્યાં આવતા-જતા તેમના તો એ પરિચિત સંબંધી જેવા બની ગયા. ગોંડલના મિત્રોમાંથી ભાઈ રવિશંકર પંડિત પહેલું વર્ષ બહાઉદ્દીન કૉલેજમાં કરી વડોદરા કૉલેજમાં બીજું વર્ષ કરતા હતા. તે મને અમદાવાદમાં આવેલો જાણી વળતી વખત આવી મળતા અને મારો સહવાસ વધુ મેળવવા છેવટનાં વર્ષો ગુજરાત કૉલેજમાં કર્યા.

૪૫૮ ગાંધીજીની રાષ્ટ્રીય પ્રવૃત્તિ

હું રાજકીય બાબતોમાં ભાગ્યે જ રસ લઈ શકતો. શહેરમાં કોઈ રોજિંદુ દૈનિક ન હતું. ડૉ. હરિપ્રસાદને દવાખાને તેમના ટેબલ પર 'પ્રજાબંધુ', 'ગુજરાતી પંચ' અને મુંબાઈનું કોઈ છાપું પડયું હોય તે જરા જોઉં, બાકી વાતો સાંભળું. પણ ડૉક્ટર તો રાજકીય ચળવળના અને પ્રજાસેવાના પૂરા રંગીલા સિપાઈ, એટલે એ વાતો કર્યા વિના રહે નહિ. એ ગાંધીજી પાસે તો ખાસ જતા-આવતા. ગાંધીજીએ હવે સાબરમતીને સામે કિનારે દૂધેશ્વર આગળ સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો હતો તેની વાતો તે કરતા. એ દૂધેશ્વર આગળ પુરાણપ્રસિદ્ધ દધીચિ ઋષિનો આશ્રમ હતો, જેમણે દેવોને શસ્ત્રો માટે પોતાનાં હાડકાં આપ્યાં હતાં એવો બનાવ હવે આ યુગમાં ફરી બનશે એવું એ કહેતા.

એવામાં ૧૯૧૯ના સપ્ટેમ્બરમાં ગાંધીજીએ 'નવજીવન' સાપ્તાહિક શરૂ કરવાની જાહેરાત કરી; અને તેના છાપકામનું સંચાલન કરવા વડોદરા કે મુંબાઈથી સ્વામી આનંદ અને જુગતરામ દવે અમદાવાદ આવીને આશ્રમમાં રહ્યા ત્યારે એ બંને જૂના મિત્રોના સંગથી મને આશ્રમ તરફ આકર્ષણ થયું. એ સમયના ગુજરાતના જાહેર જીવનમાં રાજકીય ચળવળ નહિ જેવી હતી. ભણેલા માણસો સારી નોકરી લઈ ગૃહસ્થાશ્રમ સંભાળતા રહેતા. ભારત-મશહૂર આગેવાન કોઈ નહોતું. જોકે કેટલાક હિંમતબાજ યુવાનો અને ગૃહસ્થો હતા, અને મુંબાઈમાં 'ગુજરાતી' અને અમદાવાદમાં 'પ્રજાબંધુ' સાપ્તાહિકો સરકારની નીતિ વિષે સમજ આપતાં કે ટકોર કરતાં. સાહિત્યકારોની દૃષ્ટિમાં પ્રાચીન શિષ્ટ ગ્રંથોનો અભ્યાસ જ મહત્ત્વનો ગણાતો.

મુંબાઈમાં, મુકાબલે, પ્રજાજીવન ઘડનારાં ઘણાં તત્ત્વો હતાં. 'બૉમ્બે ક્રોનિકલ' તેના નીડર તંત્રી હૉર્નિમન દ્વારા સરકારની આકરી ટીકા કરતું. પણ સરકારે તેને જેલ ભેગા કર્યા ને પત્ર બંધ થયું. તેની ખોટ પૂરવા એ ક્રૉનિકલના જ એક વહીવટકર્તા શંકરલાલ બૅંકરે, પોતે અઠવાડિક 'યંગ ઈંડિયા' ચલાવતા તે હાથમાં લેવાની ગાંધીજીને વિનંતી કરી; અને ગાંધીજીએ પોતાના સંદેશ-વાહન તરીકે તે હાથ લીધું.

આ અરસામાં ઈન્દુલાલ યાજ્ઞિકે 'સત્ય' નામનું એક ગુજરાતી માસિક હાથમાં લઈ રણજિતરામ વાવાભાઈ, કનૈયાલાલ મુનશી આદિ મિત્રોના સહકારથી 'નવજીવન અને સત્ય'ના નામથી નવા આવેગથી ચલાવવા માંડેલું. તેમાં પ્રજાના સર્વ પ્રશ્નો પર લેખો આવતા. ગાંધીજીને કુદરતી રીતે જ 'યંગ ઇંડિયા'ની સાથે ગુજરાતી પત્રની પણ જરૂર જણાઈ અને ઇન્દુલાલે ખુશીથી 'નવજીવન' તેમને સોંપ્યું. ૧૯૧૯ની ૭મી સપ્ટેમ્બરે—આજથી બરાબર ૫૦ વર્ષ પર તે સાપ્તાહિક રૂપે અમદાવાદથી પ્રકટવું શરૂ થયું. ઈન્દુલાલ તેમાં ઉપતંત્રી રહ્યા. (ચાલુ)

ગ્રીનિચ રેખાની જબાની

બાપુની કહાની-૩

અમૃતલાલ વેગડ



હું ■ ૧૯૩૧ના સેપ્ટેમ્બર માસની શરૂઆતના એક દિવસે ઇંગ્લંડના કેન્ટ પરગણાના ફૉકસ્ટોન બંદરે સારી સંખ્યામાં માણસો એકઠા થયા હતા. એ લોકો એક સ્ટીમરની રાહ જોઇ રહ્યા હતા.

ભીડથી અલગ બે જણ વાતો કરતા હતા. એમાંનો એક પોલીસ-માણસ જણાતો હતો. એ બીજાને કહેતો હતો કે 'જૂલિયસ સીઝરે જ્યારે ઇંગ્લંડ પર આક્રમણ કર્યું ત્યારે એ પેલી ભેખડ પાસે ઊતરેલો, ખબર છે?' થોડી વાર રહી એ ફરી બોલ્યો: 'ને વિલિયમ ધ કૉન્કરરે ઈંગ્લંડ પર હુમલો કર્યો ત્યારે એ પણ આટલામાં જ ઊતર્યો હતો એ જાણો છો?' બીજો માણસ કોઇ વિદ્વાન પાદરી જેવો જણાતો હતો. એણે કહ્યું: 'અને ઈંગ્લંડનો ત્રીજો ને સૌથી મહાન વિજેતા પણ અહીં જ ઊતરી રહ્યો છે.' સ્ટીમર પરથી મહાત્મા ગાંધી ઊતરવાના હતા. તેઓ બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા આવતા હતા.

હું જૂનાં સ્મરણોમાં ડૂબી ગઇ. મને સ્હેજે ૪૦ વરસ પહેલાંના દિવસો યાદ આવી ગયા. એક દૂબળો-પાતળો શરમાળ છોકરો ૧૮ વરસની ઉમરે કાયદાનો અભ્યાસ કરવા લંડન આવ્યો હતો. થોડા જ દિવસોમાં મેં જોયું કે આ વિદ્યાર્થી બીજા સામાન્ય વિદ્યાર્થી જેવો નથી. એ પોતાના નિશ્ચયમાં દૃઢ છે અને લીધેલી પ્રતિજ્ઞાનું કોઇ પણ ભોગે પાલન કરે છે. ત્યારથી જ મને એના પર માયા જાગી.

શરૂશરૂમાં એને અહીંનું વાતાવરણ વિચિત્ર લાગ્યું. ફિક્કા ભોજનને લીધે એને ભૂખ્યા રહેવું પડયું. છતાં યે એણે માંસમદિરા ન લેવાની પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું. પોતાના ભાઇને લખેલા પહેલા પત્રમાં એણે લખ્યું: 'સખત ટાઢ હોવા છતાં યે હું માંસ અથવા દારૂની જરા ય જરૂર નથી જોતો.'

બૅરિસ્ટર બનવા એ ૧૮૮૮માં 'ઇનર ટૅમ્પલ'માં દાખલ થયો. અંગ્રેજી બાબુ બનવાની ધૂનમાં એણે નવી ફૅશનના પોશાક સીવડાવ્યા અને સંગીત, નાચ તથા વક્તત્વકળાના વર્ગ ભરવા શરૂ કર્યા. પરંતુ થોડા જ દિવસોમાં આ બધું છોડી દીધું. અંગ્રેજી સાહેબ બનવાની ઇચ્છા રાખવાવાળા મોહનદાસે આદર્શ વિદ્યાર્થી બનવું પસંદ કર્યું. એ એકાગ્રપણે પોતાનો અભ્યાસ કરવામાં લાગી ગયો.

હવે એના પર સાદગીથી રહેવાની ધૂન સવાર થઈ. આ માટે એણે એક ઓરડો ભાડે લીધો અને પોતાનું ભોજન જાતે જ તૈયાર કરવા લાગ્યો. લંડનના શાકાહારી મંડળનો એ સભ્ય બન્યો. એ દરરોજ કેટલા ય માઇલ પગે ચાલતો અને એકે એક પેનીનો હિસાબ રાખતો.

ઇ. ૧૮૮૯ના અંતમાં એણે પહેલી વાર એડવિન અર્નોલ્ડ કૃત ગીતાનો અનુવાદ વાંચ્યો. એના જીવન પર તેનો અનેરો પ્રભાવ પડયો. એક મિત્રના કહેવાથી બાઈબલ વાંચ્યું. તેમાંના 'ગિરિપ્રવચને' એનું મન મોહી લીધું. આમ, કાયદાની ચોપડીઓ જોડે ધર્મનાં પુસ્તકો પણ એણે બહુ રસપૂર્વક વાંચ્યાં.

ઇ. ૧૮૯૧માં એમ. કે. ગાંધી પરીક્ષામાં સફળ થયા અને બૅરિસ્ટર બન્યા. આના બે જ દિવસ બાદ એ પોતાને દેશ જવા રવાના થઈ ગયા. આજે એને ૪૦ વરસ થઈ ગયાં.

વચ્ચે દક્ષિણ આફ્રિકાથી એ ત્રણ વાર અહીં આવેલા, પણ મારા મનમાં એમનાં જે સ્મરણો આજે યે તાજાં છે, એ તો એમની પહેલી ને આ છેલ્લી યાત્રાનાં જ, એટલે હવે હું આ અંતિમ યાત્રા વિષે જ કહીશ.

લંડનમાં શાહી મહેમાનની રૂએ શાહી હોટેલમાં ઊતરવાનો એમણે અસ્વીકાર કર્યો. તેઓ ગરીબોની સેવા કરવાવાળી સંસ્થા 'કિંગ્સ્લી હૉલ'માં ઊતર્યા. લંડનના એ પૂર્વ વિભાગના લોકોએ પોતાનાં ઘરોમાં એમનું હાર્દિક સ્વાગત કર્યું ને આદરપૂર્વક એમને રાખ્યા.

ગોળમેજી પરિષદનાં લાંબાં, મોટે ભાગે નિરર્થક અને કંટાળો ઉપજાવે એવાં ભાષણો ગાંધી માટે કડવો અનુભવ જ હતાં. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના એકમાત્ર પ્રતિનિધિના રૂપમાં એમને વારંવાર ભાર દઇને કહેવું પડતું કે બ્રિટિશ સરકારનો પ્રસ્તાવ ભારતના વિશાળ જનસમૂહને સ્વીકાર્ય નથી. દુર્ભાગ્યે એમને બ્રિટિશ સરકાર ઉપરાંત પરિષદમાં પોતાના જ દેશવાસીઓ જોડે વિવાદમાં ઊતરવું પડતું. બ્રિટને એમને અલ્પમત જાતિઓના પ્રતિનિધિઓના રૂપમાં એકઠા કર્યા હતા. તેઓ વારંવાર સાંપ્રદાયિક સમસ્યાનો જ રાગ આલાપતા રહેતા.

આ કઠણ મહિનાઓમાં હું એમના અસાધારણ ધૈર્ય તથા મૃદુલ સ્વભાવથી અત્યધિક પ્રભાવિત થયા વિના ન રહી શકી. એમના મોં પર કદી પણ સંતાપ, ક્ષોભ અથવા અકળામણનું કોઇ પણ ચિહ્ન દેખાતું નહિ. પરંતુ ગોળમેજી પરિષદ અસફળ પુરવાર થઈ. હિન્દુસ્તાનના વિભિન્ન ધર્મો અને જાતિઓ વચ્ચે ભેદભાવનાં બીજ રોપાયાં—એટલે સુધી કે હરિજનોને હિન્દુઓથી અલગ માનવામાં આવ્યા. ગાંધીએ કહ્યું કે જો એવું કરવામાં આવશે તો એનો વિરોધ કરવામાં પોતે પ્રાણ પાથરશે! પણ એમની વાણીની ગંભીરતાને તે દિવસે કોઈ સમજ્યું નહિ.

ગાંધીએ અહીં પોતાને કેવળ ગોળમેજી પરિષદ સુધી જ સીમિત ન રાખ્યા. આ દેશના દરેક વર્ગના લોકોને તેઓ મળ્યા. પોતાના જૂના મિત્રોને મળવાનું તો તેઓ કેમ ભૂલે? જનરલ સ્મટ્સ તે દિવસોમાં અહીં જ હતા. ગાંધીને મળીને એ બહુ રાજી થયા. લૉર્ડ અર્વિનને પણ મળ્યા. જે ડૉક્ટરે ૧૯૨૨માં એમના ઍપેન્ડિસાઈટિસનું ઑપરેશન કરેલું, એમને ય મળ્યા. તે ઉપરાંત તેઓ અહીંના વિદ્વાનો, બુદ્ધિજીવીઓ અને કળાકારોને પણ મળ્યા. એમાં બર્નાર્ડ શૉ ને ચાર્લી ચૅપલિન મુખ્ય હતા. બર્નાર્ડ શૉએ ગાંધીને 'મહાત્મા ધ મેજર' અને પોતાને 'મહાત્મા ધ માઇનૉર' કહ્યા! તે ઑક્સફર્ડ ને કેમ્બ્રિજ પણ ગયા. ત્યાંના વિદ્વાન પ્રોફેસરોના પ્રશ્નોના જે તત્પરતા અને સૂઝબૂઝથી એમણે ઉત્તરો આપ્યા એ સાંભળી ત્યાંની વિદ્વન્મંડળી ચકિત થઈ ગઈ.

એમની દિનચર્યા બહુ કઠોર હતી. અહીંની હાડ ધ્રુજાવનારી ઠંડીમાં સવારે ૪ વાગ્યે ઊઠીને એ પ્રાર્થના કરતા. એ પ્રાર્થનામાં એક અજબ રહસ્યમયી સુંદરતા રહેતી. ત્યાર બાદ થોડી વાર માટે ફરીને સૂઈ જતા. ૫ વાગ્યે ફરવા જતા. ફરતાંફરતાં મળવાવાળાઓ સાથે વાતો પણ કરતા જતા. દેહ પર પોતાની ખાદીની ચાદર વીંટીને તેઓ એટલી ઝડપથી ચાલતા કે રખે ક્યાંક ધુમ્મસમાં ભૂલા પડે, એ બીકે એમના સાથીઓને લગભગ દોડવું પડતું. ૧૦ થી ૧૨ની વચ્ચે એમને કોઇ પણ મળી શકતું. ત્યારે પણ એમનો રેંટિયો તો ચાલતો જ રહેતો. ત્યાર બાદનો બધો

સમય પરિષદમાં જતો. એમનો કાર્યક્રમ એટલો ભરચક થઈ રહેતો કે ભાગ્યે જ કોઈ વાર અરધી રાત પહેલાં એ સૂવા જઈ શક્યા હોય.

અહીંની સરકારે એમના સંરક્ષણ માટે સ્કૉટલૅન્ડયાર્ડના જે બે છૂપા પોલીસોને રાખ્યા હતા તે એમના મિત્ર બની ગયા. એક ગુપ્તચરના તો ઘેર પણ ગાંધી ગયા. એણે પોતાના એક મિત્રને કહ્યું: 'મારા જીવનમાં ઘણા યે ક્રમઢા લોકો જોડે મારે રહેવું પડ્યું છે, પરંતુ એમાંથી ભાગ્યે જ કોઇ ગાંધી જેટલો વ્યસ્ત રહ્યો હોય—લૉઇડ જ્યૉર્જ પણ નહિ: છતાં ગાંધી જ એક એવા માણસ છે જે સમય કાઢીને મારે ઘેર આવ્યા.'

બાદશાહના મહેમાન તરીકે ગાંધીએ શાહી ખાણામાં સામેલ થવું એ પોતાની ફરજ માની, એ વેળા લોકોમાં બહુ દિલચસ્પ ચર્ચા જાગી કે તેઓ કેવો પોશાક પહેરીને ત્યાં જશે. ગાંધી પોતાના હમેશના લેબાસમાં જ બકિંગહમ મહેલમાં ગયા. ત્યાં કોઇકે એમને એમનાં ઓછાં કપડાં વિષે પૂછતાં એમણે વિનોદમાં કહ્યું કે બાદશાહ જ અમને બન્નેને ચાલે એટલાં કપડાં પહેરીને બેઠા હતા. પછી હું શું કરું?

પરંતુ સૌથી સોહામણો તો હતો પેલો દિવસ, જ્યારે તે કાપડ-મિલના મજૂરોને મળવા લૅંકેશાયર ગયા. કેટલાક મિત્રોએ એમને ત્યાં જતા રોક્યા. ભારતમાંના એમના સ્વદેશી આંદોલનને લીધે લૅંકેશાયરની ઘણીખરી કાપડ-મિલો બંધ પડી હતી; કેટલાયે મજૂરો બેકાર થઇ ગયા હતા. આવામાં ત્યાં જવું ઠીક ન ગણાય. પણ ગાંધી ન માન્યા,

ત્યાંના મજૂરોએ એમની વાત ધ્યાનપૂર્વક સાંભળી. એમણે કહ્યું: 'મારે બીજા દેશના સુખને છીનવીને મારા દેશને સુખી નથી બનાવવો. પણ તમારા દેશમાં ૩૦ લાખ માણસો બેકાર છે, જ્યારે મારા દેશમાં તો ૩ કરોડ માણસો બેકાર છે. હિન્દુસ્તાન જો કામ આપીને એ જીવતી લાશોમાં પ્રાણ રેડી શકે, તો એથી દુનિયાનું ભલું થશે.'

મજૂરોએ કહ્યું: 'અમે તમારી સાથે પૂરેપૂરા સહમત છીએ.' એમણે ગાંધીજીનું હર્ષોલ્લાસથી સ્વાગત કર્યું ને એમની સાથે ફોટો પડાવ્યો. ઇંગ્લંડમાં ગાંધીના જે અગણિત ફોટો પડાયા એમાં આ છબિનો જોટો નથી. જે ગાંધીને કારણે આ મજૂરોને બેરોજગાર થવું પડ્યું, જે ગાંધીએ એમના બનાવેલા કાપડની પોતાના દેશમાં હોળી સળગાવી, એ જ ગાંધી પ્રત્યે આ મજૂરોને આવો સહજ સ્વાભાવિક પ્રેમ પ્રકટ્યો!

હું તે જ દિવસે સમજી ગઇ કે એમણે ગઢ જીતી લીધો. ભારતની આઝાદી ગાંધીએ ગોળમેજી પરિષદના લંડન-સ્થિત ભવનમાં નહિ, લૅંકેશાયરના મિલમજૂરોનાં ઘરોમાં જઇને જીતી. પછી ૧૬ વરસે જ્યારે અમારા દેશમાં મજૂર સરકાર બની, ત્યારે એણે પહેલું કામ ભારતને આઝાદ કરવાનું કર્યું.

ગાંધી સાચ્ચે જ આ દેશના ત્રીજા અને શ્રેષ્ઠતમ વિજેતા હતા. પહેલા બે વિજેતાઓએ આ દેશની સ્થૂલ ભૂમિને જીતી અને પોતાની પાછળ વિનાશ અને નરસંહારની એક બીભત્સ કહાણી મૂકી ગયા. ગાંધીએ આ દેશના હૃદયને જીત્યું ને પ્રેમ તથા ભાઇચારાની અમર કહાણી મૂકી ગયા. એમને જોઇ કેટલાયને ઇસુ ખ્રિસ્તની યાદ આવી.

મકર-રેખા પર ગાંધી ૨૦ વરસ રહ્યા; કર્ક-રેખા પર પંદર વરસ; પણ મારે ત્યાં તો સાડા ત્રણ જ વરસ રહ્યા. એટલે હું શી રીતે કહું કે મારા નામની જોડે એમનું નામ જોડવામાં આવે? હું તો આટલેથી જ સંતોષ માની લઉં છું કે આખરે ગાંધી અને મારા નામની શરૂઆત એક જ અક્ષર (G)થી થાય છે. આવો કુમદા યોગ મને સહેજે મળ્યો છે, એ મારા માટે શું ઓછા સૌભાગ્યની વાત છે?

'જાડાપણું દૂર કરવાની સૌથી સારી કસરત કઇ છે?'

'તમે તમારી ગરદન ડાબીથી જમણી બાજુ હલાવ્યા કરો—જ્યારે તમને વધારે જમવાનો આગ્રહ કરવામાં આવે ત્યારે.'

૫૨૮ ('કુમાર' અંક ૫૫૨)

ઇંગ્લંડમાં ગાંધી શતાબ્દીની ઉજવણી

લંડનમાં શતાબ્દી-ઉજવણીનો આરંભ ૧૭ મે ૧૯૬૮ના રોજ વડા પ્રધાન હૅરૉલ્ડ વિલ્સન દ્વારા ગાંધીજીની વિશાળ કાંસ્યપ્રતિમાના અનાવરણવિધિ દ્વારા થયો હતો. શતાબ્દી દિને સેંટ પૉલના દેવળમાં કરાએલી સ્મૃતિપ્રાર્થના ભારે અસરકારક હતી. એક બિનખ્રિસ્તીના માનમાં આવી ધાર્મિક વિધિપૂર્વકની પ્રાર્થના દેવળના ઇતિહાસમાં આ સૌપ્રથમ વાર થઇ હતી. ગાંધીજી અંગેની માઉન્ટબૅટન સમિતિએ પણ પ્રશંસનીય કાર્યક્રમ યોજ્યો હતો. બ્રિટિશ સરકારે ગાંધી-શતાબ્દીના સ્મરણમાં ખાસ ટપાલટિકિટ બહાર પાડી હતી. બ્રિટિશર ન હોય તેની વ્યક્તિના યાદમાં બ્રિટિશ સરકારે ટપાલટિકિટ બહાર પાડી હોય તેવો પણ આ પહેલો જ પ્રસંગ છે. દિલ્હીના 'ગાંધીદર્શન' મેળામાં પણ બ્રિટને ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે.





૨૪ નવેમ્બરે નવી દિલ્હીમાં 'પ્રકૃતિ અને પ્રાકૃતિક સાધન સંરક્ષણ' અંગેના આંતરરાષ્ટ્રીય સંઘની પરિષદ યોજાઈ એ નિમિત્તની (ઉપર) અને જાણીતા સિંધી સંત-કવિ સાધુ ટી. એલ. વાસવાણીની ૯૦મી જન્મ-જયંતી પ્રસંગે ૨૫ નવેમ્બરે બહાર પડેલી (જમણી બાજુ) એમની છબિવાળી ખાસ ટપાલટિકિટ.

અથાણું

નવો દફતરદાર થોડા દિવસથી રોજ ઘેર આવીને ડિલ દુખવાની ફરિયાદ કરતો હતો, પણ એનું કારણ જણાવી શકતો નહિ. એક સાંજે ઘેર આવતાં જ એણે કહ્યું: 'આજે મારા દુખાવાનું કારણ જડી ગયું. અમે હમણાં ઑફિસમાં 'મૉડર્ન સ્ટાઈલ'નું ફર્નિચર વાપરવા માંડ્યું છે. અને મને આજે ખબર પડી કે આટલા દિવસથી કચરાની ટોપલીને હું ખુરશી સમજીને વાપરતો હતો!'

'આજે મેં રાજા, વાજાં ને વાંદરા ત્રણેને એકસાથે જોયાં.'

'ક્યાં? ક્યારે?'—'આજે સવારે એક રાજાની સ્પેશ્યલ ટ્રેન વાંદરા સ્ટેશને આવી ત્યારે તેમના સત્કારમાં વાજાં વાગતાં હતાં!'

સર સીતારામ સંયુક્ત પ્રાંતની લેજિસ્લેટિવ કાઉન્સિલના અધ્યક્ષ ચૂંટાયા ત્યારે તેમનામાન-સમારંભમાં અલ્લાહાબાદના પ્રસિદ્ધ દૈનિક 'લીડર'ના તંત્રી સી. વાઈ. ચિંતામણિને બે શબ્દો બોલવાના આવ્યા. સર સીતારામ તેમના પત્ની સાથે આવેલા હતા એટલે શ્રી ચિંતામણી પોતાનું ભાષણ શરૂ કરતાં બોલ્યા: 'ઑનરેબલ સર સીતા ઍન્ડ લેડી રામ...'અને સભાખંડ હાસ્યથી ગાજી ઊઠ્યો.

બાજુના વર્ગમાંથી આવતા અવાજથી પોતાને ભણાવવામાં વિક્ષેપ પડતો હોઈ નવા હેડમાસ્તર ગુસ્સામાં ત્યાં દોડી ગયા અને મોટેથી બોલી રહેલા એક છોકરાનો કાન પકડી પોતાના વર્ગમાં લાવી એને દીવાલ પાસે બાંકડા પર ઊભો રાખ્યો. અર્ધા કલાક પછી પેલા વર્ગમાંથી એક નાના વિદ્યાર્થીએ આવીને બીતાંબીતાં પૂછ્યું: 'સાહેબ, હવે અમારા માસ્તરસાહેબને વર્ગમાં મોકલશો?'

નિબંધ, કટાક્ષ ને વિવેચનનાં પુસ્તકો

અવલોકન : પ્રાચાર્ય બહાદુરશાહ પંડિત

બૃહદ્-નિબંધ

રામાયણ-દર્શન : વાચક જ્યારે પ્રથમ વાર કથા વાંચતો હોય છે ત્યારે એને બનતા જતા બનાવોમાં રસ હોય છે અને આગળનું જાણવાની જિજ્ઞાસા હોય છે. તેથી એ બનેલા બનાવ માટે જવાબદાર પાત્રોને પ્રશંસે કે તિરસ્કારે છે. પણ એ ને એ કથા જો તે બીજી વાર વાંચે તો તેને કથારસ રહ્યો ન હોવાથી તે એની પાછળ રહેલા સંસ્કારરસને માણવા પ્રયાસ કરે છે, અને તેથી એ પાત્રો પ્રત્યે તટસ્થ બને છે. આ નિબંધ એ શ્રી ઇશ્વર પેટલીકરના રામાયણના પુનર્વાચનનો પ્રતિભાવ છે. એમણે તટસ્થ રીતે રામાયણનાં મુખ્યમુખ્ય પાત્રો—દશરથ, કૈકેયી, મંથરા, સીતા, લક્ષ્મણ, રાવણ ઇત્યાદિનાં કાર્યોનું વિશ્લેષણ ને આલોચન કર્યું છે. રામાયણની કથાના પ્રસંગોને બરાબર વળગી રહી પાત્રના કાર્યને ઝીણવટથી જોવાની તથા એની પાછળ રહેલી માનસશાસ્ત્રીય ભૂમિકા સમજાવવાની લેખકની પદ્ધતિ અસરકારક ને આકર્ષક છે. આખો નિબંધ વાંચતાં રામાયણની કથા ફરી આહ્લાદવા સાથે આ મહાકાવ્યને ઊંડાણથી અવલોકવાની તક મળે છે. જોકે રામના યુગકાર્ય અંગેની લેખકની દલીલો ને આર્ય સંસ્કૃતિ તથા દ્રવિડ સંસ્કૃતિ વચ્ચેના વિરોધનું એમણે કરેલું શમન વગેરે બાબતો સુગ્રાહ્ય લાગતી નથી. રામનો વનવાસ એ જાણે કોઈ પૂર્વયોજિત કાવત્રું હોય એવો ભાસ થાય છે. રામાયણ જેવી કુટુંબકથા–ગૃહકથા આ નિબંધમાં કંઈક વિકૃત રીતે રજૂ થયાની ગંધ આવતાં એ કથાના માનવ-સંબંધો વચ્ચેનું કાવ્ય કપૂરની જેમ ઊડી જવું લાગે છે. તેમ છતાં લેખકે રામાયણની કથા સરળ રીતે અવલોકી હોવાથી સામાન્ય વાચકો માટે તે આશીર્વાદરૂપ થઈ પડશે. (આર. આર. શેઠની કં. ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પૃ. ૧૧૪, પાકું પૂઠું, રૂ. ૨-૭૫.)

મહાભારત-દર્શન : 'ગીતાનું જ્ઞાન સરળ ને એથી સર્વભોગ્ય થાય એ માટે મહાભારતની કથા લખાઈ છે અને 'યતો ધર્મસ્તતો જય'ના ગીતાસૂત્રને મહાભારતનાં પાત્રોના વર્તન દ્વારા ચરિતાર્થ કરવામાં આવ્યું' છે, એમ માનતા શ્રી ઇશ્વર પેટલીકરે મહાભારતનાં દ્રૌપદી, યુધિષ્ઠિર, કર્ણ, કુંતી, ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, અર્જુન, કૃષ્ણ વગેરે પાત્રોનાં વર્તનનું વિશ્લેષણ કરી સનાતન માનવસ્વભાવ એમનામાં કેવી રીતે રજૂ થયો છે એ અત્યંત સરળ, સ્પષ્ટ અને તાર્કિક રીતે આ નિબંધમાં સમજાવ્યું છે. મહાભારતની અલૌકિક કથાનું એમણે કરાવેલું રહસ્યદર્શન કોઇ મૌલિક દષ્ટિ બતાવતું ન હોવા છતાં સામાન્ય વાચકો માટે બહુ આકર્ષક રીતે રજૂ થયું છે. મહાભારતની કથા એનાં મુખ્યમુખ્ય પાત્રોના વિશદ સમીક્ષણ દ્વારા આલેખાતી હોવાથી મહાભારતનું પુનર્વાચન કર્યાનો આહ્લાદ પણ આ કૃતિમાં અનુભવાય છે. શ્રીકૃષ્ણના પાત્રને કર્તાએ યોગ્ય રીતે જ લંબાણથી અને એમના જીવનનાં વિવિધ પાસાંઓને તબક્કાવાર લઇને વિશ્લેષ્યું હોવાથી એ અધિક રસદાયક થઇ પડયું છે. અલબત્ત ક્યાંક ક્યાંક પત્રકાર ઇશ્વર પેટલીકર મહાભારતના પ્રસંગોને વર્તમાન રાજકારણના બનાવોનાં ઉદાહરણથી સમજાવે છે ત્યારે એ બેસ્વાદ અને શિથિલ લાગે છે. એકંદરે આ કૃતિ એની સરળતા, વિશદતા અને તાર્કિક વિચારસરણીને લીધે મનભર વાચનસામગ્રી પૂરી પાડે છે. (આર. આર. શેઠની કંપની, મુંબાઇ-૨, અમદાવાદ-૧; પૃ. ૧૨૪, પાકું પૂઠું, રૂ. ૩.)

ગીતાદર્શન : મહાભારતમાં ભગવદ્ગીતા દ્વારા વ્યાસે માનવજાતને એક સનાતન સંદેશ આપ્યો છે. ઉપનિષદના તત્ત્વજ્ઞાનના દોહનરૂપ ગીતામાં સ્વધર્મ પર ખૂબ ભાર મુકાયો છે. સ્વધર્મ એટલે પોતાનો 'સાંપ્રદાયિક ધર્મ' નહિ પણ 'પ્રાપ્ત કર્તવ્ય.' આજના જીવનના સંદર્ભમાં ગીતાનો એ ઉપદેશ કેવી રીતે અમલમાં મૂકી શકાય, સુખ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે, હુંપદ કેમ ને કેવી રીતે કમળાના રોગ જેવું થઈ પડયું છે, માણસમાં દંભ (સ્થૂલ ને સૂક્ષ્મ બંને પ્રકારે) કેવી રીતે વસે છે, અજ્ઞાની કોને ગણી શકાય ઇત્યાદિ બાબતોની સરળ ને સર્વગ્રાહ્ય છણાવટ કરતો આ બહદ્ નિબંધ ગીતાના જ્ઞાનનું આવકાર્ય પરિશીલન છે. શ્રી ઈશ્વર પેટલીકર સર્જક, સમાજશાસ્ત્રી તથા પત્રકાર હોવાથી ગૂઢ રહસ્યને પણ ઉચિત ઉદાહરણો દ્વારા સરળ બનાવવાની એમનામાં સારી શક્તિ છે; ઉપરાંત સમાજજીવનનો એમનો પરિચય એમને સહાયક નીવડે છે. પણ ગીતાના સનાતન સંદેશને એ કેટલીક વાર પ્રાસંગિક ઉદાહરણોથી સમજાવે છે ત્યારે આશ્ચર્ય થાય છે. દા.ત. દૈવનું ઉદાહરણ આપવા એમણે કૉંગ્રેસના પ્રમુખ તરીકે કામરાજ મોરારજીભાઇની ઇચ્છા વિરુદ્ધ ચાલુ રહી શક્યા એનું કારણ પાકિસ્તાનનું આક્રમણ હતું, એ બતાવ્યું છે. પણ આવાં ઉદાહરણો ૫૦ વર્ષ પછી કામરાજ–મોરારજીને ભૂલી ગએલા વાચકોને કેટલાં અસરકારક લાગે? એ એમના ખયાલમાં રહ્યું નથી. આવી કેટલીક મર્યાદાઓ બાદ કરતાં આ પુસ્તક ગીતાનું ગહન જ્ઞાન ગળે ઉતારવામાં સુંદર માર્ગદર્શિકા થઈ પડે એમ છે અને એ માટે લેખક ધન્યવાદને પાત્ર છે. (આર. આર. શેઠની કં., મુંબાઈ-૨, અમદાવાદ-૧, પૃ. ૧૧૪, પાકું પૂઠું, રૂ. ૩-૨૫.)

આ ત્રણે બૃહદ્-નિબંધો (રામાયણદર્શન, મહાભારતદર્શન, ગીતાદર્શન) ઉપરાંત થોડા નાના નિબંધો સાથેનું સમગ્ર મોટું પુસ્તક 'અમૃતમાર્ગ' ઇચ્છુકોએ વસાવવા જેવું છે.

કટાક્ષ

શકુન્તલા, ગોરખ અને મચ્છિન્દ્ર : સ્વ. ચિનુભાઈ પટવા (ફિલસૂફ)ના 'પાનસોપારી' નામે કૉલમમાં રાજકારણ ને શિક્ષણ પરના જે સંવાદાત્મક કટાક્ષલેખો પ્રસિદ્ધ થએલા તેનો આ બીજો સંગ્રહ ગોરખની પત્ની શકુન્તલાના નવા પાત્રના ઉમેરા સાથેના લેખો સાથે પ્રસિદ્ધ થયો છે. ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની ચૂંટણી, અંગ્રેજી આઠમાથી કે પાંચમાથી, મોરારજીભાઇને વડાપ્રધાન થવાની તક ના મળવી, પાટલીબદલુઓનો પ્રશ્ન, સ્વ. મગનભાઇની ડીનની ચૂંટણીમાં થએલી હાર ઈત્યાદિ શિક્ષણ અને રાજકારણના પ્રાસંગિક બનાવો પર લેખકે ગુરુ મચ્છિન્દ્ર ને ચેલા ગોરખ વચ્ચેના સંવાદ દ્વારા કરેલા કટાક્ષો આ પુસ્તકના પાને-પાને ચમકે છે. લેખકનું હાસ્ય એમની લાક્ષણિકતા મુજબ હમેશાં નિર્દંશ રહી શકતું નથી અને ૧૯૫૬નો ગોળીબાર યાદ કરી તેઓ કોઈ વાર લેખકમાં અપેક્ષિત તાટસ્થ્ય સાચવી શકતા નથી. એ બે મર્યાદાઓ બાદ કરતાં અન્ય રીતે આ પુસ્તકના કટાક્ષો આસ્વાદ્ય છે. પ્રાસંગિક હોવા છતાં કેટલાક બનાવો મનુષ્યમનની સત્તાપ્રિયતા, દંભ જેવી નબળાઇઓ પર પ્રકાશ ફેંકતા હોઈ કોઈ પણ કાળે એકસરખા રસિક બની શકે એમ છે. સંવાદથી આવતી નાટ્યાત્મકતા અને જીવંતતા પણ કટાક્ષોને મનભર બનાવી શકી છે. જેમના પર અવારનવાર કટાક્ષો થયા છે એ શ્રી ઠાકોરભાઇ દેસાઇને આ પુસ્તક અર્પણ કરવામાં લેખકની નિખાલસતા અને એનો સ્વીકાર કરવામાં શ્રી ઠાકોરભાઈની ખેલદિલી પ્રકટ થાય છે. (પ્ર. કમલેશ પુસ્તક ભંડાર, પૃ. ૩૬૪, પાકું પૂઠું, રૂ. ૯-૫૦.)

વિવેચન

સાહિત્યવિવેક (બીજી આવૃત્તિ): 'ગંધાક્ષત' અને 'સાહિત્યવિહાર' પછીના, જાણીતા વિવેચક શ્રી અનંતરાય રાવળના આ ત્રીજા વિ-

શબ્દકથા : કૂકડો, કૂકવાકુ, તામ્રચૂડ

વૈદિક ભાષામાં 'કૂકવાકુ' શબ્દ જંગલી કૂકડાના અર્થમાં વપરાયો છે. 'કુક્કુટ' શબ્દ પછીથી વપરાશમાં આવે છે. 'કૂકવાકુ'માં 'કૂક' એ ભાગ રવાનુકારી છે—'કૂક રે કૂક'ની જેમ. બાકીનો 'વાકુ' અંશ 'વાચ્' સાથે સંકળાએલો છે. 'કૂક રે કૂક' એમ પોકારે તે કૂકવાકુ.

'ચકવાક'માં પણ 'ચક' શબ્દને મૂળમાં રવાનુકારી તરીકે—'ચક ચક' એવા અવાજના અર્થમાં લઈ શકાય. પછીનો 'વાક' એટલે વાણી. ચકચક બોલે તે ચકવાક.

'કુક્કુટ'માં પણ 'કુક્ક' એ રવાનુકારી અંશ છે. 'કુક્કુટક' ઉપરથી પ્રાકૃતમાં 'કુક્કુડઅ', ને પછી 'કૂકડો'. 'કુક્કુટ'ને અતિસંસ્કૃત બનાવીને પંચતંત્રે 'કુર્કુટ' એવો શબ્દ પણ ઊભો કર્યો છે।

સંસ્કૃત ભાષામાં આલંકારિકતા વધતી ગઈ તેમ એક જ શબ્દના અનેક પર્યાયો ઘડાવા લાગ્યા. અમુક અમુક આગળપડતાં લક્ષણોને આધારે વસ્તુઓને માટે નવાનવા વાચકો રચાવા લાગ્યા. 'કમલ' એ મૂળ શબ્દ ઉપરાંત 'પંકજ', 'નીરજ', સરોરુહ', 'અંબુજ' વગેરે ઉદ્ભવ્યા. 'મેઘ' ઉપરાંત 'જલદ', 'પયોદ' 'જલધર' વગેરે. તે પ્રમાણે કૂકડાની લાલચટક માંજર અત્યંત લાક્ષણિક હોવાથી તેને આધારે તેનું 'તામ્રચૂડ' એવું નામ પડયું. 'તામ્ર' એટલે ઘેરું લાલ અને 'ચૂડા' એટલે કલગી. ચૌલુક્યોનો ધ્વજ કુક્કુટધ્વજ હતો અને તે તામ્રચૂડધ્વજ પણ કહેવાતો.

સુભાષિત રત્નકોષમાં આવેલી કૂકડાને લગતી નીચેની સ્વભાવોક્તિ સરસ છે:

नीडादपक्रम्य विधूय पक्षौ वृक्षाग्रमारुह्य ततः क्रमेण ।
उद्ग्रीवमुत्पुच्छमुदेकपादमुच्चूडमुत्कूजति ताम्रचूडः ॥

આનો અનુવાદ કરીએ તો—

નીડમાંથી નીસરી
ધુણાવી પક્ષ
વૃક્ષટોચે ચડી
ઉચ્ચ ગ્રીવા
ઉચ્ચ પુચ્છ
ઉચ્ચ એક પગ
ઉચ્ચ કલગી ને
ઉચ્ચ સૂરે
તામ્રચૂડ પોકારે છડી.

હરિવલ્લભ ભાયાણી

વેચનસંગ્રહમાં 'પ્રેમાનંદનું નળાખ્યાન', 'સ્નેહમુદ્રા', 'કલાપી અને તેની કેકા', 'અમરવેલ' 'પનઘટનાં કાવ્યજળ', 'અલકા', 'યુદ્ધસામે યુદ્ધ' આદિ મોટા ભાગના લેખો કૃતિનિષ્ઠ અવલોકનો છે. પણ કૃતિને પડછે લેખકે કર્તાની સમગ્ર સર્જનપ્રતિભાનો ખયાલ આપી દઇ લેખોની મૂલ્યવત્તા વધારી દીધી છે. શ્રી રાવળની હવે તો ખૂબ જાણીતી થઇ ગએલી વિશ્લેષણાત્મક પદ્ધતિ સમગ્ર વિવેચ્યવિષયના તાણાવાણા છૂટા પાડી એના કેન્દ્રનું દર્શન કરાવતાં હાર્દને હસ્તામલકવત્ બનાવી દે છે, અને પંડિતયુગની યાદ અપાવતી એમની સંક્ષિપ્ત ને સંકુલ શૈલી ટૂંકમાં ઘણું કહી દે છે, 'સ્નેહમુદ્રા', 'રાઇનો પર્વત' અને 'કલાપી' ઉપરના એમના લેખો બી.એ.ના ગુજરાતીના વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. 'કવિશ્રીની કાવ્યભાવના'માં એમના પ્રિય કવિ નાનાલાલની કાવ્યભાવના એમણે અનેક ઉદાહરણો ટાંકી વિગતે ચર્ચી છે, તો 'ભદ્રંભદ્રથી પાનસોપારી'માં છેલ્લાં પોણુંસો વર્ષના ગુજરાતના હાસ્યસાહિત્યનો પરિચય વિશદતાથી કરાવ્યો છે. આમ, આ સંગ્રહના લેખો પણ અગાઉના સંગ્રહોની જેમ કર્તાના સહૃદયધર્મની નોંધપાત્ર અભિવ્યક્તિ રૂપ છે એમ નિઃશંક કહી શકાય. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૨૬૨, કિં. રૂ. ૫.)

અપેક્ષા : શ્રી સુરેશ દલાલના આ વિવેચનસંગ્રહમાં છ સ્વરૂપ અંગેના લેખો, છ સર્જકો અંગેના લેખો, આઠેક કાવ્યસંગ્રહોના અવલોકનલેખો, એક નોંધ ચારેક કાવ્યાસ્વાદના અને એક 'કાવ્યપથ'—આદિ મળી કુલ ત્રેવીસ લેખો છે. 'ગુજરાતી કવિતાના પ્રભાત'માં ભક્ત કવિ નરસિંહનો 'કેશવ હર્ષદ ધ્રુવ'માં એમની અનુવાદિત કૃતિઓનો, 'કાન્તની કાવ્યસમૃદ્ધિ'માં કવિ કાન્તનો, 'પૂર્વસૂરિઓનો પરિચય'માં દલપતરામ, બાલાશંકર, નરસિંહરાવ, કાન્ત, કલાપી નાનાલાલ, ઠાકોર, કવિ રા. વિ. પાઠક આદિનો અભિનવ દૃષ્ટિએ પરિચય કરાવવામાં આવ્યો છે. 'સ્વાતંત્ર્ય પછીની કવિતા' ને 'દોઢ દાયકાની નવલકથા' સર્જાતા સાહિત્યની વિવેચના કરતા લેખો છે. બંનેમાં વિવેચક સુરેશ દલાલ નિર્ભીક ટીકાઓ સાથે આલોચના કરે છે. ઊર્મિકાવ્ય, ગીતનું સ્વરૂપ અને કરુણપ્રશસ્તિ એ ત્રણ કાવ્યસ્વરૂપોના લેખોમાં બીજા ને ત્રીજાની અપેક્ષાએ પહેલો લેખ શિથિલ છે. એમાં ઊર્મિકાવ્યની સ્વરૂપગત લાક્ષણિકતાઓ બતાવવાને બદલે કેટલાંક ઊર્મિકાવ્યોનો આસ્વાદ કરાવવા તરફ વધારે લક્ષ આપ્યું છે. 'નવલકથા : સ્વરૂપ, ઘડતર અને વિકાસ' કેવળ એ સ્વરૂપની વૈયક્તિક નોંધ બનવાનું બદલે એ લોકપ્રિય સ્વરૂપનાં કેટલાંક તત્ત્વોનો અભિનવ દૃષ્ટિએ ખયાલ આપતો લેખ છે. સમગ્ર રીતે જોતાં આ વિવેચન ગ્રંથમાં કર્તાની વિવેચક માટે આવશ્યક નિર્ભીકતા ને અભિનવ દૃષ્ટિની તાજગી વર્તાય છે. (સ્વાતિ પ્રકાશન, મુંબાઇ-૩. પૃ. ૨૨૬, પાકુંપૂઠું, રૂ. ૬.)

સંસ્પર્શ : શ્રી ચંપકલાલ વ્યાસના આ લઘુકાય વિવેચનસંગ્રહના ૨૧ લેખોમાંથી પોણા ભાગના તો કાવ્યતત્ત્વનાં વિવિધ પાસાંની છણાવટ કરતા લેખો છે, જે કર્તાના કવિતા સાથેના આજીવન સંપર્કનું પરિણામ છે. વિવેચક પોતે કવિ હોય ત્યારે જે સહજરીતે બને, એમ અહીં પણ કાવ્યપદાર્થની અનુભૂતિ, ઉદ્ગમ, પ્રયોજન, કાવ્ય ને સૌન્દર્ય ઇત્યાદિ મુદ્દાઓની છણાવટ થઇ છે, જેમાં સ્પષ્ટતા સાથે પોતાની અંગત માન્યતા પર વધુ વજન અપાયું હોય એમ બનવા સંભવ છે. જોકે સદ્ભાગ્યે આ સંગ્રહમાં એવું ઓછું બન્યું છે. 'ગણિત અને કવિતા' જેવો, સાહિત્ય કરતાં શિક્ષણને વધારે સ્પર્શતો લેખ અને 'ખંડકાવ્યનાં લક્ષણો' જે સામાન્ય નોંધ સમાન લેખ બાદ કરતાં બાકીના કવિતા વિષેની ઊંડી ને સહૃદય સમજની પ્રતીતિ કરાવે છે. અન્ય લેખોમાં 'ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસ વગેરેનું સ્થાન' 'સૌન્દર્યદર્શી વિવેચક', 'કર્તવ્યનિષ્ઠ વિવેચક', 'કવિ અને સૌન્દર્યશોધક' આદિમાં કર્તાના અન્ય સાહિત્યસ્વરૂપો તથા લેખકો.-વિવેચકોના પરામર્શનો ઉત્તમ નિચોડ જોવા મળે છે. એકંદરે આપણા ઓછા જાણીતા પણ પીઢ કવિ અને સાહિત્યરસિકના જીવનભરના સાહિત્યપરામર્શનો આહ્લાદક અનુભવ કરાવતો આ લઘુ-સંગ્રહ આવકાર્ય છે. (સહકારી મુદ્રણાલય લિ. વ્યારા, પૃ. ૧૨૪, પાકું પૂઠું, રૂ. ૩–૨૫.)

કાર્યવહી સને-૧૯૬૨ : ગુજરાત સાહિત્ય સભા તરફથી દર વર્ષે કોઈ અધિકારી વિવેચક પાસે કરાવાતી ગ્રંથસ્થ વાઙ્મયની સમીક્ષા એ તે સંસ્થાનું એક ઉત્તમ કાર્ય છે. ૧૯૬૨ના સમીક્ષક ડૉ. રમણલાલ ચિ. શાહે લલિત તેમ જ લલિતેતર વાઙ્મયનાં મળી કુલ ૪૩૦ પુસ્તકોની સમીક્ષા આ ગ્રંથમાં કરી છે. સમીક્ષકની અવલોકનરીતિ રૂઢિગત રહી છે. સમીક્ષ્ય કૃતિનું વસ્તુ ટૂંકમાં દર્શાવી તેઓ એની ખૂબીઓ ને ખામીઓ તરફ અંગુલિ-નિર્દેશ કરે છે, જેમાં મહદ્ અંશે વિવેચનના રૂઢ થઇ ગએલા પારિભાષિક શબ્દોનો ઉપયોગ એકવિધતા આણે છે. એમણે કૃતિઓને કે આનુષંગિક રીતે એનાં કર્તાઓને ન્યાય આપવા પ્રશસ્ય પ્રયાસ કર્યો હોવા

છતાં 'સધરા જેસંગનો સાળો' જેવી કેટલીક કૃતિઓની સમીક્ષામાં તેઓ કૃતિનિષ્ઠ બનવા કરતાં કર્તાની ભૂતકાલીન કીર્તિથી પ્રભાવિત બન્યા હોવાની છાપ ઊભી થાય છે. નવલકથાનો ટૂંકો પરિચય આપતાં શૈલી સંકુલ બની જતી લાગે છે. 'અસંવાદિતા' જેવા અનુચિત શબ્દપ્રયોગો ને વદતોવ્યાઘાત લાગે એવાં વિધાનો પણ ક્યાંક મળી આવે છે. અને મુદ્રણમાં તો 'પરલોક્ષાં' ને સ્થાને, 'પરસોહ્યાં', 'સોલંકી'-ને બદલે 'લોલંકી' પરાધીન 'ગુજરાત'ને બદલે 'ગુજરાતી' જેવા અક્ષમ્ય મુદ્રણદોષો સાહિત્ય-સભા જેવી સંસ્થાના પ્રુફરીડરને શોભાસ્પદ નથી.

રાબેતા મુજબ ૧૯૬૨ ને ૧૯૬૩ના સુવર્ણચંદ્રકપ્રદાન વિધિના અહેવાલો ને તે મેળવનાર શ્રી ઇશ્વર પેટલીકર ને શ્રી રામસિંહજી રાઠોડનાં વ્યાખ્યાનો અંતે આપેલાં છે, જે એ બંને અધિકારી અનુક્રમે સર્જકસંશોધકની વિદ્વત્તાનાં દ્યોતક છે. (ગુજરાત સાહિત્ય સભા, ત્રણ દરવાજા, અમદાવાદ-૧, પૃ. ૨૭૦, કાચું પૂઠું, રૂા. ૪–૫૦.)

ગતવર્ષાંતે મારા ઇંગ્લંડ-અમેરિકાથી આવ્યા પછી અનેક મિત્રો તથા વાચકોએ 'કુમાર'માં એ સફરનું વર્ણન આવવા વિષે પૃચ્છા કર્યા કરી છે. પણ સર્વશ્રી ચન્દ્રવદન અને ઠાકરની બે પ્રવાસ-માળાઓ ચાલે છે એ સંજોગોમાં 'કુમાર'ની મર્યાદિત પૃષ્ઠસંખ્યા પર ત્રીજીનો બોજ નાખવો ઉચિત લાગ્યો નથી. પરંતુ મેં એકલા ઇંગ્લંડનું રસભર્યું વર્ણન આપતું

'અલગારી રખડપટ્ટી'

નામનું પુસ્તક વાંચવાની ભલામણ હું હોંશથી કરું. ભાઈ રસિક ઝવેરીના આવ્યા પછી થોડા જ મહિને હું ઇંગ્લંડ ગયો, એટલે તેમણે અત્યંત ચિત્રાત્મકરીતે અને પોતાના નામને સાર્થ કરતી રસિક શૈલીમાં ત્યાંની ભૂમિ અને લોકો તથા સ્થિતિ ને સમાજ આદિનું જે દિલચસ્પ વર્ણન આ પુસ્તકમાં કર્યું છે તે વાંચીને હું જાણે ફરીથી સદેહે ત્યાં ફરતો અને બધું અવલોકતો – અનુભવતો હોઉં એવો જ ભાસ મને થયો. 'મુંબાઈ સમાચાર'માં કટકે કટકે આવી ગએલી એ પ્રવાસમાળા પુસ્તકાકારે બહાર પડ્યા પછી ફરીથી સળંગ વાંચી જવાની ઉત્કંઠા ઘણા રોકી શક્યા નથી. એક વાર વાંચવા લીધા પછી નવલકથાના રસ પેઠે જકડી રાખતી એ ચોપડી પૂરી કર્યા વિના ઊઠવા જ નથી દેતી, એવો અનેકનો અનુભવ છે. અને શ્રી રસિકભાઇએ સ્નેહપૂર્વક મને ભેટ આપેલી બે નકલો તો મારી પાસેથી વંચાતી વંચાતી ક્યાં પહોંચી છે તેનો પત્તો નથી. મને લાગે છે કે એના નામ પેઠે એ ક્યાંક અલગારી રખડપટ્ટીએ જ ચડી ગઈ હશે! થોડા જ માસમાં એની બીજી આવૃત્તિ બહાર પડી છે. અને એનાં હિંદી તથા મરાઠી અનુવાદો પણ તૈયાર થાય છે. (મુખ્ય વિક્રેતા : સુમન પ્રકાશન, ૮૯ ડામર ગલી, મુંબાઇ-૯, રૂ. ૫). –બ. રા.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



શ્રી અવિનાશ વ્યાસ

જન્મ : અમદાવાદમાં ૧૯૧૩ની ૨૧ જુલાઇએ. માતા મણિબેન જાણીતાં સામાજિક કાર્યકર, મધુરકંઠી અને કવિતાનું જ્ઞાન પણ ધરાવતાં. સંગીત અને કવિતાની પ્રેરણા ત્યાંથી જ મળી. એમના કુટુંબમાં સૌને સંગીતનો રસ છે. આગલાં પત્ની વસુમતીબહેન સૂરીલે કંઠે ગાતાં. બીજાં મહારાષ્ટ્રીઅન પત્ની સુલોચનાબહેન પણ ગાવામાં કુશળ છે. પુત્ર ગૌરાંગ પણ સંગીતજ્ઞ છે. સ્વરબંધનો સાથે એમણે છએક હજાર ગીતો રચ્યાં છે ને બાર પુસ્તકો પ્રકટ કર્યાં છે. હમણાં મિલાન (ઇટાલી)ના આમંત્રણથી ત્યાં જઈ એમણે ચાર ઇટાલિયન ગીતોને ભારતીય સ્વરરચનામાં ઉતાર્યાં છે. બસોથી યે વધુ ચૅરિટી-શો એમણે આપ્યા છે.

૧ સંગીત એટલે?

ઉ. ઇષ્ટ વસ્તુ કે ઈશ સાથે સાન્નિધ્ય સાધવાનું શ્રેષ્ઠ સાધન.

૨ તમને કોનાકોના ક્યાક્યા રાગ સવિશેષ ગમ્યા છે?

ઉ. બડે ગુલામઅલીખાંનો માલકોશ (હરિ ઓમ્ તત્સત્), ઓમકારનાથજીનો માલકોશ (પગ ઘુંઘર...) અને નીલાંબરી, હાફિઝઅલીખાંનો દરબારી, અબ્દુલકરીમખાંનો ઝિંઝોટી, સિલોરિયા ઇનાયતખાંનો ખમાજ, બિસ્મિલ્લાખાંનો રામકલી, કેસરબાઇનો દેશકાર, ગિરિજાબાઇની ઠુમરી, જદ્દનબાઇનો અડાણો અને પં. વિષ્ણુ દિગંબરની રામધૂન.

૩ તમારો પોતાનો પ્રિય રાગ અને પ્રિય વાદ્ય?

ઉ. પ્રિય રાગ મધુમતી. વાદ્ય તો બધાં જ ગમે, પણ ભજનમાં એકતારો, શાસ્ત્રીય સંગીત વેળા તંબૂર, લોકસંગીત વખતે રાવણહથ્થો, લગ્નગીતોમાં શરણાઇ, હળવા સંગીતમાં સિતાર ને વીણા, તથા સ્વરરચના કરતી વખતે હાર્મોનિયમ મને વધુ પસંદ પડે છે.

૪ ભારતીય સંગીત દૈવી કે સ્વર્ગીય છે ખરું?

ઉ. સંગીતમાત્ર દૈવી ને સ્વર્ગીય છે, ભલે એ ગમે ત્યાંનું હોય. દેશવિદેશની સીમાઓનું એને બંધન ન હોઇ શકે. છતાં ભારતીય સંગીતનાં તાલ અને લય અદ્વિતીય છે. પણ રાગની સીમાઓમાં સ્વરને પૂરી રાખીને આપણું સંગીત પ્રગતિશૂન્ય બનતું જાય છે. સ્વરને સ્વરૂપ આપવા આપણી પાસે આપણાં પોતાનાં સાજ નથી. વાયોલિન કે હાર્મોનિયમ તો આપણાં નથી જ. તબલાં, પખવાજના બે ભાગ કરવામાંથી બન્યાં. સિતાર પણ પૂર્ણતઃ ભારતીય ન ગણાય. એક વીણા ખરેખર ભારતીય છે; પણ તે એકલી જ વગાડી શકાય, સાથસંગીતમાં એ ઉપયોગી નહિ. આજનાં આપણાં પ્રચલિત વાદ્યો આધુનિક ન કહેવાય, કેમ કે આપણા 'ષડજ' (સા)નું સ્ટાન્ડર્ડાઇઝેશન થયું નથી. આપણાં સુષિર અને તંતુ વાદ્યો કેટલાં? જે છે તે પરદેશી સાજ સાથે સરખામણીમાં ઊતરી શકે ખરાં? બીજું, ભૂત અને વર્તમાનમાં આપણા સંગીતકારો શ્રેષ્ઠ નીવડ્યા, પણ 'કૉમ્પૉઝિટરો'ની આપણે ત્યાં ખોટ છે.

૫ સ્વર અને લય વચ્ચેનો તફાવત કહેશો?

ઉ. કંઠ દ્વારા અંતરનો મધુર ઉચ્ચાર તે સ્વર. ગદ્યમાં પણ એ સાંભળવા મળે. સારેગમ...વગેરે સાત સ્વરોના આરોહાવરોહમાંથી પ્રકટતા નાદ સિવાય બીજો કોઇ નાદ નથી. આ સ્વરની ગતિ એટલે લય. દ્રુત, મધ્યમ ને વિલંબિત એવી ચાલમાં એની મર્યાદા બંધાય અને તેમાંથી તાલનું સર્જન થાય છે.

અવિનાશ વ્યાસ

૬ ગુજરાતના સંગીતમાં કંઈ ઊણપ ખરી?

ઉ. બિલકુલ નહિ. એનું એક અનોખું–આગવું સ્વરૂપ છે. એનો લ્હેકો ઓર જ છે. રાસ-ગરબામાં જ એ સંગીત પૂરું નથી થતું. ગુજરાતના લોકઢાળનું સ્વરબંધારણ પણ એવું જ વિરલ છે. દીપચંદી, કેરવો, રૂપક ને દસ તથા નવ માત્રાના તાલોમાં એની સ્વરરચના એક આગવું જ દર્શન કરાવે છે.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

[૩]

કરાવનાર · જલન માતરી



શબ્દસૃષ્ટિનો સ્વામી
શાયર
'શૂન્ય' પાલનપુરી

'પુષ્પ સરીખું યૌવન, કાષ્ઠ સમાન તપસ્યા, દીપક જેવી દૃષ્ટિ, ધરતી જેવો સંયમ, તરુવર જેવી સેવા, પાણી જેવું અંતર, પથ-શિલ જેવી ટેક, જ્યોત જેવી ઉન્નતિ અને મેહુલા જેવું પતન' ઇચ્છતા, અર્થહીન દેખાતા વાક્યમાં અર્થ શોધતા, જ્ઞાની ચક્ષુઓની જેમ ઈશ્વરની શોધ કરી રહેલા, જન્મથી દૃષ્ટિહીણો માનવી જે રીતે અંધકારમાં તેજ કલ્પે એવી રીતે ઇશ્વરને કલ્પી રહેલા, થાકેલ જન જે રીતે સૂકાં ડાળખાંની ઓથમાં છાંયડો માગે એવી જ રીતે ઈશ્વરને માગી રહેલા, ડૂબતાની માન્યતા જે રીતે મઝધારમાં તરણાનો સહારો શોધે એ રીતે ઈશ્વરને માની રહેલા, સનમ જો સૂર્યનાં કિરણો મહીં છે તો ઝાકળ બનીને ભેટવા માગતા, પોતે શૂન્ય છે એ માટે જ એક વધુ આશા રાખતા છતાં યે પોતાના નામનો શુભ અંજામ નથી એવી આગાહી કરતા, પાલનપુરની ધરતી ઉપર બલુચ જ્ઞાતિમાં જન્મેલા શ્રી અલીખાન ઉસ્માનખાન બલુચને ગુજરાતી ગઝલપ્રેમી જનતા 'શૂન્ય' પાલનપુરીના નામે લગભગ ૨૪ વર્ષથી ઓળખે છે.

વતન પાલનપુર. ઉમર લગભગ ૪૫ની. મૂળ એ ઉર્દૂના શાયર, એમાં 'રૂમાની' એમનું તખલ્લુસ. ૧૯૪૪માં ગુજરાતના જાણીતા શાયર શ્રી અમૃત ઘાયલ ગુજરાતી ગઝલ-સાહિત્યમાં એમને ખેંચી લાવ્યા ત્યારથી 'રૂમાની'-માંથી 'શૂન્ય' જન્મ્યા. આજે ગઝલ-ઉપવનમાં મઘમઘતા ગુલાબ જેમ શ્રી 'શૂન્ય' ફોરમ આપી રહ્યા છે. જેવો વિચાર એવી જ સુંદર બાની પણ એમને હસ્તગત છે. ગુજરાતી ગઝલ-ભૂમિ ઉપર એમણે એક નવી જ કેડીનું સર્જન કર્યું છે. હિંદુ સંસ્કૃતિની છાપ તેમની કવિતામાં વધારે જોવા મળે છે. વૃન્દાવન અને કાશીમાંથી જ્યાં સુધી એમને પ્રતીકો મળે છે ત્યાં સુધી એ મક્કા-મદીના જવામાં માનતા નથી લાગતા.

ખુમારી એ એમની કવિતાનું ખાસ અંગ છે. ગઝલશાસ્ત્રનો એમના જેટલો ઊંડો અભ્યાસ બીજા શાયરોનો ભાગ્યે જ હશે. ગુજરાતી ગઝલના પિંગળ ઉપર તાજેતરમાં એમનું એક પુસ્તક 'અરૂઝ' પ્રગટ થયું છે (જુઓ ગયો અંક) જેને સુંદર આવકાર મળ્યો છે. પિંગળ ઉપર લગભગ ૧૧ પુસ્તકો એમણે લખ્યાં છે, જે દૈવવશાત્ હજી અપ્રકટ રહ્યાં છે.

હાલ મુંબાઈના 'મુંબઇ સમાચાર' દૈનિકના તંત્રીવિભાગમાં સેવા આપી રહ્યા છે. એમનાં અત્યાર સુધી 'શૂન્યનું સર્જન', 'શૂન્યનું વિસર્જન' અને 'શૂન્યના અવશેષ' એમ ત્રણ ગઝલ-સંગ્રહો બહાર પડયા છે, અને આગામી 'શૂન્યનું સ્મારક' તૈયાર થઈ રહ્યું છે.

'તું તો હશે કે કેમ? પણ હું તો જરૂર છું'–એવું કહીને ઈશ્વરને પડકારતા આ શાયરના થોડાક શેરોનો આપણે આસ્વાદ લઇએ:

ઇશ્વર વિષે

તું એક છે અને હું તો શૂન્ય છું પરંતુ, મારા જ સ્થાન પર છે નિશ્ચિત જગતનાં મૂલ્યો,
એથી જ ઓ ગુમાની! જો હું કહું કે, તું પણ મારી દયા ઉપર છે નિર્ભર, ક્ષમા કરી દે.

જીવનમાં કેમ તારી કૃપાઓથી દૂર છું?
એ તો નથી કસૂર કે હું બેકસૂર છું?

છું શૂન્ય એ ન ભૂલ ઓ અસ્તિત્વના પ્રભુ!
તું તો હશે કે કેમ, પણ હું તો જરૂર છું!

દર્શન કરાવ શૂન્ય જરા તુજ સ્વરૂપનું,
ઇશ્વર છે કોણ એની જગતને ખબર નથી.

કહી દો ઈશને કે, શૂન્યને વિશ્વાસમાં લઇ લે,
જગત હેરાન થઈ જાશે પ્રતિભાઓની ટક્કરમાં.

મહોબ્બત ખાર થઇ જાયે, નથી મંજૂર એ મુજને,
જગત નાદાર થઇ જાયે, નથી મંજૂર એ મુજને,
ચઢાવું બંદગીને અબઘડી હું ઠોકરે, કિંતુ,
ખુદા લાચાર થઇ જાયે નથી મંજૂર એ મુજને.

પ્રકીર્ણ

જડ અને ચેતનની મર્યાદા સમજ ઓ જિંદગી,
ગર્વની બિના નથી એ, હો ભલે મેરુ અચલ!

દયાળુ! આપ દયાનો મને હિસાબ પ્રથમ!
નહિ તો પાપનો મારી કને હિસાબ નથી.

જીવન એક માર્ગ છે ને માર્ગમાં તો હોય ખાડા પણ
મુસાફર છું; પડું તો દોષ ના દેશો પતન માટે.

ઘડીના ભાગમાં ઉથલાવી નાખું ભાગ્યની સત્તા,
પરંતુ પ્રેમ ક્યારે એટલી નવરાશ આપે છે?

ભલે એ કલ્પના હો, વ્હેમ હો, કે અંધશ્રદ્ધા હો!
જીવન જોયા પછી વિશ્વાસ લાવ્યો છું કયામત પર.

માનવી છું, મુજ કલેવર કેન્દ્ર છે સૌ ધર્મનું,
છે નજર ગાથા, હૃદય કુરઆન, વાણી વેદ છે.

જોઈ જનાજો બોલી ઊઠયા જીવતા ઉમંગ:
'થાકી જવું પડે તો એ સાચી સફર નથી.'

જીવન અર્પણ કરી દીધું
કોઇને એટલા માટે,
મરણ આવે તો એને કહી શકું,
મિલકત પરાયી છે;

રડે છે કોણ એવું પોક મૂકી,
'શૂન્ય'ના શબ પર?
મને લાગે છે એ રઝળી
પડેલી પાયમાલી છે.

પાગલના મૌનથી જે કયામત ખડી થઇ,
ડાહ્યાની ભુમરાણ હતી, કોણ માનશે?
ઉપચારકો ગયા અને આરામ થઇ ગયો,
પીડા જ રામબાણ હતી, કોણ માનશે?

તકાદો પ્યાસનો કે હોય સાગર તોય પી જાઉં,
જમાનાનું વલણ કે પ્યાસને રણની જરૂરત છો!

ઝુલ્ફ કેરા વાળ સમ છે, ભાગ્યની ગૂંચો બધી,
માત્ર એને યત્ન કેરી કાંસકી ઓળી શકે.

આખરી એક નજરનું જ હતું કામ ફકત,
દર્દ દેનારના હાથોમાં દવાઓ રહી ગઇ.

કોણ જાણે શાપ કેવો લઇને આવી'તી જગે,
મેઘની ઝરમર મહીં પણ પ્યાસ ટળવળતી હતી

દુર્દશા તો એ કે છેવટની પળે માલમ થયું:
જે મહીં પીતો હતો એ પ્યાલી તો ગળતી હતી


મને એ નાખુદા પર છે ખુદા કરતાં વધુ શ્રદ્ધા,
કિનારો જોઈ જે પાછો વળી જાયે સમંદરમાં.

નથી કરતો દીવાનાપણુંનો દાવો કોઈની આગળ,
જગતના હોશિયારો, કૈંક તો શીખો દીવાનાથી!

મૌતને કહી દો ન મૂકે હોડમાં નિજ આબરૂ,
'શૂન્ય' છે એ કોઇનો માર્યો કદી મરશે નહિ.

[illegible]

અવસાન પહેલાંની તા. ૨૧ ડિસે. '૫૧ના રોજની છેલ્લી ડાયરી-નોંધ: 'કુમાર'માં ચંદ્રવદને પ્રિયંવદાના મોતના પ્રસંગ વિષે લખેલું વાંચ્યું. અપંગ કે હતભાગ્ય (stricken) બાલક તરફ માબાપનું હેત સાગરાકાર સજીને ઠલવાય છે અને એવા બાલકનો સ્નેહી બનનાર તે માબાપનો પણ બાલક બની જાય છે. ચુનીલાલ મડિયા આજ જાય છે. તા. ૩-૧-૫૨ લગી કાઠિયાવાડ એના કાપડિયા બનેવીને ત્યાં જેની કાનપુરની દુકાન ખૂબ સારી ચાલે છે. દરેક નોકરો છે. કાઠિયાવાડ આવે છે આવે છે ને ગંભીર બીમારી કોક કોકને વળગે છે. હવા શદતી જ નથી.'



પૃથ્વી છંદના પ્રવર્તક (જુઓ નીચે પ્રતીક) બ. ક. ઠાકોરનું 'ચકોરે' કરેલું કૅરિકેચર (ઠક્કાછબી)



પોતાના નામના પ્રથમાક્ષર 'બ'ની નીચે ફૂલ ચીતરીને કરેલી એમની સહી જાણીતી છે. એથી જરા ફેરવાળું બલવન્તના 'બલ'નું અને સીધા નિશાનનું દ્યોતક નોટપેપર પર છપાવતા તે સંજ્ઞા

[illegible]

બ. ક. ઠા. ઉપરનો ગાંધીજીનો પત્ર: 'ભાઈ બળવંતરાયજી, તમારો કાગળ મળ્યો. તમને ક્યાંથી ખબર પડે કે હું તો ગામડીયો જ છું. મારો અવાજ તતુડીનો છે. એ ક્યાં લગી જતો હશે? ભ્રમ ભાગશે. તમારો,
મો. ક. ગાંધી, ભંગીવાસ નવી દિલ્હી ૧-૬-૪૭

બળવન્તરાય ઠાકોર (અનુસંધાન પૃ. ૪૭૪થી) ભવાં નીચે વિસ્ફારિત નેત્રમાંથી આખા યે મુખ પર પ્રસરતું વિસ્મય. ક્યારેક ડાબા ખભાથી જમણી કેડ લગી વીજળીવેગે વીંઝાતા જમણા હાથમાંથી ભભૂકતો કોઈ વ્યક્તિ કે વિચાર પ્રત્યેનો પુણ્યપ્રકોપ. ક્યારેક અસ્તિત્વને વિસ્મૃતિમાં ધકેલીને કરુણતાથી ચણી દેતી દેહની ચોમેર અભેદ્ય એકલતા.

પછી સ્મરણમાં આવે છે એમના અક્ષરો: નાના નાના, નજીક નજીક, છતાં સ્વચ્છ અને સુવાચ્ય. સુશ્લિષ્ટ વિચારોની સુરેખ છબી જેવા. મોતીના દાણા 'જેવા' નહિ, મોતીના દાણા જ.

ઘરમાં મોટે ભાગે ખુલ્લે શરીરે એક ચડ્ડીભેર હોય. મોટે ભાગે એકલા હોય. ક્વચિત કોઈ કુટુંબીજન, કોઇ મિત્ર કે એમનો સેવક પાંડુ હોય. દિવસે જ્યારે જાઓ અને જુઓ ત્યારે, ને ક્યારેક તો રાતભર, ખુરશી-ટેબલ પર વાચનલેખન, કે હીંચકા પર ચિરૂટની વર્તુલાકાર ધૂમ્રરેખાઓ વચ્ચે મનનચિંતન ચાલ્યા જ કરતું હોય.

બલ્લુકાકા ગુજરાતીઓમાં ગ્રીક હતા. એમનું બુદ્ધિગ્રાહ્ય સત્યદર્શન ને બુદ્ધિજન્ય સૌંદર્યસર્જન ભારતીય પરંપરામાં છે એથી સવિશેષપણે ગ્રીક પરંપરામાં છે; ગ્રીક કરુણ નાટક જેવું છે. એમની સમગ્ર અસ્તિનું રહસ્ય છે એમનું બુદ્ધિપ્રાધાન્ય. એ નાસ્તિક ન હતા. તો પ્રચલિત અર્થમાં આસ્તિક પણ ન હતા. સમતોલ શાસ્ત્ર ને વિજ્ઞાન દ્વારા, સ-પ્રમાણ ઇતિહાસ ને સંશોધન દ્વારા સમુત્ક્રાંતિમાં બુદ્ધિગ્રાહ્ય હોય એ જ સત્ય ને એ જ ઈશ્વર. એ વૈજ્ઞાનિક બુદ્ધિના અજ્ઞેયવાદી હતા. એમના દર્શનમાં મનુષ્યમાત્ર જંતુડું. મનુષ્ય એટલે મર્યાદા. અસંખ્ય મનુષ્યોની અસંખ્ય વૃત્તિપ્રવૃત્તિઓ તુચ્છ, હીનમલિન, નિમ્ન અને નિઃસાર. ધન, કીર્તિ અને સત્તાની ક્ષુદ્ર, ક્ષણિક ને ક્ષુલ્લક વાસનાઓ. આવા આવા મનુષ્યોમાં ક્યારેક ક્યાંક કોઈક મનુષ્ય એની સચેત સભાનતાથી અને એના સ્વપ્રયત્નના બુદ્ધિસાહસથી કંઈક સત્ય, કંઈક શિવ, કંઈક સુંદર પામ્યો છે, પામે છે ને હજુ પામશે, એનો એમને મહિમા છે, આદર છે.

એમની પ્રતીતિ છે, શ્રદ્ધા છે કે સૌ માનવપુરુષાર્થોમાં કલા જેવો અર્થપૂર્ણ એકેય પુરુષાર્થ નથી અને સૌ કલાઓમાં કવિતા જેવી અર્થપૂર્ણ એકેય કલા નથી. મૂર્ત, સઘન, વસ્તુલક્ષી, સ્પર્શક્ષમ, નામરૂપે આકારબદ્ધ, બુદ્ધિજન્ય કૃતિ એ જ સૌન્દર્યસર્જન. એ જ એમનું વ્રજ અને એ જ એમનો નંદકુંવર; એ જ એમનું વૈકુંઠ અને એ જ એમનો મોક્ષ.

સર્વ દેશના સર્વ કાલના સર્વ બુદ્ધિવાદીઓ—અજ્ઞેયવાદીઓની જેમ ઈશ્વરનો સંપૂર્ણપણે સ્વીકાર ન કરીને બલ્લુકાકાએ આયુષ્યભરની એકલતા અનુભવી છે. ગ્રીક કરુણ નાટકના નાયકની જેમ એમણે એમના અભિમાનની (અહંકારની નહિ) પૂરી કિંમત આ એકલતાની કરુણતા દ્વારા ચૂકવી છે. એમની આ બૌદ્ધિક પ્રામાણિકતામાં એમની શ્રદ્ધા ને ભક્તિ, એમની નમ્રતા ને નૈતિકતા, એમની આધ્યાત્મિકતા ને ધાર્મિકતા, એક જ શબ્દમાં એમના જીવનનું સત્ય, એમના જીવનનું રહસ્ય કોઈ વિલક્ષણ નાટ્યમય વિરોધભાવે પ્રકટ થાય છે. આવા અભિમાની નમ્ર આત્માને આજે એમની સોમી જન્મતિથિએ આપણા હૃદયનાં અભિનંદન અને અભિવંદન હો!

નિરંજન ભગત


[અત્રે ઉતારેલી ચારે સ્મરણ અંજલિઓ 'પ્રો. બ. ક. ઠાકોર અધ્યયનગ્રંથ'માંથી; તેમજ પૃ. ૪૬૯, ૪૭૨, ૪૭૩, ૪૭૪, ૫૦૮, ૫૦૯, ૫૧૦ પરના ફોટાઓ તથા આ પાના પરના હસ્તાક્ષરો મ. સ. યુનિવર્સિટી વડોદરાના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ભોગીલાલ સાંડેસરાના સૌજન્યથી]



ઉપર દર્શાવ્યું છે તે 'ફ્લ્યુટ' મૂળ તો સ્કૅન્ડિનેવિયામાંથી તોર્તિંગ વૃક્ષોનાં લાકડાં લાવવા માટે બનાવાએલું વહાણ. આ પ્રકારનાં વહાણોની બાંધણી ભારેખમ ને વળાંકાવાળી હતી. હૉલૅન્ડની એ કાળની સમૃદ્ધિ વધારવાનો ઘણો યશ આ વહાણો ને જ હતો. ત્યાંના રેતાળ કિનારાને યોગ્ય છીછરાં વહાણો પણ વિકસ્યાં, જેમાં 'યાચ' મુખ્ય છે. (જુઓ નીચે). અસલ તો એ વહાણો હૉલૅન્ડની નહેરોમાં માલ વહી જવા તથા સહેલગાહ માટે નહેરને કિનારે ઘોડા સાથે જોડી પાણીમાં ખેંચી જવાતાં. અંગ્રેજોએ એનું સુંદર અને બહુ ચડપી એવું સ્વરૂપ વિકસાવ્યું.



આ સાથે નાનીનાની ખેપ માટે 'ફેલુકા' (નીચે આપ્યું છે.) નામનાં નાનાં વહાણો પણ વપરાતાં હતાં. આમ, ૧૭મી સદીના વહાણવટામાં પ્રગતિ સારી દેખાવા લાગી હતી.





માધુકરી

આ તો ઈશ તણો આવાસ
તું આમંત્રિત અતિથિ એનો, નહિ સ્વામી નહિ દાસ!
એ પીરસે તે ખા તું રસથી, એ આપે તે લેજે,
એનાં જનને તારાં ગણીને એ રાખે તેમ રે'જે
વેરતો પ્રતિપળ પ્રેમનું હાસ.
અખંડ ચાલે બદ્ધ ચિચોડો, કોઈ તાણે કોઈ માણે,
તું નવરો નવ રે'જે: વહેજે ધૂંસરી ગજા પ્રમાણે,
કામમાં ના'વે કહી ય ક્યાંશ.
તું અથરો નવ થાજે લાવા, નવ રહેજે વળી ચોંટી,
સૌ વચ્ચે વહેંચીને ખાજે રામની દીધલ રોટી,
સુધા સમ ગણી સહિયારી છાશઃ
આ તો ઈશ તણો આવાસ.

—કરસનદાસ માણેક

સ્વ. મનુબહેન ગાંધી

ગાંધીજીના જીવનપ્રસંગોનું યથાતથ નિરૂપણ કરનાર મુખ્યત્વે બે જ વ્યક્તિ: એક મહાદેવભાઈ દેસાઈ અને બીજાં મનુબહેન ગાંધી. મહાદેવભાઇના અવસાન પછી મનુબહેને નોંધેલી ગાંધીજીની રોજેરોજની દિનચર્યા જોઈ જઈને ગાંધીજી હમેશાં તેની નીચે પોતાની સહી કરતા અને એ રીતે આજે એ નોંધો દેશના મહામૂલા દસ્તાવેજો સમી બની ગઈ છે.

ગાંધીજીના એક પિતરાઈના પુત્ર જયસુખલાલ ગાંધીનાં એ પુત્રી મનુબહેનનો જન્મ ઉપલેટામાં થએલો. કુટુંબમાં બધી જ પુત્રીઓ જન્મ્યાનો રંજ ટાળવા આ પુત્રીનું નામ ગાંધીજીએ પુત્ર સમું-મનુ રાખવા સૂચવ્યું હતું. એની માતા કસુંબાના અવસાન પછી ગાંધીજીએ મનુને પોતાની પાસે જ રાખી કસ્તૂરબાને એનો ઊછેર સોંપેલો. વચ્ચે થોડો સમય કરાચીમાં મેળવેલા ભણતર સિવાયની મનુની બધી કેળવણ ગાંધીજીએ પોતે તેને આપેલી. વર્ધામાં નાની ઉમરે પહેલીવાર જેલમાં જઇને એમણે રાષ્ટ્રીય ચળવળોમાં સક્રિય ભાગ લેવાનો આરંભ કરેલો. મોટા ભાગનું જીવન ગાંધીજીની સેવામાં એમની સાથે જ વિતાવ્યું હોઇને અને એમના અંતકાળ સુધી બધી પ્રવૃત્તિઓના એ પ્રત્યક્ષ અનુભવી હોઇને એમણે 'કલકત્તાનો ચમત્કાર', 'બાપુ, મારી મા', 'બા-બાપુની શીળી છાયામાં', 'એકલો જાને રે', 'બિહારની કોમી આગમાં', 'બિહાર પછી દિલ્હી' વગેરે પુસ્તકો દ્વારા ગાંધીજીના તત્કાલીન જીવનનો અણીશુદ્ધ ને સિલસિલાબંધ ઇતિહાસ આપ્યો છે. વિવિધ સામયિકોમાં પણ તેઓ અવારનવાર લખતાં.



મહુવા તાલુકાનાં કેટલાંક કેન્દ્રોમાં બાલવાડી, ઉદ્યોગ વર્ગ, રાત્રિશાળા, વૈદ્યકીય સારવાર ને બહેનોના વિવિધ પ્રશ્નો અંગે અનેક પ્રવૃત્તિઓ ચલાવવા સાથે ભારત સરકારના કેળવણીખાતાના ઉપક્રમે એમણે દેશભરની અનેક શાળા-કૉલેજોમાં વ્યાખ્યાનો આપેલાં. આકાશવાણીના ગ્રામ કાર્યક્રમોની સલાહકાર સમિતિમાં પણ તેઓ હતાં અને છેલ્લે મધ્યસ્થ ગાંધીશતાબ્દી સમિતિમાં પણ તેઓને લેવામાં આવેલાં, જેના ઉપક્રમે એમણે 'ગાંધી-દર્શન પ્રદર્શન ટ્રેઇન' તૈયાર કરવામાં મુખ્ય ભાગ લીધેલો. આ ટ્રેઈન સાથે જ તેઓ રામેશ્વરથી જોડાયાં હતાં એમાં મદ્રાસમાં તેઓ બીમાર પડી ગયાં હોઈ તરત એમને દિલ્હી લઈ જવામાં આવ્યાં, જ્યાં ઑલ ઇંડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ મેડિકલ સાયન્સમાં સારવારમાં હતાં તે દરમિયાન એમનું ૩૮ વર્ષની વયમાં જ અવસાન થયું. એમના આત્માને શાંતિ હો.

સામ્યવાદી અમલના સાત માસનું સરવૈયું

પશ્ચિમ બંગાળમાં અમલ ચલાવતી 'સંયુક્ત મોરચા'ની સરકારમાં બહુમતી ધરાવતા સામ્યવાદીઓનો પગદંડો કેટલો જુલ્મી નીકળ્યો છે તે તો ત્યાંના મુખ્ય પ્રધાન અજય મુખરજીને ખુદ પોતાની જ સરકાર સામે કરવા પડેલા ઉપવાસ પરથી પ્રતીત થયું છે. એ ત્રાસજનક અમલનો કાંઈક ખયાલ છેલ્લા ૭ માસના બનાવોના નીચેના આંકડા પરથી આવશે :

૩૭૮ ખૂન થયાં, તેમાં—
૨૦૧ રાજકીય કાર્યકર્તાઓની હત્યા.
૬૫ ઑગસ્ટ-સપ્ટે. બે જ માસમાં સંઘર્ષ, જેમાં—
૬૭૩ માણસો ઘવાયા, અને (રવીન્દ્રસરોવરની ઘટના સિવાય)
૮ સ્ત્રીઓની ઈજ્જત લૂટાઈ.
૩૧ શાળા-શિક્ષકોનાં ધમકીથી રાજીનામાં માગવામાં આવ્યાં.
૩૭ વખત ઑસ્પિટલ-કર્મચારીઓ પર હુમલા થયા.
૨૯૨ કિસ્સામાં કાયદો-વ્યવસ્થા સ્થાપવામાં પોલીસ નિષ્ક્રિય રહી.
૫૫૧ હડતાલો પડી, જેને પરિણામે—
૭૩ કારખાનાંને તાળાબંધી કરવી પડી.
૩૬૭ ઘેરાના બનાવ બન્યા.
૨૧૮ ગરીબ-મધ્યમ ખેડૂતોની જમીનો (ભૂમિહિનોને જમીન અપાવવાના નામે) ખૂંચવી લેવાઈ.
૧૦૧૦ ગુનાના કિસ્સામાં અદાલતોમાંથી કેસ પાછા ખેંચાયા, અથવા તો પોલીસે તેમાં આગળ પડવા ના પાડી.

ચંદ્રના 'શાંત સાગર'નું એક બિંદુ



'ધ યુનિવર્સિટી ઑવ લંડન ઑબ્ઝર્વેટરી'માં ક્વીન મેરી કૉલેજના ડૉ. જ્હૉન ઍસ્ટિનને 'નાસા' એ 'ઍપોલો-૧૧' દ્વારા આણેલી ચંદ્રધૂલિનો થોડો નમૂનો ભેટ આપ્યો હતો. તેના નિરીક્ષણમાં એમણે એક કણમાં આ વિશિષ્ટ આકાર પકડી પાડયો છે. મૂળ એક મિલીમીટરથી યે નાના એ કણનો આ ૩૦૦ ગણો મોટો ફોટોગ્રાફ છે. કાચના મણકા જેવો લાગતો આ આકાર લગભગ નિશ્ચિતપણે કહી શકાય કે ચંદ્ર પર પડેલી કોઈ ઉલ્કા યા ચંદ્રના જ્વાળામુખીમાંથી ફેંકાએલા કોઈ પ્રવાહીના ટીપાનો જ છે ને હવે એ સુકાઈને જામી ગએલો છે. —ધી સન ડે ટાઈમ્સ

એવરેસ્ટ કરતાં પણ ઊંચો પહાડ છે?

એવરેસ્ટ શું ખરેખર દુનિયાનું સૌથી ઊંચું પર્વતશિખર છે? તિબેટ અને ચીનની નિર્ધારિત નહિ થએલી સરહદ પર એક એવી પર્વતમાળા છે, જેના શિખરની ઊંચાઈ આગળ કદાચ એવરેસ્ટ નીચો લાગે. એનું નામ 'આમને માચિન' છે. એનાં ભીમકાય શિખરોને બહુ ઓછા લોકોએ જોયાં છે; પણ એ લોકોના કહેવા પરથી ઘણા વિશેષજ્ઞો માને છે કે આ પર્વતનું શિખર એવરેસ્ટથી સારી રીતે ઊંચું હોવું જોઈએ.

૧૯૨૦માં અંગ્રેજ સેનાપતિ જ્યૉર્જ પરેરા પરિભ્રમણ કરતો શાંગહાઈથી ચીન અને તિબેટ થઈને કેસ્પિયન સમુદ્ર તરફ પગપાળો જઈ રહ્યો હતો. રસ્તામાં તેણે આ પર્વત વિષે સાંભળ્યું. અસ્પષ્ટ માહિતી પર ભમ્યો એક વરસ સુધી, બાદ છેવટ એક ઉચ્ચ ભૂમિના બીજા છેડે સૅંકડો માઈલ દૂર જે જોયું તેનાથી તે સ્તબ્ધ થઈ ગયો. સામે ગગનચુંબી પહાડ ઊભો હતો. તેણે દુનિયાની મોટી મોટી ગિરિમાળાઓ જોઈ હતી: કૅનેડાના રૉકીઝ, ભારતનો હિમાલય, દક્ષિણ અમેરિકાના એન્ડીઝ પર્વત, પણ એમાંના કોઈ પહાડે તેને આટલો બધો પ્રભાવિત કર્યો નહોતો. તેને ખાતરી થઈ ગઈ કે સામે ઊભેલો આમને માચિન પર્વત દુનિયાનો સૌથી મોટો ને સૌથી વિશાળ પર્વત છે. તરત જ એની સંપૂર્ણ શોધ માટે આરોહણ-ટુકડી લઈ જવાની યોજના ઘડવા માટે તે ઇંગ્લૅન્ડ પાછો ગયો. પાછા ફરતી વખતે રસ્તામાં તેને અમેરિકાનો પ્રસિદ્ધ સાહસી શોધક જોસેફ રૉક, જે 'નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટી'નો સભ્ય હતો તે મળ્યો. જનરલે તેને પોતાની શોધ વિષે કહ્યું. પણ થોડા જ દિવસમાં હૃદયરોગનો હુમલો થતાં એ હૃષ્ટપુષ્ટ વીર જનરલ અચાનક મૃત્યુ પામ્યો.

જનરલ પરેરાના અહેવાલથી પ્રેરાએલો રૉક, થોડાં વર્ષ પછી પોતે જ આ બાબતની સચ્ચાઈ શોધવા માટે 'નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટી' તરફથી વિવિધ પ્રકારની સામગ્રીથી સજ્જ થઈ નીકળ્યો. પરેરાએ જે ઓછી-અધૂરી માહિતી આપેલી તેના આધારે ચીનની સરહદે આમતેમ ભટકતા રહ્યા બાદ તેઓ તિબેટની, વાદળોથી ઢંકાયેલી ૧૬૦૦૦ ફૂટ ઊંચી એક પૃષ્ઠભૂમિ પર પહોંચ્યા ત્યાં એક દિવસ જરાક વાર માટે વાદળોનો પડદો હટી ગયો. રૉકે પોતાની સામે ઊંચે નજર કરી અને પરેરાની જેમ તે પણ સ્તબ્ધ થઈ ગયો. તેણે જે છટા જોઈ તે અવર્ણનીય હતી. એની સામે હજારો ફૂટ ઊંચા પર્વતનો જમણો ભાગ દેખાતો હતો. શિખર હજુ વાદળોમાં સંતાએલું હતું. પણ રૉકે અનુમાન કર્યું કે પર્વત હકીકતમાં એવરેસ્ટથી ઊંચો છે. અમેરિકન દળે પોતાની શોધ–તપાસનો હેવાલ સોસાએટી સામે રજૂ કર્યો, પણ બીજી આરોહણ-યોજના ઘડાય તે પહેલાં બીજા મહાયુદ્ધની શરૂઆત થઇ ગઈ. તેમાં ચીની રાષ્ટ્રવાદીઓને હથિયાર પહોંચાડતા અમેરિકન વિમાનોના પાયલટોએ અનેક વાર રિપોર્ટ કરેલો કે તેમનાં વિમાન વાદળમાં છુપાએલા કોઈ પર્વતશિખર સાથે અથડાતાં સહેજમાં બચી ગયાં હતાં. એ વખતે એમનાં ઊંચાઈમાપક યંત્રો ૩૦,૦૦૦ ફૂટથી ઘણી વધુ ઊંચાઇ બતાવતાં હતાં: જ્યારે એવરેસ્ટ ૩૦,૦૦૦ ફૂટથી નીચો છે. હજુ આજે પણ આ પર્વત રહસ્યના વાદળ તળે જ ઢંકાયેલો છે. લાલ ચીનના પર્વતારોહકો જ્યાં સુધી એ પડદો નહિ ઊંચકે ત્યાં સુધી એની સચ્ચાઈની જાણ નહિ થાય

(નવનીત) —ડૉ. મહેન્દ્રનાથ સકસેના

સરગવો

સરગવાનો ઉપયોગ તેની શીંગના શાક તરીકે જાણીતો છે, પણ પ્રાચીન સમયથી તેનો ઉપયોગ દવામાં થાય છે. સંસ્કૃતમાં તેને શિગ્રૂ કહે છે. જંગલમાં થતો સરગવો કડવો હોય છે. શહેરમાં થતા સરગવા મીઠા

સુધારો

ગયા (નવેમ્બર) અંકમાં મુખચિત્ર સાથે છપાએલા 'વિશ્વમાતૃકા' શિલ્પના શિલ્પી શ્રી ગિરીશ ભટ્ટ છે. શ્રી કાન્તિલાલ કાપડિયાએ તો એ શિલ્પ સાથેની પૅનલો કરેલી છે, જે એ અંકના પૃ. ૪૪૪-૪૪૫ ઉપર છાપેલી છે. પૃ. ૪૪૩ 'મજૂર મહાજન પ્રવૃત્તિ'ના સર્જક શ્રી રમેશ મહેતા નહિ પરંતુ રમેશ પંડ્યા છે. 'ગાંધીદર્શન'ના કલાકારોમાં શ્રી સોમાલાલ શાહનો પણ સમાવેશ હતો.

પ્રકારના હોય છે. દવામાં મૂળની તાજી છાલ, બીજ, ફૂલ વગેરે વપરાય છે. ઘરગથ્થુ વૈદકમાં તેના પાનનો પણ ઉપયોગ થાય છે. બંગાળ બાજુ સરસવના તેલમાં તેનાં ફૂલ-પાનનું માછલી જોડે શાક કરીને ખાય છે. શીંગના બીજમાં એક પ્રકારનું તેલ હોય છે.

સરગવો કડવો, તીક્ષ્ણ ને ગરમ હોઈ રુચિકારક છે. ભૂખ લગાડે છે ખોરાક પચાવે છે ને વાયુનું શમન કરે છે. તેનાથી પરસેવો વળે છે, પેશાબ સાફ આવે છે, કફ નીકળી જાય છે ને સોજો ઘટી જાય છે. તેના ફૂલમાં પુરુષાતન આપવાનો ગુણ છે. તે મૂત્રાશયને પણ બળ આપે છે.

સરગવાના પાનનું શાક ખાવાથી ઝાડો સાફ આવે છે. પાનના રસનાં ટીપાં કાનનું શૂળ મટાડે છે. પાનનો રસ કાઢી તેનાં ટીપાં મધ સાથે મેળવી ચાટવાથી કફ મટે છે. એની છાલનો કવાથ કરી તેમાં સહેજ હિંગ નાખી પીવાથી પેટનું શૂળ મટે છે. ગ્રામ્ય વૈદકમાં એનાં પાન, લસણની કળી, હળદર ને મીઠું મેળવી, વાટી, કૂતરાના કરડવા પર લગાડે છે અને પીવા એનો કવાથ આપે છે એ ઉપરથી સરગવામાં વિષનાશક ગુણ રહેલો જણાય છે. એનાં પાન તથા છાલ વાટી કાંજીમાં મેળવી લેપ કરી લગાડવાથી વાળો બહાર આવે છે. (મુંબઈ સમાચાર)

સંયોજનાલેખનો (અનુ૦ પૃષ્ઠ ૪૯૧થી) 'કામધેનુ ગાયના શરીરમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ' હોવાની આપણી પુરાણ પ્રબોધિત ભાવનાને એવા સંયોજનમાં સાકાર કરતું કલ્પનાચિત્ર જોયાનું તો ઘણાને યાદ હશે. નાગપાશનાં લયમધુર ને અટપટાં સંયોજનો, હંસદ્વય, મૃગચતુષ્ટય, નારીકુંજર, નારીઅશ્વ, નારીકલશ, નારીશકટ, નારી પાલખી ઇત્યાદિ જેવાં કલ્પનામય કલાસર્જનોનાં સંખ્યાબંધ ઉદાહરણ મળી શકે છે. સચિત્ર હસ્તલિખિત ગ્રંથો કે દેવમંદિરોમાં એ મબલખ પ્રમાણમાં જોવા મળે છે. જેમાંની પશુપક્ષી કે પુષ્પો ઇત્યાદિની અવળસવળ ને અવનવી ગૂંથણી સર્જકનાં કલ્પના અને કૌશલને માટે માન પ્રેરે છે.

ભારતીય કલામાં હાથીનું સ્થાન અદ્વિતીય છે. અજંતાની ભીંતો પરનાં શોભનોથી માંડી મંદિર-સ્થાપત્યના ગજથરમાં તથા અન્ય શોભનચિત્રોમાં પણ સમૃદ્ધિસૂચક પ્રતીક હાથીની સંખ્યાબંધ આકૃતિઓ રચાઇ છે. કલ્પસૂત્ર, વસંતવિલાસ, રતિરહસ્ય ઇત્યાદિ અનેક પ્રાચીન હસ્તલિખિત સચિત્ર ગ્રંથોમાં એનાં સંખ્યાબંધ આયોજનો જોવા મળે છે. એક હાથીની આકૃતિમાં અનેક નારી-આકૃતિઓના નાનાવિધ દેહવિન્યાસોને લગોલગ ગોઠવી સંયોજેલી 'નારીકુંજર'ની રચનાનાં અનેક દૃષ્ટાંતો ગુજરાતનાં વૈષ્ણવમંદિરોમાં રાજપૂત કે નાથદ્વારા કલમે આલેખાએલાં મળી આવે છે. એટલું નહિ પણ નવ નારીકુંજરની સંયોજના તો છેક બંગાળ સુધી પહોંચી છે. એક એવી વૈષ્ણવકલ્પના છે કે રાધાના વિરહથી પીડાતા કૃષ્ણના મનોરંજનાર્થે નવ ગોપીઓએ વૃંદાવનમાં એકબીજી સાથે ભીડાઇને હાથીનો ભ્રમ ઊભો કર્યો. વ્યથિત કૃષ્ણે બાલસ્વભાવાનુસાર એ હાથી પર સવાર થઈ દુઃખ ભૂલવા વાંસળી વગાડવા માંડી. થોડી વારે હાથી હાલવા લાગ્યો અને અંતે વિખરાઇ જઈ નવે ગોપીઓ હસતી હસતી કૃષ્ણ સામે ઊભી રહી. ગોપીઓની આ મજાકમાં કૃષ્ણ ઘડીભર રાધાનો વિયોગ વીસરી ગયા. પણ આથી યે ચડિયાતી કલ્પના નરસિંહ મહેતાએ 'ગોવિંદ ગમન'માં કરી છે. એમાં મથુરા જતા કૃષ્ણને રોકવા ગોપીઓએ અરસપરસ ગોઠવાઇ જઈને હાથી બનાવી ગોકુળમાં હાથીની ખોટ હોવાની કૃષ્ણની દલીલનો જવાબ આપ્યાનું સુંદર વર્ણન કરેલું છે. કેટલાક વળી, માનવશરીર નવ દ્વારવાળું ઘર છે અને એ ઘરમાં વસનાર આત્માનું તેના પર પ્રભુત્વ છે તેમજ શ્રી કૃષ્ણ એ સૌ પ્રાણીમાત્રના અંતઃકરણમાં વસનાર તેના શાસક અને પાલક છે;—આવા પ્રકારનું આધ્યાત્મિક રૂપ: આ નવ નારીકુંજરની આકૃતિ માટે ઘટાવે છે. પણ હકીકતે આ સંયોજના માત્ર ચાતુરીયુક્ત કલ્પનાવિહાર જ છે અને તેમાં આધ્યાત્મિક સંકેતો ખોળવાના પ્રયત્નો આ મનોરમ કલ્પના અને સંયોજનાના કલાતત્ત્વને હણી નાખવા સમાન છે.



સંયોજન કલાનો આધુનિક પ્રયોગ સંસ્થા, પેઢી કે અંગત નામના પ્રથમાક્ષરોની રચનામાં જોવા મળે છે. ડાબી બાજુ: નૅશનલ પ્રોવિન્શિયલ બૅંકના સંજ્ઞાક્ષરો. 'N' અને 'P' એ બે અક્ષરો સાથે બૅંકલેજરની કાણાંવાળી ફાઇલિંગનું પણ એમાં સૂચન છે. જમણી બાજુ ઉપર 'S' અને 'P' અક્ષરની ચાતુરીભરી ગોઠવણ અને ત્રીજીમાં 'H' 'B' અને 'W' અક્ષરની સંયોજના છે.



ચિત્રકાર બંસીલાલ વર્માએ કરેલી આ ચાતુરીયુક્ત સંયોજનામાં માતા, પિતા ને બાળકના આકારોથી કૌટુંબિક એકત્વની ભાવના નિર્દેશી છે.

જેમ કુંજર (હાથી) તેમ અશ્વ અને ઊંટના બાહ્યાકારમાં પણ અનેકવિધ સંયોજના જોવા મળે છે. 'એક મુખ-અનેક શરીર'વાળી 'એકાનેક' સંયોજના પણ ઘણી મનોરમ છે. ભારતીય શિલ્પમાં એનો ઠેરઠેર ઉપયોગ થયો છે અને સીલોનમાંથી પણ ઘણાં દૃષ્ટાંત મળ્યાં છે. જોકે સીલોન અને દૂર પૂર્વના દેશો પર પડેલા ભારતીય કલા-સંસ્કારની જ એ અસર છે. આ અંકના પૂઠા પરનું 'વેણુ-વાદિકા'નું સંયોજનાશિલ્પ આ પ્રકારનું એક સરસ દૃષ્ટાંત છે. અલવર નજીક આવેલા રાજોરગઢના દસમી સદીના ગુર્જર પ્રતિહાર રાજ્યકાળના એક મંદિરની છતમાંનો તે એક નાનો કલાખંડ છે. નીચેથી છતમાં જોતો દર્શક ગમે તે દિશામાંથી જુએ તો યે એ બંસરીબાલાની દેહભંગી એકસરખી સુંદર દેખાય છે. એમ પણ લાગે કે એની આસપાસ ફરતો દર્શક તેને બધી બાજુથી નીરખી રહ્યો છે. ૯ થી ૧૨મી સદીના શૈવ તેમજ જૈન દેવસ્થાનોમાં આવાં તો અનેક શિલ્પ જોવા મળે છે. રાણકપુરનાં વિખ્યાત જૈન મંદિરમાંનું આવું જ એક સુંદર શિલ્પ આ સાથે આપ્યું છે, જમાં એક મુખ પાંચ શરીરની, યા એક જ પાર્ષદના શરીરની પાંચ દેહભંગિની સુંદર સંયોજના છે.

હંસ, મોર, મૃગ, સિંહ વગેરે પ્રાણીઓની આવી રચનાઓ પણ સંખ્યાબંધ થઈ છે. વૃક્ષવેલ, પુષ્પવેલ આદિની કલામય સંયોજના તો ઠેરઠેર શોભનરૂપે વપરાઇ છે. અમદાવાદની સીદી સયીદની જગવિખ્યાત જાળી એ વૃક્ષવેલની એક અદ્‌ભુત સંયોજના ગણી શકાય. પણ કદાચ સૌથી વધુ અટપટો ને વધુ લયબદ્ધ કલ્પનાવિહાર તો નાગની સંયોજનાઓમાં જોવા મળે છે. તદ્દન સાદી ગણાય તેવી રચનાથી માંડી વિવિધ આકારોમાં ને અટપટી ગૂંથણીમાં એની સંયોજનાઓ મળી આવે છે.

પણ ગુજરાત કે ભારત જ શા માટે? કલા અને કલ્પનાને કોઇ સીમાબંધનો નડતાં નથી. મધ્ય એશિયાની મુસ્લિમ સંસ્કૃતિમાં પણ પુષ્કળ શોભનવૈવિધ્ય વિકસ્યું છે. ઇશ્વર કે પયગંબરનાં નામ તથા કુર્આને શરીફની આયાતો કે અન્ય ધર્મસૂત્રના અક્ષરોની અનેકાનેક શોભનગૂંથણી તેમાં રચાઈ છે. અમુક ચોક્કસ આકારની બાહ્ય મર્યાદામાં રહીને કરાએલી રચનાઓ દાદ માગી લે તેવી છે. આ સાથે તેના દૃષ્ટાંતરૂપ આપેલી આકૃતિ ઝીણવટથી જોતાં જણાશે કે એની સમગ્ર રચના માત્ર સૂત્રાક્ષરો વડે જ કરેલી છે. પશ્ચિમમાં પણ આ પ્રકારનું ખેડાણ થયું છે અને ત્યાંથી પણ અનેક પ્રાચીન સંયોજનાલેખનો મળી આવ્યાં છે. ટૂંકમાં અટપટી ને લઘુમય સંયોજનાનો એક આખો આગવો કલાપ્રકાર જ છે જેનો છેલ્લામાં છેલ્લો આધુનિક પ્રયોગ સંસ્થા, ઉદ્યોગ કે અંગત નામની ધંધાકીય સંજ્ઞાઓમાં ને પરિચયાત્મક પ્રથમાક્ષરોની રચનામાં જોવા મળે છે.

(ડૉ. મંજુલાલ રણછોડલાલ મજમુદારના લેખને આધારે)

આ માસ રોજનીશીમાં : સમાજચિત્ર · સાહિત્યપ્રસંગ · જીવનઘટના

૨-૧૨-૧૯૦૯-ચિપળૂણ : ન્હાનાલાલ કવિનું 'ઈન્દુકુમાર નાટક ધ્યાન દઈને વાંચતાં સારુ જણાય છે. ગદ્યને પદ્ય તરીકે મૂક્યું છે તે વિચિત્રતા તો છે—પણ હેની રચનામાં કાંઈક રસિકતા આવી છે—એ ગદ્યમાં પણ; 'વસન્તોત્સવ જેવી ખામી નથી. બાકી બીજી વિચિત્રતાઓ કેટલીક છે જ, પણ કાવ્ય (નાટક રૂપ માત્ર છે તેથી કાવ્ય) સરસ છે. (નરસિંહરાવ ભોળનાથ)

૯-૧૨-૧૯૧૧-મુંબાઇ : બપોર પછી...પ્રિન્સેસ સ્ટ્રીટમાં મણિશંકર રત્નજી ભટ્ટને મળવા ગયા—હું ને નલિન. ઘેર હતા. પડયાપડયા વાંચતા હતા. ઉઘાડે શરીરે પડયા'તા. પ્હેરણ પ્હેરી લીધું. શું પ્રચંડ શરીર છે!-બહુ વાતો થઈ. હેમના ભત્રીજા પ્રોફેસર હરિલાલ માધવજી ભટ્ટ પણ હતા. હેમનું ઓળખાણ તાજું થયું. મણિશંકર પ્રફુલ્લ તેજસ્વી જણાયા; વાતો પણ મેળે બહુ કરી. (નરસિંહરાવ ભોળાનાથ)

૧૦-૧૨-૧૯૪૭—નવી દિલ્હી : ૪ વાગ્યે મધ્યપ્રાંત ધારાસભાના પ્રમુખ માનનીય ઘનશ્યામદાસ ગુપ્તા અને ડૉ. રઘુવીર મળ્યા. ડૂમીનિયન પાર્લમેન્ટનું દેશી નામ શું રાખવું અને ધ્યાનમુદ્રા શી રાખવી તેની ચર્ચા કરી. 'ભારતવિધિ-સંસદ' એવું નામ ને 'ધર્મચક્ર પ્રવર્તનાય' એવી ધ્યાનમુદ્રા રાખવી એમ અમે લગભગ નક્કી કર્યું. (ગણેશ વાસુદેવ માવળંકર)

૧૩-૧૨-૧૮૯૨-અગસૂર : આજ 'ગુજરાતી' આવ્યું તે ઉપરથી જાણીને ખરેખર શોક થયો કે બિચારા વ્રજલાલ શાસ્ત્રી એકાએક ગુજરી ગયા. નિખાલસ મનના હતા. પ્રાકૃતનું જ્ઞાનભંડોળ હેમની કને ઘણું સારું હતું. શાસ્ત્રીવર્ગમાંના છતાં પ્રાચીન ભાષા વગેરે સંબંધે શોધકબુદ્ધિવાળા શાસ્ત્રી એક જ હતા હેમાં શક નહિ. (નરસિંહરાવ ભોળાનાથ)

૧૪-૧૨-૪૭-અમદા૦ : આશ્રમમાં નરહરિભાઇની ખબર કાઢવા માટે જઈ આવ્યો. લકવાથી પીડાતા તેઓ સૂતા હતા...એમની આવી સ્થિતિ એટલે મને પણ એક પ્રકારની નોટીસ છે! મને જોઈને તેઓ રડવા લાગ્યા. આત્માનું અમરત્વ અને અનાસક્તિયોગ કેવળ બુદ્ધિને સમજાયો એટલું પૂરતું નથી. અભ્યાસ જ જોઈએ. નહિતર તો શ્રી નરહરિભાઈ જેવા વિદ્વાન અને કસાએલા દેશસેવક અને ત્યાગીને રડવું શા માટે આવે? સદ્‌ગત દી. બ. અંબાલાલ સાકરલાલનું મને સ્મરણ થયું. એમને પણ પક્ષાઘાત થયો હતો, અને હું મળવા ગયો (સને ૧૯૧૪) ત્યારે 'મગજને વિચારોની પરેશાની થવા દેવી નહિ, શાંત રહેવું' એવું મેં કહ્યું તે વખતે તેઓ આવું બોલ્યા હતા કે 'ડિફેક્ટિવ એડ્યુકેશન.' (ગ. વા. માવળંકર)

૧૫-૧૨-૧૯૦૪-અમદાવાદ : આજ રાત્રે પ્રાર્થનાસમાજમાં વાર્ષિકોત્સવ પ્રસંગે મ્હેં કીર્તન કર્યું. (હરદાસનાં કીર્તનની પેઠે) ગાયન માટે મદદમાં વિદ્યા (વિદ્યાબહેન નીલકંઠ) ગટ્ટુ, (ગટ્ટુભાઈ ધ્રુ) ઊર્મિલા, નલિન (પોતાનાં સંતાન) અને વીરૂ (વીરમિત્ર દિવેટિયા)—એટલાં હતાં. હાર્મોનિયમ વગાડનાર તથા પખવાજી જુદા હતા. કુમાર મંજીરાં વગાડતો હતો. 'નિન્દન્તુ નીતિનિપુણાઃ'-ઇત્યાદિ વિષય હતો.

ઉત્તર રામચરિતમાંથી પ્રથમ અંક સીતાનો ત્યાગ—તે ભાગ એક આખ્યાન માટે લીધો હતો. મણિલાલ દ્વિવેદીના ભાષાન્તરનો જ આશ્રય કર્યો હતો; પણ સ્થળેસ્થળે મૂળ સંસ્કૃતના ખોટા અર્થ થયેલા ત્ય્હાં, તથા કેટલેક ઠેકાણે સુરસતાને અર્થે, મ્હેં ફેરફાર કર્યાં હતા.

બીજું આખ્યાન 'લાઈટ ઑવ એશિયા'માંથી સિદ્ધાર્થ રાજમહેલ છોડીને સદાને માટે ચાલી ગયો તે પ્રસંગનું લીધું હતું. આ ભાષાંતર મ્હેં કવિતામાં કર્યું હતું. ત્રીજું ન્હાનું આખ્યાન ન્યાય્ય પથ છોડયાના ઉદાહરણ માટે દ્રોણપર્વમાંથી યુધિષ્ઠિર 'હતઃ કુંજરઃ' એમ અસત્ય બોલ્યા તે લીધું હતું. હાનું પણ ગુજરાતીમાં કવિતામાં મ્હેં ભાષાન્તર કર્યું હતું. બીજાં પદ, અભંગ વગેરે તુકારામ, બાપાલાલ ભાઈશંકરની 'સુબોધ ગરબાવલી' વગેરેમાંથી લીધાં હતાં.

એકંદરે અઢી કલાક કીર્તન ચાલ્યું. વિદ્યાએ ખાસ, અને બીજે નંબરે ગટુએ અને પછી ઊર્મિલા-નલિને સારી મદદ કરી...બાપાલાલનું 'મરવાં સોહ્યલાં રે' (મરણના દુઃખ વિશે) પદ મેં એકતારો હાથમાં લઇને ગાયું અને સવિસ્તર સ્હમજાવ્યું ત્હેની બહુ અસર થઇ...

(નરસિંહરાવ ભોળાનાથ)

૧૮-૧૨-૧૯૪૮ (મુંબાઇ) : ચન્દ્રશંકર શુક્લ મળ્યા. ઘણી બધી વાતો થઈ. એમણે જવાબદારી લીધા પછી 'હિંદુસ્તાન' દૈનિક અખબાર સુધરતું ચાલ્યાનું વાચકોને લાગવા માંડયું છે એમ જાણીને આનંદ થયો. (ગ. વા. માવળંકર)

૨૨-૧૨-૧૯૨૩-વાંદરા : ખરે (સંગીતશાસ્ત્રી) તથા અધ્યાપક ફાટક મળવા આવ્યા હતા. સુશીલાએ બેસાડયા. સુશીલાને કહે—સંગીત પરિષદનું પ્રમુખપદ સ્વીકાર્યાનો પત્ર નથી તેથી આવ્યા છિયે...એ પદ સ્વીકારવું જ પડશે. હમારી કમિટીને નરસિંહરાવ જેવો વિદ્વાન તેમ જ સંગીત જાણનાર બીજો કોઈ જડતો નથી. સુ૦ કહે-ભાતખં . તો કહે : 'ગુજરાતમાં ગુજરાતી જ જોઇયે છિયે. (નરસિંહરાવ)

૨૪-૧૨-૪૮-મોડાસા : અહીંના વૃદ્ધ, પણ ઉત્સાહ વડે જુવાનોને પણ શરમાવે એવા સજ્જન શ્રી મથુરાદાસ લાલજી ગાંધીને ઘેર. હું એમને ૧૯૨૧થી ઓળખું છું. આ સદ્‌ગૃહસ્થે પોતે તન, મન, ધનનો ઘસારો સહન કરીને આજીવન રચનાત્મક એવું સમાજસેવાનું કાર્ય કરેલું છે. શાળા, દવાખાનું, હરિજનકાર્ય વગેરે. આ પ્રદેશમાં એક પણ એવી સંસ્થા નથી કે જેના મૂળમાં મથુરાદાસભાઈ ન હોય. (માવળંકર)

૨૬-૧૨-૪૭-અમદાવાદ : સ્વામી જ્ઞાનાનંદજીનું વિશ્વવિદ્યાલય મંડળના ઉપક્રમે એક નાનું ભાષણ થયું. આત્મજ્ઞાનની શોધ કરતાં કરતાં આ સ્વામી શાસ્ત્રીય શોધમાં પડયા : રીસર્ચ ઈન ફીઝિક્સ; અને તે દ્વારા, ઇશ્વરદર્શન એમને થાય છે એવું એમનું કહેવું છે. (માવળંકર)

૨૬-૧૨-૧૯૦૭-સુરત : (કૉંગ્રેસની બેઠક વિશે) છગનલાલ પંડયા કહેતા'તા કે દક્ષિણીઓ કૉંગ્રેસમાં આવ્યા છે તે ગુજરાતીઓને કહેતા'તા કે ત્હમારું શું થયું? રાજ્ય ગયું છે તે હમારું—તે હમને લાગે—ત્હમને શું લાગે?'

(નરસિંહરાવ ભોળાનાથ)


૨૭-૧૨-૧૯૦૨ (અમદાવાદ) : સાંઝે પાંચ વાગ્યે પ્રો. કર્વેનું ભાષણ લેડીઝ ઈન્સ્ટીટ્યૂટમાં થયું. પૂનામાં ત્હેણે ચલાવેલા વિડોઝ હાઉસનો ઇતિહાસ બધો કહ્યો. હેવી સાદી, સરળ ઉત્સુકતાથી વાતચીત કરી કે બધાંને અદ્‌ભુત અસર થઈ. ખરેખરો સ્વાર્થત્યાગ પોતે પણ કરેલો છે.

(નરસિંહરાવ ભોળાનાથ)

૨૯-૧૨-૧૯૪૮—અમદાવાદ : ગઈ કાલે ગુજરાત વર્નાક્યુલર સોસાએટીને ૧૦૦ વર્ષ પૂરાં થયાં. એ નિમિત્તે સોસાએટીને...પાંચ હજાર રૂપિયા આપવાનું મનમાં ઠરાવ્યું. માતુશ્રી, સૌ૦ અને ચિ. અણ્ણાની સંમતિ મેળવી અને આજે ચેક મોકલી આપ્યો. રકમ જરા વધારે જ છે; પણ મને સારું લાગ્યું. (ગ. વા. માવળંકર)

૩૧-૧૨-૧૯૩૨-યરવડા જેલ : બાબુ ભગવાનદાસ અને ઇન્દિરારમણ શાસ્ત્રી...બંને કેવળ બાપુ પ્રત્યેની તીવ્ર ભક્તિથી પ્રેરાઇને જ આવ્યા હતા. ભગવાનદાસની ભક્તિની તો શી વાત કરવી! દરરોજ ફળ લાવે, બાપુને ચરણે ધરે, સાષ્ટાંગ પ્રણિપાત કરી ચરણસ્પર્શ કરવા પ્રયત્ન કરે અને બાપુ ન કરવા દે... ઇન્દિરારમણ મોટા દર્શનશાસ્ત્રી છે, પણ એ બિચારો શૂન્ય હોય એ રીતે જ વર્તે. બાપુએ એનો પરિચય માગ્યો ત્યારે એક કાગળ લખીને આપી ગયો. એ બિહારની નમ્રતાની મૂર્તિ. (મહાદેવ દેસાઇ)

આ માસ(ડિસેમ્બર)ઇતિહાસમાં વ્યક્તિવિશેષ, દિનવિશેષ, પ્રસંગવિશેષ



તા. ૨, ૧૮૫૯ ચિત્રકાર જ્યૉર્જ સ્યુરેતનો જન્મ. કળાના ઇતિહાસમાં સીમાસ્તંભ સમી એની ચિત્રકૃતિઓ ઝીણાંઝીણાં વિવિધરંગી ટપકાંઓથી રચાયેલી છે. દૂરથી જોતાં એ બધાં ટપકાં સંધાઈ જઈ સપ્રમાણ તેજછાયા અને સુમધુર રંગમિલાવટવાળાં સુંદર ચિત્રસર્જનો બની રહે છે. ચિત્રમાં તેજછાયા, રેખાની લય, સંયોજના, વિરોધાભાસ અને રંગસંવાદિતા અંગેના પોતાના આગવા વિચારોને એણે લેખન અને આવાં ચિત્રસર્જનો દ્વારા એક વિજ્ઞાની જેટલી સ્પષ્ટતાથી સમજાવ્યા છે.

તા. ૬, ૧૮૫૭ અંગ્રેજો સામેના બળવામાં કાનપુરની લડાઈ. નવેમ્બરમાં તાત્યા ટોપેએ કબજે કરેલું કાનપુર પાછું લેવા લખનૌથી કૅમ્પબેલ ચડી આવ્યો. માર્ગમાં આવતાં ગામને બાળી પ્રજાને તગડી મૂકી એણે ખૂબ દાઝ કાઢેલી. છ દિવસ સુધી ચાલેલા યુદ્ધને કારણે તાત્યાને નાસવું પડેલું. પાછળ પડેલા અંગ્રેજોએ શિવરાજપુર પાસે એની કેટલીક તોપો પણ પડાવી લીધી હતી. અંતે તાત્યા કાલ્પી નાસી ગયો.

તા. ૧૦, ૧૮૯૬ વિશ્વવિખ્યાત નોબેલ પુરસ્કારના જનક આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલનું અવસાન. ડાઈનામાઈટ અને અન્ય ભયંકર સ્ફોટક પદાર્થોની લગભગ એક સો જેટલી શોધ કરી તેના દ્વારા એણે પુષ્કળ ધન એકઠું કરેલું. એમાંથી એણે પોતાના મરણ પછી દર વર્ષે પાંચ આંતરરાષ્ટ્રીય ઈનામો આપવાની વ્યવસ્થા કરી છે તે મુજબ પદાર્થ વિજ્ઞાન રસાયણશાસ્ત્ર, ઔષધવિજ્ઞાન, સાહિત્ય અને એકબીજા દેશો વચ્ચે શાંતિનો પ્રસાર થાય એવા પ્રયત્નો કરનારને એની



મૃત્યુતિથિએ આ ઈનામ અપાય છે, તેમાં રોકડ રકમ (સામાન્યતઃ રૂ. ૧,૮૦,૦૦૦) ઉપરાંત એક પ્રમાણપત્ર અને સુવર્ણચંદ્રક અપાય છે. બાજુમાં એ ચંદ્રક આપ્યો છે જેમાં એની છબિ પણ કોરેલી છે.

તા. ૧૭, ૧૯૦૩ નૉર્થ કૅરોલિનાના કિટી હૉક દરિયાકાંઠે ૨૧ માઈલની ઝડપે સૂસવતા ટાઢાબોળ પવનમાં સવારે સાડા દસેના સુમારે ઑર્વિલ રાઈટ અને વિલ્બર રાઈટે પોતે જ બનાવેલા યાંત્રિક વિમાન 'ફ્લાયર'ને ઉડાડયું. વિમાન દસેક ફૂટ ઊંચે ચડી ૧૨૦ ફૂટ દૂર જઈ રેતી પર સલામત ઊતરી ગયું. જગતના પહેલા યાંત્રિક વિમાનનું એ પ્રથમ ઉડ્ડયન માત્ર ૧૨ સેકંડનું જ હતું. એ પછી બીજાં ત્રણ ઉડ્ડયનો પણ તેમણે કર્યાં જેમાં છેલ્લે ૫૯ સેકંડમાં વિમાન ૮૫૨ ફૂટ દૂર ગએલું. →

તા. ૧૪, ૧૯૧૧ આમુંડસેને દક્ષિણ ધ્રુવ સર કર્યો. મૂળ તો ઉત્તર ધ્રુવ સર કરવા જવાની એણે આગવી જ તૈયારીઓ કરેલી પણ ત્યાં તો રૉબર્ટ પીઅરીએ ઉ.ધ્રુવ સર કર્યાના સમાચાર આવ્યા. આમુંડસેને હવે દક્ષિણ ધ્રુવ સર કરવા વિચાર્યું. ત્યાં જતાં એક આખો શિયાળો એ ખંડ પર ગાળવો પડયો અને અંતે ઑક્ટોબરમાં દક્ષિણના શિયાળો પૂરો થતાં ચાર માણસો અને બાવન કૂતરા સાથે બરફના પર્વતીય પ્રદેશોની આકરી સફર વેઠીને એ દક્ષિણ-ધ્રુવ પર પહોંચી ગયો. ઈ. ૧૯૨૬માં એ ઉ.ધ્રુવ પરથી વિમાનમાં ઊડેલો. ૧૯૨૮માં એક શોધસફરીને બચાવવા જતાં એણે પ્રાણ ખોયા.



તા. ૨૪, ૧૮૯૯ સાહિત્ય, સમાજસેવા, રાજકારણ, ચારિત્ર્યસંગઠન એમ વિવિધ ક્ષેત્રે પોતાના નિર્મલ આત્માનો પુનિત પરિમલ મૂકી જનાર સાને ગુરુજી–પાંડુરંગ સદાશિવ સાનેનો જન્મ. પિતાના અવસાન બાદ અત્યંત ગરીબીમાં એમ. એ. થઈ શિક્ષક થયા. બચપણથી જ કાવ્યલેખનનો રસ. રાષ્ટ્રીય ચળવળોમાં અનેક વાર જેલ ભોગવી. ૧૯૪૨થી ભૂગર્ભપ્રવૃત્તિ કરી, ડગરીમાં આશ્રમમાં અને અમલનેરમાં સૂતરની નિશાળ સ્થાપી. હરિજનો માટે મંદિરો ખુલ્લાં મુકાવ્યાં. સત્ય શિવ અને સુંદરના આવિષ્કાર સમું એમનું સાહિત્ય સૌ કોઈને રોચક છે. આજીવન અવિવાહીત રહી ગાંધીજીની સેવાવૃત્તિ, રવીન્દ્રનાથની કવિવૃત્તિ અને રામકૃષ્ણ પરમહંસની ભક્તિપ્રેર્યા એમણે લોકસેવામાં જ જીવન વિતાવ્યું. ૧૯૫૦ની ૧૯ જૂને એમનું અવસાન થયું.



તા. ૨૮, ૧૮૮૫ હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય યુદ્ધ પછી અંગ્રેજોના આપખુદ રાજ્યઅમલ સામે વધતા જતા ધૂંધવાટમાંથી ફરી ક્રાંતિ ફાટી નીકળવાના સંજોગો વધવા લાગ્યા ત્યારે એ આવી પડનારી અરાજકતામાંથી રાજ્યને અને દેશને ઉગારવાને એક સનદી અમલદાર ઍલન ઓ. હ્યુમને એકાદ રાજકીય સંસ્થા સ્થાપવાની જરૂર લાગી. અને પૂનામાં વ્યોમેશચંદ્ર બેનરજીના પ્રમુખપદે એક અધિવેશન બોલાવવાનું ઠર્યું. પણ પૂનામાં કૉલેરા શરૂ થતાં મુંબાઈમાં ગોકુલદાસ તેજપાલ સંસ્કૃત કૉલેજમાં બપોરે ૧૨ વાગ્યે સૌ મળ્યા અને ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસની સ્થાપના થઈ. આગળ જતાં ગાંધીજીએ એની પ્રવૃત્તિને એક નવો જ વળાંક આપી દેશની આઝાદી મેળવી અને આજે હવે...?



પાચી હય બાગે જહાં મેં હમને ગુલ કી ઝિન્દગી,
રંગ બનકર આયેં હય, બૂ બન કે ઊડ જાયેંગે હમ.

—'આરઝૂ'

પં. મોતીલાલ નેહરુના પ્રમુખપદે કલકત્તામાં મળનારી મહત્ત્વની કૉંગ્રેસમાં જવા નીકળેલા પં. માલવીયજી તેમની સાથે વાતો કરીને એક સ્ટેશને ઊતરી પોતાના ડબ્બામાં બેસવા જતા હતા, એટલામાં તો ગાડી ઊપડી. ગાડી વેગમાં આવી હતી અને પંડિતજી તેમાં ન બેસે તો કલકત્તે વખતસર પહોંચી શકે તેમ ન હતું. એવામાં અચાનક ગાડી દૂર જઇ ઊભી રહી અને છેલ્લા ડબ્બામાંથી એક માણસે ગાર્ડ પાસે જઇ કહ્યું કે, 'સાહેબ, પેલા ગૃહસ્થને કલકત્તે જવાની બહુ જરૂર હોવાથી મેં સાંકળ ખેંચી છે.' એમ કહી દંડના ૫૦ રૂપિયા તેણે ગાર્ડના હાથમાં મૂક્યા. પંડિતજી ગાડીમાં ચડી ગયા અને કલકત્તા સ્ટેશને ગાર્ડનો આભાર માનવા જતાં તેણે જ્યારે હકીકત જણાવી ત્યારે આશ્ચર્યચકિત થઇ પેલા માણસની ખૂબ શોધ કરી. પણ તેનો પત્તો યે લાગ્યો નહિ.



ઈરાકની ઉત્તર-પૂર્વમાં મળી આવેલા 'મે'ઉ-ફાત'ના અવશેષો હજી સુધીમાં મળી આવેલા પ્રાચીનતમ નગરના છે. ૭૦૦૦ વર્ષ પૂર્વે રખડુ શિકારી જીવન છોડી માણસે અહીં ખેતી કરવા માંડી હતી એમ મનાય છે.

અનેકાર્થી શબ્દ: 'ખાલ' = ચામડી; છાલ ખોળ કે પડ; (અરબી ઉપરથી) મામો; મોં ઉપરનો તલ; ખાડો, ખાડ કે ખાલી જગ્યા; દરિયાની કે મોટી નદીની ખાડી; કમખો સીવ્યા વિનાનો રેલો; ધમણ કે ફૂંકણી; દસ્તોપીંજણ નામની રમતમાં બોલાતો શબ્દ; પૂઠ કે કેડો.

અમદાવાદ વસાવનાર બાદશાહ અહમદશાહ મૂળ ઠાસરા પાસેના એક ગામના સૂર્યવંશી ટાંક રજપૂતમાંથી મુસ્લિમ થએલા હતા.

કહેવતોના અર્થ: 'વાઢી આંગળી પર પણ મૂતરે એવો નથી.' ઓચિંતા પડેલા ઘા ઉપર માનવમૂત્ર એક ગામઠી ઈલાજ છે, એનો ઉપયોગ કરીને વપરાતી આ ગ્રામ્ય કહેવત, વિપત્તિ વખતે પણ મદદ ન કરનાર કઠોર, કૃતઘ્ની કે સ્વાર્થી માણસોનું નપેરાળપણું દર્શાવવા વપરાય છે.


જીભ કે મોં આવવાથી પડેલા ચાંદા પર અકસીર ઈલાજ દાડમની છાલ, લીલી મળે તો ઠીક, નહિતર ગાંધીને ત્યાં સૂકી મળે છે ચાવીને મોંની લાળ નીતરવા દેવાનો છે. લાહ્ય તો ઠીક ઠીક બળશે. પણ ચાંદાં મટી જશે.

શરીર પરનો ઘા કે ગૂમડું મટ્યા પછી તે જગ્યાએ આંગરા અને તુલસીનાં પાનનો રસ લગાડવાથી તેનો ડાઘ નહિ રહે.

આપણું હૃદય ૫ ઈંચ લાંબું ને ૩।। ઈંચ પહોળું હોય છે. પુરુષશરીરમાં તેનું વજન ૮ થી ૧૨ ઔંસ હોય છે, સ્ત્રીનામાં ૮ થી ૧૦. મિનિટે લગભગ ૭૦ ધબકારા એ મારે છે. પરંતુ સ્ત્રીઓ તથા બાળકોમાં એથી વધારે.

ગણિતગમ્મત: પાસેપાસેની કોઈ પણ ચાર સંખ્યા લો; અને તેની વચલી બેના ગુણાકારને ભાજ્ય તરીકે લઈ પહેલી વડે ભાગશો તો ભાગાકારમાં છેલ્લી સંખ્યા જ આવશે, અને શેષમાં અચૂક '૨' આવશે. ઉદાહરણ: ૩, ૪, ૫, ૬. એમાં (૪×૫ ÷૩; એટલે ૨૦÷૩=૬ ભાગાકાર અને ૨ શેષ. ૧૫, ૧૬, ૧૭, ૧૮. એમાં (૧૬×૧૭)÷૧૫; એટલે ૨૭૨ ÷૧૫=૧૮ ભાગાકાર, અને ૨ શેષ આવશે.


—મ. ના. ખત્રી (૨૫)




કલાકણિકા : તક્ષશિલાનું પ્રાચીન કર્ણાભૂષણ



દુનિયાની સૌથી મોટી સાઇકલ આજ સુધીમાં અમેરિકામાં ઈ. ૧૮૯૮માં, ૧૦ માણસ બેસી શકે એવડી બનેલી: (ગયા અંકનું છેલ્લું પાનું) એને વટી જાય એવી ૨૦ જણને બેસાડતી આ સાઇકલ હમણાં ઇંગ્લંડના હૅમ્પશાયરના ન્યૂ મિલ્ટન ગામે બનાવી છે. ૩૫ ફૂટ ૪ ઇંચ લાંબી એ સાઇકલના માણસો સાથેના બે ટન વજનને કાબૂમાં રાખવા તેને હાઇડ્રોલિક બ્રેક છે.



કુલલક્ષ્મી : (ફોટો : આર. આર. ભારદ્વાજ) ભારતીય ફોટો-જગતમાં 'ગુરુજી' તરીકે ઓળખાતા શ્રી ભારદ્વાજની ફોટોકળાને 'કુમાર'ના વાચકોને પરિચય આપવાની હવે જરૂર ન હોય. કુદરતના વિશાળ પટ પરના પ્રાકૃતિક વૈવિધ્યને જે કૌશલથી તેઓ કૅમેરામાં ઉતારે છે એ જ કલાચાતુરી તેઓ બહુ નજીકથી લેવાએલી આવી તસવીરોમાં પણ દાખવે છે. માનવપાત્રની ચામડીની કુમાશ, એના મુખભાવ કે આભૂષણોની ઝીણવટ સાથે ચિત્રના છાયા-વિસ્તારમાં ઢંકાઈ જતી વિગતોને પણ તેઓ બહાર આણીને ચિત્રના ઊંડાણને સ્પષ્ટ કરે છે.



જગતનાં કલારત્નો–૩ • મૂર્ખાઓનું સ્વર્ગ –ધી લૅન્ડ ઑવ કૉકેન: ચિત્રકાર. પીટર બ્યુગેલ. ઘરને છાપરે નળિયાંને બદલે વાનગીની તાસકો ખડકાઈ હોય અને મેજ પર હમેશાં ભોજન પીરસાએલું હોય એવા સ્વર્ગની મૂર્ખાઈભરી કલ્પનામાં ઉમરાવ યોદ્ધો પોતાની ફરજ ભૂલી શસ્ત્રો છોડીને, ખેડૂત ખેતર રેઢું મૂકીને ને વિદ્વાન પોતાના અભ્યાસગ્રંથો વિસારી દઈને એશમાં પડી જઈ પોતાનાં અરમાનો અને સ્વમાન ખોઈને અધોગતિ પામે છે. આ પડતીનું મૂળ છે સ્વાદલોલુપતા. સંયોજનમાં ચિત્રકારે વાનગીઓ પાથરેલા મેજને જ કેન્દ્રમાં રાખી એની આસપાસ ચક્રના આરા પેઠે લંબાઈને પડેલાં સમાજના ત્રણ પ્રતિનિધિ રૂપ માનવપાત્રો દ્વારા એના અધોગતિકારક પ્રભાવને ચારે બાજુ વિસ્તરેલો બતાવ્યો છે. ૧૬મી સદીમાં યુરોપમાં ફેલાએલા ધર્મસુધારણાના પવનમાં ઍન્ટવર્પ (નેધરલૅન્ડ્ઝ)ના આ વિખ્યાત ચિત્રકાર પણ સંતો કે સ્વર્ગ-નર્કનાં દૃશ્યો છોડી આવાં કટાક્ષયુક્ત ચિત્રો દ્વારા બોધ આપવા પ્રયત્નો કરેલા. ગ્રામચિત્રો અને દૃશ્યચિત્રો માટે એ વિખ્યાત છે. આ વર્ષે એની ચારસોમી જયંતી છે.

આ અંકની કોથળી ઉપરના સરનામામાં આપના ગ્રાહક નંબરને છેડે જો ૧૨ નો આંક આપેલો હોય તો

આ અંક સાથે આપનું લવાજમ પૂરું થાય છે

આ અંક સાથે 'કુમાર' પોતાની છેંતાળીસ વર્ષની મજલ પૂરી કરે છે. આ સુદીર્ઘ યાત્રામાં, વાચકોના સહકારે બળ પૂર્યું છે અને અમને હજી યે શ્રદ્ધા છે કે એ જ ટેકા સાથે 'કુમાર' થોડાં વર્ષો પછી અર્ધ શતાબ્દી ઊજવીને એથી યે આગળ પોતાની યાત્રા જારી રાખી શકશે. ગુજરાતી સામયિકોના ઇતિહાસમાં 'કુમારે' પોતાનું આગવું અને અનન્ય વ્યક્તિત્વ વિકસાવ્યું છે. તેમાં તેણે આરંભથી જ પ્રબોધક અને ચિત્રસમૃદ્ધ વાચનનું જે ધોરણ અપનાવ્યું છે તેને તેણે અત્યાર સુધી એકધારું જાળવી રાખ્યું છે. આમાં હજી ઘણુંઘણું નવું ઉમેરણ કરવાની અમારી મહેચ્છા છે અને વાચકોના સહકારથી અમે એ જરૂર સિદ્ધ કરી શકીશું. આપ પણ એ વાચકોમાંના એક છો અને અમને શ્રદ્ધા છે કે આવતા વર્ષમાં પણ આપ ગ્રાહક તરીકે ચાલુ રહી, 'કુમાર'ને હજી વધુ સમૃદ્ધ કરવાની અમારી મહેચ્છામાં બળ પૂરશો જ.

લવાજમ [દેશમાં રૂ. ૧૬–૨૦ પરદેશમાં રૂ. ૨૮ અથવા ૩૦ શિલિંગ] **કઈ રીતે મોકલશો?**

(૧) મનીઑર્ડરથી મોકલતાં ૪૦ પૈસા ખર્ચ થશે

(૨) પોસ્ટલ ઑર્ડરથી મોકલશો તોપણ પોસ્ટેજ સાથે ૪૦ પૈસા થશે

(૩) ચેકથી મોકલતાં પોસ્ટેજ ઉપરાંત કદાચ બૅંક-કમિશન લાગશે

(૪) વી.પી.થી મંગાવતાં સૌથી વધુ ખર્ચ—સવા રૂપિયો થશે.

આ પૈકી આપ જે રીતે લવાજમ મોકલવા ચાહતા હો તે નીચેના કાર્ડમાં જણાવશો.

ચેક મોકલો તો 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામનો અને જરૂરી બૅંક-કમિશન ઉમેરીને મોકલશો.

અને ગ્રાહક ન રહેવું હોય તોપણ નીચેના કાર્ડ દ્વારા જણાવશો જેથી અમે વી.પી. ન કરીએ.

કોઈ સંજોગોમાં ૧૫ જાન્યુ. ૧૯૭૦ પહેલાં આપના તરફથી કશી સૂચના નહિ આવે તો આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છો છો એમ સમજી જાન્યુઆરી માસનો અંક વી.પી.થી મોકલીશું.

કુમાર કાર્યાલય લિમિ૰

૧૪૫૪ રાયપુર

AHMEDABAD-1 (INDIA)



ગુલદાવદીનાં ફૂલ (વૂડકટ: કાત્સુશિકા હોકુસાઈ)

1970

	JANUARY	FEBRUARY	MARCH	APRIL	MAY	JUNE
S	4 11 18 25	1 8 15 22	1 8 15 22 29	5 12 19 26	31 3 10 17 24	7 14 21 28
M	5 12 19 26	2 9 16 23	2 9 16 23 30	6 13 20 27	4 11 18 25	1 8 15 22 29
T	6 13 20 27	3 10 17 24	3 10 17 24 31	7 14 21 28	5 12 19 26	2 9 16 23 30
W	7 14 21 28	4 11 18 25	4 11 18 25	1 8 15 22 29	6 13 20 27	3 10 17 24
T	1 8 15 22 29	5 12 19 26	5 12 19 26	2 9 16 23 30	7 14 21 28	4 11 18 25
F	2 9 16 23 30	6 13 20 27	6 13 20 27	3 10 17 24	1 8 15 22 29	5 12 19 26
S	3 10 17 24 31	7 14 21 28	7 14 21 28	4 11 18 25	2 9 16 23 30	6 13 20 27

	JULY	AUGUST	SEPTEMBER	OCTOBER	NOVEMBER	DECEMBER
S	5 12 19 26	30 2 9 16 23	6 13 20 27	4 11 18 25	1 8 15 22 29	6 13 20 27
M	6 13 20 27	31 3 10 17 24	7 14 21 28	5 12 19 26	2 9 16 23 30	7 14 21 28
T	7 14 21 28	4 11 18 25	1 8 15 22 29	6 13 20 27	3 10 17 24	1 8 15 22 29
W	1 8 15 22 29	5 12 19 26	2 9 16 23 30	7 14 21 28	4 11 18 25	2 9 16 23 30
T	2 9 16 23 30	6 13 20 27	3 10 17 24	1 8 15 22 29	5 12 19 26	3 10 17 24 31
F	3 10 17 24 31	7 14 21 28	4 11 18 25	2 9 16 23 30	6 13 20 27	4 11 18 25
S	4 11 18 25	1 8 15 22 29	5 12 19 26	3 10 17 24 31	7 14 21 28	5 12 19 26

વ્યવસ્થાપક 'કુમાર' · અમદાવાદ તા. ____

વિ. ઈ. ૧૯૭૦ના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો.

આ સાથે મારું માહે ____ થી ____ સુધીના ____ માસનું લવાજમ રૂપિયા ____ નીચેની રીતે મોકલું છું : ☐ મનીઑર્ડરથી ☐ ચેકથી ☐ પોસ્ટલ-આર્ડરથી ☐ એજન્ટ દ્વારા. ☐ તે માટે જાન્યુઆરીનો અંક મને વી.પી.થી મોકલશો.*

[*જે રીતે લવાજમ મોકલતા હો તે ખાનામાં ✓ આવી નિશાની કરશો.]

☐ મારું નામ કમી કરશો.

ગ્રાહક નંબર ____ નામ ____

પૂરું સરનામું ____

લવાજમ દેશમાં રૂ. ૧૬-૨૦ (૧૫+૧-૨૦ પોસ્ટેજ) પરદેશમાં રૂ. ૨૮ કે શિલિંગ ૩૦